
# નિસંગા

ઈન્દ્રસેન
ડોંગરે



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

1BGN1 3

# નિર્મળા

[પરદેશી યુવતી જેનની કથા]

લેખક

શ્રી. ઇન્દ્રસેન ડોંગરે

અનુવાદક

ડૉ. ઈસુદાસ એચ. ક્રિશ્ચિયન

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ

[ગુજરાત ટ્રાકટ ઍન્ડ બુક સોસાયટી]

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,

અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રકાશક
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

# નિર્મળા

[પરદેશી યુવતી જેનની કથા]

પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૧૯૮૪
નકલ ૧,૧૦૦
બીજી આવૃતિ : માર્ચ, ૧૯૯૩
મૂલ્ય રૂા. ૧૦.૦૦

મુદ્રક :
ભીખાભાઈ સો. પટેલ
ભગવતી ઑફસેટ,
૧૯, અજય ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ,
દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

# સ્વ. એરિકભાઈ જી. ક્રિશ્ચિયન



આ પુસ્તક સ્વ. એરિકભાઈ જી. ક્રિશ્ચિયનની સ્નેહસ્મૃતિમાં પ્રગટ થાય છે. આ પુસ્તકના પ્રકાશન માટે તેમનાં પત્ની શ્રીમતી વિન્ફ્રેડબહેન એરિકભાઈ તરફથી રૂા. ૫૦૦૦/- નું દાન મળ્યું છે.

**સંક્ષિપ્ત જીવનરેખા**
**સ્વ. એરીક. જી. ક્રિશ્ચિયન.**
**જન્મ તારખ : ૧૫:૮:૧૯૨૨.**
**મરણ તારીખ : ૧૧:૩:૧૯૯૨.**

મારા પ્રિય પતિ સ્વ. એરિક ગોવિંદલાલ ક્રિશ્ચિયનનો જન્મ મેથોડિસ્ટ મંડળીના ધાર્મિક કુટુંબમાં માતા આનંદીબાઈ અને પિતા ગોવિંદલાલ ક્રિશ્ચિયનના પાંચમા બાળક તરીકે ૧૫મી ઑગષ્ટ ઓગણીસસો બાવીસ અમદાવાદમાં થયો હતો. માતા-પિતાની સર્વિસમાં બદલી થવાથી તેઓનું કુટુંબ ગોધરામાં સ્થાયી થયું. કુટુંબમાં સૌથી નાના દીકરા હોવાથી તેમનો ઉછેર લાડકોડમાં થયો. ઘરનું વાતાવરણ ધાર્મિક હોવાથી તેમજ પિતાના સુવાર્તિક કાર્ય અને સુંદર મોટા રાગે શાસ્ત્રના ગીતો ગાવાનો સંસ્કાર પુત્રમાં ઊતર્યો. તેઓ પણ મધુર રાગે શાસ્ત્રના ગીતો ગાતા. માઉથ ઑર્ગન પર ભજનસંગ્રહનાં અને પિતાનાં શીખવેલાં ગીતો રોજ ગાતા ઈશ્વરપિતાની સ્તુતિ કરતા. કોઈપણ કાર્ય કરતા હોય ત્યારે મુખવાટે સીટીમાં 'ઓ ખ્રિસ્ત, તુંજ સ્વર

મધુર" હંમેશાં ગાતા. ભજનસેવા અને સુવાર્તિક કાર્યમાં ઉત્સાહથી ભાગ લેતા. મંડળીમાં ચાલતા યુવક-યુવતીઓ દ્વારા ક્રિશ્ચિયન એન્ડેવરમાં પણ ઉત્સાહથી આગળ પડતો ભાગ લેતા.

ગોધરામાંજ રહીને અભ્યાસ પૂરો કરી, સને ૧૯૪૩માં રલવે સર્વિસ સ્વીકારી. પ્રથમ સર્વિસ મુંબઈથી શરૂ થઈ. સી.એન.આઈ. વાલેસ્પુરની શરૂઆતની મંડળીના ધાર્મિક કુટુંબના સ્વ. એલીશભાઈ સુલેમાનભાઈ પરમાર અને સ્વ. સંજુબા શીવુભા જાડેજાની દીકરી, તેમજ રોબર્ટભાઈ, રેવ.પી. એલીશા અને અરબિંદભાઈની નાની બેન વિનિફ્રેડ સાથે તાઃ ૨૩:૫:૧૯૪૬ને રોજ લગ્નગ્રંથીથી જોડાયા.

આશીર્વાદિત દાપત્ય જીવનમાં ઈશ્વરપિતાએ દીકરા, બે દીકરીઓનું અમૂલ્ય દાન આપ્યું. કુટુંબ ખૂબ હર્યુંભર્યું હતું. પરંતુ બંને નાની દીકરીઓને થોડા જ સમયમાં ઈશ્વરયિતાએ પોતાની પાસે બોલાવી લીધી. તે સમયે કુટુંબ સર્વિસમાં બદલીને લીધે સૂરતમાં હતું. માતાપિતાના જીવનમાં તે સમયે ખૂબ આત્મિક સંઘર્ષ ઊભો થયો અને આ ઉદાસીન જીવનમાં સુરત મંડળીના ભાઈબહેનોએ કુટુંબને ખૂબ દિલાસો આપ્યો. રેલવે રનીંગ સ્ટાફમાં તેમને બઢતી મળવાથી કામની જવાબદારીથી મનનો ઊદ્વેગ શાંત થયો. અને ફરીથી કુટુંબમાં શાંતિ થઈ. પોતાની સાથે હંમેશાં પવિત્ર બાઈબલ રાખતા. અને નિયમિતપ્રાર્થના કરતા સર્વિસને કારણે પોતાના સમાજમાં અને વિધર્મી વર્ગમાં પણ બહોળો મિત્ર વર્ગ હતો.

તા : ૩૧મી ઑગષ્ટ ઓગણીસો એંશીમાં નિવૃત્ત થયા. નિવૃત્ત જીવનના અને જિંદગીનાં આખરી ૧૨ વર્ષમાં કુટુંબની ને બાળકોની

સેવામાં પોતાનો સમય ગાળતા. સવાર-સાંજ પ્રાર્થના અને મંડળી સાથેની સંગતમાં ખૂબ કાળજી રાખતા. આ દિવસોમાં ઈશ્વરપિતા પરના વિશ્વાસમાં વધુ દૃઢ બન્યા. અને ઈશ્વરપિતાના અનેક આશીર્વાદો પ્રાપ્ત કર્યા. બંને દીકરાઓને સુખી જોઈ હંમેશાં ઈશ્વરપિતાનો આભાર માનતા. તાઃ ૧૧ઃ૩ઃ૯૨ને રોજ મુસાફરી દરમ્યાન ઈશ્વરપિતાના તેડાને આધીન થયા.

**-વિન્ફ્રેડબહેન ક્રિશ્ચિયન**

# આવકાર

ભારતમાં ઓગણીસમી સદીના મધ્યભાગથી શરૂ થયેલી સામાજિક અને સાંસ્કૃતિક ક્રાન્તિમાં પરદેશથી ધર્મપ્રચારાર્થે આવેલા વિદેશી મિશનરીઓનું ભવ્ય પ્રદાન છે. તેમણે જ ભારતની પરદેશી ભૂમિમાં સ્વેચ્છાએ, પ્રભુસમર્પિત તમન્નાથી મહાન ભોગ આપીને નવાં મૂલ્યો દ્વારા સમાજપરિવર્તનની દિશામાં મોટો ભાગ ભજવ્યો છે. ભારતની ખાસ કરીને ઉપલા વર્ગો દ્વારા પીડાતી અને શોષાતી આમજનતાની સેવામાં ઘણાં યુવકયુવતીઓએ પોતાની જાતનું પણ બલિદાન આપી દીધું છે. આવા જ એક ભવ્ય બલિદાનની કથા છે-**જેન ઉર્ફે 'નિર્મળા'**.

મિશનરી યુવતી જેન આ કથામાં પરિવર્તનના એક દૂત તરીકે હૃદયસ્પર્શી રીતે પોતાનો ભાગ ભજવી જાય છે. પ્રેમાવતાર ઈસુની એક સમર્પિત શિષ્યા તરીકે કપરા સંજોગોમાં પણ મહારાષ્ટ્રના ખૂબ પછાત વિસ્તારમાં પોતાની કુરબાની આપે છે. પૂર્વગ્રહો, અજ્ઞાન, કુરિવાજો અને વહેમોની સામે ખડકની જેમ અડગ રહી ગરીબો અને પીડિતોની સેવામાં દીપકની જેમ જાતે બળીને પ્રકાશ આપે છે અને ધૂપસળીની જેમ સળગી જઈને સુવાસ ફેલાવે છે.

સામાન્ય યુવતીની જેમ જેનને પણ પોતાની યુવાસહજ લાગણીઓ છે. સુહાસ પ્રત્યે થયેલું સ્વાભાવિક આકર્ષણ અને ખ્રિસ્તના તેડા (calling)ને સ્વીકારીને માનવસેવામાં જીવન ખરચી નાખવાના આદર્શ વચ્ચેનો સંઘર્ષ આ કથાનો એક ખૂબ રોચક અંશ છે. જેનના પાત્રનિરૂપણમાં શ્રી. ઈન્દ્રસેન ડોંગરેને ખૂબ સુંદર સફળતા મળી છે. માનવજીવનની સ્વાભાવિક નબળાઈઓ ઉપર જઈ 'માનવસેવા એ જ પ્રભુસેવા'ના ઈસુદીધા આદર્શને ચરિતાર્થ કરતી જેનને સાચા અર્થમાં **'નિર્મળા'** તરીકે રજૂ કરતી આ મનોહર કથા બધાંને વાંચવી ગમશે.

-ભગવતપ્રસાદ ચૌહાણ

તા. ૨૪-૨-૧૯૮૪

# વાર્તાની વાત

વીસમી સદીના આરંભના દશકમાં પ્રવર્તતી સામાજિક અને સાંસ્કારિક પરિસ્થિતિના સંદર્ભમાં આ વાર્તાનો દેહ ઘડાયો છે. વાર્તાનું મુખ્ય પાત્ર જેન કાલ્પનિક હોવા છતાં આરંભના મિશનરીઓએ માનવતાના ઉચ્ચ આદર્શોના સંસ્થાપન માટે અડગતાથી ઝઝૂમીને જે સંઘર્ષો વેઠ્યા તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેનનું કાર્ય એ મહાકાર્યના એક અંશરૂપે જ છે.

તે કાળે પશ્ચિમ ભારતના સમગ્ર વિસ્તારમાં સામાજિક તેમજ સાંસ્કારિક ક્ષેત્રે સંક્રાન્તિકાળ ચાલતો હતો. જૂના તથા નવા વચ્ચે સંઘર્ષ એ સંક્રાન્તિનું એક મહત્ત્વનું લક્ષણ છે. ત્યારનું ભારત જાણે જૂના નવા વચ્ચે ઝોલા ખાતું હતું. બ્રિટિશ રાજ્યના સંબંધને લીધે નવા વિચારોના આક્રમણથી શિક્ષણ અને સંસ્કૃતિના માળખામાં નવા રંગ જોવા મળતા હતા. પહેલાં કદી જોવા ન મળેલાં એવાં પરિવર્તનો દેશના જીવનમાં દેખાવા લાગયાં હતાં. એથી લોકોના જીવનના નવા ઘાટ ઊતરવા લાગ્યા અને જીવનને નવા અર્થ સાંપડ્યા.

પણ ગ્રામજીવનના મહદંશને એ પરિવર્તનો બહુ થોડાં કે નહિ જેવાં જ સ્પર્શી શક્યાં હતાં. જેનની આ વાર્તામાં ત્યારના મિશનરીઓને જે જે સંઘર્ષોમાંથી પસાર થવું પડ્યું હતું તેના એકાદ પાસાનું જ આલેખન કરાયું છે. એથી વાર્તા જાણે 'ગાગરમાં સાગર' જેવી લાગે તો એટલામાં જ હું સફળ થયો છું એમ માની લઈશ.

-ઇન્દ્રસેન ડોંગરે

# પ્રકરણ : ૧

ઉનાળાની ગરમીના દિવસો ............
સુહાસ મધુબનમાં આવતાં જ બે દિવસ તો ત્યાંના નૈસર્ગિક સૌંદર્યથી મંત્રમુગ્ધ બની રહ્યો. મધુબન એ પશ્ચિમ ભારતનું એક ગિરિસ્થળ છે. ત્યાં જાણે સમય પણ થંભી ગયો હોય તેમ પ્રવૃત્તિનો સદંતર અભાવ જણાતો હતો. આવા સ્થાનમાં નવા આવેલા પરદેશી મિશનરીઓને સ્થાનિક પ્રદેશની મરાઠી ભાષા શીખવવા એક લૅંગ્વેજ સ્કૂલ ચાલતી. સુહાસ એમાં ઉનાળાની રજાઓ પૂરતો ભાષાશિક્ષણ માટે મધુબન આવ્યો હતો. તે સાથે થોડું મૌલિક લેખનકાર્ય કરીને નવરાશના સમયનો સદુપયોગ કરવાનો પણ વિચાર રાખેલો. પણ મધુબન આવતાંમાં જ તેની રમણીયતા જોઈ તે જાણે બીજું બધું ભૂલી આંખો ભરી ભરીને એ સૌંદર્યનું પાન કરી રહ્યો. ત્યાંના ડુંગરા અને ખીણો એકલો એકલો જ ખૂંદી રહ્યો. આ તાજા જ વિકસતા ગિરિમથકનાં સૌંદર્યધામો જોવામાં તે મશગૂલ બની ગયો.

મધુબનના કાયમી વતનીઓ જ હશે. તેમના ગામડાને કેન્દ્રમાં રાખીને આ ગિરિમથક વિકસી રહ્યું હતું. નાનાશા ગામની વચ્ચે થઈને એક સારો કહી શકાય એવો પાકો રસ્તો સોંસરો જતો હતો અને તેની બન્ને બાજુએ આવેલી સાંકડી ગલીઓમાં જ ગામના ઘણાખરા લોકો વસતા હતા. મુખ્ય રસ્તાની બન્ને બાજુ દુકાનો હતી. એમાં શાકભાજી, ફળો, કરિયાણાવાળો, ઘરમાં વપરાશની પરચૂરણ ચીજવસ્તુનો સ્ટોર, બેકરી, ધોબીની દુકાનો, ફોટોગ્રાફીનાં સાધનોની દુકાન, નાસ્તો અને ખોરાકની હોટેલો તથા માંસ વેચનારની દુકાન, એ વિવિધ પ્રકારની દુકાનો આવેલી હતી.

બસના મથકવાળા છેડે નવાં જ બંધાયેલાં મકાનોમાં લાઈબ્રેરી, વાચનાલય વગેરે આધુનિક સુવિધા હતી. એની બાજુમાં જ એક વિકસતો ઉદ્યાન પણ હતો.

આ ઉપરાંત છૂટાંછવાયાં કેટલાંક પાશ્ચાત્ય ઢબનાં મકાનો પણ ઊભાં થયાં હતાં. પાશ્ચાત્ય ઢબની સેવા આપતી બેએક આધુનિક હોટેલો પણ હતી. છૂટાછવાયા બંગલા ડુંગરાના ઢોળાવે કે મથાળે બંધાયેલા જોવા મળતા. તેમાં ગરમીની મોસમમાં શ્રીમંતો ભાડે રાખી રહેવા આવતા. એવા લોકો માટે એક ક્લબ પણ ચાલતી. ઝાડીમાં છુપાયેલું એક પોલો(polo) ની રમતનું મેદાન પણ હતું. એક સુંદર દેવળની રચના અને એક કૉન્વેન્ટ સ્કૂલનું મકાન પણ કુદરતી સુંદરતામાં ઓર વધારો કરતાં.

અનેકવિધ પક્ષીઓના આહ્‌લાદક સૂરો સાંભળી સુહાસ ઘણી વાર ઝાડીમાં ઊતરી પડતો, અને લીલી વનરાજીમાં પક્ષીઓ ખોળી કાઢવા મથતો. ગામના એક છેડે એક નાનું, લંબગોળાકાર સરોવર પણ હતું. એમાં મધુબન આવનાર સહેલાણીઓ બોટિંગની મજા માણતાં. આજુબાજુના પ્રદેશમાં પહાડી લોકો શાકભાજી કરતા. ત્યાં વન્ય ફળઝાડ પણ ઘણાં ઊગતાં. કેટલાક મહેનતુ લોકો જ્યાં કંઈ સપાટ વિસ્તાર જણાય ત્યાં કંઈ ને કંઈ ઉગાડવા મથતા.

પહાડની વિવિધ કરાડો, ખીણો અને શિખરો દ્વારા ગિરિમથકનાં અનેક સૌંદર્યધામોનું નિર્માણ થયું હતું. ત્યાંથી જોવા મળતાં આહ્‌લાદક દૃશ્યો, લીલીછમ ઝાડી વગેરે જોઈ કોઈ પણ પ્રભાવિત થઈ જાય તેમ હતું. મધુબનના ડુંગરો પરથી જ્યાં નજર નાખો ત્યાં મુગ્ધ કરી દે તેવાં દૃશ્યો જોવા મળતાં. મંદ મંદ વહેતી વાયુલહરીઓમાં રંગરંગિત ફૂલો ઝૂલી રહેલાં જણાતાં. તેમની સુગંધથી વાતાવરણ માદક બનતું. આ બધાંની એક અનેરી અસરથી મન જાણે ભર્યું ભર્યું થઈ જતું.

મધુબન એક નાનું જ ગિરિમથક હતું અને હજી વિકાસ પામી

રહ્યું હતું, છતાં ત્યાં રહેવાનું ઘણું મોઘું થઈ ગયું હતું. સુહાસે આવીને તરત એક અઠવાડિયાની વ્યવસ્થા તો કરી લીધી હતી, પણ તેને તો અહીં અઢી માસ રોકાવાનું હોવાથી બીજી વ્યવસ્થા કરવાની જરૂર હતી. અહીંના પાદરીસાહેબ તેના પિતાના સારા સંબંધમાં હતા તેથી તે તેમને જઈને મળ્યો. જોકે એ પાદરીસાહેબ પણ અહીં નવા નવા જ નિમણૂક પર આવ્યા હતા છતાં તેમણે સુહાસને સહાય કરવાની હૈયાધારણ આપી કે હું ત્યાંના વતનીમાંના એક જણને મળીને રવિવાર સુધીમાં વ્યવસ્થા કરી આપીશ.

ત્રીજે દિવસે રવિવાર હતો. સવારના દેવળમાં ચાલેલી ભજનસેવા સુહાસ જીવનભર ભૂલી ન શકે એવી અનોખી હતી. ભજનસ્થાનનું ચર્ચ એક ઊંચા ટેકરા પર હતું. ગીચ ઝાડી વચ્ચે દેવળ ખૂબ ઓપતું હતું. દેવળ સુધી પહોંચવા માટે છેક નીચેથી પહોળાં અને લાંબાં પગથિયાં કરેલાં હતાં.

ઉપાસના પૂરી થયા પછી પાદરીસાહેબ પ્રવેશદ્વાર આગળ એક બાજુ ઊભા રહી ઉપાસકોને વિદાય આપતાં પ્રત્યેકની ટૂંકામાં ખબર અંતરપૂછવા લાગ્યા અને સાથે સાથે હાથ મિલાવી અભિવાદન કરી રહ્યા. કોઈની તબિયતની પૂછપરછ કરે તો કોઈને આશીર્વચન સંભળાવે. બહાર નીકળતા પહેલાં સુહાસને પણ પાદરીસાહેબનો મેળાપ થયો, ત્યારે તેમણે કહ્યું,

"સુહાસ, કેમ છો ? હું અહીંથી નવરો થાઉં એટલે આપણે પેલા ભાઈને મળવા જઈશું. જરા થોભજો."

"સારું, કાકા ! હું બહાર ઊભો છું."

સુહાસ બહાર નીકળી થોડાંક પગથિયાં ઊતરીને ચારે બાજુનું નૈસર્ગિક સૌંદર્ય જોઈ રહ્યો. દેવળમાં ઉપાસના કરવા આવનારાં ઘણાંખરાં પરદેશી જ હતાં. એમાં ગણ્યાંગાંઠ્યાં ભારતીય દેખાયાં. દેવળમાંથી બહાર નીકળી ઓળખીતાંપાળખીતાં એકઠાં મળીને ખબરઅંતર પૂછવા

લાગ્યાં હતાં. કેટલાંક ગમત પણ કરતાં હતાં. જુવાનિયાં રંગબેરંગી વસ્ત્રોમાં સુંદર દેખાતાં હતાં અને ખુશમિજાજમાં વાતો અને ઠઠ્ઠામશ્કરી પણ કરતાં દેખાતાં હતાં. નાનાં બાળકોવાળાં માબાપો બાળકોની સંભાળ લઈ તેમની જરૂરિયાતો પર ધ્યાન આપવામાં પડ્યાં હતાં. આ બધાંમાં સુહાસને કોઈનો પરિચય ન હતો. છેલ્લા બેત્રણ દિવસમાં જતાંઆવતાં કેટલાક ચહેરા જોવા મળ્યા હતા ખરા.

સવારના સાડાદસ થવા આવ્યા હતા છતાં હજી ઠંડીનો ચમકારો જણાતો હતો. દેવળનો મિનારો તથા ઝાડોની ટોચો હજી ધુમ્મસથી છવાયેલાં હતાં. રૂના ગાભલા જેવા ધુમ્મસમાંથી ચળાઈને આવતાં સૂર્યકિરણોમાં જરા પણ ગરમી જણાતી ન હતી. સુહાસ આકાશ, દેવળમાંથી નીકળતા લોકો અને નીચે રસ્તા પર ચાલતો વહેવાર એ બધાં પર અવારનવાર દૃષ્ટિ ફેરવતો રહ્યો. નીચેનો મુખ્ય માર્ગ એ બાજુ જંગલમાંથી નીકળી આવતો હતો અને ગામમાંથી પસાર થઈ બીજે છેડે દૂર ઝાડીમાં અદૃશ્ય થઈ જતો હતો. ઠેર ઠેર ઝાડો વચ્ચેથી પગદંડીઓ નીકળી આવતી જોવામાં આવતી હતી. તે બધી આવીને ધોરી માર્ગને મળતી હતી.

સુહાસની નજર દેવળ તરફ ગઈ તો પાદરીસાહેબ એક યુવાન રદેશી મિશનરી બાનુ સાથે વાત કરતા કરતા બહાર આવી રહ્યા કતા. વાતો કરતાં કરતાં જ તેઓ પગથિયાં ઊતરી સુહાસ પાસે આવ્યા એટલે પાદરીસાહેબ બોલ્યા,

"બહુ રાહ જોવી પડી, નહિ સુહાસ ?"

"ના રે, એમાં શું, કાકા !" એમ કહી તેણે પાદરીસાહેબ સાથે આવેલી બાનુ તરફ નજર કરી.

પાદરીસાહેબે ઓળખ આપતાં કહ્યું,

" આ મિસ જેન જોન્સ છે." એ સાથે મિસ જોન્સને સુહાસની ઓળખ આપી. બંને જણે હાથ મિલાવ્યા, અને એકબીજાને અભિવાદન

કર્યાં.

પાદરીસાહેબે વધુ વિગત જણાવતાં કહ્યું,

''મિસ જોન્સ તાજેતરમાં જ અમેરિકાથી આવ્યાં છે, અને આ વિસ્તારમાં વૈદકીય રાહતકાર્ય કરવાની ખેવના રાખે છે.''

એ જાણી સુહાસે આનંદ વ્યક્ત કર્યો.

સુહાસ વિષે મિસ જોન્સને વધુ માહિતી પૂરી પાડતાં પાદરીસાહેબ બોલ્યા,

''આ સુહાસ કર્વે મારા એક નિકટના મિત્રનો પુત્ર છે. તે યુવકનેતા અને સારો લેખક પણ છે.''

''એમ કે ! ઘણા આનંદની વાત !'' મિસ જોન્સે પણ આનંદનો ઉદ્‌ગાર કાઢ્યો.

ત્રણે જણ પગથિયાં ઊતરવા લાગ્યાં. સુહાસને મિસ જોન્સના વિચાર આવવા લાગયા. તેની ભૂરી ભૂરી આંખો અને સોનેરી વાળ તેને ખૂબ જ આકર્ષક લાગ્યાં. ત્રણે જણ બોલ્યાચાલ્યા વિના પગથિયાં ઊતરી મુખ્ય માર્ગ પર આવી ગયાં. ઉપાસકો બધાં પોતપોતાના રસ્તે પડી ગયાં હતાં.

પાદરીસાહેબ સુહાસને સંબોધી બોલ્યાં, ''સુહાસ, આપણા કાર્યક્રમમાં થોડો ફેરફાર કરવો પડશે એમ લાગે છે. મિસ જોન્સના પાડોશીને ત્યાં જવાનું કહેણ આવ્યું છે.''

સુહાસ બોલ્યો, ''પેલા ભાઈને મળવાનું મુલતવી રાખવું પડશે ?''

''ના, છેક એમ તો નહિ; પણ તેમને ત્યાં જતા પહેલાં આ મુલાકાત પતાવી લેવાય તો સારું.''

પાદરીસાહેબ અને સુહાસ વચ્ચે કંઈક ચાલતી વાતચીત પરથી મિસ જોન્સને અણસાર આવ્યો કે કશીક મુશ્કેલી લાગે છે. તેણે પૂછ્યું, ''કંઈ મુશ્કેલી ઊભી થઈ છે કે શું ?''

''મિસ જોન્સ ! તકલીફ તો કશી નથી, પણ અમારા કાર્યક્રમમાં

જરા આઘુંપાછું કરવાનું રહેશે. મેં પ્રથમ સુહાસ જોડે દેવળ પૂરું થયા પછી અમુક સ્થળે જવાનું નક્કી કરેલું, પણ હવે ત્યાં જરા મોડા જઈશું.'' પાદરીસાહેબે જોન્સને સમજાવ્યું.

મિસ જોન્સ જરા ઓશિયાળી બની બોલી,

''મને શી ખબર કે તમારે બીજું કામ નક્કી થઈ ગયું હશે!''

''અરે, કશો વાંધો નથી. સુહાસ, તમે પણ અમારી સાથે જ ચાલો ને ! ત્યાં થઈને પછી તમારા કામ માટે જવાશે. મિસ જોન્સના પડોશીકુટુંબમાં મારે પ્રાર્થના કરવા જવાનું છે.''

સુહાસ જરા દ્વિધામાં પડ્યો. પેલા લોકોને તેનું જવું ગમે કે નયે ગમે. તે મોટેથી બોલ્યો,

''મારે તો આવવાનો કશો વાંધો નથી, પણ મિસ જોન્સનાં પાડોશીને હું અમસ્તી દખલ કરતો લાગું એ દહેશત રહે છે.''

ત્યાં તો મિસ જોન્સ ઉત્સાહથી બોલી,

''અરે, એ બિચારાં તો રાજી રાજી થઈ જશે, મિ. કર્વે!''

''ઘણું સરસ ! ચાલો, એમ જ કરીએ.''

તેઓ મિસ જોન્સના બંગલા તરફ ચાલી નીકળ્યાં.

રસ્તે જતા એકબે સાઈકલસવારોએ હાથ હલાવી પાદરીસાહેબને અભિવાદન કર્યાં. ચાલતાં ચાલતાં સુહાસે એકબે વાર મિસ જોન્સ ભણી અછડતી નજર કરી લીધી, તો તે તદ્દન નિર્લેપ ભાવે રસ્તો કાપી રહેલી જણાઈ. સુહાસને વાત કરવાનું મન હતું પણ ત્રણે જણ મૌન જ ચાલતાં રહ્યાં.

એકાએક પાદરીસાહેબ બોલી ઊઠ્યા, ''મિસ જોન્સ, ખાસ અગત્યની વાત જ કહેવાની હું તો ભૂલી ગયો ! સુહાસ અહીં ચાલતી ભાષાશાળામાં પંડિત તરીકે કામ કરવા આવ્યા છે.''

મિસ જોન્સને 'પંડિત' શબ્દ સમજાયો નહિ, એટલે પાદરીસાહેબે ખુલાસો કર્યો કે અહીં ભાષા શીખવનાર 'પંડિત' કહેવાય છે. અર્થ

સમજાતાં આનંદ સાથે જોન્સ બોલી,

"એમ કે !" તેને વિચાર પણ આવી ગયો કે મારે કદાચ સુહાસ પાસે જ મરાઠી શીખવાનું આવે ! આવા જોગાનુજોગથી તેને રમૂજ થઈ અને સુહાસનો વધુ પરિચય મેળવવાની ઈચ્છા જાગી. તે બોલી,

"હું અહીં ભાષાશાળામાં અભ્યાસ માટે જ આવી છું. થોડા માસ એમાં જ ગાળવાની છું."

"એમ ? તો પછી શુક્રવારે યોજાયેલા મંગલપ્રારંભમાં તમે હાજર રહ્યાં હશો."

"ના, તે જ દિવસે હું તો આવી હતી, .એટલે એ પ્રસંગ હું ચૂકી ગઈ હતી."

સુહાસે ઉત્તરમાં માથું હલાવી મૌન સેવ્યું.

પાદરીસાહેબે ટાપસી પૂરતાં કહ્યું, "મુખ્ય પંડિત કહેતા હતા કે ગઈ સાલ કરતાં આ સાલ વધુ વિદ્યાર્થીઓ આવ્યા છે."

"એથી જ આ સાલ મને અહીં બોલાવ્યો હશે. મેં ગઈ સાલ પણ માગણી તો કરી જ હતી !"

એટલી વાત પછી બધાં ગુપચુપ ચાલતાં રહ્યાં.

સુહાસના મનમાં જોન્સ અંગે ઘણી જિજ્ઞાસા હતી. તે ભારતમાં આવી, ક્યાં ક્યાં ફરી, તેનું પૂર્વજીવન કેવું હતું, મિશનરી થવાની પ્રેરણા ક્યાંથી મળી વગેરે બાબતો વિષે તેને કુતૂહલ થયા કરતું હતું. પણ આજે પહેલી જ ઓળખ વખતે એવું કંઈ પૂછવું યોગ્ય ન લાગ્યું. જોન્સની વિચારશીલ મુદ્રા તથા શાંત પ્રકૃતિથી તે પ્રભાવિત થયો. ભાષાશાળામાં આવેલી બીજી બાનુઓ કરતાં તેને આ યુવતી તદ્દન નિરાળી જ જણાઈ. મિસ જોન્સ બોલતી ત્યારે જાણે શબ્દ તોળી તોળીને બોલતી લાગતી. સ્ત્રીજાતિ માટે એ બાબત વિરલ જ ગણાય !

મિસ જોન્સને પણ સુહાસ સંબંધી જિજ્ઞાસા જાગી હતી કે મેદાનમાં નીચે તેમનું સામાન્ય કાર્ય શું હશે ! ભારત વિષે તેણે જે કંઈ વાંચ્યુંજાણ્યું હતું તે પરથી તેને એમ જ લાગેલું કે ભારતીયો બધા રહસ્યમય જ હોય છે ! સુહાસે અત્યારે પૂરો પાશ્ચાત્ય ઢબનો પોશાક ધારણ કર્યો ન હતો તેમ તદ્દન દેશી રીત પ્રમાણે ધોતિયું પણ પહેર્યું ન હતું.

મુંબઈ, કલકત્તા જેવાં શહેરોમાં હિંદી ખ્રિસ્તીઓ પૂરા સૂટમાં ટાઈ સાથે સજ્જ થયેલા જોયા હતા તેઓ સાથે સરખાવતાં સુહાસ કંઈક જુદો લાગ્યો.

રસ્તે ચાલતાં પાદરીસાહેબે પૂછ્યું, ''મિસ જોન્સ, તમારા બંગલાનું નામ હું તો એટલામાં ભૂલી ગયો !''

''એને 'ગ્રીનવૅલી' બંગલો કહે છે.''

''આભાર ! મિસ જોન્સ !''

સુહાસ તરફ વળીને પાદરીસાહેબે કહ્યું, ''કેટલું સુંદર નામ છે, નહિ ?''

''હા, ઘણું સુંદર !'' સુહાસે ટેકો આપ્યો.

આજે અણધાર્યાં જ એકબીજાના પરિચયમાં આવેલાં આ બે જણ એકબીજા વિષે અનેકવિધ વિચાર કરતાં રહ્યાં. સાંકડી પગદંડી પર ચાલતાં ચાલતાં ત્રણે જણે ઝાડીમાં પ્રવેશ કર્યો. વાતચીતનો દોર ચાલુ રાખવાનો ભાર પાદરીસાહેબે જ ઉપાડી લીધો હતો. થોડી જ વારમાં તેઓ 'ગ્રીનવૅલી' બંગલાના દરવાજામાં દાખલ થયાં.

''લો, આપણા સ્થાને આવી પહોચ્યાં ખરાં !'' પાદરીસાહેબ બોલ્યા.

## પ્રકરણ : ૨

બીજા અઠવાડિયે સુહાસને એક લગ્નજમણનું આમંત્રણ મળ્યું. એક ઑસ્ટ્રેલિયાની કન્યા અને અમેરિકન વરનાં આ લગ્ન અઠવાડિયા દરમિયાન થવાનાં હતાં. લગ્નજમણમાં જવું કે નહિ એ દ્વિધામાં છેલ્લા દિવસ સુધી સુહાસ અટવાતો રહ્યો. પાશ્ચાત્ય ઢબના લગ્નજમણમાં સુહાસે આ પહેલાં કદી ભાગ લીધો ન હતો. નવું જાણવાનું કુતુહલ તો અદમ્ય હતું, છતાં મનમાં ખચકાયા કરતો હતો. આખરે જવાનો નિર્ણય કર્યો.

જમણસભારંભ 'સ્પ્રિંગફીલ્ડ' નામના સ્થળે હતો પણ વ્યવસાયમાં વ્યસ્ત હોવાથી અને કંઈક મૂંઝવણને લીધે છેલ્લી ઘડી સુધી સ્થળની માહિતી કોઈને પૂછવાનું બન્યું નહિ. તેના વર્ગમાંના એક જણ પાસેથી આછીપાતળી સૂચના મળી હતી કે મુખ્ય માર્ગથી બહુ દૂર જવાનું નથી! તે દિવસનું તેનું ટ્યૂશનકાર્ય પૂરું કરી રહ્યો ત્યારે એટલું મોડું થયું હતું કે માંડ તૈયાર થઈને સમયસર સભારંભમાં હાજરી આપી શકાય. સુહાસ ઉતાવળે મુકામે જઈ ઝટપટ તૈયાર થઈ નીકળ્યો ત્યારે સંધ્યા ઊતરવા લાગી હતી.

મુખ્ય માર્ગે પહોંચી એક બેકરીવાળાને તેણે 'સ્પ્રિંગફીલ્ડ' બંગલાનો માર્ગ પૂછ્યો અને ઉતાવળી ચાલે એ બાજુ ઊપડ્યો. અંધારું વધવા લાગ્યું અને તેને લાગ્યું કે મોડું પડાશે પણ હવે નીકળ્યો છું તો જવું જ ! સાઈકલ હોત તો ઝડપ કરી શકાત પણ અહીં અત્યારે ક્યાંથી લાવવી ? એટલામાં તો માર્ગ ઢોળાવ ચડવાનો આવ્યો, એથી ઝડપ ઓછી થઈ ગઈ. પણ વાતાવરણમાં ઠંડક વધવાથી તે સ્ફૂર્તિથી ચાલતો રહ્યો. ઢોળાવ પૂરો થતાં સાવ

નિર્જન વિસ્તાર આવ્યો, પણ થોડે આગળ જતાં જ એક વળાંક વળતાં સામે જ 'સ્પ્રિંગફીલ્ડ'ની બત્તીઓ નજરે પડી. તે બહુ દૂર ન હતો.

બંગલા પાસે જતાં જણાયું કે સ્થળ અને મકાન સાચે જ આવા સમારંભને યોગ્ય હતું. વિશાળ પાયા પર બાંધણી કરાયેલી, ત્રણ બાજુ વિશાળ ઓશરીઓ ઉતારેલી અને વચ્ચે મોટો ખંડ હતો. બંગલાના મોટા દરવાજામાંથી તથા બારીઓમાંથી બહાર પથરાતા પ્રકાશમાં રસ્તો અને બગીચો સ્પષ્ટ દેખાતા હતા. પાશ્ચાત્ય સંગીતના સૂરો પણ સંભળાતા હતા. સુહાસે બંગલાનાં પગથિયે પહોંચી ઘડિયાળમાં નજર નાખી તો સાત વાગીને ઉપર દસ મિનિટ થઈ ગઈ હતી.

પગથિયાં ચડીને ઓસરી પસાર કરીને ખંડમાં જવાનું હતું. ભોજનખંડ અત્યારે તો મહેમાનોથી પૂરેપૂરો ભરાઈ ગયો હતો. લગભગ બધા જ આમંત્રિતો વિદેશી હતા. સમયસર આવી જવાની એ લોકોની ટેવ ખરેખર ધ્યાનમાં આવી જાય તેવી હતી. ભારતીય લોકોના દેશી સમયની કહેતી તેને યાદ આવી. પોતે મોડો આવેલો અને પાછો ભારતીય હોવાથી તેને અંદર જતાં સંકોચ થવા લાગ્યો. પગથિયા પરથી તેના જોવામાં આવ્યું કે સફેદ વસ્ત્રધારી નોકરો ખાણીપીણીની વાનગીઓ પીરસવા ઝડપથી હેરફેર કરી રહ્યા હતા. કેટલાક સ્થળે પીરસવાનું પૂરું થતાં લોકોએ ખાવાનું શરૂ કરી દીધું હતું. સદ્‌ભાગ્યે યજમાને પગથિયાં ચડતાંજ સુહાસને જોઈ લીધો એટલે તરત જ આગળ આવી તેનો સત્કાર કરતાં કહ્યું,

"પધારો, પધારો, યુવાન બંધુ ! આવો, અંદર આવો."

સુહાસે ખૂબ રાહત અનુભવી, અભિવાદનનો યોગ્ય ઉત્તર આપતાં તે ખંડમાં દાખલ થયો અને આમંત્રિતોની વચ્ચેથી પસાર થતાં કેટલાક પરિચિતોનાં અભિવાદન ઝીલી તેણે સામા ઉત્તર વાળ્યા. છેલ્લા ટેબલ

આગળ એક ખુરશી બતાવી યજમાન બોલ્યો,

"આપ અહીં બેસો."

સુહાસે આભાર માની આસન લીધું અને પછી પોતાની બાજુ પરના સાથી તરફ જોયું. આશ્ચર્યથી તેની આંખોમાં ચમક આવી ગઈ. તેના મુખ પરના ભાવ જોઈ યજમાને પૂછ્યું, "આ બાનુને આપ ઓળખતા લાગો છો."

"હા, મિસ જોન્સ સાથે મારે પરિચય થયો છે. આપનો ફરી ખૂબ આભારી છું." સુહાસે કહ્યું.

વિદેશી યુવતીના મુખ પર પણ સ્મિત રમતું જોઈ યજમાનને ખાતરી થઈ ગઈ કે આ સારો જોગ બેસી ગયો. તે તેમને છોડી બીજા આમંત્રિતો પર ધ્યાન આપવા ઊપડી ગયો.

"હેલો, મિસ જોન્સ ! કેમ. છો ?"

"મઝામાં, આભાર !" મિસ જોન્સે ટૂંકમાં જવાબ દીધો. થોડી પળ મૌન છવાયું. સુહાસના ધ્યાન પર આવ્યું કે લગ્નજમણને અનુરૂપ સુરુચિમય પોશાક તેણે પહેર્યો હતો, ત્યારે પોતે તો સાવ અણઘડ જણાતો હતો. આ લોકોની રીતભાતથી પણ પોતે અજાણ હતો. છતાં બને તેટલો સારો દેખાવ કરવા તે પ્રયત્નશીલ થયો.

તેણે વાત કરવા પ્રયત્ન કર્યો.

"આપણો ફરી અણધાર્યો મેળાપ થયો, નહિ ?"

મિસ જોન્સે મોં મલકાવ્યું પણ કંઈ બોલી નહિ.

સુહાસ વાત ચાલુ રાખવાની લાલચ રોકી શક્યો નહિ. તે બોલ્યો,

"વર્ગબહાર આમ બે વાર અચાનક મળવાનું થઈ જાય એ નવાઈ તો ખરી જ ને !"

"હાસ્તો." મિસ જોન્સે તેની પ્રકૃતિ પ્રમાણે ટૂંકો જવાબ આપી પતાવ્યું.

આ ઓછાબોલી યુવતી પ્રત્યે સુહાસને માન ઊપજ્યું, પણ સાથે

સાથે તેને એમ પણ લાગ્યું કે એની સાથે લાંબી વાતચીત થવાની આશા રાખવી વ્યર્થ છે. તેને ભોઠપ પણ લાગી કે પાશ્ચાત્ય ઢબે ખોરાક લેવાની તેની અણઆવડત તે જાણી જશે. આખા ભોજનસમય દરમિયાન બંનેનાં મોં સિવાયેલાં જ રહેશે શું, એમ પણ તેને દહેશત લાગી. શું કરવું તેની તેને કશી ગમ પડી નહિ. હજી બેએક ખુરસી રહી હતી પણ કોઈ નવા આમંત્રિત તેના ટેબલ પર આવે તેવી ઝાઝી આશા ન હતી. વાતચીત ચાલુ કરવા ફરી સુહાસ બોલ્યો,

"મારે તો એટલું બધું મોડું થઈ ગયું હતું કે હું તો પાછો જ જવા વિચારતો હતો."

"ત્યારે હું તમારી આગળ એકબે મિનિટ પહેલાં જ આવી હતી." મિસ જોન્સે જવાબ દીધો.

એ સાંભળી સુહાસને ઘણી રાહત લાગી.

મિસ જોન્સે આગળ જણાવ્યું, "મારા પાડોશી કુટુંબવાળાઓએ બાળકની મુશ્કેલીને લીધે છેક છેલ્લી ઘડીએ આવવાનો વિચાર માંડી વાળ્યો."

"અરરર! તો પછી તમે એકલાં જ શી રીતે અહીં આવ્યાં?"

"મારા પાડોશીએ તેમના બાળકની આયાને મારી સાથે મોકલી હતી."

"એ સારું કર્યું."

પીરસનાર થાળ મૂકીને ગયો પછી સુહાસની મૂંઝવણ ખરેખરી રીતે શરૂ થઈ. કેવી રીતે અને કઈ વાનગીથી શરૂ કરવું ? છરીકાંટાનો ઉપયોગ કરવો કે હાથથી ખાવું ? તેની સામે ગોઠવેલી પ્લેટો અને છરી, કાંટા અને ચમચાચમચીઓનો વ્યવસ્થિત ખડકલો ચિંતાજનક દૃષ્ટિથી જોઈ રહ્યો. આ પરિસ્થિતિમાં મિસ જોન્સનો સાથ તેને કંઈક આશ્વાસનદાયક લાગ્યો. મનની દ્વિધામાં હિંમત કરી પાશ્ચાત્ય રીતભાત વિષેનું પોતાનું અજ્ઞાન કબૂલ કરી દેવાનું તેને ઠીક લાગ્યું. તે બોલ્યો,

"હું મારા વિદેશી મિત્રો સાથે અવારનવાર ચાપાણી લેતો આવ્યો છું. પણ આવા જમણમાં આવવાનો આ મારો પ્રથમ પ્રસંગ છે, એટલે શું કરવું તેની મૂંઝવણમાં છું."

સુહાસની વાતથી મિસ જોન્સને પ્રથમ તો જરા રમૂજ થઈ, પણ તેની આવી નિખાલસતાથી તે પ્રભાવિત થઈ. પછી તે બોલી, "મિ. કર્વે, તમે હાથ વડે ખાશો તો મને વાંધો નથી."

"મિસ જોન્સ, તમારી ઉદારતા માટે આભાર, પણ....." તે વાક્ય પૂરું કરી ન શકયો.

"ભલે, તમારી મૂંઝવણ હું સમજી ગઈ. એમ કરો, તમે મારું અનુકરણ કરતાં કરતાં ખાવા માંડો." એમ કહી તેણે સુહાસની પ્લેટમાં પ્રથમ લેવાતી વાનગી પીરસી. પછી પોતાની પ્લેટમાં લઈને જમવાની શરૂઆત કરી. છરી અને કાંટો પકડવાની રીત અને તે વડે માંસ-મચ્છી કેવી રીતે ખાવાં તેનું નિદર્શન આપ્યું. કહ્યાગરા વિદ્યાર્થીની પેઠે સુહાસે એ બધું એકચિત્તથી જોઈને ગ્રહણ કરી લીધું. થોડી જ વારમાં હિંમત આવી ગઈ અને તે સ્વસ્થતાથી જમતો થઈ ગયો.

થોડો સમય બન્ને ગુપચુપ જમતાં રહ્યાં. પછી સુહાસન 'પ્રોત્સાહન આપતાં મિસ જોન્સ બોલી,

"અરે વાહ ! તમને તો ઘણું જલદી આવડી ગયું જણાય છે!"

સુહાસે મોં મલકાવી કદર માટે આભાર વ્યક્ત કર્યો.

મિસ જોન્સે જમતાં જમતાં પાશ્ચાત્ય રીતભાતની સમજ આપવા માંડી. વિવિધ વાનગીનાં પાત્રો અવારનવાર સાથે જમવા બેઠેલાંને ધરવાં, બંને બાજુ બેઠેલા સદ્‌ગૃહસ્થ કે બાનુ સાથે રસપ્રદ વાતચીત કરી તેમને આનંદ આપવો વગેરે બાબતો સુહાસને સમજાવી. એ બધી વિગતો સાંભળી સુહાસ જરા ઉદાસ ભાવે બોલ્યો,

"અહીં અમારે ત્યાં તો આવો કશો વિચાર જ હોતો નથી."

"મિ. કર્વે, એથી ઉદાસ થવાની જરૂર નથી, કારણ કે અહીં

તમારે જુદો ભાગ ભજવવાને રહે છે.''

''મિસ જોન્સ ! તમારો આભાર વ્યક્ત કરવા મને શબ્દો જડતા નથી ! તમે શિક્ષક તરીકે ઉત્તમ ભાવ ભજવ્યો છે.''

''આમાં તો આત્મશ્રદ્ધાથી મહાવરો કરવાની જ જરૂર છે. ભારતીય રીતે મારે ખાવાનું આવે તો મને પણ ન આવડે, એ સ્પષ્ટ જ છે.''

મિસ જોન્સની આ વાત સાંભળી સુહાસને ખ્યાલ આવ્યો કે તેનામાં જરાયે ઘમંડ કે મોટાઈનો ભાગ નથી.

થોડી વાર મૌનપણે જમવાનું ચાલ્યું. પછી મિસ જોન્સે પૂછ્યું,

''મિ. કર્વે, તમે અહીં કોઈ હોટલમાં ઊતર્યા છો ?''

''અરે, હોટલના ભારે ઊંચા ભાવ ભરવાનું મારું શું ગજું ?''

પોતે અયોગ્ય પ્રશ્ન પૂછી નાખ્યો એવો ખ્યાલ આવતાં મિસ જોન્સે દિલગીરી દર્શાવી પણ સુહાસે સ્પષ્ટતા કરતાં કહ્યું,

''મને ખોટું લાગવાનો પ્રશ્ન જ નથી. હું તો હજી વિદ્યાર્થી હોવાથી મારે મારી સ્થિતિને અનુરૂપ ચાલવું રહ્યું.''

''ત્યારે તો 'ભણો અને સાથે કમાઓ' એ યોજના પ્રમાણે તમે ચાલતા લાગો છો. એ તો પ્રશંસાપાત્ર પ્રયોગ કહેવાય.''

''મિસ જોન્સ, કદરયુક્ત ભાવ માટે આભાર ! મારે તો ડૉક્ટર બનવાની ઈચ્છા હતી પણ જરૂરી નાણાં ન મળવાથી મને પોષાય તેવો અભ્યાસ મારે સ્વીકારવો પડ્યો છે. આમાં પણ મારે મારા પિતાના સ્નેહીઓનો આશરો લેવો પડ્યો છે. વળી અમુક ખર્ચ મેં જાતે ઊભું કરી લીધું છે.''

''મિ. કર્વે, તમારી આ વાત સાંભળી મને પણ મારા અભ્યાસ કાળની યાદ તાજી થાય છે. પણ તમને નથી લાગતું કે સંઘર્ષ વગરનું જીવન રસહીન જ બની રહે !''

''મિસ જોન્સ, આપણે બંને અમુક બાબતમાં સરખા સંજોગોમાંથી

પસાર થયાં છીએ તે હકીકત મારે માટે તો આનંદ અને ગર્વની છે. મારા સમગ્ર કૉલેજકાળ દરમિયાન લાંબી રજાઓમાં કંઈ ને કંઈ વ્યવસાય કરીને અભ્યાસ માટે સગવડ કરતો આવ્યો છું. અહીં મરાઠી શીખવવા આવવામાં પણ કેટલાયે લાભ છે. નીચે મેદાનમાં પડતી અસહ્ય ગરમીમાંથી અહીં રાહત મળે છે. અહીંના શીતળ આહ્લાદક વાતાવરણમાં સર્જકશક્તિ ખીલે અને અનુવાદ, લેખન વગેરે કાર્ય સારી રીતે કરી શકાય; આમ અહીં આવી, આ 'પંડિત'કાર્ય કરવામાં બીજા લાભ પણ મળે તેમ છે."

મિસ જોન્સ સુહાસની વાત ધ્યાનથી સાંભળી રહી. એનો સ્વતંત્ર મિજાજ તેને ગમી ગયો. સુહાસને ખ્યાલ આવ્યો કે પોતા વિષે ઘણું ઘણું કહી નાખ્યું છે એટલે હવે વિષય બદલવા તે બોલ્યો,

"મિસ જોન્સ, અહીં ભારત આવ્યાં તમને કેટલો સમય થયો છે ?"

"હું અહીં ભાષાશાળામાં આવી તે પહેલાં એક જ માસ પહેલાં હું ભારત આવી હતી."

"તો પછી ભારતમાં બીજે ક્યાંય ફરવાની તક તો ક્યાંથી મળે ?"

"હું કલકત્તા આવી અને ત્યાં થોડા દિવસ રહી. ત્યાંથી મુંબઈ આવી અને મુંબઈ રાજ્યનાં ગણ્યાંગાંઠ્યાં નગરોની ઊડતી મુલાકાત લીધી હતી, એટલે ખાસ કોઈ સ્થળનો પરિચય મળ્યો નથી."

"આટલો અનુભવ પણ સાવ કાઢી નાખવા જેવો તો ન ગણાય અહીં અમારે ત્યાં શહેરો તો ગણ્યાંગાંઠ્યાં જ છે. પણ ભારતના લાખો પ્રજાજન તો ગામડે જ વસે છે."

"બરાબર, હું શાળામાં ભણતી હતી ત્યારે પણ મેં તો ભારતની સંસ્કૃતિ, અહીંના લોકો વગેરે વિષે ઘણું સાહિત્ય એકઠું કરેલું. કોણ જાણે કેમ, પણ મને પહેલેથી અહીંના લોકો પ્રત્યે ખૂબ ભાવ રહ્યો

છે.''

''મિસ જોન્સ, તમારી વાતો સાંભળી મારું દિલ પુલકિત થાય છે. ખરું કહું તો મેં જ હજી મારી માતૃભૂમિનો સોમો ભાગ પણ જોયો નથી. એટલે વધુ ન બોલવામાં જ મારે માટે ડહાપણ છે.''

''તમારી અંગત ટીકા જેવું લાગે તો માફી ચાહું છું, પણ તમારું સાદાઈભર્યું જીવન મને ખૂબ પસંદ આવી ગયું છે. ભપકદાર પાશ્ચાત્ય જીવનની અસર તમારા પર બહુ પડી જણાતી નથી. તમારો પોશાક પણ બીજાની પેઠે પાશ્ચાત્ય ઢબનો નથી.''

''આભાર તમારો, પ્રશંસાવચનો માટે !''

મિસ જોન્સ જેવી ઓછાબોલી શાંત પ્રકૃતિની વ્યક્તિની પાસે આવું અવલોકન થયેલું સાંભળી તેને નવાઈ લાગી. તે આ બાબત વિચારી રહ્યો. નોકર આવીને એકઠી થયેલી પ્લેટો ઉપાડી ગયો. તે પછી મિસ જોન્સ બોલી,

''આ કંઈ પ્રશંસા માટે જ કહેતી નથી; પણ ભારતીય લોકો પાશ્ચાત્ય લોકોનું બિનજરૂરી અનુકરણ કરે તે મને કઠે છે.''

એટલામાં પુડિંગ નામની જમણના અંતે અપાતી વાનગી પીરસાઈ. તે ખાવાનું શરૂ કરતાં સુહાસ બોલ્યો,

''તમારી આ વાતની હું કદર કરું છું અને આ વિચારો મારા દેશબંધુ આગળ રજૂ કરવા હું પ્રયત્ન કરીશ.''

જમણ પૂરું થતાં મિસ જોન્સ બોલી,

''મિ. કર્વે, જમણ સમયની સુંદર સંગત માટે આભાર ! જમણનો સમય એટલો જલદીથી પસાર થયો કે ખબર જ ન પડી.'' તેના મુખ પર પણ આભારદર્શક ભાવ હતો.

''ખરું જોતાં તો તમારી રસપૂર્ણ વાતો અને પાશ્ચાત્ય રીતભાતના શિક્ષણ માટે મારે તમારો આભાર માનવાનો છે.''

મહેમાનો પણ એક પછી એક વિદાય થવા લાગ્યા હતા તે

જોઈ. તેઓ બંને પણ ઊભાં થયાં.

"મિસ જોન્સ, તમને સાથ આપવા આયા હજી અહીં રોકાઈ હશે ને ?" સુહાસે પૂછ્યું.

"હોવી તો જોઈએ," એમ કહી મિસ જોન્સે વરંડા તરફ નજર નાખી.

"ખાસું મોડું થયું છે. આયાને ખોળવા કરતાં ચાલો, આપણે ચાલવા જ માંડીએ."

મિસ જોન્સે એ સૂચન સ્વીકારી લીધું અને તેઓ બહાર નીકળ્યાં. બહાર તો ગાઢ અંધકાર હતો.

યજમાનને મળી વિદાય લેતાં આભાર વ્યક્ત કર્યો. પછી 'સ્પ્રિંગફીલ્ડ'ની બહાર નીકળી તેઓ 'ગ્રીનવેલી'ના માર્ગે ચાલવા લાગ્યાં.

# પ્રકરણ : ૩

ચારે તરફ વ્યાપેલી નીરવ શાંતિમાં બેસીને સુહાસ નિરાંતે ત્રણેક કલાકથી લેખનકાર્ય કરી રહ્યો હતો. ત્રણે બાજુએ ઊંચા ડુંગરાથી ઘેરાયેલી એક ઊંડી ખીણના મથાળે આવેલા એક સુંદર સ્થાન પર તેણે બેઠક જમાવી હતી. આખરે થાક ઉતારવા તે ઊભો થયો, હાથપગ લાંબાટૂંકા કર્યા અને સ્ફૂર્તિ લાવવા સંતોષપૂર્વક એક બગાસું પણ ખાઈ લીધું. પોતે કરેલા લખાણનાં કાગળિયાં એકઠાં કરીને તેની બૅગમાં મૂક્યાં. એ પછી નજર સામે જ દૂર દૂર વિસ્તરેલી ખીણ તરફ જોઈ રહ્યો. મધુબન આવીને તરત જ તેણે આ સ્થાન પસંદ કરી લીધું હતું. વખત મળ્યે અહીં આવીને જ મનન અને લેખન કરવાનું નક્કી કરેલું. અહીંનું ધીરગંભીર અને ખૂબ આહ્‌લાદક વાતાવરણ અને ચિત્રમય દૃશ્ય જોઈ તે મંત્રમુગ્ધ થઈ જતો. એમાંથી અનેક પ્રેરણા તેના મનમાં ઊઠતી.

હવે સૂર્ય પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો. તેનાં સોનેરી કિરણો ઝાડીની આરપાર થઈ આવી રહ્યાં હતાં. સામે પથરાઈ રહેલી વિશાળ ખીણનું ભારે આકર્ષણ હોવા છતાં, ડુંગરની બીજી બાજુથી આથમતા સૂર્યની રંગરંગની કરામતનાં દૃશ્યો જોવાનું પરીક્ષણ અદમ્ય હતું.

સુહાસ પોતાની બૅગ લઈ પહાડો વચ્ચેના નાનાશા મેદાનની પાર જવા ચાલવા લાગ્યો. બેત્રણ જ મિનિટમાં મેદાન પૂરું થયું અને તેણે ઝાડીમાં પ્રવેશ કર્યો. ઝાડીની પેલી બાજુ મુખ્ય માર્ગ આવેલો હતો. ત્યાંથી સૂર્યાસ્તનું સુંદર દૃશ્ય જોઈ શકાતું હતું. ઝાડીમાં થોડે દૂર ગયા પછી એક એકલ વ્યક્તિ કેડીની એક બાજુ એકાકી બેઠેલી તેના જોવામાં આવી. એને બરાબર જોવા તે સહેજ વધુ નજીક ગયો.

ખાતરી થઈ શકે તેટલું સ્પષ્ટ દેખાતું ન હતું છતાં કોઈ પરદેશી સ્ત્રી હોય એમ તેને લાગ્યું. તે એક મોટા પથ્થરને અઢેલીને બેઠેલી હતી અને સુહાસને તેની એક બાજુ જ દેખાતી હતી. સુહાસને લાગ્યું કે એ મિસ જોન્સ જેવી જ લાગે છે. એ જ છે એની ખાતરી કરવા તે ધીમી ગતિએ ચાલીને એ તરફ ગયો. તેના મનમાં થયું : "એ આમ એકલાં જ અહીં ક્યાંથી આવે ?" મિસ જોન્સ જ હોય તો તેમના એકાંતમાં ભંગ કરવો યોગ્ય ગણાય ? મિસ જોન્સ એકાંતપ્રિય ઓછાબોલી વ્યક્તિ હોઈ એકલી જ આમ નીકળી આવે એવો સંભવ ખરો એમ સુહાસને લાગ્યું. આવી ઝાડીમાં આવું એકાંત માણવાનું તેને ગમે ખરું !

મનમાં ખચકાટ સાથે સુહાસ તે વ્યક્તિ પાસે પહોંચ્યો. તેની ધારણા પ્રમાણે એ વ્યક્તિ મિસ જોન્સ જ હતી. તેની આંખોમાંથી આંસુ દડદડ વહી રહ્યાં હતાં. તે હાથરૂમાલથી તે લૂછ્યા કરતી હતી. મિસ જોન્સને કલ્પનાયે ન હતી કે મારા સિવાય આટલામાં બીજું કોઈ હશે ખરું ! સુહાસને લાગ્યું કે મેં આવીને તેના એકાંતમાં ભંગ પાડ્યો છે, માટે છાનામાના સરકી જવું એ જ ઉત્તમ છે. પણ જવું શી રીતે ? તેને પસાર થવાની કેડી મિસ જોન્સની નજીક થઈને જ જતી હતી. ત્યાં થઈને જતાં તેનું ધ્યાન દોરાયા વગર રહી જ ન શકે એમ હતું. સુહાસ ત્યાં થંભી ગયો અને વિચારમાં પડ્યો. તેવામાં જ મિસ જોન્સની નજર એ બાજુ ફરી. સુહાસ પર નજર પડતાં જ ઝટ ઝટ આંસુ લૂછી તે બોલી ઊઠી,

"અરે, મિ. કર્વે, તમે? આ બાજુ ક્યાંથી ? સાહેબજી !"

"મિસ જોન્સ ! હા, હું જ છું !" મિસ જોન્સના મનમાંનો વિષાદ દૂર કરવાના આશયથી સહેજ રમૂજ કરતાં સુહાસ બોલ્યો.

"આ બાજુ ક્યાંથી શા કાર્ય માટે નીકળી આવ્યા ?"

"મિસ જોન્સ, તમને અહીં ભેટી જવાનો તો સ્વપ્નેયે ખ્યાલ

ન આવે. પણ અત્યાર સુધીના આપણા મેળાપના પ્રસંગોને અનુરૂપ આ પણ 'જોગાનુજોગ' જ કહી શકાય !''

મિસ જોન્સ વિચારમાં પડી મૌન રહી.

અવાજમાં દિલગીરી દર્શાવતાં સુહાસ બોલ્યો,

''મિસ જોન્સ, મને લાગે છે કે મેં આવીને તમને દખલ કરી છે. પણ આ તો અણધાર્યું જ થયું છે માટે માફ કરશો.''

છતાં મિસ જોન્સ મૌન જ બેસી રહી.

હવે સુહાસ પણ ગૂંચવાયો કે હવે શું કહેવું. ત્યાં તો તેની દૃષ્ટિ મિ. જોન્સના પગ આગળ ભોંય પર પડેલી રોજનીશી પર પડી. નજીકમાં પેન પણ પડી હતી. તેણે હિંમત કરી પૂછ્યું,

''આમ અચાનક આવી ચડી તમને વાતમાં નાખ્યાં તેનો તમને વાંધો છે, મિસ જોન્સ ?''

''ના, રે, ના ! મને તો એ જ નવાઈ હતી કે તમે આ રસ્તે ક્યાંથી આવી ચડ્યા ?'

સુહાસ વિચારી રહ્યો કે આ દેવદૂત જેવા જણાતા મોં પર પ્રગટ થતા ભાવો કરતાં અનેક ભાવો તેના દિલમાં છૂપા પડ્યા હશે. તેણે પોતાની નાની બૅગ નીચે મૂકી અને વાત કરવા તૈયાર થયો. તેને ાગ્યું કે મિસ જોન્સને મળ્યા પછી વાતચીત કર્યા વગર ચાલ્યા જવું ે અસભ્યતા જેવું લાગે. જેનની જિજ્ઞાસા પૂરી કરતાં ખુલાસારૂપે તે બોલ્યો,

''મારા નવરાશના સમયે હું ઘણી વાર અહીં આવીને લેખનકાર્ય કરું છું. મધુબન આવતાં જ મને આ સ્થાન ગમી ગયેલું. અહીં પૂર્ણ શાંતિ છે. વળી એક બાજુ ઊંચું શિખર અને બીજી બાજુ વિશાળ ખીણનાં અદ્ભુત દૃશ્યો જોવા મળે છે.''

મિસ જોન્સ એ બાબત સાથે સંમત થઈ બોલી,

''ખરેખર, આવું નીરવ સ્થળ લેખનવાચન અને મનન માટે

ખૂબ જ અનુકૂળ છે."

થોડી વાર મૌન છવાઈ રહ્યું. સુહાસ મૃદુભાવે બોલ્યો,

"મિસ જોન્સ, મને લાગે છે કે હું તદ્દન અયોગ્ય ઘડીએ આવી ચડ્યો હતો, નહિ ?" મિસ જોન્સના રુદનનો ખ્યાલ તેના મનમાંથી ખસતો ન હતો.

"મિ. કર્વે, તમારું કહેવું હું સમજી નહિ !" સુહાસની વાત ઉડાવી દેવાના પ્રયત્નમાં તે બોલી.

"મને લાગે છે કે ..... લાગે છે કે ..... તમારા દિલમાં કંઈક મુશ્કેલી....." સુહાસ વાક્ય પૂરું ન કરી શક્યો.

"ના, સુહાસ ! ...હું તો માત્ર ...." મિસ જોન્સે સુહાસને નામ દઈ સંબોધન અજાણતાં પહેલી જ વાર કર્યું, અને તેનો ખ્યાલ આવતાં તે મૂંઝવણમાં પડી.

"જુઓ, જેન ! કાં તો મારી નજરે મને છેતર્યો છે કે તમે મારાથી કંઈક છુપાવી રહ્યાં છો." સુહાસે પણ મિસ જોન્સનું અનુકરણ કરતાં તેને નામ દઈ સંબોધન કર્યું.

મિસ જોન્સે તેની સામે જોવાનું જાણે ટાળ્યું. તે થોડો સમય શાંત રહી. તેને ડર હતો કે બોલવા જતાં ફરી આંસુ વહેવા લાગશે. અહીં આવ્યા પછી તેને એકલવાયું લાગવા માંડ્યું હતું. જાણ્યેઅજાણ્યે તેને આશા બંધાવા લાગી હતી કે સુહાસની સંગતથી એ એકલવાયાપણાનો ભાર ઓછો થશે. મિસ જોન્સ અને સુહાસ અપરિચિત જેવાં જ હોવા છતાં સુહાસની નિખાલસતા તેને સ્પર્શી ગઈ હતી. સુહાસ પોતાની ઊણપો કબૂલ કરતાં અચકાતો ન હતો એ ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત હતી.

"મારા જેવા અજાણ્યા આગળ દિલ ખોલી દેવાનું મન ન થાય એ સ્વાભાવિક છે," સુહાસ મૌન તોડતાં બોલ્યો.

મિસ જોન્સનું મોં લાલ લાલ થઈ ગયું . તેણે સખત હોઠ

બીડી દીધા અને નીચું જોઈ ગઈ. સુહાસે આગળ ચલાવ્યું,''તમને ઘર યાદ આવી જાય એ સ્વાભાવિક છે. આપણો પરિચય એવો ઘનિષ્ઠ તો ન જ કહેવાય કે તમે તમારું મન મારી આગળ ખોલી શકો, છતાં મારાથી પુછાઈ ગયું.''

સુહાસની આવી લાગણીસભર વાત સાંભળી મિસ જોન્સનો સંયમ તૂટી ગયો અને તેની આંખમાંથી આંસુ દડદડ વહી રહ્યાં. ઊભરો નીકળી જશે તો રાહત થશે એ ખ્યાલથી સુહાસ શાંત જ રહ્યો. થોડી વાર રુદન કર્યા પછી જેન સ્વસ્થ થઈ અને આંસુ લૂછી ટટાર થઈને બેઠી. તે બોલી,

''સુહાસ, મારા આવા વર્તન માટે ક્ષમા ચાહું છું. આજની સાંજ મારા માટે તો બગડી હતી, પણ...'' તેણે વાક્ય અધૂરું મૂક્યું.

''લોકો મિશનરીઓ સંબંધી આડાઅવળી ઘણી વાતો કરતા હોય છે, પણ હું તો માનું છું કે તેઓ હિંમતવાળા અને મહાન હોય છે. ઉચ્ચ આદર્શોથી પ્રેરાઈને તેઓ માનવસેવા કરવા દૂર દૂરના દેશોમાં જઈ વસે છે. એ સેવા કરતાં શું શું સહેવું પડશે એનો હિસાબ માંડ્યા વિના તેઓ સાવ અજાણ્યા લોકોમાં જઈ વસે છે.'' સુહાસ જાણે સ્વગત બોલતો હોય તેમ બોલીને જેન સામે જોઈ રહ્યો. પછી થોડી ક્ષણો બાદ બોલ્યો,

''હવે મનને કળ વળી ને ?''

જેને જરા ડોક નમાવી ઊંડો શ્વાસ ખેંચ્યો.

''ઘણું સરસ ! હવે સુંદર સૂર્યાસ્તદર્શન થાય તો કેવો આનંદ થશે ! અહીં નીચાણમાં આવેલા માર્ગ પરથી તમે કોઈ વાર સૂર્યાસ્તદર્શન કર્યું છે ખરું?''

''ના, ભાઈ !'' બાળકસમ નિર્દોષભાવે જેન બોલી.

''ચાલો, ત્યારે, એ દર્શન કરાવું,'' બોલી તેણે પોતાની બૅગ ઉપાડી લીધી. જેન પણ પેન અને ડાયરી લઈ ઊભી થઈ અને

આતુરતાપૂર્વક સુહાસ સાથે ચાલવા લાગી. ચાલતાં ચાલતાં જ તેણે તેના સ્કર્ટના ખિસ્સામાં ડાયરી અને પેન મૂકી દીધાં. સૂર્યનાં રતૂમડાં કિરણો ઝાડવાંમાંથી ચળાઈને આવતાં હતાં. ક્ષિતિજ લાલ, પીળા અને નારંગી રંગોથી છવાઈ ગઈ હતી. થોડે ઉપર સૂર્ય પીગળેલા સોના જેવો લટકી રહ્યો હતો.

ઝાડી પૂરી થઈ અને તેઓ માર્ગ પર નીકળી આવ્યાં ત્યારે સામે આથમતા સૂર્યનું અદ્‌ભુત સૌંદર્ય જોઈ જેન બોલી ઊઠી,

''અહા ! કેવું ભવ્ય દર્શન !'' તે તો સામેનું દૃશ્ય એકીટસે નિહાળી રહી.

''મેં કહ્યું જ હતું ને કે અહીં તો રમણીય દૃશ્યો અને સૂર્યાસ્તદર્શનની મઝા માણતાં કદી ધરાશો જ નહિ,'' બોલતાં બોલતાં સુહાસ ઘડીક જેન તરફ તો ઘડીક સૂર્યાસ્ત તરફ નજર ફેરવતો. તેનું મોં પણ હસું હસું થઈ રહ્યું હતું. પશ્ચિમના આકાશનો સમૃદ્ધ ઝળહળાટ મંત્રમુગ્ધ ભાવે બંને જણ કેટલીયે વાર સુધી જોઈ રહ્યાં.

સૂર્યાસ્ત થતાં જ પ્રકાશ ઝાંખો થઈ ગયો અને સાંજ ઢળી ગઈ.

''બાપ રે ! સૂર્ય કેટલી ઝડપથી ક્ષિતિજ પાછળ ઊતરી ગયો!'' સુહાસ તરફ જોઈ જેન બોલી.

સુહાસ બોલ્યો, ''જીવન પણ એવું જ નથી ? એમાં આનંદની પળો ઝડપથી પસાર થઈ જાય છે, પણ દુઃખનો સમય મધ્યાહ્નના સૂર્ય પેઠે લાંબો સમય તપતો રહે છે, નહિ ?''

''ઓહો ! તમે તો કાવ્યમય વાણી ઉચ્ચારવા લાગ્યા !''

''એમ તો નહિ, પણ આ તો સામાન્ય સત્ય જ બોલી રહ્યો છું - અનુભવવાણી જેવું !''

એ પછી બંને જણ માર્ગ પર ચાલવા લાગ્યાં. સૂર્ય આથમ્યા પછી એકદમ ઠંડી વરતાવા લાગી હતી. અને જેનને કમકમી આવી

જતી તે જોઈ સુહાસે પોતાનો કોટ ઉતારી જેનને ઓઢાડ્યો. જેને કોટનો કૉલર ઊંચો કરી આગળ ખેંચી ગળું ઢાંકી દીધું. થોડા જ સમય બાદ કેડી છોડી તેઓ માર્ગે આવી ગયાં. બજારમાંથી પસાર થતાં રાત્રિલટાર મારવા નીકળેલાં યુગલો અને મિત્રોની ભેટ થવા લાગી. ઘણાં યુગલો અત્યારે એકબીજાની બગલમાં હાથ ભરાવીને ફરતાં જોવા મળ્યાં. આજુબાજુના લોકો વિષે તેઓને કશી પરવા ન હતી.

જેન અને સુહાસ મુખ્ય સડક ઓળંગીને 'ગ્રીનવૅલી' બંગલાના માર્ગે આગળ વધવા લાગ્યાં. આખે રસ્તે ઝાડનાં ઝુંડ વિસ્તરેલાં હતાં. આસપાસના બંગલા, હોટેલો વગેરેમાંથી રાતના સમયે આવતા પ્રકાશથી તેમની કેડી અવારનવાર અજવાળાતી હતી, પણ અંધકાર ખૂબ ગાઢ થઈ ચૂક્યો હતો. બંને જણ રસ્તાથી પરિચિત હોવાથી અંધારામાં આસાનીથી ચાલ્યાં જતાં હતાં. બંગલો નજીક આવી જતાં ખભેથી કોટ ઉતારી સુહાસને પાછો આપતાં જેન બોલી,

"આભાર, આ સહાય માટે !"

"આભાર શાનો એમાં ? હં, પણ કાલે રવિવારની ભજનસેવામાં તમે જવાનાં છો ને ?"

"હાસ્તો !" વરંડાનાં પગથિયાં ચડી ગયેલી જેને ઉપરથી સુહાસ તરફ નજર કરી કહ્યું.

"તો કાલે ત્યાં મળીશું. શુભરાત્રિ !"

"શુભરાત્રિ !" પ્રત્યુત્તરમાં કહેતાં હાથ હલાવી જેને સુહાસને વિદાય આપી. તે વાડ પાછળ દેખાતો બંધ થયો ત્યાં સુધી તે ત્યાં વરંડામાં જ ઊભી રહી.

# પ્રકરણ : ૪

આગલા રવિવાર કરતાં આજનો દિવસ ઉઘાડનો હતો. સૂર્યપ્રકાશ બધે પથરાઈ રહ્યો હતો. વાતાવરણ ખૂબ ખુશનુમા હતું. 'યુનિયન ચર્ચ'માંની ભજનસેવા પૂરી થતાં ઉપાસકો ધીરે ધીરે દેવળમાંથી બહાર નીકળતા હતા અને પાદરીસાહેબ સ્મિત સહિત દરેક જણ સાથે હાથ મિલાવી રહ્યા હતા. બધાંને આશીર્વાદ આપતા, તો વળી વચ્ચે વચ્ચે કોઈની સાથે એકબે ટૂંકાં વાક્યોની આપલે પણ કરી લેતા.

"સુહાસ, પ્રભુકૃપા તારા પર હો ! - હાં, પછી મકાનનો પ્રશ્ન પતી ગયો કે ?" બહાર આવી રહેલા સુહાસ સાથે હાથ મિલાવતાં પાદરીસાહેબે પૂછ્યું.

"હા, અંકલ, આભાર તમારો...."

"અરે, એમાં શું ? તું કયાં પારકો છે ?" એમ કહેતાં કહેતાં મુક્ત હાસ્ય વેરતાં પાદરીસાહેબ એક વૃદ્ધ મહિલા તરફ વળ્યાં.

નવા પરિચિતોને અભિવાદન કરતાં કરતાં, જૂનાઓ સાથે હાથ મિલાવતાં અને કેટલાક સાથે ટૂંકો વાર્તાલાપ કરતાં કરતાં સુહાસ દેવળનાં પગથિયાં ઊતરી રહ્યો હતો, ત્યારે તેની નજર તો જેનને શોધી રહી હતી. સુહાસ ખાસાં પગથિયાં ઊતરી ગયો ત્યારે તે દેવળમાંથી બહાર આવતી દેખાઈ. સુહાસની આંખમાં ચમક આવી.

"સુપ્રભાત ! મૅડમ !" હાથ ઊંચો કરી તે બોલ્યો.

"સુપ્રભાત !" નજીક આવતાં જેને જવાબ દીધો.

"મને તો લાગ્યું કે વિચાર બદલી તમે ઘેર જ રોકાઈ ગયાં હશો !"

"દેવળમાંથી નીકળતાં જ એકબે મિત્રોનો ભેટો થઈ ગયો એટલે

બહાર આવતાં વાર લાગી.''

''અહીં 'મિત્રો' થઈ ગયા એ તો આનંદ વાત !'' સુહાસ 'મિત્રો' શબ્દ પર ભાર દેતાં જરા વ્યંગમાં બોલ્યો.

''એ તો કેટલીક વૃદ્ધ મિશનરી મહિલાઓ હતી. મારી એક સખી પહેલાં ભારતમાં મિશનરી તરીકે આવી ગયેલી તેને એ મિશનરી મહિલાઓ ઓળખતી હતી, એટલે જૂની ઓળખાણ તેમણે તાજી કરી.'' સુહાસના વ્યંગનો અર્થ પકડી લઈ જેને સચોટ ખુલાસો કર્યો.

પોતાના વ્યંગ માટે જરા છોભીલો પડેલો સુહાસ બોલ્યો,

'' રાત્રે લગ્નજમણમાંથી મોડાં આવ્યા બાદ માંદા બાળકવાળાં પડોશી ઊઠેલાં ખરાં ?''

''હા, હા ! તેઓ ઊઠ્યાં, અને તમે મને સાથ આપ્યો તે જાણી તમારો આભાર માનવાનું ચૂકયાં તેનો અફસોસ કરવા લાગ્યાં.''

''મેં તો માનેલું કે તેઓ તમને ભૂલી જ ગયાં હશે.''

''ના, એ યુગલ તો ઘણું મઝાનું છે, હો ! પણ હાલ તો તેમનું બાળક જ બધી બાબતે કેન્દ્રસ્થાને છે !''

''એ તો સ્વાભાવિક જ છે ને !''

''ખરું, પણ બાળકની ઊઠવેઠ કરવાને લીધે અમે અહીં આવ્યા બાદ એક જ વાર બહાર ઉજાણીએ જઈ શક્યા છીએ.''

''એટલે તમે હજી અહીંનાં જોવાલાયક સ્થળોએ ફરી શકયાં જ નથી, એમ ને ?''

''હું એકલી એકલી તો શી રીતે જઈ શકું, ભલા !''

''તમારી આ અગવડનો મને ખ્યાલ જ ન હતો.'' એમ બોલી તે વિચારવા લાગ્યો કે જેનને સાથ આપવાનું કહેવું કે કેમ. જેન તો મૌન જ રહી.

''હુંયે અહીં કોઈના સાથ વિના એકલો જ ફરવા નીકળી પડું છું. હું એમ કહેતો હતો કે તમને મારી સાથે આવવાનું આમંત્રણ

આપું તો....."

"તો પછી અટકી કેમ ગયા ?"

"એ વાત તમને યોગ્ય લાગે અને અનુકૂળ થાય કે કેમ તેનો વિચાર કરતો હતો."

જેને હસતાં હસતાં કહ્યું, "અને તમને પણ ફાવતી આવે કે કેમ, ખરું ને !"

"બરાબર !" કહી સુહાસ ખડખડાટ હસી પડ્યો. આજુબાજુ બીજા લોકો પણ છે એનો ખ્યાલ જ તેને ન રહ્યો. એ પછી દર અઠવાડિયાના આખરી દિવસે બંનેએ સાથે ફરવા નીકળી પડવાનું ઠરાવ્યું. વચ્ચેના કોઈ દિવસે પણ સુહાસને નવરાશ મળે તો તે દિવસે પણ નીકળી પડવું એમ નક્કી કરી તેઓ છૂટાં પડ્યાં.

★ ★ ★

તે દિવસે બપોર બાદ જેન જરા ટાપટીપ કરીને તૈયાર થઈ અને ચાર વાગ્યાથી રાહ જોવા લાગી. સુહાસને જરા મોડું થયું. બંનેએ કોઈ નજીકના પૉઇન્ટ પર જઈ આવવા વિચાર કર્યો.

"આપણે સરોવર જોવા જઈશું ? ટૂંકી કેડીએ થઈને જઈએ તો બહુ દૂર નથી."

"એ બાબતમાં હું તો સાવ અજાણ છું. તમે નક્કી કરો તે મંજૂર !"

"મને તો લાગે છે કે તમે એટલે સુધીયે કદી ગયાં નથી, ખરું ને ?"

"એક રીતે તો મેં સરોવર જોયું છે !"

"કેવી રીતે ?"

"મધુબન આવતાં બસ એ માર્ગે થઈને આવે છે ને !"

"બસમાંથી આવતાં જોયું એટલે સરોવરની સહેલગાહ થઈ ગઈ એમ ને ? ખરી રમૂજ કરી તમે તો, જેન !"

તેઓ ટૂંકા માર્ગે વાતો કરતાં કરતાં ચાલી નીકળ્યાં. રસ્તો કાચો ખાડાટેકરાવાળો હતો. વળી રસ્તામાં કેટલેક સ્થળે મોટા મોટા પથરા આવતા હતા. તેઓ એક ઝાડી પસાર કરી, ઢોળાવ ઊતરી સરોવર કિનારે પહોંચવાનાં હતાં. રસ્તામાં એક જગ્યાએ એક મોટા ખડક પરથી નીચે કૂદી પડવાનું આવ્યું. સુહાસ તો સહજ કૂદી ચાલતો થયો. તેને ખ્યાલ ન આવ્યો કે જેન એ પ્રમાણે કૂદી શકશે કે કેમ. થોડું ચાલી તેણે પાછળ જોયું કે જેન તરફથી ચાલુ વાતમાં હોકારો કેમ નથી મળતો ! જેન તો પેલા ખડક પર જ રહી ગઈ હતી. સહાય વિના તે નીચે ઊતરી શકે તેમ ન હતું.

''સુહાસ !'' જેને આછી હાંક મારી.

''માફ કરજો, મારા બેધ્યાનપણા માટે !'' કહેતાં તેણે પાસે આવી, જેનને હાથ લંબાવી ટેકો આપ્યો, એટલે તે કૂદીને નીચે આવી. એમ જ હાથ પકડી રાખીને સુહાસ અને જેન રસ્તે ચાલવા લાગ્યાં - મૌનપણે બંને પોતપોતાના વિચારમાં ડૂબેલાં રહીને.

જેન વિચારતી હતી કે આ અજાણ્યા યુવક સાથે અણધાર્યા પ્રસંગે પરિચય થયો અને થોડા જ સમયમાં તેના પર કેટલી શ્રદ્ધા બેઠી કે આમ એકલી ફરવા નીકળી પડી છે. જરાયે ક્ષોભ અનુભવતી નથી એ કોઈના માન્યામાંયે આવે તેવી વાત નથી !

થોડું અંતર કાપ્યા પછી સુહાસે જેનનો હાથ છોડી દીધો અને બોલ્યો,

''મૅડમ, હું તમને સંબોધીને વાત કરી રહ્યો છું,'' એમ કહેતાં કહેતાં તે મોં મલકાવી રહ્યો.

''હેં ! શું કહેતા હતા ?'' જેન જાણે ઊંઘમાંથી જાગતી હોય તેમ ઝબકીને બોલી.

''હું એમ પૂછતો હતો કે આજે હોડીની સહેલ કરવી છે ?''

''ના, ના, આજે તે કયાંક બેસીને શાંતિથી વાતો જ કરવાનું

દિલ છે.'' જેન કિનારે ચારે તરફ દૃષ્ટિ ફેરવવા લાગી.

કિનારે આવેલાં વૃક્ષોની વચ્ચે આવેલા એક નાસ્તાગૃહ તરફ આંગળી કરતાં સુહાસ બોલ્યો,

''ત્યાં જઈને બેસીશું ?''

ડોકું ધુણાવી જેને એની પણ ના પાડી. સુહાસ મૂંઝાયો કે આજે જેન કેવા મિજાજમાં છે ! જેન જ્યાં ચાહે ત્યાં જઈને બેસવા તે તૈયાર હોવાથી જેનની પાછળ પાછળ તે ચાલવા લાગ્યો. સરોવરકિનારાથી સહેજ દૂર એક વિશાળ ખડક પર જેને બેસવાનું સ્થળ પસંદ કર્યું. તેમની પાછળ જ સરોવરની હદ પૂરી થાય ત્યાં નીચી દીવાલ બાંધેલી હતી અને એની અડોઅડ મુખ્ય માર્ગ પસાર થતો હતો તે નગરમાં જતો હતો. એના પર સાંજના સમયે ઠીક ઠીક અવરજવર રહેતી, છતાં જેને પસંદ કરેલું સ્થળ એકાંતનો અનુભવ કરાવતું હતું.

પાસે પાસે પડેલા બે મોટા પથરા પર બેસીને થોડો સમય બંને જણ આજુબાજુનું નિરીક્ષણ કરી રહ્યાં. કેટલાંક જળચર પક્ષીઓ ત્રાંસી હારમાં ઊડતાં ઊડતાં પસાર થઈ ગયાં. સૂર્ય તેની રોજિંદી દોડ પૂરી કરી લેવાની તૈયારીમાં ઝડપ કરી રહ્યો હતો. બેઠાં બેઠાં સુહાસે નીચે પડેલા કાંકરામાંથી એકબે લઈ પાણીમાં ફેંકયા અને તેનાથી પેદા થયેલાં વર્તુળ એકબીજાની પાછળ જતાં અને એકબીજામાં ભળી જતાં બંને જણાં જોઈ રહ્યાં.

''આજે મૌનવ્રત લીધું છે કે શું?'' આખરે સુહાસથી ન રહેવાયું ત્યારે તે બોલ્યો.

''ઘણી વાર બોલવાનું ઘણુંબધું હોવા છતાં...''

''ભલે, મૅડમ ! દુનિયામાં સામાન્ય રીતે તો વાતો કરવાનો દોર સ્ત્રીઓના જ હાથમાં રહેતો હોય છે. પણ તમારી બાબતમાં એથી ઊલટું જોવામાં આવે છે.''

"કોણ જાણે એમ હોય તો !"

"એટલું તો ખરુંને કે મેં તમને કંઈકેય વાત કરતાં કર્યાં છે ?"

"ભલે, એમ. પણ મારા સંબંધી તમને કશી જ ખબર નથી એ પણ ખરુંને ?"

"એવી અજ્ઞાનતાનો વાંધોયે શો ?" સુહાસ બોલ્યો.

સુહાસની આ વાત સાંભળી જેનને નવાઈ લાગી. તે થોડી વાર મૌન બેસી રહી. સુહાસે આગળ ચલાવ્યું,

"પહેલેથી મને તમારા વિષે કંઈક વધુ જાણવાની જિજ્ઞાસા તો રહેલી જ છે, જેન !"

જેન મૌન રહી સાંભળી રહી.

"જોકે તમારી શાંત પ્રકૃતિ અને ઓછાબોલો સ્વભાવ મને ખૂબ ગમે છે, છતાં એક વાર મારું કુતૂહલ ખૂબ જ વધી ગયેલું પણ હું કંઈ બોલ્યો નથી."

"કેમ ?" જેને ભાવપૂર્વક પૂછ્યું.

"પ્રથમ તો મારાથી એકદમ કેમ માની લેવાય કે તમને મારામાં શ્રદ્ધા ઊપજી છે, અને બીજું કે મારી પૂછાપૂછ કરવાની ટેવ તમને નયે ગમે અને કંટાળાદાયક થઈ પડે, એ ડર પણ ખરો !"

સુહાસને પેલી સાંજ યાદ આવી. તે બોલ્યો

પેલી અણધારી મુલાકાત ઝાડીમાં થઈ ગયેલી ત્યારે તે જેનની આંખમાં આંસુ જોઈ ગયેલો, પણ જાણી જોઈને તે વિષે અજાણ બની રહ્યો.

ત્યારે તેમ જ આજે સુહાસે દર્શાવેલી વિચારશીલતા જેનને ગમી. જેનની લાગણી તથા ભાવનો ખ્યાલ રાખવાની આ સમજથી જેન ખૂબ પ્રભાવિત થઈ. તેની વાતથી તેના મનને શાતા વળી, અને મનને સહારો મળ્યો હોય એમ લાગ્યું. તે સાથે અમેરિકામાં તાલીમના

સમય દરમિયાન ફ્રેડ સાથે થયેલા સંબંધ વખતના અનુભવો સ્મૃતિમાં ઊપસી આવ્યા અને મનમાં ને મનમાં તે ફ્રેડ અને સુહાસની તુલના કરી રહી. સુહાસને ફ્રેડની કક્ષામાં મૂકવો એ સુહાસને અન્યાય કરવા બરાબર છે એમ સમજતી હોવા છતાં તે સરખામણી કરવાનું ટાળી શકી નહિ. ફ્રેડ સાથેના દોઢ વર્ષના સહવાસમાં જે સુખ અને આનંદ તેને માણવા મળ્યાં ન હતાં તે અહીં સુહાસ સાથેના એક જ પખવાડિયાના સહવાસમાં તે અનુભવી રહી હતી. અને વળી સુહાસ તો તદ્દન અજાણ્યો પરદેશી જ ગણાય ! એકસરખી ભાવના અને પ્રકૃતિ ધરાવતાં માનવીનાં મન મળે ત્યારે દેશ, જાતિ કે રાષ્ટ્રના ભેદભાવની દીવાલો ટકી શકતી નથી.

આવા વિચારો કરતી જેન, સુહાસ આગળ પોતાનું દિલ ખોલવા તૈયાર થઈ. તેણે પોતાના જીવનની વાતો કહેવાનું શરૂ કર્યું.

"મારા પિતા અમેરિકામાં એક ખેડૂત છે. હું બાર તેર વર્ષની થઈ અને શાળામાં જતી હતી ત્યારે મારી માતાનું મૃત્યુ થયેલું. મારે ભાઈબહેન ન હોવાથી માતાની ખોટ ખૂબ જ સાલતી. વળી કન્યાઓને એ ઉંમરે તો માતાનો સહારો ખૂબ જ જરૂરી હોય છે. જીવનની બાબતો સમજવા મારી ઉંમર બહુ કાચી હતી. દોઢેક વર્ષમાં ઘરમાં સાવકી માનું આગમન થયું. મારા પિતાને મારી કંઈ જ પડી ન હતી. કમનસીબે મારી સાવકીમા કંકાસિયણ હતી. છતાં જેમ તેમ કરીને, મન કઠણ રાખીને મેં હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો."

વાત કરતાં જેન થોડું થોભી. જેનના વ્યક્તિત્વના વિકાસનાં વિવિધ કારણો સુહાસ વિચારી રહ્યો. સાવ કુમળી વયથી પ્રેમભાવરહિત એકલવાયા જેવું જીવન ગાળવું પડે તેવાં બાળકો સ્વાર્થી એકલપેટાં અને કજિયાખોર અને માણસ પ્રત્યે અણગમો રાખતાં થાય કે પછી બધાંનું સહન કરવાનું શીખી સત્ત્વહીન, અકાળે વૃદ્ધત્વ પ્રાપ્ત કરે છે. કદાચ જેન આ બીજા વર્ગમાં આવે તેવી હતી.

"મારા એક શાળામિત્રના અને તેના એક કુટુંબના ટેકાથી મેં મારું ઘર ત્યજ્યું અને કાયમ માટે જવાનું બંધ કર્યું. એક શહેરની ઈસ્પિતાલમાં નર્સની તાલીમ પ્રાપ્ત કરવા મને તેમણે પ્રવેશ અપાવ્યો. ઘણે મોડેથી મારા પિતાને તેમની ભૂલ સમજાઈ ત્યારે તેમણે મને પત્રો લખી કૉલેજમાં અભ્યાસ કરાવવાનો આગ્રહ કર્યો. પણ હવે હું કોઈનો આશરો લેવા માગતી ન હતી. છેવટે તાલીમ પૂરી કરી લીધી. કરાર પ્રમાણે એ જ ઈસ્પિતાલમાં મારે એક વર્ષ સ્ટાફ નર્સ તરીકે સેવા બજાવવાની હતી. એ સેવા કરતાં કરતાં જ આગળ અભ્યાસ ચાલુ રાખવાની પરવાનગી મને આપવામાં આવી. એ તક મેં ઝડપી લીધી.

"એ અભ્યાસના અંત ભાગમાં ફ્રેડ મારે સાથે પરિચય થયો. તે જ ઈસ્પિતાલમાં તે સ્ટોરક્લાર્ક હતો. એની નિંદા કરવી પડે છે તે મને જરાય ગમતું નથી. અનુભવે મને શીખવ્યું કે તેનો બહારનો દેખાવ કેવો ઠગારો હતો ! માણસ જેટલી આસાનીથી શ્વાસ લે છે તેટલી સરળતાથી તે જૂઠું બોલી શકતો હતો. પણ એ બધું બહુ મોડું થયા પછી મને સમજાયું. યુવતીઓનાં મન આકર્ષવાની તેનામાં ખાસ આવડત હતી. તે બધે કહેતો ફરતો કે મને કદી માતાનો કે બહેનનો પ્રેમ મળ્યો નથી. એ રીતે તે બીજાઓમાં પોતા તરફ સહાનુભૂતિ જગાડતો. યુવતીઓ સાથે તે એક જ રીત અજમાવતો. મારી સાથે પણ એ જ રીત અજમાવેલી. અને મારા મનમાં તેના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ પેદા થઈ, કારણ કે હું પોતે પણ લાંબા સમયથી માવિહોણી થઈ હતી. એક વર્ષ પસાર થતાં સુધીમાં તો અમારો સંબંધ ઘણો ઘનિષ્ઠ થઈ ગયો. ફ્રેડે મારા જીવનમાં અગત્યનું સ્થાન લઈ લીધું. પણ ત્યાર પછી થોડા જ સમયમાં ફ્રેડનું ખરું સ્વરૂપ મારી સમજમાં આવવા લાગ્યું. ફ્રેડ સાથેનો સંબંધ મારે મન તો ખૂબ ગંભીર અને અગત્યનો હતો, પણ તેના મનથી તો એ એક રમત જ હતી.

‘‘એ જ અરસામાં ખ્રિસ્ત સાથે મારો સીધેસીધો સંપર્ક થયો. એ પહેલાં તો બાળસહજ ભાવે હું ખ્રિસ્તને માનતી, તેના પર નિષ્ઠા સહિત ભાવ રાખી ઉપાસના કરતી ખરી, પણ તેણે મારો ઉદ્ધાર કર્યો છે એ પ્રતીતિ સહિતનો પરિચય થયો ન હતો. ગરીબોની સેવા કરનાર, બધાં પર પ્રેમભાવ રાખનાર એવો એ મારો આદર્શ હતો.

‘‘એક દિવસ એક જાણીતા ઉપદેશક અમારા ચર્ચમાં એક અઠવાડિયા માટે ઉપદેશ દેવા આવ્યા. હું તો પ્રથમ બે દિવસ જ તેમની સભામાં જઈ શકી, પણ તેમના ઉપદેશથી મારા દિલમાં ખાતરી થઈ ગઈ કે, પ્રભુ પોતે મારી સાથે સંપર્ક સાધી રહ્યો છે. ઉપદેશકે પહેલા દિવસે ઉપદેશના આધારવાક્ય તરીકે આ મુદ્રાલેખ પર ધ્યાન કેન્દ્રિત કર્યું : ‘માનવપુત્ર સેવા લેવા નહિ, પણ પોતાનું જીવન અર્પી દેવા આવ્યો છે.’ માનવપુત્રની આ નિઃસ્વાર્થ સેવાની ભાવનાનો અનુકૂળ પડઘો મારા દિલમાં પડ્યો. મને પણ મારું જીવન બીજાની સેવામાં ખરચી નાખવાની ભાવના જાગી.

‘‘આગળ ચાલતાં ઉપદેશકે સમજાવ્યું કે ગરીબો પ્રત્યે પ્રેમભાવ રાખવો, માંદાને સ્વાસ્થ્યદાન, અંધને દૃષ્ટિદાન વગેરે બાબતો તો આ ક્ષણિક જીવનમાંનાં દુઃખોમાંથી જ મુક્તિ આપે છે. પણ માનવપુત્રનું જીવનકાર્ય એટલું જ ન હતું. તે તો મૃત્યુ સહીને ન્યાયી ઈશ્વર આગળ પાપી ઠરેલાં માનવોને ફરમાવેલી સજાનું પોતાના નિષ્કલંક જીવનથી પ્રાયશ્ચિત્ત કરે. શાસ્ત્રલેખ છે કે, ‘જે કોઈ પાપ કરશે તે અવશ્ય મરશે, આપણને સર્વકાળના મૃત્યુમાંથી ઉગારી લેવા તેણે મૃત્યુ સહ્યું. તે મૃત્યુને આધીન થયો કે આપણે જીવન પ્રાપ્ત કરીએ. તેનું મૃત્યુ તમારે પોતાને ખાતર છે એ તમે તમારા મનથી સ્વીકારી લીધું છે? આ જ ક્ષણે તમે તમારું હૃદય તેની સમક્ષ ખુલ્લું કરી દઈને એનો સ્વીકાર કરી શકો છો.

‘‘ઉપદેશકના એ શબ્દો સાંભળતાં જ મૃદુ થયેલું મારું હૃદય ખ્રિસ્ત આગળ ઢળી પડ્યું. મારું મન તો જાણે ક્યારનું તલસી રહ્યું હતું, પણ ખ્રિસ્તને શરણે જવાની રીત મને આજ સુધી સમજાતી ન હતી. મારા ખુલ્લા મુકાયેલા હૃદયદ્વારમાં થઈ ખ્રિસ્ત અંદર આવ્યો, અને મારા જીવનમાં મહાશાંતિ થઈ.

‘‘અત્યાર સુધી કેટલાંક ખ્યાલો અને સ્વપ્ન ઉપચોટિયાં મારા મનમાં આવતાં રહેતાં હતાં, પણ હવે એમાં ભારે પરિવર્તન આવ્યું. એ ખ્યાલો વધુ સ્પષ્ટ થઈ તીવ્ર દબાણ કરી રહ્યા. હવે મને ઝંખના જાગી કે મારા જીવનસાથી સાથે હું એશિયા કે આફ્રિકામાં મિશનરી તરીકે સેવા કરવા ઊપડી જાઉં. આ સમય સુધી મને ફ્રેડમાં શ્રદ્ધા હતી કે તે પણ ઊણો નહિ ઊતરે. આથી મેં મારો વિચાર તેની આગળ રજૂ કર્યો..

‘‘તે સમયે ફ્રેડ પર મને એટલો બધો ભરોસો હતો કે મેં મારી બધી બચત તેના હાથમાં સોંપી દીધી હતી. તે મારો વડીલ કે અંગત સંબંધી જેવો હતો. જો પરદેશ જવાનું થાય તો એ રકમ ઠીક કામ લાગશે એમ હું ધારતી હતી. હવે મારો કરાર પૂરો થવાને એક વર્ષની જ વાર હતી. તે પછી હું લગ્નવેદી આગળ જઈ ફ્રેડ સાથે લગ્નસંબંધથી જોડાઈ શકું તેમ હતું. એ ખ્યાલથી મેં ફ્રેડને કહ્યું કે મારાં નાણાં આપણા બંનેના સંયુક્ત ખાતામાં મૂકો. આ બધી તૈયારીઓ હું ભાવિ જીવન માટે કરી રહી હતી.

‘‘પણ તે પછી થોડા જ સમયમાં કસોટી થઈ ગઈ. એ વખત નાતાલના ઉત્સવનો હતો. ફ્રેડની ખૂબ ઇચ્છા હતી કે હું તેની સાથે ક્લબમાં જઈ પીવામાં અને નાચખેલમાં તેની માફક ભાગ લઉં. મને એ બધી પ્રવૃત્તિ છીછરી અને એથી મળતો આનંદ ઉપરછલ્લો, ક્ષણિક લાગતો તેથી મને એનું જરાયે આકર્ષણ થતું નહિ. એ બધું મને અજુગતું અને ખ્રિસ્તીને ન છાજે તેવું લાગતું. અમારા ચર્ચ તરફથી

બાળકો, યુવાનો અને અન્ય માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલા. મેં એમાં ભાગ લેવા ફ્રેડને ખૂબ આગ્રહ કર્યો, પણ તે માન્યો નહિ.

"નાતાલરાત્રિ ભજનસેવામાં ભાગ લેવા આવવાનું તેણે મને વચન આપ્યું, પણ હું તેને તેડવા ગઈ ત્યારે તે તો ક્યાંક બીજે ચાલ્યો ગયેલો. બીજી સવારે હું તેની ખબર કાઢવા ગઈ તો દિવસ ખાસો ચડેલો તોયે તે તો ઊઠ્યો જ ન હતો. ઊંઘરેટી આંખે ઊઠીને મને કહે, અત્યારે મારું તો માથું ખૂબ ચડ્યું છે. હું તરત સમજી ગઈ કે આગલી રાત્રે ખૂબ ઢીંચ્યાનું જ એ પરિણામ છે. ચીડ સાથે હું ત્યાંથી ચાલી ગઈ.

"એ પછી તો દિને દિને અમારી પ્રકૃતિ અને આચરણ તથા જીવનભાવના વચ્ચે રહેલા તફાવત વધુ ને વધુ સ્પષ્ટ રીતે ઊપસી આવવા લાગ્યા. પણ હું એમ માનતી હતી કે પુરુષ પોતાની સમતુલા ગુમાવે તો તેને ઠેકાણે લાવવાની ફરજ સ્ત્રીની છે, કારણ કે ઈશ્વરે તેમને એકબીજાનાં પૂરક બનાવ્યાં છે. ફ્રેડના એવા આચરણ માટે મેં તેને ઠપકો આપ્યો ત્યારે તે સાંભળી રહ્યો. મને લાગ્યું કે તેને પોતાના આચરણની અયોગ્યતા સમજાઈ છે. પણ તેનું બેશરમ આચરણ તે પછીના દિવસોમાં પણ એમ ને એમ જ ચાલુ રહ્યું. અને તેને કાબૂમાં લેવાના મારા બધા પ્રયત્નો નિષ્ફળ જતા લાગ્યા.

" તે બાદ નવા વર્ષનો દિવસ આવ્યો. મધરાતે મીણબત્તી ભજનસેવામાં ભાગ લેવા ફ્રેડ આનાકાની કરતો હતો તેથી અમે નક્કી કર્યું કે ફ્રેડના ઘેર જ ઉત્સવ ઊજવવો, અને જૂના વર્ષને વિદાય દેવી. એના બદલામાં ફ્રેડે મને વચન આપ્યું કે તે પછીના દિવસે દેવળમાં થનાર ભજનસેવામાં ભાગ લઈશ. આથી જૂના વર્ષની છેલ્લી રાત્રે હું ફ્રેડને ઘેર ગઈ. મેં અમારા બન્ને માટે સાદું ભોજન તૈયાર કર્યું.

"થોડો સમય સામયિકનાં પાનાં ઉથલાવતાં બેઠાં, પછી ભોજન લીધું. અને તે પછી થોડો સમય આડીઅવળી વાતો કરતાં બેઠાં.મારું મન પ્રફુલ્લ થઈ ગયું. મારા ચહેરા પર આનંદની લાલાશ આવી.મને લાગ્યું કે ફ્રેડે નાતાલના દિવસનું સાટું વાળી દીધું છે. ત્યારે તો મને શાનો ખ્યાલ જ આવે કે આ મારો આનંદ લાંબો ટકવાનો નહતો."

થોડી ક્ષણો જેન તદન શાંત થઈ બેસી રહી. તેની ભાવવાહી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. જેનના અચાનક આવા લાગણી-પ્રદર્શનથી સુહાસ મૂંઝાવા લાગ્યો. તેને પણ કશું કહેવાનું કે કરવાનું સૂઝ્યું નહિ.

"આવા માણસ સાથે તમારે પ્રસંગ પડ્યો એ દુઃખની વાત કહેવાય, જેન !" થોડી વારમાં સ્વસ્થ થઈને સુહાસ બોલ્યો. જેન સામે જોવાનું ટાળીને તેણે તેને સ્વસ્થ થવાનો મોકો આપ્યો. એકબે મિનિટમાં જ જેન સ્વસ્થ થઈ ગઈ. તેણે આગળ ચલાવ્યું.

"જૂનું વર્ષ વિદાય થઈ નવા વર્ષનું આગમન થવાની ઘડીઓમાં જ અમારું આ મિલન હોવાથી મારા મનમાં આનંદ અને ઉત્તેજના ખૂબ હતાં. થોડી જ પળો બાદ નૂતન વર્ષ શરૂ થવાનું હતું. તેવામાં ડે મને આલિંગનમાં જકડીને તેની છાતી સાથે દબાવી રાખી. તેણે ને જણાવ્યું કે જૂનું વર્ષ વિદાય લે અને નવું વર્ષ બેસે એ અરસામાં પાંચ મિનિટના ગાળા દરમિયાન બધાં યુવકયુવતી એકબીજાને આમ ભેટે છે, અને બત્તીઓ બધી જ બુઝાવી દેવામાં આવે છે.

"હું પણ ફ્રેડના આલિંગનમાં રહી રોમાંચ અનુભવી રહી. તે પળે આખું જગત નવા વર્ષનું સ્વાગત કરી રહ્યું હતું. ઘડિયાળમાં બારના ટકોરા પડ્યા એટલે હું ફ્રેડથી છૂટવા પ્રયત્ન કરવા લાગી. પણ ફ્રેડે તો મારાં બાવડાં પકડીને મને સોફા તરફ ધકેલવા માંડી.

"હું ગભરાઈ. 'ફ્રેડ, આમ શું કરે છે ?' એમ કહી તેના આવા અયોગ્ય વર્તનમાં આગળ ન વધવા તેને સમજાવવા લાગી. પણ મારા

કહેવાની કશી જ અસર તેના પર થતી ન હતી. તે વધુ ને વધુ ઉન્મત્ત થતો ગયો અને મારા દેહ સાથે ક્રૂર ચેષ્ટાઓ કરતો રહ્યો.

'ફ્રેડ, આમ શું કરે છે ? મને તકલીફ થાય છે. મહેરબાની કરી આમ ન કર,' એમ હું વિનંતી કરતી ગઈ, પણ તે તો જાણે ભાનમાં જ ન હોય તેમ વધુ ને વધુ ઉન્મત્ત બનતો ગયો, અને આખરે મારાથી ન વેઠાયું ત્યારે હું બૂમ પાડી ઊઠી કે, 'ફ્રેડ, છોડ મને !' અને એમ કરી મારામાં હતું તે પૂરું જોર વાપરી તેનાથી અળગી થઈ. મને સમજ પડી કે આને હું મારો જીવનસાથી બનાવવા માગતી હતી, પણ તે તો માત્ર મારા દેહ સાથે રમત કરી, મારી લાજ લૂંટવા માગતો હતો. એને લગ્નજીવનની પવિત્રતાની કશી જ પડી ન હતી. આથી મેં પાસે ટેબલ પર પડેલ આચારની બાટલી ઉપાડીને આવેશમાં આવી જોરથી તેના માથામાં ઝીંકી; અને એનું શું થાય છે એ જોયા વિના મારાં લઘરવઘર થયેલાં વસ્ત્રોનીયે પરવા કર્યા વિના હું ત્યાંથી નાઠી. બહાર તો ભારે ઠંડી હતી છતાં એવો આવેશ વ્યાપ્યો હતો કે એનોયે મને ખ્યાલ ન આવ્યો. હું સીધી મારી હૉસ્ટેલે પહોંચી.

"તે રાતના તેના વર્તાવ પછી મને ફ્રેડ પ્રત્યે હાડોહાડ તિરસ્કાર વ્યાપ્યો. એને ફરી કદી મળી જ નહિ. મારી બચતનાં નાણાં તેની પાસે જ હતાં, પણ તે માગવાયે હું તેની પાસે ગઈ નહિ. ધીરે ધીરે ફ્રેડ વિષે અનેક વાતો મારા સાંભળવામાં આવવા લાગી. કેટલીયે નિર્દોષ યુવતીઓ સાથે તેણે ઠગાઈ કરી તેઓને અપવિત્ર કરેલી.

"દિવસો વીતતા ગયા. મને દિલમાં એક પ્રકારનો અજંપો થવા લાગ્યો. ઇસ્પિતાલમાંનું જીવન પણ હવે અકારું લાગવા માંડ્યું. મારો અનુસ્નાતક અભ્યાસ પૂરો ક્યારે થાય અને કરાર ક્યારે પૂરો કરું, એ જ લક્ષ્ય હવે મારી આગળ રહ્યું હતું. મને જીવનમાં જાણે કોઈ રસ જ રહ્યો ન હતો. મારા લગ્નજીવન અંગેની આશાના અને સ્વપ્નોના

ભાંગીને ચૂરેચૂરા થઈ ગયા હતા. પણ આ સમય દરમિયાન હું પ્રભુની આતુરભાવે પ્રાર્થના કરતી રહી હતી કે તે મને મારા અંધકારમય જીવનમાં પ્રકાશ આપી માર્ગ બતાવે. મારો અભ્યાસ પૂરો થવાની અણી પર હતો તેવામાં જ ઈશ્વરની કૃપાનો પરચો મને મળ્યો. એક દિવસે મને સમાચાર મળ્યા કે એક મિશનબોર્ડ તરફથી અમારા ધર્મસંઘ પર માગણી આવી હતી કે, તબીબી કાર્ય માટે ભારત જવા ઉમેદવારો જોઈએ છે. એ સાંભળતાં જ મેં અરજી મોકલી આપી, અને ભારત આવવાની મારી આતુરતા જણાવી દીધી. મને શ્રદ્ધા બેઠી છે કે ઈશ્વરે મારા માટે આયોજન કરી જ રાખેલું છે. એ આયોજન દ્વારા જ આ દ્વાર ખૂલ્યું. આ પુરાણા દેશના બિચારા લોકની કંઈક સેવા કરી તેમને રાહત આપવાની મને ઈશ્વરે તક આપી છે તેથી મને ઘણો આનંદ થાય છે. અછત ભોગવતા દુઃખી લોકો મારા દેશમાંયે છે. પણ મારી મિશનરી સખીએ મને ભારતના અતિ સમૃદ્ધ સંસ્કારવારસા વિષે વાત કરેલી, એ સાથે પરદેશી સત્તા નીચેની બેહાલી, સદીઓની નિરક્ષરતા અને અજ્ઞાનનો પણ મને ખ્યાલ આપેલો. ભારતના લોકોમાં કેવી ગરીબી વ્યાપી છે અને તેથી લોકોને કેટલું શોષવું પડે છે તે જાણી મારા હૃદયમાં કંઈક થઈ ગયું. મારી સખીના ભારતથી આવતા પત્રોમાં આવું ઘણું બધું આવતું અને ભારત તરફ મારું આકર્ષણ વધતું જતું હતું ! એ પત્રોની પ્રેરણાએ જ ઈશ્વરકૃપાથી હું અત્યારે ભારતમાં છું. એમાં પેલા ઉપદેશક તથા બીજા અનેક જણનો ફાળો હું સ્વીકારું છું. અને મારા પ્રભુને આપેલા કોલનું ઋણ પણ મારે માથે છે એ પણ ખરું જ.''

જેને બોલવાનું બંધ કર્યું. એ પછી બંને જણ ખાસો સમય મૌન વિચાર કરતાં બેસી રહ્યાં. સુહાસે એક ઊંડો શ્વાસ લીધો. નિરાશા અને દુઃખોના અંગત અનુભવવાળા જીવનમાંથી જ જેનને ખ્રિસ્તમાં એક નવું જ ચાલક ધ્યેય પ્રાપ્ત થયું હતું એ આનંદની વાત હતી.

સુહાસને એથી આનંદ થયો. અહીં ખ્રિસ્ત દ્વારા જ બંને જણ એકબીજાની નિકટ આવ્યાં હતાં.

એ પછી જરા શરમાતાં શરમાતાં સુહાસે પોતાની વાત શરૂ કરી : ''મારી મા લાંબો સમય માંદી રહી હતી. તે અરસામાં મને ખ્રિસ્તનો અંગત ભેટો થયો હતો. તમે હિંમતપૂર્વક તમારી વાત કહી તેથી મને પણ મારી વાત કહેવાની હિંમત આવી છે. તમે જેવી સરળતાથી તમારા આધ્યાત્મિક અનુભવનું બ્યાન કરી શકો છો તેવું દાન મારામાં નથી.''

જેન પોતાની એ આવડત વિષે ખુલાસો કરતાં બોલી, ''ખ્રિસ્ત સ્વીકારની બાબતે મારા સમગ્ર જીવનનો એવો કબજો લીધો છે કે એ જ મારું સર્વસ્વ બની જવાથી હું એ સંબંધી એક નિષ્ઠાપૂર્વક સરળતાથી બોલી શકું છું. ખ્રિસ્ત એ જ મારો સ્વામી છે અને તેના આદેશથી હું આ દેશમાં આવી છું. તેનો આત્મા મને જે પ્રેરણા આપે તે પ્રમાણે જીવન જીવવાનો મારો સંકલ્પ છે.''

સુહાસે પોતાના મનનો નિશ્ચય જણાવતાં કહ્યું,

''ખ્રિસ્તનો જીવનમાર્ગ અપનાવવા મેં પણ કોલ આપેલો છે. જોકે મારામાં તમારા જેટલી હિંમત કે આગળ ધસી જવાની ધગશ નથી, એ મારે કબૂલ કરવું રહ્યું. વળી હું માનું છું કે ભારતમાં શુભસંદેશપ્રચારક પાસે નાણાંની છૂટ હોય અને તે સારી વગ ધરાવતો હોવો જોઈએ છતાં, તે પોતે નિઃસ્પૃહ સાધુ બની રહેવો જોઈએ એમ હું માનું છું. એવો પ્રચારક ધર્મસંઘો બાંધી શકે શાળાઓ અને દવાખાનાં બાંધી ચાલુ રાખી શકે, અને એવી સિદ્ધિઓ દ્વારા નવા નવા શ્રદ્ધાળુંઓને શ્રદ્ધા દઢ થવામાં સહાય આપી શકાય.''

જેને સુહાસની એ વાત સાથે સંમતિ ન દર્શાવતાં કહ્યું, ''સુહાસ, આ તમારો વિચાર મને યોગ્ય લાગતો નથી. આ તો પાશ્ચાત્ય વિચારોની અસરથી બંધાયેલો મત જણાય છે. ભારતના લોકોએ તો

પોતાની આગવી પદ્ધતિઓ અખત્યાર કરવી પડશે. કદાચ 'આશ્રમ' જેવી પદ્ધતિથી સેવા કરી બતાવવી પડે.''

સુહાસ હસતાં હસતાં બોલ્યો,''લોકોને આંખે ઝટ ચડે એવી પદ્ધતિ પ્રત્યે મારું મન જરાયે ખેંચાતું નથી. વળી 'આશ્રમ' ચલાવવા માટેય નાણાં તો જોઈએ જ છે !''

સુહાસનો ખ્યાલ એવો હતો કે લખાણો દ્વારા ખ્રિસ્તના સંદેશનો વધુ સારો પ્રચાર થઈ શકે અને તેથી જ તે એમ બોલ્યો. જોકે લેખન-પદ્ધતિને પણ આગવી મર્યાદાઓ છે જ, પણ તે પર તેણે આગળ કંઈ વિવેચન કર્યું નહિ. જેન પણ મૌન જ રહી.

બંને જણ પોતપોતાના વિચારમાં ડૂબેલાં મૌન બેસી રહ્યાં. એકબીજાની આગળ હૃદય ખોલીને વાત કરવાથી બંનેનાં મનમાં હર્ષ પ્રસરી રહ્યો હતો. બંને એકબીજાનાં વિશ્વાસપાત્ર બની શક્યાં એનો આનંદ ઓછો ન હતો. સમય ખાસો થયો હતો. સરોવર પર સંધ્યાના ઓળા ઊતરતા હતા. પોતાના વિચારમાં મશગૂલ બંને જણ લાંબો સમય મૌન રહી આખરે પાછાં વળવા ઊભાં થયાં. મુખ્ય માર્ગ સુધી પહોંચવામાં ખાડાટેકરા હોવાથી એકબીજાને ટેકો આપતાં આપતાં તેઓ ચાલ્યાં. મુખ્ય માર્ગે થઈને જતાં લાંબું ચક્કર થાય તેમ હોવા છતાં સુહાસે એ જ માર્ગે જવાનું પસંદ કર્યું.

મધુબનના માર્ગનો ઢોળાવ ચડતાં સુહાસે પ્રશ્ન કર્યો, ''તમારી એ મિશનરી સખી હાલ ક્યાં છે ?''

''તે તો કૉંગોમાં કામ કરતા એક મિશનરી સાથે લગ્ન કરી ત્યાં ગઈ છે !'' જેને કહ્યું.

ફરી બંને જણ ગુપચુપ ચાલતાં રહ્યાં. ડુંગરના ઢોળાવ પર ગોળાકારે તૈયાર કરેલા માર્ગે તેઓ ચાલતાં ઢોળાવ ચડી રહ્યાં. 'ગ્રીનવૅલી' બંગલે પહોંચ્યાં ત્યારે સાત વાગ્યા ઉપર ખાસો સમય થઈ ગયો હતો.

# પ્રકરણ : ૫

લેંગ્વેજ સ્કૂલ એક ટેકરી પર એક જૂના બંગલામાં ચાલતી હતી. તેમાં એક હૉલ અને ત્રણચાર ખંડ હતા. હૉલ સામાન્ય ખંડ તરીકે વપરાય અને અન્ય ખંડોમાં જુદા જુદા વર્ગો બેસે એવી વ્યવસ્થા હતી. લગભગ એંસી જેટલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ હતાં. તેઓ પહેલી, બીજી અને ત્રીજી એમ ત્રણ કક્ષામાં અભ્યાસ કરતાં હતાં. તેઓમાં તદ્દન જુવાન અને આધેડ વયના યુરોપિયન, અમેરિકન અને ઑસ્ટ્રેલિયન મિશનરીઓ હતા. સવારના સમયે મુખ્ય 'પંડિત' તથા સહાયક 'પંડિતો' વારાફરતી વર્ગો લેતા. અગિયાર વાગ્યે શાળા બંધ થતી. બપોર પછી ત્રણથી પાંચના સમયમાં દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત શિક્ષણ તેમના રહેઠાણે જ અપાતું. ત્રીજી કક્ષાના વિદ્યાર્થીઓને બપોર બાદ છુટ્ટી મળતી.

સુહાસને ફાળે એક મેડિકલ મિશનરી અને તેની પત્નીને શીખવવાનું આવ્યું હતું. સુહાસ તેમની હોટેલ પર જઈ તેમને શીખવતો. ત્યાંથી બીજા એક જણને શીખવવા બીજે જવું પડતું. એ બે સ્થળો વચ્ચે ઘણું અંતર હતું. તેથી બંને સ્થળે સમયસર પહોંચવાનું એને માટે શક્ય ન હતું. મુખ્ય 'પંડિત'ને આ બાબતનો ખ્યાલ તો હતો જ. બીજા એક સહાયક 'પંડિત'ને પણ આવી જ તકલીફ હતી. આથી મુખ્ય પંડિતે બપોર પછીનું કાર્ય 'ગ્રીનવૅલી' બંગલે જ નક્કી કરી આપ્યું. ત્યાં જેન પહેલી કક્ષામાં હતી, અને તેનું પડોશી દંપતી બીજી કક્ષામાં હતું. પહેલા અઠવાડિયે જેન પહેલા કલાકમાં બેસતી અને પડોશી દંપતી બીજા કલાકમાં. પણ અઠવાડિયાને અંતે પડોશી દંપતીને લાગ્યું કે પ્રથમ કલાક તેમને વધુ અનુકૂળ પડે તેમ છે તેથી તેઓએ

અદલાબદલી કરી લીધી. આ વ્યવસ્થા જેન અને સુહાસને વધુ અનુકૂળ થઈ પડી. તેઓ શિક્ષણકાર્ય પૂરું થતાં જ ફરવા નીકળી પડતાં હતાં.

કોઈ વાર તો કોઈ જરા દૂરના જોવાલાયક સ્થળે જવાનું ઠરાવે ત્યારે બપોરનો અભ્યાસનો કાર્યક્રમ બંધ રાખી તેઓ વહેલાં નીકળી પડતાં. જોકે સુહાસ આવી છૂટ લેવાનું બહુ પસંદ કરતો નહિ. તે સમયપત્રકને ચુસ્તપણે વળગી રહેવા મથતો. તે શિક્ષણકાર્યમાં જરા પણ બેદરકારી દાખવતો નહિ. આગામી સપ્તાહ માટે મુખ્ય પંડિત તરફથી નવું સમયપત્રક આવે તે પહેલાં આ રવિવારે સવારે દેવળમાં મળતાં જ જેને સુહાસને બપોર પછીની ચા પોતાને ત્યાં લેવાનું આમંત્રણ આપી દીધું.

એટલે તો ચાર વાગતાંમાં જ જેને પોતાનું બાઇબલ અને નોટબુકો બંધ કરી અભ્યાસ બંધ કરી દીધો ! સુહાસ આવે તે પહેલાં જ તેણે તૈયાર થઈ જવાનું હતું, કારણ કે ચા પીધા પછી તરત જ બહાર ફરવા જવાનું હતું. પાછલાં કેટલાં સપ્તાહથી અઠવાડિયાના અંતના દિવસો એટલી ઝડપે વહી જતા કે ખ્યાલમાંયે ન આવે. સપ્તાહના અંતની રજાના દિવસોમાં તેઓ કોઈ ને કોઈ જોવાલાયક પૉઇન્ટ પર જવાનું રાખતાં. એવી રીતે એક વાર સરોવરમાં હોડીમાં સહેલગાહ પણ માણી હતી. પાછલા દિવસોનો વિચાર કરતાં કરતાં જેન તૈયાર થઈ ગઈ અને સુહાસની રાહ જોવા લાગી.

સુહાસે આવતાં જ મોડા પડવા માટે માફી માગી લીધી. સુહાસે તો પ્રસ્તાવ મૂક્યો કે ચાપાણી લેવાનું રદ કરી, આપણે તરત જ ફરવા નીકળી પડીએ.

''એમ મોડા પડવા માટે તમારી જાતને શિક્ષા કરવાની શી જરૂર છે ?'' જેને વરંડાના પગથિયા પર ઊભાં ઊભાં કહ્યું. અત્યારે ટાપટીપ કરી તૈયાર થયેલી જેન ઘણી સુંદર દેખાતી હતી.

''પછી આપણે ધારેલા દૂરના સ્થળ સુધી જઈ નહિ શકીએ,''

સુહાસે પોતાના પ્રસ્તાવના બચાવમાં કહ્યું.

"એનો વાંધો નહિ, પણ પાછળ વાડા તરફ નજર કરો. કલ્લુએ ત્યાં સારી સારી વાનગી ગોઠવીને ટેબલ કેવું તૈયાર કર્યું છે. ચાપાણી ન કરીએ તો તેને બિચારાને કેવી નિરાશા થાય ?" જેને ટેબલ તરફ હાથ લંબાવી કહ્યું.

"ઓહો, એમ છે ? તો તો ચાલો, ચા પીને જ જઈશું." હસતાં હસતાં સુહાસ બોલ્યો અને બંને જણ ટેબલ ભણી ચાલ્યાં.

કલ્લુ ચાની સામગ્રી સાથે એક ટ્રે લઈને આવ્યો. ટેબલ પર તે મૂકી તે પાછો ચાલ્યો ગયો.

"જુઓ, કલ્લુએ તમારે માટે આજે તો ખાસ 'કૂકી '(એક જાતની મીઠાઈ) બનાવી છે." જેને મોં મલકાવતાં કહ્યું.

જેને બંનેના કપમાં ચા રેડી.

"આભાર !" બોલી સુહાસે પોતાનો કપ ઉપાડ્યો.

"આજે તો આપણે 'જેન પૉઈન્ટ' જોવા જઈએ." પોતાના કપમાં મોરસ નાખી હલાવતાં હલાવતાં સુહાસ બોલ્યો.

એ સાંભળી ખડખડાટ હસી પડતાં જેન બોલી,

"એને તો 'સુહાસ પૉઈન્ટ' નામે ઓળખીએ તે જ યોગ્ય ગણાય. તમે જ એના શોધક અને ચાહક છો, ખરું કે નહિ ?"

"મૅડમ, એટલું તો સ્વીકારો છો ને કે સારાં કે મોટાં સ્થળોને મહત્ત્વની વ્યક્તિઓનાં નામ અપાય છે ?"

"એટલે હું મહત્ત્વની ? હું કંઈ જોન ઑફ આર્ક કે તમે કહેતા હતા તેવી ચાંદબીબી કે ઝાંસીની રાણી ઓછી જ છું ?" જેને જરા લટકા સાથે કહ્યું.

"સાચે જ તમે મહત્ત્વની વ્યક્તિ જ ગણાઓ, જોકે તમે ગણાવી તેઓના જેવી નહિ."

"આભાર ! આ તમારી વાતોથી મને લાગવા માંડ્યું છે કે

હું કોઈ મહાન વ્યક્તિ છું !" જેને પોતાના કપમાં દૂધ રેડી દૂધનો જગ સુહાસ તરફ ખસેડતાં કહ્યું.

"જગતમાં મહાનતા પ્રાપ્ત કરવા યુદ્ધો જ જીતવાં પડે એવું નથી. માનવજાતની સેવા કરવામાં પોતાનું જીવન હોમી દેનારાં કંઈ ઓછાં મહાન નથી !" થોડીવાર મૌન રહી ચા પીતાં પીતાં સુહાસ બોલ્યો.

જેને સુહાસનો આભાર માન્યો. તેના મનમાં દૃઢ શ્રદ્ધા હતી કે ઈશ્વર જ મને ભારત લઈ આવ્યો છે. અહીં સુહાસનો પરિચય થયો તેથી તે દિલની સચ્ચાઈથી ઈશ્વરનો આભાર માનતી હતી. સુહાસની વાતોથી તેને પ્રોત્સાહન મળતું કે તેણે માથે લીધેલું કાર્ય ઉમદા અને ગરીબોનાં લાભનું છે.

મૂંગાં મૂગાં ચા પીવાનું ચાલુ રહ્યું. સુહાસને ખ્યાલ આવી રહ્યો હતો કે જેનને અવારનવાર પ્રોત્સાહન અને પ્રેરણા આપવાની જરૂર છે. જેન કહેતી કે જે મહાન કાર્ય મેં માથે લીધું છે તે બરાબર રીતે સિદ્ધ કરવાની મારામાં લાયકાત નથી. ફ્રેડ સાથેના પરિચય પછી તેની આત્મશ્રદ્ધાને નુકસાન પહોંચ્યું હતું. સુહાસ માનતો હતો કે એ ઘા મારે રૂઝવવો જોઈએ.

ચા પી રહ્યાં એટલે જેને મોં મલકાવતાં પૂછ્યું, "તો પછી આપણે તમે નામ આપ્યું છે એ 'જેન પૉઈન્ટ' પર જ જઈશું ને ?"

સુહાસે મોં મલકાવી જવાબ હકારમાં આપ્યો. સુહાસના જવાબ પછી જેન થોડી મિનિટો બંગલામાં ગઈ. સુહાસ ઊઠીને કંપાઉન્ડની વાડ તરફ લટાર મારવા લાગ્યો. આજનું વાતાવરણ બહુ ખુશનુમા ન હતું. હજી પાંચ જ વાગવા છતાં વાદળો ઘેરાયેલાં હોવાથી દિવસ આથમી ગયા જેવું જણાતું હતું. વાતાવરણની અસરથી કે બીજા કોઈ કારણે હોય, પણ સુહાસ અન્યમનસ્ક જેવો થઈ વાડ પાસે ઊભો રહ્યો.

જેને બંગલામાં જઈ સ્વેટર પહેર્યું, કલ્લુને થોડી સૂચના આપી અને પછી બહાર આવી સુહાસ પાસે ગઈ. પણ સુહાસ કશાક વિચારમાં લીન હોવાથી, જેન આવી છે તે તેના ખ્યાલમાં ન આવ્યું. જેને થોડો સમય .રાહ જોઈ. પછી બોલી,

"ચાલો, હવે આપણે નીકળીશું ને ?"

"હા.....હા....હા...., ચાલો," જાણે ઝબક્યો હોય તેમ સુહાસ બોલ્યો. પછી બન્ને જણ ચાલી નીકળ્યાં. સુહાસના મનમાં કશુંક ઊંડું ઘર્ષણ ચાલી રહ્યું હોય એમ જેનને લાગ્યું. સુહાસના મનમાં તીવ્ર અજંપો પેદા થયો હતો અને એનું કારણ શોધવા તે

કડક આત્મ

પરીક્ષા કરી રહ્યો હતો. તેને સમજાવા લાગ્યું કે આ અજંપાનું મૂળ જેન પ્રત્યે વધતા જતા આકર્ષણમાં જ છે. મધમાખને ફૂલનું આકર્ષણ જેટલું સહજ છે તેટલું સહજ આ પણ હતું. બંને જણ ખુલ્લા દિલે છૂટથી હળતાંમળતાં, ફરવા જતાં અને નિખાલસ વાતો કરતાં હતાં. એકબીજાની સાથે નિર્દોષ વહેવાર રહેતો. આમ એક માસ વહી ગયો હતો. સુહાસને હવે વિમાસણ થવા માંડી હતી કે આ સંબંધ કેટલે જશે અને પરિણામ શું આવશે ? જેન સાથે વધતી જતી નિકટતા વિષે તે બે દિવસ પર જ સભાન થયો હતો અને સાથે જ મનમાં પ્રશ્ન ઊભો થયો હતો કે આ સંબંધ કેવો કહેવાય અને એ યોગ્ય ગણાય કે અયોગ્ય ?

જેન એક ઉમદા સ્વભાવની ગમી જાય તેવી યુવતી હતી. પરિચય થયાને તો એક માસ થયો હતો. છતાં એટલા ટૂંક સમયમાંયે તેના મિલનસાર સ્વભાવથી સુહાસ ખૂબ પ્રભાવિત થઈ ચૂક્યો હતો. ના, આ કંઈ નર્યું ગમવાપણું કે પ્રભાવિત થવાની વાત ન હતી, પણ કંઈક ઊંડું, કંઈક વિશેષ એમાં સમાયેલું હતું, એમ સુહાસને કબૂલ કર્યા વિના છૂટકો ન હતો. જેનની સંગતથી તેને અવર્ણ્ય સુખનો

અનુભવ થતો, તેનાથી અલગ થતાં જ તે બેચેની અનુભવતો.

બંને જુદા જુદા દેશનાં હોઈ ભિન્ન ભિન્ન સંસ્કારો ધરાવતાં હતાં. પશ્ચિમની સંસ્કૃતિમાં ઊછરીને ભારત આવેલી યુવતી જેન પાશ્ચાત્ય આચારવિચાર પ્રમાણે સ્ત્રીપુરુષોના મુક્ત મિલનમાં માનતી હતી, ત્યારે સુહાસ ચુસ્ત ભારતીય સંસ્કારોમાં ઊછરેલો હોઈ, ઘણી બાબતે સંકુચિતતા અનુભવતો. છતાં સ્ત્રીપુરુષ આકર્ષણ તો સંસ્કૃતિ કે દેશજાતિની મર્યાદાથી પર હોઈ, સુહાસ જેવો યુવક જેન જેવી આકર્ષક યુવતી તરફ આંખો મીંચી રાખે એ કેમ કલ્પી શકાય ?

સુહાસના સામાજિક મોભા સાથે ભારતીય પરંપરાનો વિચાર કરીએ તો સુહાસ અને જેનનો મુક્ત સહચાર કેટલે અંશે યોગ્ય ગણાય એ પ્રશ્નનો જવાબ સુહાસ પાસે ન હતો. એમાં વળી મધુબનનું મુક્ત વાતાવરણ પણ કંઈક અંશે ફાળો આપતું હતું. બંને માત્ર મિત્રો જ છે એમ કહી એ સહચારને યોગ્ય ઠરાવી શકાય ખરો ? મોટો પ્રશ્ન તો એ છે કે સ્ત્રીપુરુષ વચ્ચે પરિશુદ્ધ મિત્રતા સંભવે ખરી ?

સુહાસે અંગ્રેજી સાહિત્યનો ઠીક ઠીક અભ્યાસ કરેલો અને તેનું મિશનરી મિત્રવર્તુળ પણ વિશાળ હતું, એથી પાશ્ચાત્ય વલણો અને ઝોકની સારી સમજ તેણે પ્રાપ્ત કરી હતી. એ જાણકારી ઉપરછલ્લી જ ગણાય, કારણ કે તેના સંસ્કાર તો ભારતીય પૂરેપૂરા અર્થમાં હતા. તેની જીવનદૃષ્ટિ ભારતીય જ હતી.

બીજી બાબત સુધાને સ્પર્શતી હતી. તે તેના પિતાના મિત્રની પુત્રી હતી, અને બાળપણની સખી હતી. તેઓ સાથે જ રમેલાં અને મોટાં થયેલાં, બંને કુટુંબના વડીલોના મનમાં એક જ વાત રમી રહેલી કે ક્યારે બંને મોટાં થઈ એકબીજાનાં જીવનસાથી બની રહે. આ અદૃશ્ય બંધન સુહાસના મનના એક ખૂણે લપાઈ છુપાઈને તેને સતત દમ્યા કરતું હતું.

આ દેખાવડી ગોરી યુવતી સાથેની મૈત્રી સુધાને ગમશે ખરી ? બીજી કોઈ પણ સ્ત્રી સાથેનો સંબંધ પત્ની સાંખી લે ખરી જેન સુહાસની વિદ્યાર્થિની તો ખરી, પણ તેની સાથે ચાલતા મુક્ત સહચારનું શું ? વળી સુધાના પિતાનો પણ વિચાર તો કરવો જ પડે. સુહાસ એક મિશનરી યુવતી સાથે છૂટથી હરેફરે એ એમને કેવું લાગે ? આ બધા પ્રશ્નો સુહાસને મૂંઝવી રહ્યા હતા. ઉચ્ચ અભ્યાસ માટે સુધાના પિતાએ સુહાસને સારી એવી સહાય કરેલી તેનો પણ ખ્યાલ રાખવાનો હતો. ધારો કે એક પરદેશી મિશનરીને બદલે કોઈ ભારતીય યુવતી સાથે આવો સહચાર રાખતો હોત તો સુધા કે તેના પિતાને કેવું લાગત ? સુહાસના મનમાં આવા અનેક વિચારો ઘૂમ્યા કરતા અને તે સાથે જેન સાથે સંગતનો અનુભવ માણવાનું પણ તેને મન થયા કરતું. સંગતનો તેનો આનંદ ઉપર જણાવેલા વિચારોના ઓછાયા નીચે ઘણો મંદ પડી જતો.

પોતાના મનમાં ચાલતો આ વિસંવાદ જેન આગળ જાહેર કરવાનું સુહાસને ઘણી વાર મન થઈ આવતું. પણ જેનના પોતા તરફના ભાવ કળી શકાતા નહિ. પોતાનું મન તેની આગળ ખોલી દેતાં તે અચકાતો હતો. જેનના મનમાં કશા જ ઊંડા ભાવ ન હોય તો પોતે છતો થઈ મૂર્ખ જ બને ને ? એ ખ્યાલથી જેન આગળ વિચારોની આપલે કરવાનો વિચાર જ તેને માંડી વાળવો પડતો. જેન બહુ મળતાવડા સ્વભાવની તો નહોતી જ, છતાં પોતાની સાથે બહુ છૂટથી બોલતી ચાલતી એટલે એના મનમાં શા ભાવ રમતા હશે તે સુહાસ કળી શકતો ન હતો. કોઈ અગમ્ય કારણોસર જેન અને સુહાસનો ભેટો થતાં ટૂંક સમયમાં જ જેનને સુહાસ પર શ્રદ્ધા બેસી ગઈ. એના પરિણામે તે ભૂતકાળની હતાશા અને ગમગીની વીસરતી ગઈ હતી, અને પોતાની મૂળ પ્રકૃતિ પાછી પ્રાપ્ત કરતી જતી હતી. સુહાસના સહવાસને લીધે પોતાના જીવન અને ભાવિ અંગે રસ લેતી થવા

લાગી હતી.

સુહાસના મનનો યક્ષપ્રશ્ન આ હતો : ''જેનને મન હું માત્ર એક વિશ્વસનીય મિત્ર જ છું કે મિત્ર કરતાં કંઈક વિશેષ છું ? મિત્ર શુદ્ધ નિઃસ્વાર્થ ભાવ જ મારા છે કે નહિ, એના ખરા ભાવ મારે શી રીતે જાણવા ?''

તે વિચારતો હતો કે જેન સાથેના મૈત્રીસંબંધને પોતાના રાષ્ટ્રીય રિવાજો, સામાજિક સીમાબંધનો અને પરંપરાઓ અનુસાર ભારતીય માન્યતાઓના સંકુચિત ચોકઠામાં ગોઠવવાનો પ્રયત્ન કરવો એ યોગ્ય ન જ ગણાય. એ જાણે તો તેના મનમાં કેવો પ્રત્યાઘાત ઊઠે તે પણ એક પ્રશ્ન જ હતો. જેનના મનમાં મૈત્રી સિવાય વિશેષ ભાવ પેદા થયો જ ન હોય, અને મારા મનના આવા ભાવની તેને જાણ થઈ જાય - કદાચ તેનું મન વધુ અસ્વસ્થ થઈ જાય. એટલું જ નહિ, પણ પુરુષમાત્ર પ્રત્યે નફરત આવી જવાનોયે સંભવ ખરો જ ! જેન એમ પણ માની બેસે કે નિખાલસ મૈત્રીનો સુહાસ જેવા માણસે પણ કેવો અવળો અર્થ લીધો ? આવા મંથનને અંતે સુહાસે નક્કી કર્યું કે હાલ તો જેન સાથે આવી કોઈ ચર્ચામાં ઊતરવું જ નહિ. પોતાના મનનો સંઘર્ષ મનની જ સીમાઓમાં દાબી રાખવો. જોકે એ વાત કંઈ સરળ તો નહોતી જ.

આવી અસમાન મનઃસ્થિતિમાં જેન અને સુહાસ જેનના પાડોશીના નિવાસ આગળ થઈને નીકળ્યાં. તેમણે જોયું તો પાડોશીબાનુ તો હંમેશ પ્રમાણે તેના બાળકની ઊઠવેઠટમાં જ મસ્ત હતી ! બાબાગાડીમાં સુવાડી તેના પર શાલ ઢાંકવામાં એવી મશગૂલ હતી કે તેમને પસાર થતાં તેના જોવામાં જ આવ્યાં નહિ. ગોળમટોળ બાબો રંગબેરંગી વસ્ત્રો અને સુંદર શાલમાં ખૂબ ગમી જાય તેવો લાગતો હતો. સુહાસનું તો કંઈ કહેવાય નહિ, પણ સ્ત્રી તરીકે જેનને તો અવશ્ય બાબાનું આકર્ષણ થાય તેમ હતું. સદાયે બાબાને વીંટળાયેલી રહેતી માતાને

પ્રથમ જેને અને પછી સુહાસે અભિવાદન કર્યાં અને કંપાઉન્ડની વાડસરસાં પાછળથી નીકળ્યાં અને પાછળની વનરાજીમાં પ્રવેશ્યાં.

કંપાઉન્ડની એક બાજુ એક નોકર બાઈ સૂકવેલાં કપડાં દોરી પરથી ઉતારી લેતી હતી. બંને જણને જતાં જઈ તેણે પણ તેમને સલામ ભરી : ''સલામ મિસ સાહેબ ! સલામ સાહેબ !'' તેણે એ બે જણને વારંવાર ફરવા જતાં જોયાં હતાં. એક દેશી માણસ આમ ગોરી યુવતીને પોતાની સાથે ફરવા લઈ જાય એ તેને ખૂબ નવાઈભર્યું લાગતું હતું. તે ધીરે ધીરે સુહાસ તરફ આદરભાવથી જોવા લાગી હતી. મોટા ભાગે સુહાસ અને જેન એ રસ્તે જતાં ત્યારે તે નોકરસ્ત્રી પાછળ કંઈ ને કંઈ કામ કરતી જ દેખાતી, અને તે પણ તેમને જતાં જોઈ અચૂક સલામ ભરતી, એ પ્રમાણે આજે પણ તેણે સલામ ભરી.

પણ આજે સુહાસને તેની સલામ પ્રત્યે અણગમો આવ્યો. નોકર સ્ત્રીની સહજ ભાવે કરેલી સલામ સુહાસને મન જાણે વ્યંગમાં કરેલી લાગી. જેન સાથે વધતી જતી નિકટતા જાણે નોકરબાઈ સમજી હશે અને તે પર કટાક્ષમાં તેણે સલામ કરી હશે. સુહાસ જેનના બંગલાના પાછળના વાડામાં ઊભો હતો ત્યારે તે નોકરને કામ કરતી તેણે જોઈ હતી. હવે ત્યાં થઈને જતાં તેણે કરેલી સલામ જાણે તેને ખૂંચી રહી. તેનો મિજાજ બગડી ગયો. સ્વચ્છ આકાશમાં સૂર્યપ્રકાશ પુરબહારમાં હોય અને એકાએક વાદળું આવી ઢાંકી દે તેમ તેનું મન ધૂંધળું ધૂંધળું થઈ ગયું.

નોકરસ્ત્રીએ તો સાવ નિર્દોષ ભાવે આદર દર્શાવવા સલામ કરી હશે, તે તો પ્રામાણિક ગરીબ સ્ત્રી હતી. સુહાસના અંતરમાં શો સંઘર્ષ ચાલી રહ્યો છે તેનો તેને ક્યાંથી ખ્યાલ પણ હોય ? પણ પોતાના મનની દ્વિધામાં તેની સલામથી સુહાસ અકળાઈ ઊઠ્યો. તે વધુ અસ્વસ્થતા અનુભવી રહ્યો. તેના મનની આવી સ્થિતિમાં જેન

કે બીજા કોઈને સંગત આપવા જેવી હાલતમાં તે ન રહ્યો.

માર્ગનો છેલ્લો વળાંક વટાવીને ઝાડીમાં કુદરતે રચેલી ડાળીઓની કમાનો નીચે થઈ તેઓ આગળ વધ્યાં. ત્યાં સુધીનું મૌન તોડતાં જેન બોલી,

''પેલા દૂરના પૉઈન્ટ સુધી જવાનું આપણે માંડી વાળ્યું તે સારું થયું. અત્યારથી જ વાતાવરણ ધૂંધળું થવા લાગ્યું છે.''

ઠંડી લાગવા માંડી હોય તેમ સૂચવતાં તેણે ખભા ઉછાળીને સ્વેટરના ખિસ્સામાં બંને હાથ ઘાલી દીધા.

સુહાસે પણ પાટલૂનના ખિસ્સામાં હાથ ઘાલતાં કહ્યું,

''હા, દિવસ ભારે ભારે અસહ્ય લાગે છે, નહિ ?''

સુહાસ સામે જોઈને જેને પૂછ્યું, ''આજે તમારી તબિયત નરમ છે કે શું ?''

નીચું જોઈને ચાલતા સુહાસે કહ્યું. ''ના રે, મારી તબિયતને શું થવાનું હતું ?''

એમ કહ્યા છતાં જેનને લાગ્યું કે આજે સુહાસ મૂજી જેવો થઈ ગયો છે તેનું કંઈક કારણ તો હશે જ. એના એ ભાવનો ચેપ જેનને પણ લાગ્યો અને તે પણ ગંભીર બની ગઈ. તેને લાગ્યું કે આજે સુહાસનું દિલ ફરવામાં લાગતું નથી. તેના મનમાં કશુંક મંથન ચાલી રહ્યું છે અને તે છુપાવવા મથે છે. પણ તેના મન પર કાબૂ રહી શકતો નથી. જેનનું મન પણ અજંપો અનુભવી રહ્યું. ચાલતાં ચાલતાં તેઓ ડુંગરની ધારે પહોંચ્યાં. ત્યાંથી નીચેની વિશાળ હરિયાળી ખીણનું ભવ્ય દૃશ્ય નજરે પડતું હતું. આ જ સ્થળને તેમણે 'જેન પૉઈન્ટ' નામ આપ્યું હતું.

તેઓ વચ્ચે થીજી ગયેલી શાંતિનું આવરણ તોડતાં સુહાસ બોલ્યો, ''લો, આપણે આપણા ધારેલા સ્થળે આવી ગયાં.'' જેન તો દૂર સુદૂર દૃષ્ટિ નાખતી મૌન ઊભી રહી.

"આપણે થોડો સમય અહીં બેસીશું ને ?" સુહાસે પૂછ્યું.

બોલ્યા વિના એક મોટા સપાટ ખડક પર જેને બેઠક લીધી. સુહાસ તેનાથી થોડે દૂર જમીન પર ઘાસમાં બેઠો. આ ભવ્ય ખીણ અને તેને આવરી લેતા ઊંચા ઊંચા ડુંગરાના સર્જક પ્રત્યે અહોભાવ અને પૂજ્યભાવ સાથે બંને જણ બેઠાં રહ્યાં.

થોડી વાર એ પ્રમાણે બેઠા પછી એક શિખર તરફ આંગળી કરી સુહાસ બોલ્યો, "જુઓ ! જુઓ ! પેલું દશ્ય કેવું અદ્‌ભુત ! "

જેને ડોકું ફેરવી તે તરફ જોયું. નીચેના ભાગમાં ધૂમસ જામવાથી પહાડ દેખાતો ન હતો, અને શિખર જાણે ધૂમસ પર અધ્ધર જ લટકી રહ્યું ના હોય એવો દેખાવ દેખાતો હતો.

હવે સુહાસના ધ્યાનમાં આવ્યું કે પોતાની મૂઢતાનો ચેપ જેનને પણ લાગ્યો છે અને તેથી તેણે તેને ખુશમાં લાવવા પ્રયત્નો કરવા માંડ્યા. પણ મૂળે ઓછાબોલી પ્રકૃતિવાળી જેન એમ એકદમ ખુશમિજાજ બની જાય એ શક્ય જ ન હતું. જેમ જેમ સુહાસ વાત કરાવવા પ્રયત્ન કરવા લાગ્યો તેમ તેમ તેની વાતોના 'હા' કે ના ના ટૂંકાક્ષરી જવાબ આપી મૌન જ બની રહી. અંતે સુહાસે ગાયનનો આશરો લેવાનો વિચાર કર્યો. આ પહેલાં એકબે વાર તેણે જેનને મરાઠી અને હિંદી સ્તોત્રો સંભળાવેલાં. તેણે જેનને પણ કંઈક ગાઈ બતાવવા આગ્રહ કરેલો, પણ હજી સુધી જેનની શરમ તૂટી ન હતી.

"ચાલો, આપણે કંઈક ગાઈએ; પણ આજે તમારે ગાયા વિના નહિ ચાલે જેન, સમજ્યાંને ? " સુહાસે ઉત્સાહપૂર્વક કહ્યું.

"ના, ભાઈ; મારાથી ગાવાનું નહિ બને." ધીમા અવાજે જેન બોલી.

"ઠીક, તમને ના ફાવે તો કંઈ વાંધો નહિ," એમ કહી સુહાસે એક મરાઠી અભંગ (ભક્તિગાન) ગાવાનું શરૂ કર્યું. એની અસર

અદ્‌ભુત થવા લાગી. જેનના મુખભાવ બદલાવા લાગ્યા. તેના પરની નીરસતા દૂર થઈ અને મોં પર પ્રસન્નતા પ્રસરી રહી.

અભંગ પૂરો થતાં સુહાસે પૂછ્યું,

"ગાન કેવું લાગ્યું ? તમને ગમ્યું ?"

"ખૂબ જ ગમ્યું. રાગ ખૂબ મધુર છે. પણ શબ્દોનો અર્થ શો થતો હશે તે જાણવા જિજ્ઞાસા થાય છે." જેને કહ્યું.

સુહાસે અર્થ સમજાવ્યો : "હે ઈશ્વર ! મારે તો હરહંમેશ તારું ધ્યાન ધરવું જોઈએ. તારું ધ્યાન ધરવાથી મારાં પાપકર્મો અને પાપપ્રકૃતિમાંથી હું મુક્ત થાઉં છું. અરેરે ! હું લાંબો સમય ધ્યાન ચાલુ રાખી શકતો જ નથી, કારણ કે હું તો સાવ નિર્બળ જન છું. પ્રભુ ! હું તો મારા મનનો અને મારી જાતનો ગુલામ બની ગયો છું."

હવે તો જેનનો મિજાજ તદ્દન બદલાઈ ગયો હતો. સુહાસે અર્થ સમજાવ્યો તે સાંભળી પ્રસન્નતાપૂર્વક જેન બોલી ઊઠી, "આહા ! કેટલું સુંદર ભાવવાહી કાવ્ય !"

"જેન ! આજે આ ત્રીજું કે ચોથું ગાન મેં તમને સંભળાવ્યું, તો કૃપા કરી તમે એકાદ સ્તોત્ર તો સંભળાવો !"

મોં મલકાવતાં જે બોલી, "ગાવુંજ પડશે ?"

"ગાવું તો જોઈએ, વહેલાં કે મોડાં ગાશો તો ખરાં જ ? પછી ઢીલ શા માટે ?"

તમારા જેવું સુંદર ગાન તો હું નહિ સંભળાવી શકું. જેવું ગવાય તેવું ખરું !" બોલતાં શરમથી તેનો ચહેરો લાલ થઈ ગયો.

"ગાયા પહેલાં જ સારું નહિ હોય એવો અભિપ્રાય શી રીતે આપી શકાય ?" સુહાસે પ્રોત્સાહન આપતાં આગ્રહ ચાલુ રાખ્યો.

પ્રથમ તો જેને ધીમે ધીમે રાગ ગણગણવા માંડ્યો અને પછી હિંમત આવતાં ગાન શરૂ કર્યું. એ ગીત સાંભળતાં અંગ્રેજી શબ્દો

પકડાયા નહિ, પણ સુહાસ ગાન પૂરું થતાં સુધી શાંતિપૂર્વક સાંભળતો રહ્યો. તેણે તો રસપૂર્વક સાંભળ્યા કર્યું. ગાન પૂરું થતાં સ્મિત સાથે તાળી પાડી અભિનંદન આપતાં કહ્યું,

"ઘણું મધુર ! ભાષા અજાણી લાગી !"

"આ તો સ્પૅનિશ ભાષાનું ગાયન છે. મને સાંભળતાં જ એટલું ગમી ગયું કે મેં પોતે શીખી લીધું." જેને ખુલાસો કર્યો.

"ખૂબ ખૂબ આભાર, જેન, આવા મધુર ગાયન માટે. આમ ફરવા આવવામાં આવો આનંદ પ્રાપ્ત થશે એ તો મારી કલ્પનામાંયે કદી આવત નહિ." સુહાસે ભાવપૂર્વક કહ્યું.

તે સાથે જ બંનેનાં મન જાણે અદ્‌ભુતિ આધ્યાત્મિક અનુભૂતિમાં રમી રહ્યાં. તેઓ અનન્ય એકતામાં ડૂબી ગયાં. તેઓ પાછાં વળ્યાં ત્યારે બંનેના મનમાં આનંદ માતો ન હતો. પહેલાંનાં અજંપા અને અસ્વસ્થતાને સ્થાને શાંતિ અને સંતોષ વ્યાપી રહ્યાં હતાં.

# પ્રકરણ : ૬

મધુબનની સીઝન લગભગ પૂરી થવા આવી હતી. અહીં રજાઓ ગાળવા આવનારા હવે બહુ બહુ તો બેએક સપ્તાહથી વધુ રોકાવાના ન હતા. નીચેના મેદાનમાંની અસહ્ય ગરમીથી બચવા આવનાર કેટલાક સાવ નવા જ મુલાકાતીઓ પણ હતા. આ છેલ્લા દિવસોમાં પ્રવૃત્તિઓનો ધમધમાટ ટોચે પહોંચ્યો હતો. અહીંનું આહ્લાદક ઠંડું વાતાવરણ છોડી જવાનું થશે એનો અફસોસ અનેકને થતો હતો, પણ પોતપોતાની ફરજો અને જવાબદારીઓ ઉપાડવા ગયા વિના ચાલે તેમ પણ ન હતું. જૂન માસ શરૂ થતાં જ વરસાદ તૂટી પડતો, અને તે પહેલાં ઉપરથી ઊતરી જવાનું સલાહભર્યું હતું.

નવાં મિશનરીઓ ભાષાની પરીક્ષાનો સામનો કરી રહ્યાં હતાં. તેઓનું સઘળું કામકાજ નિયમ મુજબ એકબે દિવસમાં પતી જાય એટલે એકાદ અઠવાડિયું તેઓ બીજી કશી ઝંઝટ વિના ઉપરનું રમ્ય વાતાવરણ માણવાની આશા રાખી રહ્યાં હતાં. એ છુટ્ટીના દિવસોમાં ભોજનસમારંભો, મનોરંજન કાર્યક્રમો, ઉજાણીઓ વગેરે યોજાતાં અને બધાં તેનો પૂરેપૂરો લહાવો મોકળા મને લૂંટતાં.

જેનને ભારતમાં હવે ચાર માસ થવા આવ્યા હતા. હવે તેને ખ્યાલ આવવા  માંડ્યો હતો કે તેનું જીવન નવો વળાંક લઈ રહ્યું છે.મધુબન અને સુહાસે તેની હતાશા ખંખેરી નાખવામાં અગત્યનો ફાળો આપ્યો હતો એટલું જ નહિ, પણ આ નવેનવા દેશમાં ઠરીઠામ થવામાં પણ મોટો ફાળો આપ્યો હતો. જેન અને સુહાસે હવે બાકીના થોડા દિવસનો ઉપયોગ કરી દૂર એક ઈતિહાસપ્રસિદ્ધ કિલ્લો, એક ધોધ અને બીજાં પરચૂરણ સ્થાનો જોઈ લેવાનું નક્કી કર્યું. જેનને

તો બાકી રહેતાં બધાં સ્થળો જઈ લેવાનું મન હતું, પણ આ જ વખતે સુહાસનો સાથ ઓછો મળવા માંડ્યો. તે નિરાશ થઈ, પણ એ કોઈ આગળ પોતાનું દિલ ખોલી શકે તેમ ન હતું.

એક દિવસે સાંજના સમયે સુહાસે આવીને કહ્યું,

''મારે ત્યાં બે મહેમાન આવી રહ્યા હોવાથી, મારે તેઓની તહેનાતમાં રહેવું પડશે, આથી તમારી સાથે એ છેલ્લા દિવસોમાં ક્યાંયે ફરવા આવી નહિ શકું માટે ક્ષમા ચાહું છું. આજની બપોરની ટપાલમાં આ સમાચાર મળ્યા છે.''

જેનને મહેમાનો સંબંધી કુતૂહલ તો જાગ્યું, પણ તે કંઈ બોલી નહિ. તેના મનની જિજ્ઞાસા કળી જઈ સુહાસ બોલ્યો, ''મારા મહેમાનો કોણ હશે તે જાણવાનું કુતૂહલ તો તમને થતું જ હશે.''

''હું એટલું તો સમજી શકું છું કે એ મહેમાનો બહુ મોંઘા હોવા જોઈએ.''

''આમ તો ઘણા મોંઘા જ કહેવા પડે !'' તે બોલ્યો, પણ વિશેષ માહિતી જણાવી નહિ. જેન જે પુસ્તક વાંચતી બેઠી હતી તેના તરફ તે તાકી રહ્યો. સુહાસની નજર પુસ્તક પર ચોંટી છે એ જોઈ તે બોલી,

''હું તો પુનરાવર્તન કરી જાઉં છું. અને હવે બધા પાઠ પૂરા કરી રહી છું. તમારી વાત સાંભળવા જોઈએ તેટલો સમય કાઢી શકું તેમ છું.''

''મેં પહેલાં તમને વાત કરેલી કે મારા પિતાના એક મિત્ર તરફથી અભ્યાસ માટે મને અમુક સહાય મળેલી. એ સહાય દ્વારા મેં કૉલેજનો અને બીજો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. હવે તેઓ પોતે તેમની પુત્રી સુધાને લઈને થોડા દિવસ ગાળવા અહીં આવી રહ્યા છે.'' સુહાસે વિગતે વાત કરી.

"સુહાસ, એ બાબતે તમે કશો સંકોચ રાખશો નહિ. મને કેવું લાગશે કે હું એકલી શું કરીશ, એનીયે કશી ચિંતા તમે કરશો નહિ." જેને પ્રોત્સાહન આપતાં કહ્યું.

સુહાસ ખંડમાં ટેબલ પરની ફૂલદાનીમાંના એક ફૂલ પર ઝઝૂમી રહેલી મધમાખી તરફ જોઈ રહ્યો હતો. સુધા વિષે તથા તેના પિતા વિષે ખરી વાત કેવી રીતે કરવી અને પરિસ્થિતિ સમજાવવી તેની વિમાસણમાં તે પડ્યો હતો. જેન આતુરતાથી તેના તરફ જોઈ રહેલી તેથી તેની મૂંઝવણ ઓર વધી. ક્યા શબ્દોમાં વાત શરૂ કરવી તે જ સૂઝતું ન હતું. જેનની નિર્દોષ ભૂરી આંખો જોતાં પોતે કંઈ અયુક્ત કર્યાનો ડંખ પણ તેને ખૂંચતો હોય તેમ લાગ્યું.

આખરે તેણે શરૂઆત કરી, "મારા પિતા અને સુધાના પિતા નિકટના મિત્રો હતા. અમારાં કુટુંબોમાં પણ ખૂબ મેળ હતો. બાળપણથી અમે સાથે સાથે જ ઊછર્યાં છીએ. બંને કુટુંબના વડીલો અમને ભાવિ જીવનસાથી જ માનતા આવ્યા છે, અને અમારાં લગ્ન તેમની ગાઢ મૈત્રીના ચિહ્નસમ બની રહેશે એમ આશા રાખતા આવ્યા છે."

"આહ !" જેનના મુખેથી ઉદ્‌ગાર સરી પડ્યો. બંનેની નજર એક જ ક્ષણ માટે મળી અને પાછી વળી ગઈ. બંનેની આંખોમાં વિહ્‌વળતા ભરી હતી.

સુહાસે આગળ ચલાવ્યું, "કરાર કે વચનથી અમે બંધાયાં નથી તેથી સૈદ્ધાંતિક રીતે મારું ભાવિ ઘડવા અને જીવનસાથીની પસંદગી કરવા હું પૂરેપૂરો સ્વતંત્ર છું. પણ સુધાનો ઉછેર એવી રીતે થયો છે કે તે મને તેનો ભાવિ પતિ જ માની રહી છે. અમારાં લગ્ન થશે જ એ બાબત તેને કશી શંકા નથી."

જેન પૂરા રસપૂર્વક વાત સાંભળી રહી હતી.. તેની આંગળીઓ તેની ઘડિયાળની સાંકળી સાથે ઝડપથી રમ્યા કરતી હતી તે તેના મનમાં ચાલતી ઘડભાંજની સૂચક હતી. થોડી વાર મૌન છવાયું. તે

સુહાસ સામે જોતાં સ્વસ્થ થવા મથી રહી.

થોડી વારે મન મક્કમ કરી જેન બોલી, ''હું ધારી લઉં છું કે તમને એ યુવતી- શું નામ કહ્યું તમે એનું ? ... હાં... સુ.... ધા ગમે છે તો ખરી ને ?''

જાણે શબ્દો તોળી તોળીને બોલતો હોય તેમ સુહાસ ધીમે ધીમે બોલવા લાગ્યો, ''અમારા ભારતીય ધોરણ પ્રમાણે એ શ્રેષ્ઠ કન્યા છે ને મને સાચે જ તેના પ્રત્યે આદરભાવ છે.''

''આવી કન્યા મેળવી શકવા માટે મારાં ખૂબ ખૂબ અભિનંદન !'' બોલતાં બોલતાં જેનનું મન તો સાવ ચીમળાઈ ગયું, પણ બોલવું જ જોઈએ સમજી સસ્મિત બોલી ગઈ.

ફૂલદાની પર ઝઝૂમી રહેલી મધમાખી તરફ તાકી રહેલા સુહાસે યંત્રવત્ જવાબ દીધો, ''આભાર !'' સુહાસના મનમાં તો મધમાખ ત્યાં ને ત્યાં કેમ ઝઝૂમી રહી હશે એ અસંબદ્ધ વિચાર જ રમી રહ્યો હતો.

થોડી વારે તે બોલ્યો, ''આશા ફળે ત્યારે ખરી !'' જેને એ સાંભળ્યું ખરું, પણ કંઈ ખુલાસો પૂછ્યો નહિ કે સુહાસે ખુલાસામાં કંઈ વધુ કહ્યું પણ નહિ. થોડી વાર મૌન છવાઈ રહ્યું.

તે પછી મૌન તોડતાં સુહાસ બોલ્યો, ''એમના પત્રમાં શુક્રવારે ગમે તે બસમાં આવવાનું લખ્યું છે એટલે મેં 'હિલવ્યૂ હોટેલમાં તેમના માટે એક રૂમ રિઝર્વ કરાવી દીધી છે. શુક્રવાર તો કાલે જ છે.''

''બરાબર, પણ અહીંથી વિદાય થતા પહેલાં તો તમે મળશો ખરાને ? '' જેને પૂછ્યું.

''અલબત્ત મળીશું, જેન ! પણ હવે પછી તમારો કાર્યક્રમ શો છે તે મને કહી શકશો ? ક્યારે જવાનો વિચાર રાખ્યો છે ?''

સુહાસનો અવાજ સહેજ ધ્રૂજતો હતો અને એ માટે તે પોતા

પર સહેજ ચિડાયો પણ ખરો.

"જૂનની પાંચમી કે છઠ્ઠીએ,' જેને જવાબ દીધો.

"ઉત્તમ ! તો તો આપણને બીજા આઠેક દિવસ હજી અહીં મળશે. પણ મારે હવે જવું જોઈએ. હું સુધા સાથે તમારો ભેટો કરાવીશ."

"એ તો ખૂબ આનંદની વાત થઈ પડશે."

બંને છૂટાં પડ્યાં ત્યારે બંનેના મનમાં જુદા જુદા પ્રકારનાં ઘર્ષણ ચાલુ હતાં.

★ ★ ★

રાતના બે વાગ્યા સુધી જેન તેના કૅમ્પકૉટમાં પડખાં ઘસતી રહી. ઊંઘ આવતી જ ન હતી, તેનું ઓશીકું આંસુથી પૂરેપૂરું ભીંજાઈ ગયું હતું.

રડતાં રડતાં તે ઈશ્વરની આગળ કાલાવાલા કરતી હતી. "પ્રભુ દયાળુ ! ક્ષમા કરો ! ફ્રેડ સાથેના અનુભવમાંથી પાઠ શીખી મારે સાવચેત રહેવાની જરૂર હતી. મને તો કંઈ સમજેય ન પડી અને મારું દિલ હું ખોઈ બેઠી. સુધા વિષે મને વહેલી જાણ થઈ હોત તો કેવું સારું ! આ દેશમાં આવા રિવાજ હશે એનો તો મને ખ્યાલ જ ક્યાંથી આવે ? હું તો માની બેઠી કે સુહાસ પૂરો સ્વતંત્ર યુવક છે...."

સુહાસ યાદ આવતાં આંસુની ધાર વહી રહી.

".... મને લાગે છે કે સુહાસને પણ પોતે આઝાદ છે એમ જ લાગતું હશે, નહિ તો એ વિવશ બની ન જાય. મને ખાતરી છે કે એ મને ચાહે છે. પ્રભુ ! હવે અમારે બંનેએ શું કરવું ? મારે લીધે સુહાસને કંઈ વધુ સહેવું ન પડે, એટલું તારી પાસે માગુ છું પ્રભુ."

જેન પોતાની જાતનું દુ:ખ ભૂલી સુહાસની મુશ્કેલીઓનો

વિચાર કરવા લાગી એટલે તેનું મન એની મેળે થાંત થવા લાગ્યું.બીજાનો વિચાર કરવાથી પોતાનું દુઃખ ઘટતું જાય છે. એમ ને એમ થોડી વાર શાંત થઈ એ પથારીમાં પડી રહી. પોતે ઈશ્વર સમક્ષ દોષ કર્યો છે એ વાત યાદ આવતાં હૈયું હાથ રહેતું નહિ, અને જેનની આંખોમાંથી જાણે શ્રાવણભાદરવો વરસી રહેતા. તેનું મન બોલતું," ...આ અજાણ્યા દેશમાં હું તો સાવ અજ્ઞાન જેવી આવી પડી છું. ડગલે ને પગલે મારાથી ભૂલ થઈ જવાનો સંભવ છે, માટે આજથી હું નિશ્ચય કરું છું કે નમ્રભાવે ઈશ્વરની સહાય માગ્યા વિના એક ડગલુંયે નહિ ભરું. પ્રભુ મારી સહાય કરો."

એટલામાં મોટી સવાર થતાં પહેલાં મરઘો બોલ્યો.

તે સાંભળી વિષાદપૂર્ણ મલકાટ સાથે જેન મનમાંને વિચારી રહી : "વગરવિચારે ડગ ભરવામાં હુંયે પ્રભુના પેલા ઉતાવળિયા શિષ્યના જેવી જ છું ને ?" સવારના ઠંડા વાતાવરણમાં તેનું મગજ ધીરે ધીરે ઠંડું પડતું ગયું. પરિણામે થોડી જ પળોમાં શાંતિપૂર્વક તે ઊંઘી ગઈ.

એ પછીના અઠવાડિયામાં ભાષા શીખતા મિશનરીઓની પરીક્ષાઓ પતી ગઈ. અને બે જ દિવસ બાદ બધાનાં પરિણામો જાહેર કરી દેવાયાં. એ પછી યોજાયેલા કાર્યક્રમોમાં જેને માત્ર એક જ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એ કાર્યક્રમ મિશનરી વિદ્યાર્થીઓનો વિદાયસભારંભ હતો. હવે જેનને નીચે ઊતરી જવાને માંડ એકાદ અઠવાડિયું રહ્યું હશે.

એ અરસામાં પોતાની નવરાશના સમયે જેન કંઈ ને કંઈ વાચન કરતી રહેતી. એમ એક દિવસ તે વાંચતી બેઠી હતી ત્યાં એકલા સુહાસને બંગલા તરફ આવતો જોતાં તેને ખૂબ નવાઈ લાગી. એ દિવસે તે એકલો હોય એ વાત તે માની જ ન શકી. પાસે આવતાં સુહાસે અભિવાદન ઉચ્ચાર્યું. જેન તો આશ્ચર્યભરી નજરે તેને જોઈ

જ રહી.

"અરે સુહાસ તમે.........આજે ? અને એકલા ક્યાંથી ? તમારા મહેમાનો ક્યાં ગયા ?" સુહાસના અભિવાદનનો ઉત્તર વાળ્યા વગર જેને પ્રશ્નો પૂછી નાખ્યા.

સુહાસ અંદર આવી આસન લેતાં બોલ્યો, "તેઓ તો બહુ જલદી પાછાં ચાલ્યાં ગયાં.?"

એકાદ અઠવાડિયું રોકાવાનાં હતાં. ને કેમ એકાએક જલદી પાછાં જતાં રહ્યા ?

"તેમના પત્રમાં જણાવ્યા પ્રમાણે તેઓ આવેલાં તો ખરાં, પણ બે જ દિવસ રોકાઈને તેઓ પાછાં ઊપડી ગયાં. આજે બપોરની બસમાં જ મેં તેમને વિદાય કર્યાં."

થોડી નિરાશા અનુભવતાં જેન બોલી, "મને તો આશા હતી કે તમે સુધાને મળવા લઈ આવશો."

"મેં પણ એવો વિચાર રાખેલો, પણ સમયના અભાવે એ બની ન શક્યું."

"મધુબનનાં જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી કે ?"

"બહુ ભરચક કાર્યક્રમ કરેલો એટલે દોડાદોડ બને એટલું ફરી લીધું. ત્યાં તમને મળવા આવવાનો સમય જ ક્યાંથી નીકળે ?"

જેન કંઈ બોલ્યા વગર બેસી રહી.

"અરે, કાકા તો કહેતા હતા કે હું પણ તેમની સાથે જ નીચે ચાલ્યો જાઉં. પણ એ શી રીતે બને ?" સુહાસે કહ્યું.

"એમ? દિલગીર છું કે તમે ન જઈ શક્યા. મને તો લાગે છે કે એમના આગ્રહને માન આપી તમે ઊતરી ગયા હોત તો ઠીક રહેત. વળી સંઘાત પણ કેવો મીઠો મળત ?" જેને મરક મરક હસતાં કહ્યું.

સુહાસના મનમાં થયું કે જેન ખરેખર મશ્કરીના ભાવમાં આમ

કહેતી હશે કે ખરેખર મન દુભાવાથી કટાક્ષ કરતી હશે. ન સમજાવાથી તે મનમાં અકળાઈ ઊઠ્યો. થોડી પળોમાં મન સ્વસ્થ કરી તે પણ હળવા ભાવે બોલ્યો,

"મૅડમ ! એ તો ખરું, પણ પછી મારા પગાર વગર હું શું કરત ?"

"સુહાસ ! તમારી જીભને નહિ પહોંચાય !" સુહાસ સામે ભાવપૂર્વક જોઈ રહેતાં જેન બોલી.

બંનેનાં મન હળવાં થઈ ગયાં. વચ્ચેનો અંતરાય જાણે હઠી ગયો હોય તેમ બંને જણ મોકળાશ અનુભવી રહ્યાં. દિલમાં આનંદનો ઊભરો આવ્યો.

થોડી વાર પછી સુહાસ બોલ્યો, "એક ખૂબ જરૂરી બાબત કહેવાની રહી જાત. 'તમારી સફળતા માટે અભિનંદન !' પરિણામ ખૂબ ઉચ્ચ કક્ષાનું આવ્યું છે."

"આભાર ! બીજા વર્ગમાં સારું ઉચ્ચસ્થાન હું મેળવી શકી છું એ ખરું, પણ એમાં શિક્ષક પણ અભિનંદનનો અધિકારી બને છે......"

જેન આગળ બોલે તે પહેલાં જ સુહાસ બોલી પડ્યો.

" અમારે ત્યાં તો સફળતા પ્રાપ્ત થાય ત્યારે મોં મીઠું કરાવવા પેંડા વહેંચાય છે. તમે મોં મીઠું કરાવશો ને ?"

"જરૂર, જરૂર. કેમ નહિ ? હું તો એમ કહેવા જતી હતી કે માત્ર ત્રણ ગુણથી પ્રથમ વર્ગ ગુમાવ્યો."

"શાબાશ, મૅડમ !" એમ બોલતાં સુહાસે ઉત્સાહપૂર્વક જેન સાથે હાથ મિલાવ્યો.

બંને જણ મુક્તપણે હાસ્ય કરી રહ્યાં.

થોડી ક્ષણો બાદ જેન એકાએક ગંભીર થઈ ગઈ અને નિસાસો નાખ્યો. સુહાસ પણ હસતો બંધ થયો અને બોલ્યો, "અતિ હાસ્ય

સારું ન કહેવાય.''

જેન પોતાની લાગણીઓ કાબૂમાં લઈ સ્વસ્થ થવા મથી રહી હતી તે પર તેનું લક્ષ ગયું.

''ચાલો, અત્યારે કંઈક ફરી આવીએ.''

''એના જેવું રૂડું શું ?'' કહી જેને પોતાની કાંડા ઘડિયાળમાં જોયું. સાડાત્રણ વાગ્યા હતા.

પોતાનું પુસ્તક બાજુમાં મૂકી જેન ઊભી થઈ.''હું જરા તૈયાર થઈ આવું અને કલ્લુને કહું કે તમને એકાદ કપ ચા બનાવી આપે.''

''ભલે, એ તો મને ગમતી વાત થઈ.''

અંદર જતાં જતાં જેન બોલી, ''ખરું પૂછો તો હવે ફરવા જવાની કે સ્થળો જોવાની આશા જ મેં તો છોડી દીધી હતી.''

''મેં પણ !'' સુહાસ બોલીને હસી રહ્યો.

જેન અંદર ગઈ એટલે સુહાસ એકલો પડ્યો. તરત તેનું મન ચકડોળે ચડ્યું. એક તરફ સુધા પ્રત્યે વફાદાર રહેવાની ફરજ તેને તંગ કરતી હતી. બીજી તરફ જેનની સંગત માણવાનું ખૂબ મન થતું. જેનની સંગત ખૂબ મીઠી લાગતી તે જાણે સુધાને છેહ દેવા જેવું ખૂંચતું હતું. વળી સુધા બાળપણની સખી હોઈ લાંબો પરિચય હોવા છતાં જેનની સંગત માટે જેવી ઝંખના અને તલસાટ અનુભવાતો તેવું સુધા અંગે થતું નહિ. આ પરદેશી યુવતીએ શી રીતે પોતાનું મન જીતી લીધું છે ? મને કંઈ સમજાતું નથી. કેવું આ લાગણીઓનું બંધન ? મને તો કંઈ સૂઝ પડતી નથી કે આ બધું શું થઈ રહ્યું છે ? હે પ્રભુ ! તું જે કરે તે ખરું.

# પ્રકરણ : ૭

મધુબનમાંથી વિદાય થઈ છૂટા પડતાં પહેલાં તેઓને થોડા દિવસ એકબીજાની સંગત માણવાની તક મળી તે માટે બંને ઈશ્વરનો આભાર માનતાં હતાં. પણ આ છેલ્લા દિવસો તો જાણે પહેલાં કરતાં બમણી ઝડપે પસાર થઈ જતા હોય એમ લાગતું હતું. જોવા જેવાં બધાં સ્થળો બાકી રહી જતાં હતાં તે ઝડપ કરીને જોઈ નાખ્યાં. આખરે વિખૂટાં પડવાનો દિવસ આવ્યો. બંનેને સામસામી દિશામાં જવાનું હતું. 'મિલન થાય તો છૂટા પડવાનું આવે' એ કુદરતી નિયમ છે.

સુહાસે જેનને પોતાનું સરનામું આપ્યું. આ તેમની એકબીજાને મળી લેવાની છેલ્લી તક હતી.

સરનામું લઈ તે પર નજર નાખતાં જેન બોલી,

"આભાર ! હવે તો પત્ર દ્વારા જ સંપર્ક સચવાઈ રહેશે !"

"ખરું, વિશાલનગર વિષે તો મને પણ કંઈ ખાસ માહિતી નથી. એ પ્રદેશ વિષે હું સાવ અજાણ છું."

"મને પણ એટલી જ માહિતી છે કે ત્યાં એક મોટી મિશન ઈસ્પિતાલ છે, અને મારે તેમાં કાર્ય કરવાનું છે. પણ તમે જાણો છો કે મને એવા કાર્યનું સહેજે આકર્ષણ નથી."

"એટલે જ મારે તમને આગ્રહભરી વિનંતી કરવાની રહે છે કે ત્યાં પહોંચ્યા પછી તમારી અંગત તથા કાર્ય સંબંધી વિગતોનો એક પત્ર વહેલી તકે લખી નાખજો."

"ભલે, પણ મને અહીં સુધી દોરી લાવનાર ત્યાં પણ મારી સાથે જ આવશે એમાં મને સહેજે શંકા નથી."

"તદન સાચું કહ્યું, અને જેન ! મારાથી બીજું કંઈ થાય તેમ

નથી, પણ તમારા માટે શ્રદ્ધાની પ્રાર્થના તો આપણા પ્રભુ આગળ હું રેડી શકીશ.''

''અત્યંત આભાર, સુહાસ !'' જેનને દિલમાં ખૂબ જ રાહત અને આનંદ થયાં. તેના દિલમાં આશ્વાસન મળ્યું કે આ વિશાળ ધરતીમાં મારા માટે ભાવ રાખનાર કોઈક તો છે. બંને જણ ઈશ્વરમાં પૂરી શ્રદ્ધા ધરાવતાં હોવા છતાં માનવસહજ હેતભાવ પણ ઝંખતાં હતાં જ.

''ઈશ્વરનું કરવું કે આ વર્ષે હું અહીં ભાષા શીખવવા આવ્યો અને આપણો બેનો પરિચય થતાં આટલી ગાઢ મિત્રતા બંધાઈ અને વિકસી. એ ખરેખર અદ્‌ભુત જ કહેવાય. હવે આપણે વિખૂટાં થવાનો સમય આવ્યો છે. પેલો મહાન આંગ્લ ભાટ કહી ગયો છે કે 'વિયોગ તો એક મહામધુરું દુઃખ છે' એ આપણે અત્યારે અનુભવી રહ્યાં છીએ.'' આમ બોલતાં સુહાસના અવાજમાં સહેજ ધ્રુજારી આવી ગઈ. તે જેન તરફ એકીટશે જોઈ રહ્યો હતો. જેન મૌન રહી એટલે સુહાસે આગળ ચલાવ્યું,

''જેન, તમારી સંગતને લીધે મધુબનમાંનો મારો સમય સુખમય બની રહ્યો હતો. તમારી ધન્ય સંગત હું કદી ભૂલી શકીશ નહિ.''

ખરું જોતાં તો જેનના મનમાં પણ એવા જ વિચારો રમી રહ્યા હતા પણ લાગણીઓની તીવ્રતાને લીધે તે યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરી શકતી ન હતી. તે તંગ અવસ્થામાં હોઠ બીડીને બીજી દિશામાં જોઈ રહી. બોલવા જતાં ગળું રૂંધાઈ જશે અને શબ્દો નીકળશે નહિ એ બીકે જ તે બોલતી ન હતી. તેના મનમાં વિચારો ચાલી રહ્યા હતા : ''આ સાવ અપરિચિત જેવા પરદેશી યુવકથી વિખૂટા પડતાં મારું મન કેમ છાનું છાનું રડી રહ્યું છે ? માત્ર બે માસની ઓળખાણમાં હૃદય આટલું બધું કેમ ધડક્યા કરે છે ? હું શી રીતે મારાં આંસુના ઊભરાને

રોકું ? મારું મન તો મારી લાગણી જાહેર કરવા આતુર છે.''

પરાણે પોતાના લાગણીતંત્ર પર કાબૂ મેળવી ફિક્કું સ્મિત ફરકાવતાં સુહાસે પોતાનો હાથ લંબાવી કહ્યું,

''જેન, હવે આપણે વિદાય લઈએ.''

જેન તો હજી લાગણીઓ પર કાબૂ મેળવી સ્વસ્થ થઈ જ શકી ન હતી તેથી તેણે હાથ વડે મોં ઢાંકી દીધું. સુહાસ તેનો જમણો હાથ પોતાના હાથમાં લઈ થોડી પળો એમ જ ઊભો રહ્યો. લાગણીઓનાં મોજાં ઊછળતાં હતાં પણ વાણી આવતી ન હતી. આખરે તે બોલ્યો,

''જેન, આપણે વિખૂટાં પડવાનું આવ્યું છે પણ આ કંઈ કાયમનો વિયોગ નથી. માટે આપણી વિદાય સ્મિત સાથેની હોય તે જ યોગ્ય ગણાય, ખરું કે નહિ ?'' આમ બોલી તેણે તેની હડપચીને સ્પર્શ કરી તેનું લજ્જાથી લાલ લાલ થઈ ગયેલું મોં સહેજ ઊંચું કર્યું. બંનેની આંખો એક ક્ષણમાત્ર જ મળી, પણ કેવી અસહ્ય હતી એ પળ !

જેને કશો વિચાર કર્યા વિના આંખો મીંચી દઈને સુહાસના ખભે માથું ઢાળી દીધું. સુહાસે પણ લાગણીથી વિવશ બની જેનને પોતાના બાહુમાં સમાવી લઈ આલિંગનમાં જકડી લીધી, તેની બંધ આંખોમાંથી બે ટીપાં સરીને જેનના સોનેરી વાળમાં સમાઈ ગયાં. આ મિલનની ઉચ્ચપળોમાં તેઓ જાણે એકબીજામાં ઓગળી ગયાં. તેમની વચ્ચે કોઈ ભેદ કે અંતર રહ્યાં નહિ. થોડી જ ક્ષણ બાદ બંને સ્વસ્થ થઈ અલગ થઈ એકબીજાને ભાવપૂર્વક જોઈ રહ્યાં. એકબીજાને મૂક રીતે કહી રહ્યાં 'આ ઐક્ય સદા જાળવી રાખીશું.'

''જેન, આવજો ! પ્રભુનો આશીર્વાદ તમારા પર હો,'' કહી સુહાસે જેન સાથે હાથ મિલાવ્યો.

''સુહાસ, આવજો ! તમારા પર પણ પ્રભુની આશિષ વરસો!'' જેને ઉત્તર વાળ્યો.

મધુબનનું ધીર, ભવ્ય જીવન તો એક સ્વપ્નની પેઠે ઝપાટાબંધ

પૂરું થઈ ગયું. બીજા જ દિવસે સવારની બસ પકડી સુહાસ ધર્મપુર ઊપડી ગયો. બીજે દિવસે જેન પણ શાંતિપુર થઈ વિશાલનગર જવા ઊપડી ગઈ. એ ઉનાળાની રજાના દિવસો હવે માત્ર મધુર સ્મૃતિ જેવા બની ગયા. રજા પૂરી થયાને એક પખવાડિયુંયે વીતવા આવ્યું હતું. જેન વિશાલનગરની ઈસ્પિતાલમાંના ભારે પરિશ્રમ માગનારા કાર્યમાં ગળાડૂબ ઊતરી ગઈ હતી. અહીં તેને જીવનની અનેક વાસ્તવિકતાઓનો અનુભવ થવા લાગ્યો હતો.

વિશાલનગરની મોટી ઈસ્પિતાલના જટિલ સંકુલમાં જેનનું કાર્યક્ષેત્ર સમાઈ જતું હતું. એનાં વિશાળ મકાનોમાં મોટા મોટા વૉર્ડ, આધુનિક સુવિધાવાળી સ્પેશિયલ રૂમો, જુદા જુદા વિભાગવાર અલગ અલગ વૉર્ડ, લૅબોરેટરીઓ, ઑપરેશન થિયેટરો, સ્ટોર્સ, રસોડાં, કૅન્ટીનો, બહારના દર્દીઓનો આલીશાન વિભાગ વગેરેનો સમાવેશ થતો હતો. શ્વેત ગણવેશમાં ઝડપથી આવજા કરતી નર્સો, જેન જેવી અનેક સિસ્ટરો, કમ્પાઉન્ડરો, વૉર્ડબૉય અને બીજા અનેક સહાયક કર્મચારીઓના સંકુલને કાર્યમાં પરોવાયેલા રાખતા મુખ્ય તેમ જ સહાયક ડૉક્ટરો આખો વખત દર્દીઓનું કામ કરવામાં ડૂબેલાં રહેતાં હતાં.

તટસ્થપણે જોનારને એક ભવ્ય નાટક ભજવાઈ રહેલું જણાતું. તેમાં દર્દીઓના ઊંહકાર અને હાયકારા, બાળકોની ચીસાચીસ, કર્મચારીઓની દોડધામ અને સૂચન આદેશોના અવાજ વગેરે પોત-પોતાના ભાગ ભજવતા. અત્યારે ચોમાસાની ઋતુ હોઈ આ બધાંમાં વરસાદનો ધીર, ગંભીર સૂર ઉમેરાતો ત્યારે ઓર રંગ જામતો. સમસ્ત સ્ટાફનો પરિશ્રમ અતિ ભારે જોવા મળતો, કારણ કે તેઓ દુઃખે પીડાતી માનવજાતની સેવા કરવાની પ્રેરણા પામેલાં માનવી હતાં.

આ ઘટમાળમાં જેન પણ નિયમિત ફરજ પર હાજર થતી, કાર્ય કરતી અને સમય થતાં ઘેર પાછી જતી. એક મહાન યંત્રની માફક બધાં ચક્રો નિયમ પ્રમાણે ફર્યા કરતાં ન હોય એમ જેનને ઘણી

વાર મનમાં થતું. એ ચક્રોની ગતિને લીધે મશીન ગતિમાં રહેતું. જેન જ્યારે સાંજે ડ્યૂટી પરથી પાછી ફરતી ત્યારે તે જાણે પંખી તેના માળામાં વિસામો લેવા પાછું ફરતું હોય એવા ભાવ અનુભવતી.

એક દિવસે ઈસ્પિતાલમાંથી પાછી ફરીને થાકની મારી ગણવેશ ઉતાર્યા વિના જ બિછાનામાં આડી પડી. તે દિવસે જાણે તેને ખૂબ જ થાક લાગ્યો હતો. કશું જ કરવાનું મન થતું ન હતું. આ શારીરિક કરતાં માનસિક થાક વધુ હતો. બહાર વરસાદ વરસી રહ્યો હતો અને અંધકારનું રાજ પુરબહારમાં જામ્યું હતું. બિછાના પર પડ્યાં પડ્યાં બહાર છાંટાનો એકધારો આવતો અવાજ એ સાંભળી રહી. ખંડમાંનો રાત્રિદીપ ઝાંખો પ્રકાશ પાથરી રહ્યો હતો. બહારનું વાતાવરણ ખાસું ઠંડું થઈ ગયું હતું, પણ ખંડમાં તો ઠીક ઠીક હૂંફાળું જણાતું હતું. અચાનક જેનનું મન સ્મૃતિ અને કલ્પનાની પાંખો પર ચડી મધુબન પહોંચી ગયું અને ત્યાં વિહાર કરી રહ્યું.

વિશાલનગરનું એકધારું જીવન જેનને અસહ્ય લાગતું અને તેમાં મધુબનના જીવનની સ્મૃતિ જ કંઈક આશ્વાસનરૂપ બની રહેતી. એક પછી એક પસાર થતા દિવસો કશા વૈવિધ્ય વગરના નીરસ થઈ રહેતા. જેનના હાથ નીચેની નર્સો અને વિદ્યાર્થિનીઓ તેના આદેશનું બરાબર પાલન કરતી. બીજા સાથી કાર્યકરોમાં પણ તેના પ્રત્યે સારો આદરભાવ હતો. ડૉક્ટરો, અન્ય સિસ્ટરો, મેટ્રન વગેરે પણ તેના કાર્ય તથા સ્વભાવથી તેના પ્રત્યે સારો ભાવ ધરાવતાં. પણ અહીં તેને સોંપેલા કાર્યમાં તેનું મન ખૂંપતું ન હતું. એને લાગ્યા કરતું કે આવું કાર્ય કરવા ઈશ્વરે તેને ભારત આવવા પ્રેરણા આપી નથી. પોતાના સહકાર્યકરો કે હાથમાં સોંપાયેલા કાર્યમાં તેને રસ જ જણાતો નહિ. તેનું મન કંઈક નિરાશા જ સેવ્યા કરતું. અહીંની આ મોટી ઈસ્પિતાલનું કાર્ય તેને અમેરિકાની કોઈ મોટી ઈસ્પિતાલના કાર્ય કરતાં સહેજે જુદું લાગતું ન હતું. આમાં મિશનરી સેવા ક્યાં આવી ?

વિશાલનગરમાં આવ્યા પછી બીજા માસમાં બનેલી એક ઘટનાએ તેના મનમાં ઊંડી છાપ પાડી. મધ્યપૂર્વમાંથી આવેલી બે વ્યક્તિઓ દર્દી તરીકે ઇસ્પિતાલમાં દાખલ થઈ. તેઓ શ્રીમંત હતા અને સ્પેશિયલ રૂમોમાં રહ્યા. તેમની ફરિયાદો ઘણી વિચિત્ર હતી. જેનને તેમ જ સ્ટાફમાંનાં ઘણાંને એમની વિચિત્રતા અકળ લાગી.

એ લોકોએ સ્ટાફના છેક નીચલી કક્ષાના નોકરો પાસે નહિ જેવાં કામ કરાવીને પ્રમાણમાં વધુ નાણાં બક્ષિસરૂપે આપી તેમને રાજી રાખવા માંડ્યા. એ રીતે થોડા સમયમાં આખા સ્ટાફથી તેઓ માહિતગાર થઈ ગયા. તેઓ વિદ્યાર્થીનર્સોનો વધુ સંપર્ક કેળવવા લાગ્યા. તેમને નાણાં તેમ જ નાના પ્રકારની ભેટો આપવા માંડી. કેટલીક નર્સોએ ઇસ્પિતાલની શિસ્ત તોડવાની અનિચ્છા દર્શાવી ભેટસોગાદ લેવા ઇન્કાર કર્યો, પણ કેટલીય શોખીન વૃત્તિવાળી લાલચનો સામનો કરી ન શકી અને છાનીમાની ભેટો સ્વીકારવા લાગી. સંસ્થાને કોઈ દાન આપવા માગે તો આભારસહ સ્વીકારવામાં આવતાં, પણ સારવાર ચાલતી હોય ત્યારે સ્ટાફની કોઈ પણ વ્યક્તિ દર્દી કે તેનાં સંબંધીઓ પાસેથી ભેટસોગાદ લઈ શકે નહિ એવો કડક નિયમ હતો. આથી મધ્યપૂર્વના દર્દીઓનો વહેવાર વાંધાજનક હતો. તેઓની પ્રવૃત્તિ વિષે પ્રથમ તો કોઈ જવાબદાર વ્યક્તિઓને શંકા આવી નહિ, પણ થોડા સમયમાં જ સ્ટાફમાં ચણભણ ચાલી અને કેટલીક સ્ટાફનર્સોના વહેવાર શંકાજનક જણાવા લાગ્યા. જેનને તેના પોતાના વૉર્ડમાં પણ કંઈક અજુગતું ચાલી રહ્યાની ગંધ આવવા લાગી.

એક દિવસ જેન દૈનિક નિયમ મુજબ સ્પેશિયલ રૂમોમાં રાઉન્ડ પર નીકળી. એક રૂમમાં દાખલ થતાં જ તેણે જોયું તો એક જુનિયર નર્સ દર્દી પાસેથી કશુંક સ્વીકારી રહી હતી. દર્દી મધ્યપૂર્વનો શ્રીમંત માણસ હતો. નર્સ ઘણી સુંદર દેખાવની હતી. સિસ્ટર જેન આમ અચાનક રૂમમાં દાખલ થઈ તે જોઈ નર્સ તો હકબક થઈ ગઈ. તેણે

કંઈક વસ્તુ હાથમાંથી ગણવેશના ખિસ્સામાં ઝટઝટ સરકાવી દીધી અને સમયસૂચકતા વાપરી દર્દીને દવા પાવાનો દેખાવ કરતાં દવાની પ્યાલી દર્દીને આપવા માંડી. દર્દી પણ ચાલાક હોવાથી પ્યાલી લઈ પીવાનો દેખાવ કરી રહ્યો. જેન આ બધો ખેલ સમજી ગઈ. તે પાસે ગઈ અને પ્યાલી લઈ દવા શીશીમાં પાછી રેડી દેતાં નર્સને કહ્યું, "દવા ક્યારે ક્યારે આપવી તે શીશી પરના લેબલમાં લખેલું જ છે તે ફરી વાંચી જોજો." એટલું જ બોલી તે રૂમ બહાર નીકળી ગઈ. દર્દીની હાજરીમાં નર્સને કંઈ વધારેઓછું કહેવું ઠીક નહિ એમ તેને લાગ્યું.

સિસ્ટર જોન્સ બહાર ગઈ એટલે જુનિયર નર્સે રાહતનો દમ ખેંચ્યો. રૂમમાં થોડી પળો વધુ રોકાઈ તે બહાર નીકળી, પણ ત્યાં તો સિસ્ટર જોન્સ બહારની પરસાળમાં તેની રાહ જોતી ઊભેલી જણાઈ. જેન તેને બારોબાર પોતાના નિવાસે લઈ ગઈ. સ્તબ્ધ થઈ ગયેલી નર્સને ત્યાં પહોંચતાં જ આજ્ઞા કરી કે તમારા ખિસ્સામાંની વસ્તુઓ પેલા ટેબલ પર ખાલી કરો. નર્સના મોં પરથી તો લોહી જ ઊડી ગયું. તેને છટકવાની કોઈ જ બારી હવે ન રહી. તેણે મૂંગા મૂંગા ખિસ્સું ટેબલ પર ખાલી કર્યું. એક પેન, રૂમની ચાવી અને એક તદ્દન નવી કાંડા-ઘડિયાળ. તેની રોજની વપરાતી ઘડિયાળ તો કાંડે બાંધેલી જ હતી. શરમની મારી તે નીચું જોઈ રહી. જેને પૂછપરછ કરી તો તેણે કબૂલ કર્યું કે એ નવી ઘડિયાળ પેલા દર્દીએ અત્યારે જ તેને આપી હતી.

આ ભ્રષ્ટાચારનો જેને સામનો કરવા માંડ્યો ત્યારે સ્ટાફની ઘણી વ્યક્તિઓ નારાજ થઈ. તેના હાથ નીચેનામાં તેમ જ બીજામાં અણગમતી થઈ પડવાના ભોગે પણ જેને આ દૂષણને જડમૂળથી દૂર કરવાનો નિશ્ચય કર્યો. ડ્યૂટી પૂરી થયા પછી એના વિભાગની બધી નર્સોને તેણે પોતાના નિવાસે બોલાવી. 'સિસ્ટર'ના બેઠકખંડમાં બધી ભેગી

થઈ એટલે સિસ્ટર જોન્સે કહ્યું,

"બહેનો, સ્પેશિયલ રૂમોમાં મધ્યપૂર્વના દેશોમાંથી અમુક શ્રીમંત વેપારીઓ દાખલ થયેલા છે. તેઓ ભેટસોગાદો અને પૈસા આપી આપણામાંની કેટલીક બહેનોને લાલચમાં નાખે છે એ મારી જાણમાં આવ્યું છે. આ એક ભ્રષ્ટાચાર છે. આપણી સંસ્થાની શિસ્તની વિરુદ્ધ છે. તમારામાંથી કોઈએ કશું લીધું હોય તો અત્યારે અહીં કબૂલાત કરીને એ ભેટો એ લોકોને પરત કરી દેવી એ જ યોગ્ય માર્ગ છે. હું આ બાબત અહીં જ પતાવી દેવા માગું છું. મારે મેટ્રન સુધી આ બાબત પહોંચાડવી નથી. માટે હિંમતપૂર્વક કબૂલાત કરશો એવી આશા રાખું છું."

બેએક મિનિટ તો શાંતિ છવાઈ રહી. કોઈ કશું બોલ્યું નહિ, એટલે જેને ફરી કહેવા માંડ્યું, "આ વાત આગળ ન જાય તેમાં તમને જ લાભ છે. માટે સાચું કહી દેવામાં જ તમારું હિત છે. તમે સચ્ચાઈથી વર્તશો તો મને તેથી ગર્વ થશે."

જેનની આવી ખાતરી પછી ત્રણ જણી તાજી જ સ્ટાફનર્સમાં બઢતી પામેલી તે, અને પાંચ વિદ્યાર્થી નર્સોએ હિંમત કરીને શરમાતાં શરમાતાં કબૂલ કર્યું કે અમે કંઈ ને કંઈ ભેટો સ્વાકારી છે. એ એક અદ્‌ભુત દૃશ્ય હતું. એ બધી વીસ વર્ષની અંદરની નિર્દોષ કન્યાઓ જ હતી. કેટલીક કીમતી ચીજવસ્તુઓ, કેટલીક કાંડાઘડિયાળો તો કેટલીકને સૌંદર્ય પ્રસાધનો મળ્યાં હતાં. બે જણે જાહેર કર્યું કે અમને પણ એ લોકોએ કંઈક આપવા કહેલું પણ અમે લેવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. કેટલીકને એવી લાલચનો સામનો કરવાનો પ્રસંગ જ આવ્યો ન હતો.

એ બધાંની પ્રામાણિક કબૂલાત માટે જેને તેમને ધન્યવાદ આપ્યા. પછી વધુમાં કહ્યું,

"તમારામાંથી ઘણીખરી નર્સ બહેનો સારાં ખ્રિસ્તી કુટુંબોમાંથી આવી

છે. નર્સ તરીકેના નિયમોનું પાલન કરવું એટલું બસ નથી પણ એથીયે ઉચ્ચ ખ્રિસ્તી આદર્શને અનુરૂપ સારાં ખ્રિસ્તીને છાજે એવું જ આપણું આચરણ હોવું જોઈએ. એના પર સમસ્ત સ્ટાફની અને ઈસ્પિતાલની આબરૂ અવલંબે છે એ આપણે હંમેશા યાદ રાખવાનું છે.

"શરૂશરૂમાં આ દર્દીઓ સારી રીતે દવાખાનામાં રહેતા હતા. તેઓ ઈસ્પિતાલની શિસ્ત બરાબર પાળતા પણ પાછળથી મારા જોવામાં આવ્યું કે ઘણી બાબતોમાં તેઓ વધુ પડતી છૂટ ભોગવતા હતા. અને તે અમારી મહેરબાનીને લીધે જ. તમે ભેટસોગાદ સ્વીકારો પછી તેમની શરમ ભરવી જ પડે ! તેઓ તો ગમે તે વૉર્ડમાં લહેરથી ફરતા દેખાતા. એ શી રીતે શક્ય બન્યું ? તેઓએ તમારી સાથે વધુ પડતી છૂટ લેવા માંડી છે, એવું મારા સાંભળવામાં આવ્યું હોત તોયે મને નવાઈ ન લાગત. મારે તમને અહીં બોલાવી આ વાત કરવી પડી અને તમારો સમય લેવો પડ્યો માટે દિલગીર છું." પણ આપણા આ મિલનથી તમને લાભ થશે એવી મને શ્રદ્ધા છે.

આ બાબત બન્યા પછી સ્ટાફનર્સો તેમજ અન્ય સ્ટાફનો જેન પ્રત્યે આદરભાવ ખૂબ વધી ગયો. કેટલાકને તેનું આ પગલું ન ગમ્યું અને તેઓ પીઠ પાછળ હલકું બોલતાં. વળી જેને કરેલી આ ખાનગી તપાસના પરિણામરૂપે પેલા વિદેશી દર્દીઓ ઈસ્પિતાલમાંથી રજા લઈ ચાલ્યા ગયેલા.

એ પછી થોડા દિવસ બાદ વિશાલનગરના એક દૈનિક પત્રે એ બે શ્રીમંત વિદેશી દર્દીઓ સંબંધી ચોંકાવનારી વાતો તેમના પત્રમાં જાહેર કરી. પત્રમાં અગ્રભાગે મોટાં મોટાં મથાળાં બાંધી જાહેર કર્યું કે એ બે જણા તો આખા દેશભરમાં પથરાયેલી ટોળીના સભ્યો હતા અને તેઓનું કાર્ય સુંદર નિર્દોષ બાળાઓને લાલચ આપી ભોળવીને મધ્યપૂર્વના દેશોમાં લઈ જવાનું હતું. ત્યાં તેઓને ફસાવીને અનૈતિક ધંધામાં વેચી દેવામાં આવતી. મુંબઈની છૂપી પોલીસે તપાસ ચલાવી તેઓની ધરપકડ કરી ન હોત તો તેઓની ખરી પ્રવૃત્તિથી વિશાલ-નગરમાં અને મિશન ઈસ્પિતાલમાં ખબરેય ન પડત.

# પ્રકરણ : ૮

એક દિવસ સાંજે જેન દવાખાનેથી છૂટી ઘર તરફ જઈ રહી હતી. મેટ્રન ઈસ્પિતાલ તરફ જતાં હતાં. બન્ને રસ્તામાં ભેટી ગયાં. અરસપરસ અભિવાદન કર્યા પછી મેટ્રને પૂછ્યું,

"જેન, ઈસ્પિતાલના કાર્યમાં તમને મઝા પડે છે ને ?"

"હું અહીંના આ માળખામાં ગોઠવાવા મહેનત તો કરી રહી છું. વધુ ચોક્કસ વાત તો થોડા વધુ સમય પછી કહી શકાય."

"કેમ વારુ ? તમને અહીં આવ્યાને તો બે માસ જેટલો ખાસો સમય થયો છે, નહિ ?"

"હા એ તો ખરું, એટલો વખત વીત્યો છે ખરો." આ વાક્ય તો જેન જાણે સ્વગત જ બોલતી હોય તેમ બોલી.

જાજરમાન પ્રભાવશાળી મેટ્રન મિસ સ્મિથ જેન તરફ સહેજ મોં મલકાવી ઈસ્પિતાલ તરફ ચાલતાં થયાં. જેન એના મનની મૂંઝવણમાં વિચિત્ર ચાલે ચાલતી મેટ્રન તરફ જોતી ત્યાં જ ઊભી રહી ગઈ. તેમનો પ્રશ્ન અને પોતાનો જવાબ વાગોળતી જેન ત્યાં થોડો સમય સ્થિર થઈ રહી. પછી ધીમે ધીમે તેના આવાસ તરફ ચાલતી થઈ.

પોતાના ઘરમાં દાખલ થઈ બેઠકખંડમાંના આરામાસન પર જાણે ફસડાઈ પડી. તે વિચારી રહી કે મેટ્રનના પ્રશ્નનો ચોક્કસ જવાબ તેની પાસે ન હતો. એ પ્રશ્ન તો મનમાં અનેક વાર ઊઠ્યો હતો અને જવાબ વિના જ શમી જતો હતો.

આસન પર પડ્યાં પડ્યાં આ મોટી ઈસ્પિતાલ, એનું વાતાવરણ, પોતાને સોંપાયેલી કામગીરી, એ બધું તેના મગજમાં ચકરાવે ચડ્યું.

જાણે એક વંટોળિયો ચકરાવો લઈ રહ્યો હોય. અહીં જે કામ તેને કરવાનું હતું તેમાં, અને અમેરિકામાં તે જે કામ છોડી અહીં આવી હતી તેમાં, તેને કશો ફરક જણાતો ન હતો. તે ધારતી હતી કે અહીં મરાઠી બોલવાની તક મળશે. કેટલી હોંશથી ખૂબ જહેમત ઉઠાવી તેણે મધુબનમાં મરાઠીનો અભ્યાસ કરેલો. પણ અહીં તો લગભગ બધાં જ તેની સાથે તેમ જ એકબીજા સાથે બધો જ વહેવાર અંગ્રેજી દ્વારા ચલાવતાં. મરાઠી બોલવાનો ભાગ્યે જ પ્રસંગ મળતો, તેથી તેને ખૂબ નિરાશા રહેતી.

જેન તો ખાસ કરીને ગામડાની પ્રજાની સેવા કરવા ઝંખતી, પણ આ મોટી ઇસ્પિતાલમાં એવા લોકોનાં તો તેને દર્શન પણ થતાં નહિ. એ પણ નિરાશાજનક બાબત હતી. વળી કમનસીબે તેની ડ્યૂટી તો સ્પેશિયલ રૂમોમાં નક્કી કરાઈ હતી. આથી તેને તો શહેરના શ્રીમંત લોકોની જ સારવાર કરવાની આવતી. કોણ જાણે ક્યાં સુધી આવી મોટી ઇસ્પિતાલમાં સુખી સમૃદ્ધ લોકોની સારવાર કરવી પડશે, અને ગ્રામીણ પ્રજાજનની થોડીઘણીયે કદી સેવા કરવાની તક મળશે કે કેમ તે શંકા તેના મનમાં ઘૂમરાયા કરતી હતી. એ તકના અભાવથી વારંવાર તે બેચેન બની જતી. બધી રીતે વિચાર કર્યા પછી કંઈક પગલું ભરવાનું તેણે નક્કી કર્યું. મેટ્રનને રૂબરૂ મળીને પોતાની ભાવના વિષે તેણે વાત કરી લેવી, અને તે કોઈ ઉપાય સૂચવે એવી વિનંતી કરવી, એવો નિર્ણય તેણે મનોમન લીધો.

મેટ્રન મિસ સ્મિથનો સ્વભાવ ઘણો માયાળુ હતો. જેનને ખાતરી હતી કે મારી વાત તે સહૃદયતાથી સાંભળી લેશે. હું કોઈ નાના ગામડાની ડિસ્પેન્સરીમાં બદલી માગી લઈશ અને મેટ્રન મારી ઝંખના ચોક્કસ સમજશે. આવા વિચારો પછી તેને મનનો ભાર હલકો થતો લાગ્યો અને સ્વસ્થતા આવવા લાગી. એ પછી થોડી વારે ઊઠી, કપડાં બદલી, મોં ધોઈ, બધાં સાથે ભોજન લેવા ભોજનખંડ તરફ ચાલી.

એક વાર લાંબો સમય સતત વરસાદ ચાલુ રહ્યો. તેથી વિશાલનગરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયાં. શહેરનો વાહનવહેવાર ખોરવાઈ ગયો. પ્રજાજીવન તદ્દન થંભી ગયું. શહેરના નીચાણના ભાગો તો પાણીમાં ડૂબી જ ગયા. સવારના તો દર્દીઓ આવી ન શક્યા પણ બપોર પછી થોડી વાર વરસાદ અટકયો કે તરત દર્દીઓ દવાખાને આવવા શરૂ થઈ ગયા. કેટલાક તો ઢીંચણ સુધીનાં પાણી ડહોળીનેને આવ્યા હતા. પૈસા ખર્ચી શકે તેવાં ઘોડાગાડીઓમાં અને કેટલાક શ્રીમંતો પોતાની મોટરોમાં આવ્યા હતા. મોટરમાં આવનારનાં દર્દ મોઘાં હશે અને પગે ચાલનારનાં સસ્તાં હશે એમ તો શી રીતે કહેવાય?

તે દિવસે સવારે જ સુહાસ વિશાલનગર આવી પહોંચેલો, પણ ભારે વરસાદને લીધે સ્ટેશનમાં જ ભરાઈ પડેલો. વરસાદ હળવો થતાં ઘોડાગાડી કરી તે મિશન ઇસ્પિતાલ પહોંચ્યો. આવડા વિશાળ સંકુલમાં જેનની શોધ પણ જરા મુશ્કેલ થઈ પડી. સારા સંજોગે જેન તે સમયે ડ્યૂટી પર હતી એટલે બીજી નર્સોએ તેને માહિતી આપી તે પ્રમાણે સુહાસ વૉર્ડમાં જેનને જઈ મળ્યો. ત્રણ માસ પછી આ તેમનો મેળાપ થયો હતો.

એકબીજાની ખબરઅંતર પૂછતાં પૂછતાં તેઓ ઉપરથી નીચે આવી ગયાં અને લાંબી ઓસરીને છેડે પહોંચ્યાં.

''સુહાસ ! હું તો અત્યારે ડ્યૂટી પર છું તેથી તમારી સાથે ઘેર આવી ન શકું. માફ કરજો.'' ઉપલા પગથિયે ઊભી ઊભી જેન બોલી.

''અરે, તમે ડ્યૂટી પર છો એ વાત જ મારા ખ્યાલમાં ન રહી. તમે ક્યારે છૂટશો ?'' સુહાસ પગથિયાં ઊતરી જેન તરફ ફરીને બોલ્યો.

''હજી ત્રીસપાંત્રીસ મિનિટની વાર છે. અત્યારે ઘેર આવવાનો કોઈ વાંધો તો નથી, પણ એવી છૂટ લેવાનું હું પસંદ કરતી નથી.

તો એટલો સમય તમારે...'' જેન બોલી રહી હતી.

અધવચ્ચે જ સુહાસ બોલી પડ્યો, ''.... ગમે ત્યાં હું પસાર કરી લઈશ.''

પણ એટલામાં તો ગણવેશના ખિસ્સામાંથી હાથ કાઢી સુહાસ તરફ લંબાવતાં જેન બોલી,

''ના, ના, એમ તે હોય. લો, આ ચાવી, અને મારા નિવાસે જઈ હાથમોં ધોઈ તાજા થાઓ અને થોડો આરામ લો. તેવામાં હું ઝટ આવી પહોંચું છું.''

ચાવી લેતાં ખભા ઉલાળતાં સુહાસ બોલ્યો,

''લાગે છે તો એવું કે તમારે ખાસી વાર થશે અને મારે એકલા બેઠાં બેઠાં બગાસાં ખાધા કરવાં પડશે.''

''મહેરબાની કરી મારે ત્યાં જઈને બેસો તો ખરા !''

''ભલે, મૅડમ ! પણ તમે રહો છો ક્યાં ?'' હસીને સુહાસે પૂછ્યું.

''એ તો ઝટ મળે તેવું છે. આ બગીચાની વાડે વાડે એક કેડી જાય છે. તે કેડીએ જશો તો આગળ મકાનો દેખાશે, એ વટાવી આગળ જશો તો જમણા હાથે એક બંગલો જોશો. એ બંગલાના પહેલા અડધા ભાગમાં હું રહું છું.''

''આભાર !'' કહી સુહાસ જવા લાગ્યો. તેવામાં જેન ઉતાવળે બોલી,

''પહેલું દ્વાર જ ખોલજો, સુહાસ ! બીજા અડધા ભાગમાં સિસ્ટર હ્યૂમ રહે છે.''

માથું હલાવી સુહાસ ચાલતો થયો.

જેનની સૂચના પ્રમાણે સુહાસ ઝટ બંગલે પહોંચી ગયો. તેનો રેઈનકોટ અને હૅટ બહાર વરંડામાં ખીંટીએ ટાંગ્યાં. બહાર પડેલા

પગલુછણિયા પર બૂટ ઘસી સાફ કર્યા. તે પછી ચાવી લગાડી દ્વાર ખોલ્યું. અંદર બારણે લટકતો પડદો ખસેડી બેઠકખંડમાં પ્રવેશ કર્યો. ખંડ જોકે નાનો પણ સુરુચિપૂર્વક સજાવેલો હતો. ટિપોઈ પર કેટલાંક સામયિકો અને વર્તમાનપત્ર પણ પડેલાં હતાં. સુહાસે એક મેડિકલ જર્નલ ઉપાડી પાનાં ઉથલાવી જોયાં. તે પાછું મૂકી દઈ રૂમાલથી મોં લૂછી પગ લંબાવી થોડી વાર આરામાસન પર બેસી રહ્યો. વળી બીજું એક મૅગેઝીન લઈ તેમાંના એક લેખ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ ચિત્ત સ્થિર થયું નહિ.

તેનું મન જેનના જ વિચારો વાગોળી રહ્યું. મને અચાનક જોતાં તેનો ચહેરો કેવો ખીલી ઊઠ્યો હતો? તેણે કહ્યું પણ ખરું કે મારે તો તમારી સાથે ઘણી ઘણી વાતો કરવાની છે ! જેનના અહીં ગુજરતા જીવન વિષે જાણવા તેની જિજ્ઞાસા તીવ્ર બની ગઈ. જેને કહેલું કે અર્ધાએક કલાકમાં આવી જઈશ, પણ સુહાસને એટલો સમય પણ ખૂબ લાંબો લાગવા લાગ્યો. તેની મીટ તો બારણે જ મંડાયેલી રહી.

આખરે જેનનાં પગલાં સંભળાયાં, અને મન ઝૂમી ઊઠ્યું. ગરમ વાતાવરણમાં ઠંડા પવનની લહરી આવે તેમ જેનનું અંદર આવવું સુહાસને લાગ્યું. દ્વારનો ખસેડેલો પડદો સરખો કરી જેન પળવાર ત્યાં જ થંભી ગઈ. તેના મોં પર સ્મિત ચમકી રહ્યું હતું.

બીજી જ પળે બંને ગાઢ આલિંગનમાં જકડાઈ ગયાં.

''મારે તો જાણે યુગોની રાહ જોવી પડી એવો અનુભવ થયો, જેન !'' થોડી વારે સ્વસ્થ થતાં સુહાસ બોલ્યો.

''મને લાગતું હતું કે દવાખાનાની બધી ઘડિયાળો બંધ થઈ ગઈ છે કે શું ?'' જેન બોલી.

જેન ટેબલ પરનો લૅમ્પ સળગાવતાં બોલી,

''સુહાસ, અંધારે બેસી રહ્યા તે કરતાં લૅમ્પ સળગાવ્યો હોત તો ? જોકે હજી સાંજના ચાર જ વાગ્યા છે પણ ખૂબ અંધારું થઈ

ગયું છે.''

''મને તો અંધારું થાય છે તે ખ્યાલમાં આવ્યું નહિ. મારું મન તો તમારા જ વિચારોના ચક્કરમાં ઘૂમી રહ્યું હતું.''

સુહાસ હવે નિરાંતે એક ખુરશી પર બેઠો.

''હું તો થોડીક મિનિટ વહેલી છૂટીને આવી છું.''

''આભાર તમારો અને ઈશ્વરનોયે કે આપણને આવી મળવાની તક આપી.''

''હાસ્તો !'' કહી જેન અંદર જવા લાગી. પણ તરત જ તેણે યાદ આવ્યું કે સુહાસે હજી તેનો ગણવેશ ધ્યાનમાં લીધો લાગતો નથી. ગણવેશમાં મળવાનો આ પહેલો પ્રસંગ હતો.

''આ મારા ગણવેશ પર તો તમારું ધ્યાન ગયું લાગતું જ નથી. કેવો લાગે છે ?'' એમ કહી ફોટા માટે ઊભી હોય તેમ સુહાસ સમક્ષ ઊભી રહી.

જેન તરફ નિરીક્ષકની નજરે જોઈ રહી સુહાસ બોલ્યો,

''તમે ખૂબ સુઘડ અને સુંદર લાગો છો !'' જેન અત્યારે હળવા રમૂજના મિજાજમાં છે તે જોઈ સુહાસે ઊભા થઈ તેનો હાથ પોતાના હાથમાં લીધો અને તેના પર પોતાના હોઠ હળવેથી દાબ્યા. એનાં પ્રત્યુત્તર રૂપે જેન પણ રાજકુંવરીની અદાથી ઘૂંટણેથી સહેજ નમીને બોલી, ''આભાર !''

સુહાસ તેના આસને બેઠો. બંને જણ આ ચેષ્ટા પર ખુલ્લા દિલે હસી પડ્યાં. જેન કપડાં બદલવા અંદરના રૂમમાં ગઈ.

જેન ઘરનો પહેરવેશ પહેરી બહાર આવી ત્યારે સુહાસ પોતાની કાંડા ઘડિયાળ તથા ટેબલ પરની ઘડિયાળ તરફ જોતાં બોલ્યો,

''હમણાં તમે કહેતાં હતાં ને કે દુનિયાની બધી ઘડિયાળો બંધ પડી ગઈ છે કે શું ? હવે મને લાગે છે કે બધી ઘડિયાળો બમણી ઝડપે ચાલવા લાગી છે !''

ખુરસી પર બેસતાં જરા ગંભીર ભાવે જેન બોલી,

"તમારે પાછા જવાની ઉતાવળ તો નથી ને ? હવે સમય આપણો જ છે."

"ખાસ ઉતાવળ તો નથી, પણ એક મિત્રે મને ચાપાણી માટે ખૂબ આગ્રહથી બોલાવ્યો છે. અણધાર્યો જ મળી ગયેલો. તેને ત્યાં જવું પડે તેમ છે."

"તમે ખરા આમ વંટોળિયાની પેઠે અણધાર્યા આવી ચડો અને પાછા મિત્રને ત્યાં જવાનું રાખો...." જેને વાક્ય પૂરું ન કર્યું.

"આવતા પહેલાં જણાવ્યું નહિ તે તમને ઠીક ન લાગ્યું ખરું ને ?"

"મને એ ન ગમે તો હું શું કરું ?"

"મૅડમ, હું સાચે જ દિલગીર છું. પણ સાચું કહું તો મારે આવવાનું એવું અણધાર્યું ઊભું થયું કે ખબર આપવાનો સમય જ રહ્યો નહતો."

"ચાલો, એ વાત જવા દો. પણ તમે આવ્યા એ મારે મન અતિ આનંદની વાત છે."

"મને પણ ઓછો આનંદ નથી. તમને ઓછું આવે એવો મારો કોઈ ઇરાદો ન હતો. હું લાચાર હતો કે ખબર ન અપાઈ."

"તો ચાલો, હવે સમયપત્રક નક્કી કરી લઈએ. બોલો, એકાદ દિવસ તો રોકાશો ને ? કે પછી...."

"મારે રાતની જ મોડે ઊપડતી ગાડીમાં પાછા ગયા વિના ચાલે એમ નથી." સુહાસ બોલ્યો.

"તો પછી સાંજનું જમવાનું મારી સાથે રાખો."

"ઘણું મઝાનું. ચાપાણી મિત્રને ત્યાં, અને રાતનું જમવાનું તમારે ત્યાં કરવું, બરાબર ને ?"

"ચાપાણી માટે ક્યારે જવાનું કહ્યું છે ?"

"પાંચેક વાગતાં જવાશે તો ચાલશે. અમારે ત્યાં તો થોડા મોડા પહોંચાય તોયે ખાસ વાંધો નહિ ! "

"તો તો હજી અર્ધોએક કલાક અહીં ગાળી શકાશે. ઘણું સરસ !"

"હા, પણ હવે લડવાનું નહિ, ભાઈ. વારુ, તમારે વિશાલ નગરથી બીજે ક્યાંક બદલી થવાની વાતનું ક્યાં સુધી પહોંચ્યું ? તમારા પત્રમાં તમે એક વાર મેટ્રન સાથે એ બાબત વાત થયાનો ઉલ્લેખ કરેલો."

જેને વધુ માહિતી આપીને કહ્યું કે હું એ જ બાબત અંગે બે વાર મેટ્રનને મળી છું. મેં મેટ્રનને સમજાવ્યું હતું કે ગામડે તબીબી રાહતનો અભાવ બહુ તીવ્ર છે અને ત્યાં કાર્ય કરવાની મારી ઝંખના છે. મેટ્રને આ ભાવના સત્કારી અને વધુમાં જણાવ્યું કે એવી બે જગ્યાઓ ખાલી પડી છે.

"એ બે જગ્યાઓ ક્યાં આવેલી છે તે મેટ્રને તમને બતાવેલી કે ?"

"હા, એક વિનયપુરમાં અને બીજી શાંતિપુર કે એવું કોઈક નામ હતું."

"વિનયપુર ? એ તો મારા જિલ્લામાં જ આવેલું છે."

"શું કહો છો ? ખરેખર ?"

"ધર્મપુરથી બસમાં થોડા જ કલાકની મુસાફરી દ્વારા વિનયપુર પહોંચાય છે. પણ ત્યાં મિશનરી નિમાય એની તમને ચોક્કસ વાત મળી છે ?"

"થોડા સમય અગાઉ જ મિશન બોર્ડની પ્રાદેશિક કારોબારી સમિતિ મળી હતી. ત્યાં આ પ્રશ્ન રજૂ થયો હતો. સારી એવી ચર્ચા પણ થઈ હતી. વિનયપુર અને આસપાસના વિસ્તારમાં તબીબી રાહતની સુવિધા ન હોવાથી વિનયપુરમાં ડિસ્પેન્સરી શરૂ કરવાનો નિર્ણય

લેવામાં આવ્યો છે. પણ તાત્કાલિક ત્યાં કોઈની નિમણૂક થઈ શકી નથી. મેટ્રને મને તરત અરજી આપવાનું કહ્યું એટલે મેં અરજી લખી આપી, અને મેટ્રને તેમની ભલામણ સાથે રવાના પણ કરી દીધી છે.''

જેને આખી વાત જાણે એકીશ્વાસે કહી નાખી અને સુહાસ શું કહે છે તે જાણવા આતુરતાથી તેની સામે તાકી રહી.

''આનો અર્થ તો એ જ કે હવે ભવિષ્યમાં તમારું કાર્યક્ષેત્ર વિનયપુર વિસ્તાર હશે.''

''એમ લાગે છે ખરું, પણ.....''

''કંઈ વાંધો જણાય છે ? મેટ્રન કંઈ ચોક્કસ કહી શક્યાં નથી ?'' જેનના મનની અચોક્કસતા જોઈ સુહાસે પૂછ્યું.

''મેટ્રને એમ કહ્યું છે કે સમિતિની ઈચ્છા ત્યાં કોઈ પરિણીત યુગલની નિમણૂક કરવાની છે. એટલે ડૉક્ટર અને નર્સ બંને કામ કરી શકે. એવું યુગલ મળવું મુશ્કેલ હોવાથી મારી અરજી રદ કરવામાં આવી નથી. હું તો માનું છું કે ઈશ્વરે મારે માટે કામનું આયોજન નક્કી કરી રાખેલું જ છે.''

સુહાસ હકારમાં અવાજ કરી મૌન રહ્યો.

થોડી વાર મૌન રહી જેન બોલી, ''આ બાબતનો ઝટ નિકાલ આવી જાય તો ખૂબ આનંદ થાય.''

''મને પણ એથી ઘણો આનંદ થશે.''

''અહીંના કામમાં મારું મન ઠરતું જ નથી. પરાણે પ્રીત જેવું લાગે છે.''

''એ તો મને સ્પષ્ટ જણાઈ આવ્યું. જેન, એની અસર તમારી તબિયત પર થતી જણાય છે. તમે સંભાળ કેમ લેતાં નથી ?'' સુહાસની નજરમાં ચિંતા હતી.

''સંભાળ વળી કેવી લેવાની ?''

"તબીબી ક્ષેત્રમાં જ કાર્ય કરનારી વ્યક્તિ જ આવો પ્રશ્ન કરે એ તો કેવી ઊલટી ગંગા !" વ્યંગમાં સુહાસ બોલ્યો.

જેન ખડખડાટ હસી પણ કંઈ બોલી નહિ. તે સમજતી હતી કે એ શબ્દોથી સુહાસની દિલની ચિંતા વ્યક્ત થતી હતી.

"કદાચ અહીંનું હવામાન તમને માફક આવતું નહિ હોય. તમારી ખાવાપીવાની વ્યવસ્થા કેવી છે ?"

"અહીં અમારી મિશનરીઓની સંખ્યા ઠીક ઠીક છે તેથી અમારે માટે એક રસોડું ચાલે છે."

"એ સારું કહેવાય. મને લાગે છે કે તમને વિનયપુર વધુ અનુકૂળ થશે. ત્યાં આવું ભારે ચોમાસું હોતું નથી."

"તે તો ઘણું સરસ. મને આ ભેજવાળું વાતાવરણ બહુ ભારે લાગે છે. મને જાણે થાક જેવું જ લાગ્યા કરે છે. કંટાળો પણ બહુ આવે છે."

"વળી બીજી એક વાત. વિનયપુર ધર્મપુરથી વિશાલનગર જેટલું દુર પણ નથી. મારે અમુક ખાસ કામ નીકળ્યું ન હોત તો હું અહીં વિશાલનગર તો આવી જ શક્યો ન હોત."

"તમે આવ્યા તે તો ઘણું જ સારું કર્યું. આપણે બધી વાતો મોઢેમોઢ કરી શકયાં."

"ખરી વાત," કહી સુહાસે ઘડિયાળમાં નજર કરી.

"મારે તમારી ઓળખ મેટ્રનને કરાવવી હતી. બહુ મઝાની બાઈ છે. ભોજન વખતે તેમને મળવાનું થશે જ."

"ભલે, ચાલો, જતાં જતાં તેમને મળતો જાઉં."

એ પછી થોડી વધુ વાતો કરી. પછી તેઓ ઊઠ્યાં અને મેટ્રન સ્મિથને મળવા ગયાં. વરસાદ પડતો બંધ થયો હતો, પણ વાદળાં હજી ખૂબ ઘેરાયેલાં હતાં. હવે કુદરત પણ અનુકૂળ થતી લાગી. તેઓનો આનંદ ઓર ખીલી ઊઠ્યો.

## પ્રકરણ : ૯

બેએક માસ વીતી ગયા.

એ દરમિયાન જેનનું સ્વપ્ન વાસ્તવિક બની ગયું. ભારતમાં સેવા કરવા અંગેના તેના પ્રયત્નોનાં ફળ જણાવા લાગ્યાં હતાં.

એક ખુશનુમા સવારે જેન અને તેની સેવક-સહકાર્યકર શાંતાબાઈ વિનયપુરના બસ સ્ટેશને આવી પહોંચ્યાં. વિનયપુરની પ્રાથમિક મિશન શાળાનો શિક્ષક સહદેવ ક્યારનો બસ સ્ટેશને તેમની રાહ જોતો હતો. તેને વિનયપુરમાં નોકરીએ આવ્યાં દોઢેક વર્ષ થયું હતું. જેન તથા શાંતાબાઈનો સત્કાર કરી તેમના સરસામાન સાથે તે તેમને 'મિશન'માં લઈ ગયો. તેઓની સાથે તો થોડોક જ સામાન આણ્યો હતો. બીજો વધુ સામાન ગાડા મારફતે પાછળથી આવવાનો હતો.

પાછલા સમયમાં મુંબઈ ઇલાકા તરીકે ઓળખાતા વિશાળ પ્રદેશમાં આવેલું વિનયપુર છેક અંદરના દૂરના છેડે પડ્યું હતું, અને બહારથી આવનાર સુશિક્ષિત વ્યક્તિને ભણતર કે પ્રગતિના પ્રશ્નમાં ભારે પડકાર ફેંકતું હતું. અમેરિકા જેવા સર્વ વાતે ખૂબ વિકસિત અને ધનવાન દેશમાંથી આવનાર યુવતી મિસ જેન જોન્સ આ છેક અંદરના ગામડે આવી વસી એ માનવસેવાના અતિ ઉચ્ચ આદર્શને આભારી હતું, પણ સહદેવ સિવાય બીજું કોઈ આ પછાત ગામમાં એ સમજવા શક્તિમાન ન હતું.

વિનયપુરની આસપાસનો વિસ્તાર ઉજ્જડ વગડા જેવો હતો. તેમાં છૂટાંછવાયાં પરાં વસેલાં હતાં. તેઓ પાસેની જમીન ખેડીને ખેતી કરવા મથતા, પણ જમીન બહુ જ હલકી અને ખેતીની રીત

અતિ પુરાણી હતી. સિંચાઈની કશી સગવડ ન હતી. માંડ માંડ કોઈ ખેતરમાં કૂવા કરેલા અને તે પણ વરસના કેટલાક માસ સૂકા પડી રહેતા. વિનયપુર તથા આસપાસના વિસ્તારમાં સાતેક હજાર લોકો વસતા હતા. તેઓ અર્ધજાગ્રત અવસ્થામાં જીવતા અને તેમનું જીવન ગાડું રગશિયા ચાલે ચાલતું રહેતું.

વિનયપુર પહોંચવાનો માર્ગ એક જ હતો. બહારની દુનિયા સાથે માત્ર એક જ માર્ગથી તેનો સંપર્ક સધાઈ રહેતો. એ માર્ગ પણ બાંધેલો પાકો ન હતો, પણ ખેતરો વચ્ચે થઈ વાંકોચૂકો ચાલ્યો જતો હતો. 'હનુમાન બસ સર્વિસ' નામની કંપનીની એક જ બસ શાંતિપેઠ અને વિનયપુર વચ્ચે આવજા કરતી. કાચા માર્ગે આવતાં બસને ત્રણ કલાક લાગતા. એ સિવાય માલસામાનની હેરફેર કરતી ટ્રકો અવારનવાર આવતી. બહારની દુનિયા સાથે આટલો જ વિનયપુરનો વહેવાર હતો. જોકે બળદગાડાનો પણ ઠીક ઠીક ઉપયોગ થતો. વળી સવારસાંજ સીમમાં જતાં અને પાછાં આવતાં ઢોર પણ રસ્તાનો ઉપયોગ કરનારમાં ગણાવી શકાય ખરાં !

જેન વિનયપુરમાંના જીવનવહેવાર તથા મિશનકાર્ય સંબંધી બને એટલી માહિતગાર થઈને જ આવી હતી. બસ સ્ટેશન ગામના એક છેડે હતું અને મિશન કંપાઉન્ડ એના સામા છેડે આવેલું હતું. જેન અને તેનો રસાલો ગામના ખંડિયેર દરવાજામાં થઈને મુખ્ય માર્ગે ચાલતાં ચાલતાં પસાર થઈ રહ્યો. ગામની ચારે બાજુ જૂનો કોટ હતો, પણ તે હાલ અનેક સ્થળે તૂટી ગયો હતો. પહેલાં તેનાથી ગામનું રક્ષણ થતું હશે ત્યારે તેને સમરાવી સારી સ્થિતિમાં રાખતા હશે, પણ હવે એવી જરૂર ન રહેવાથી ભંગાર હાલતમાં આવી ગયો હતો.

એ માર્ગ ગામની વચ્ચેથી પસાર થતો હતો અને એની બન્ને બાજુ દુકાનો હતી. ઠેઠ સુધી નાનાંમોટાં મકાનો હતાં. જેને આજે પહેલી જ વાર ભારતમાંના તેના કાર્યક્ષેત્રરૂપ ગામડાનું પ્રથમ દર્શન

કર્યું. ઘણાંખરાં ઘર ધાબાવાળાં હતાં. એ ઓછો વરસાદ પડવાનાં સૂચક હતાં. વિશાલનગરમાં ખૂબ વરસાદ પડતો ત્યાં ઢોળાવવાળાં પતરાં કે નળિયાંનાં જ છાપરાં જોવા મળતાં. ઘરોને બારીઓ પણ જોવા મળતી નહિ. કેટલાંક કાચાં ઝૂંપડાં પણ હતાં. પાણીના નિકાલ માટે કશી વ્યવસ્થા ન હોઈ, ઠેર ઠેર નીકો જોવા મળતી. ગંદા પાણીનાં ખાબોચિયાં પણ જ્યાંત્યાં નજરે પડતાં. લોકો સાદાં, અબુધ, જમાનાજૂનાં દેખાતાં. ગામ વિષે કે બીજી બધી બાબત વિષે અજાણ લાગતાં. જેન ગ્રામપ્રજાની સેવા કરવા ઝંખતી હતી, અને અહીં એનો ખરેખરો નમૂનો તેને જોવા મળ્યો.

રસ્તા તરફ દુકાન ચાલે અને દુકાનની પછળના ભાગમાં જ રહેવાનું હોય એવી વ્યવસ્થા ઘણેખરે સ્થળે હતી. કરિયાણું, કાપડ, પાનબીડી, લુહાર, સુથાર, ટોપલા ગૂંથનાર, શાકભાજીવાળા, ફળફળાદિવાળા અને કસાઈનો ધંધો કરનારાની દુકાનો મુખ્ય રસ્તા પર જોવા મળી. ઘર અને દુકાન સાથે જ હોવાથી ઘેરબેઠાં જ તેમનો ધંધો ચાલતો. અમુક અમુક દિવસે ગામમાં ગુજરી ભરાતી ત્યારે દુકાનદારો પોતાનો માલ લઈ ગુજરીના સ્થળે જતા અને દુકાન માંડતા. ગામની બધી વસ્તી મુખ્ય માર્ગની બંને બાજુએ વિસ્તરેલી ગલીકૂંચીઓમાં ાતી હતી.

જેન અને તેનાં સાથીઓ એ માર્ગે પસાર થઈ થોડી જ વારમાં ામના બીજે છેડે આવેલા મિશન કેન્દ્રમાં પહોંચી ગયાં. ત્યાંના ઝાંપા આગળનો પીપળો આખા ગામમાં સૌથી ઊંચો હોઈ દૂરથી દેખાતો હતો. તેના થડની ફરતે ઓટલો બાંધેલો હતો. ગામલોકો એના પર આરામ લેવા બેસતા અને ગામગપાટા પણ ચલાવતા. છોકરાં એની ઉપર અને ચારે બાજુ આખો વખત રમ્યા કરતાં. મિશન કેન્દ્રના પ્રવેશદ્વાર આગળ ચોબદાર જેવો આ પીપળો હતો. કંપાઉન્ડમાં જવાનો માર્ગ સાંકડી પગદંડી જેવો હતો.

અંદર જતાં ત્રણચાર નાનાં નાનાં મકાનો છૂટાંછવાયાં બાંધેલાં નજરે પડતાં હતાં. ચાર ખંડવાળા એક મકાનમાં પ્રાથમિક શાળા ચાલતી. એ જ મકાનમાં શિક્ષક સહદેવ પણ રહેતો. જમણી બાજુ એક તાજા બંધાવેલા મકાનમાં જેન અને શાંતાબાઈ રહેવાનાં હતાં. એ મકાનોથી થોડે દૂર જૂની ઢબનાં જાજરૂ આવેલાં હતાં. આ ઉપરાંત એક ખૂણે એક ભંગાર જેવું મકાન હતું. સહદેવના આવ્યા અગાઉ એમાં માળી રહેતો હતો. બાકીની જમીન ખાલી પડતર રહેતી હતી.

જેન વિનયપુર આવી તે શુક્રવારનો દિવસ હતો.

તેના નિવાસને મોટો વરંડો હતો તે જોઈ જેન વિચારવા લાગી કે આમાં કેટલાક ફેરફાર અને સુધારા કરવા જેવા છે. પ્રથમ તો મકાનના બે ખંડમાં તેમના વપરાશની વસ્તુઓ કાઢી કાઢીને તેમણે ગોઠવવા માંડી. વરંડાના એક છેડે એક મોટા પીપમાં સહદેવે પાણી ભરાવી રાખેલું તેથી તેને ઘણું સારું લાગ્યું. બંને ખંડમાં પીવાના પાણીનાં માટલાં પણ ભરી મૂકેલાં હતાં. મકાન પણ વાળીઝૂડીને સાફ કરાવી રાખ્યું હતું.

જેને બધું જોઈ લીધું. પછી સહદેવનો આભાર માનતાં કહ્યું, “સહદેવભાઈ, બધું સ્વચ્છ કરાવ્યું, પાણી ભરી રાખ્યું, એ બધી તસ્દી માટે તમારો આભાર ! આ પાણી ક્યાંથી લાવવાનું હોય છે ?”

સહદેવ પગથિયાં ઊતરતો હતો તે બોલ્યો, “મારા મકાનની પાછળ જ કૂવો છે, ત્યાંથી પાણી લાવવાનું છે. તમારા મકાનની પાછળ જ અલગ બાથરૂમ છે તે આવો, બતાવું.”

સહદેવ સાથે જેન પાછળ ગઈ તો ત્યાં બાથરૂમમાં પણ ડોલ ભરી રાખેલી જોવા મળી. સહદેવે ઝીણી ઝીણી બધી સગવડોનો ખ્યાલ રાખી તકલીફ લીધી હતી તેથી જેને ફરી ભાવપૂર્વક આભાર માન્યો.

“મિસ સાહેબ, આખરે તમે વિનયપુર આવ્યાં એ અમારા માટે આનંદની વાત છે. તમારા સ્વાગત માટે અમે લાંબા સમયથી તૈયારી

કરતાં હતાં. વળી તમારા માટે બપોરનું ખાણું અમે તૈયાર કર્યું છે, તો તે માટે આમંત્રણ સ્વીકારશો.''

''સહદેવભાઈ, અમારા ભોજનની ચિંતા ન કરશો. અમે ટિફિન ભરી લાવ્યાં છીએ, અને શાંતાબાઈ બધી વ્યવસ્થા કરી લેશે.'' શાંતાબાઈએ એ વાતને ટેકો આપ્યો.

''હજી તો સાડા અગિયાર જ થયા છે, તો ઘરવખરી ગોઠવી દઈ બધું વ્યવસ્થિત કરી લઈએ.'' જેન બોલી.

''ચાલો, હું તમને બધું ગોઠવવામાં મદદ કરું, આજે તમે આવવાનાં હતાં એટલે મેં શાળામાં વિદ્યાર્થીઓને છુટ્ટી આપી દીધી છે. મારે બીજું કંઈ કામ નથી.''

''સહદેવભાઈ, મારે બીજી એક તસ્દી આપવી પડશે. આ સાંજ માટે અને આવતી કાલથી સવારસાંજ નિયમિત દૂધ મળે એટલી વ્યવસ્થા કરી આપશો ?''

''હા, મિસ સાહેબ ! એ વ્યવસ્થા કરી દઈશ, પણ તમે બંને જણ આજે બપોરની ચા પીવા અમારે ત્યાં આવશો ?'' ખાણા માટે જેને ના પાડી, તો સહદેવે બીજી રીતે આમંત્રણ આપ્યું.

ટૂંકી આવકવાળો હોવા છતાં, પરોણાગત કરવા ઝંખતા આ યુવકની ભાવના જેનને ગમી ગઈ.

''ભલે સહદેવભાઈ, તમારો આગ્રહ છે તો અમે ચારેક વાગતાં તમારે ત્યાં ચાપાણી માટે આવીશું.''

''ખૂબ આભાર, મિસ સાહેબ !'' ખુશ ખુશ થતાં સહદેવ બોલ્યો.

''ચાપાણી પહેલાં મારે તમારી સાથે બીજી કેટલીક બાબત સંબંધી વાત કરવી છે, એટલે હું તમને વહેલા બોલાવીશ.''

''ભલે,'' કહી સહદેવ ખુશ થતો ચાલ્યો ગયો.

એ પછી જેન અને શાંતાબાઈ પોતપોતાના ખંડમાં સામાન ગોઠવવા લાગી ગયાં.

બપોરના આરામ પછી જેને સહદેવને બોલાવ્યો ત્યારે મકાનની સજાવટ જોઈ તેની આંખો પહોળી થઈ ગઈ. મકાનનાં રૂપરંગ જ સમૂળગાં ફરી ગયાં હતાં. બધો સરસામાન સુઘડ રીતે વ્યવસ્થિત ગોઠવાઈ ગયો હતો. ભોંય પર સરસ ચટાઈ પથરાઈ ગઈ હતી. બારીબારણે સુરુચિપૂર્ણ રંગબેરંગી પડદા લટકી ગયા હતા. ચકિત થઈને સહદેવ આ બધો ફેરફાર જોઈ રહ્યો.

શાંતાબાઈની માફક સહદેવ પણ જેનના મદદનીશ તરીકે કાર્યમાં મદદ કરવાનો હતો. તેથી જેન તેને પૂરેપૂરો સમજી લેવા ઈચ્છતી હતી. વિનયપુર અને તેના લોકોના જીવન વિષે સહદેવ સાથે સામાન્ય વાતચીત કરીને જેને કહ્યું,

"સહદેવભાઈ, મને થોડી અગત્યની માહિતી આપશો ?"

"ઘણી ખુશીથી, મિસ સાહેબ."

"તમને વિનયપુરમાં કેટલો સમય થયો ?"

"લગભગ દોઢ વર્ષ, મિસ સાહેબ."

"હું જાણું છું તે પ્રમાણે મિશન શાળાનો વહીવટ તમે જ કરો છો, નહિ ?"

"હા જી, એ જ મારું પ્રથમ કામ છે. હાલ શાળામાં હું મરાઠીનાં પ્રથમ બે ધોરણ ભણાવું છું. એ ઉપરાંત અઠવાડિક ગુજરીમાં જઈ શુભસંદેશ સંભળાવું છું. ખેતરોમાં મજૂરી કરતાં લોકોમાં તથા દલિત વર્ગોના વાસમાં જઈને ઉપદેશ સંભળાવું છું. શાળાના સમય બાદ હું એ સેવા કરું છું."

"આ બાબત તો ખાસ જાણવા જેવી છે. મિશન શાળા સિવાય બીજી કોઈ શાળા આ ગામમાં છે કે ?"

"હા, એક લોકલ બોર્ડની શાળા છે. ત્યાં ચાર ધોરણ સુધી શિક્ષણ અપાય છે. આગળ અભ્યાસ કરવા ઈચ્છનારને ઠેઠ શાહીપેઠ જવું પડે છે. ત્યાં વર્નાક્યુલર ફાઈનલ સુધી શિક્ષણ અપાય છે."

"હાં, તો લોકલ બોર્ડની શાળા હોવા છતાં છોકરાં આપણી શાળામાં કેમ આવે છે ?"

"એ આવે છે એમ કહેવાય, પણ ખરું જોતાં તો તેમને ત્યાં જઈને તેડી લાવવાં પડે છે. તેઓ સમયસર તો કદી આવતાં જ નથી. મનફાવે ત્યારે આવે છે."

"એ છોકરાં ક્યા વર્ગમાંથી આવે છે ?"

"મોટા ભાગનાં દલિત પછાત કોમોમાંથી આવે છે, જોકે થોડાંક મુસ્લિમોનાં અને મરાઠાજાતિનાં પણ આવે છે ખરાં. હમણાં સુધી ક્ષત્રિય કોમનાં બે બાળકો આવતાં હતાં, પણ બીજાં બધાં હલકી ગણાતી કોમનાં બાળકો હોવાથી તેઓ આવતાં બંધ થયાં છે."

સહદેવની વાતે જેનને વિચારમાં નાખી દીધી. નાતજાતની આવી ગૂંચો વિષે તેને કશી સમજ પડી નહિ.

"સહદેવભાઈ, આ ગામમાં કેટલી નાતજાત હશે ?"

"મિસ સાહેબ ! ગામમાં તો કંઈ કેટલીયે નાતજાતવાળા વસે છે. આપણે આવ્યાં તે માર્ગ પરની ઘણીખરી દુકાનો ગુર્જરો અને મારવાડીઓની છે. તેઓ હિંદુ કે જૈન ધર્મ પાળે છે. કેટલાક મુસલમાનો પણ દુકાનો ચલાવે છે. તેઓ પાનના ગલ્લા પણ ચલાવે છે. એ ઉપરાંત દરજી, ફળવાળા અને કસાઈની દુકાનો પણ છે. અંદરના ભાગમાં લુહાર, સોની, ટોપલા ગૂંથનાર, મોચી અને કુંભાર રહે છે."

"એ બધા પેલા મુસ્લિમ, ક્ષત્રિય અને અન્ય ઉચ્ચ કહેવાતી વર્ણ ઉપરાંતના ગણાય, ખરું ને !"

"હા, મિસ સાહેબ. એ ઉપરાંત બીજી વસ્તી જોઈએ તો ખેડૂતો, ભરવાડો વગેરે પણ ગામમાં છે. એક શેરીમાં બધા બ્રાહ્મણો જ વસે છે."

આ બધી માહિતી જેનને સમજાય તેમ ન હતું. તેણે તો વાંચેલું કે નાતો તો વિવિધ ધંધાને લીધે રચાઈ હતી, પણ એની જડતા અને પકડ કેટલી સજ્જડ છે તેનો ખ્યાલ તેને આવે તે શક્ય ન

હતું. હાલ તરત તો નાતોની આંટીઘૂંટી સમજવાનો વિચાર છોડી, તે સહદેવનો પોશાક જોઈ રહી. તેણે ધોતી પહેરેલી. એ એક વાર સફેદ હશે. પણ અત્યારે તેનો રંગ કયો કહેવો તે અઘરું હતું. તેના પહેરણને કૉલર જ નહિ. તેના માથે કાળી ગોળ ટોપી હતી. તેનો દેખાવ આ ગામડાના સમગ્ર દૃશ્યમાં અદ્‌ભુત રીતે એકરૂપ થઈ ગયેલો જણાતો હતો.

થોડી વાર બેમાંથી કોઈ બોલ્યું નહિ. પછી જેને પ્રશ્ન કર્યો,

"અહીં મિશનની જમીન કેટલી હશે ?"

"હું ધારું છું કે પંદર એકરથી વધુ હશે."

"આ ગામની વસ્તી કેટલી હશે ?"

"દસેક હજારથી થોડી વધુ."

"સહદેવભાઈ, મને તો કહેવામાં આવેલું કે વિનયપુરની વસ્તી છ સાત હજારની છે. તમારો આંકડો વધારે કેમ ?"

"તમને આપેલો આંકડો તળગામની વસ્તીનો હશે. પણ આજુબાજુ પરાંમાં પણ લોકોની વસ્તી ખાસી છે." સહદેવે ખુલાસો કરતાં જણાવ્યું.

"વારુ, ગામમાં ખ્રિસ્તી કેટલા છે ?"

"માત્ર મારું કુટુંબ-એટલે ત્રણ વ્યક્તિ !"

"આખા ગામમાં બીજા કોઈ ખ્રિસ્તી જ નથી ?"

"હું અહીં આવ્યો ત્યારે એક પોલીસનું કુટુંબ ખ્રિસ્તી હતું. પણ તે તો થોડા સમય માટે બદલી પર આવેલું. એક શિક્ષિકાબહેન પ્રાથમિક શાળામાં છે એમ મેં સાંભળેલું, પણ તપાસ કરતાં જણાયું કે તેણે તો કોઈ હિંદુ સાથે લગ્ન કરી લીધું હતું."

"એમ !" બોલી જેન મૌન રહી.

તેને સહદેવ નિખાલસ, મળતાવડો અને હોશિયાર જણાયો. આવો મદદનીશ મળ્યો તેથી તેને આનંદ થયો. જેન આવા વિચારો

કરી રહી હતી તેવામાં સહદેવની પત્ની તેના બાળકને કેડમાં બેસાડી જેનને મળવા આવી. તે અચકાતી અચકાતી આવીને થોડે દૂર ઊભી રહી. જેન અને સહદેવ બંનેની નજર તેના પર પડી.

''સુશીલા, અહીં આવ ! નવાં મિસ સાહેબને મળ.'' મુક્ત હાસ્ય સાથે સહદેવે પત્નીની ઓળખ આપી.

''એમને જોતાં જ મને ખબર પડી ગઈ કે એ તમારાં પત્ની જ હોવાં જોઈએ. અને એમની કેડમાં બાળક બીજા કોનું હોય વળી?'' મલકાતું મોં રાખી જેન બોલી અને સાથે સાથે બાળકના ગાલ પંપાળતાં પૂછ્યું,

''આ મહાશયનું નામ શું રાખ્યું છે ?''

બાળક પ્રત્યેનો ભાવ જોઈ સુશીલા હિંમત કરી પાસે આવી અને કહ્યું,

''એનાં તો બે નામ છે : જૉન અને વિનય !''

''વિનય નામ તો વિનયપુરના માનમાં રાખ્યું હશે ખરુંને ?'' હસતાં હસતાં જેને રમૂજ કરી. તેણે ખંડમાં કામ કરી રહેલી શાંતાબાઈને બોલાવી કે સુશીલાને મળે.

શાંતાબાઈ બહાર આવી એટલે જેને ઓળખ આપી, ત્યારે શાંતાબાઈએ કહ્યું,

''મિસ સાહેબ, એમને તો હું ક્યારની મળી આવી છું.''

જેન સ્નાન કરવા ગઈ ત્યારે શાંતાબાઈ કંઈક બહાને સહદેવને ત્યાં ગઈ હતી. ત્યાં તેણે અને સહદેવ બંને જણે શરમાળ સુશીલાને ખૂબ આગ્રહ કરી મિસ સાહેબને મળી જવા તૈયાર કરી હતી. જેન આવી ત્યારથી એ તો ઘરમાં જ ભરાઈ ગઈ હતી. 'તમે મળવા નહિ આવો તો મિસ સાહેબને ખોટું લાગશે' એમ કહ્યું ત્યારે જ તે મળવા આવવા તૈયાર થઈ હતી.

''તમારા નાનકડા ખ્રિસ્તી કુટુંબને જોઈ મને કેટલો બધો હર્ષ

થાય છે !'' જેને કહ્યું, ત્યારે સહદેવનું મોં તો હસું હસું થઈ રહ્યું હતું.

જેનને કાર્યમાં સહાય આપનાર બધાં ભેગાં થયાં અને સહદેવને ત્યાં ચાપાણી કરવા ગયાં. સહદેવના ઘરના વરંડામાં એક બાંકડો ગોઠવ્યો હતો. એક જ ખુરશી મળી શકી હતી. વરંડામાં બેસી બધાંએ ચા પીધી. સૌ કોઈના મનમાં આનંદ ઊભરાતો હતો. સહદેવ અહીં આવ્યો ત્યારથી જાણે કાળા પાણીએ આવ્યો હોય એવું અનુભવતો હતો, કારણ કે ગામમાંથી કોઈ કદી મળવા મિશન તરફ ફરકતું ન હતું. તેમને કોઈને ત્યાં આવકાર મળે એવું વાતાવરણ પણ હતું નહિ. ગામની મોટા ભાગની વસ્તી તેમને અસ્પૃશ્ય જેવાં ગણીને તેમની સાથે કશો વહેવાર રાખતી નહિ. આથી તેમનું અહીંનું જીવન સાવ એકલવાયું થઈ ગયું હતું. સ્વાભાવિક રીતે જ જેન અને શાંતાબાઈનું આગમન તેમને ખૂબ આવકાર્ય થઈ પડ્યું હતું. મિશનરી બાનુ માટે તો લાંબા સમયથી રાહ જોવાતી હતી. એ આશા હવે ફળી હતી. આમ આજનો દિવસ તેમના અંગત જીવન માટે તેમ જ સામાજિક જીવન માટે યાદગાર બની રહેનારો હતો.

તે સાંજે બધાંએ વાળુ કર્યા પછી જેને બધાંને તેના મકાનના વરંડામાં એકઠાં કરીને પ્રાર્થના કરાવી. બધાં એક લૅમ્પની ચારે બાજુ બેઠાં. બાઈબલમાંથી ટૂંકું વાચન કર્યું. થોડાં જ જણ હોઈ એક નાની શ્રદ્ધાળુ ટોળીરૂપે તેઓએ પ્રાર્થના કરી તે એકચિત્તની હતી.

''આજે આપણી સંગતનો પહેલો દિવસ હતો, અને આપણે એકમને પ્રાર્થના કરી તેની શુભ શરૂઆત કરી. હવેથી દર રવિવારે ભક્તિ કરવા આપણે એકઠાં થઈશું.'' બધાં વિદાય થાય તે પહેલાં જેને જાહેરાત કરી.

# પ્રકરણ : ૧૦

શનિવારની સવાર હતી.

રોજની માફક જેને રોજિંદા કાર્યની શરૂઆત ઈશ્વરસંગત દ્વારા કરી. તેણે એક ભારે પડકાર ઉપાડી લીધો હતો. એ પડકાર માટે હવે તેને ખ્યાલ આવવા લાગ્યો હતો કે ઈશ્વરસહાય વિના પડકાર સફળ રીતે પાર પાડવાનું શક્ય હતું જ નહિ. જેન પોતે એક નબળું પાત્ર છે એનું ભાન તેનામાં સતત જાગ્રત રહેતું. તે સમજતી હતી કે એણે માથે લીધેલા કાર્ય માટે સ્વામી તરફથી શક્તિ અને હિંમત પ્રાપ્ત કર્યા વિના ચાલે તેમ નથી.

જેન હાલમાંના મકાનમાં કેટલાક સુધારા અને ફેરફાર કરાવવા માગતી હતી. તેનો ખ્યાલ આપવા તેણે આજે સવારના સહદેવને બોલાવ્યો હતો. તે આવ્યો એટલે જેને પૂછ્યું,

''સહદેવભાઈ, તમારી શાળા ખૂલવાનો સમય કયો છે ?''

''મિસ સાહેબ, શનિવારે સવારની શાળાનો સમય અમે નક્કી કરેલો, પણ એ વ્યવસ્થા ચાલી શકી નહિ, એટલે હવે મેં શનિ-રવિ બંને દિવસ રજા રાખી છે. શનિવારે તો અહીં ગુજરી ભરાય છે.''

''વારુ, એ વિષે ફરી કોઈ વાર વિચારીશું. આજે તો એક બીજા કામ માટે બોલાવ્યા છે. કાલે તો રવિવાર આવે છે.''

''બોલો, મિસ સાહેબ ! મારે શું કરવાનું છે ?''

''આજે તો થોડી તૈયારી જેવું કામ કરી લઈએ. કામની ખરેખરી શરૂઆત તો સોમવારે થશે. પહેલું કામ આ વરંડાનો છેડો ચણી લઈ બંધ કરી દેવો છે. એમાં આ જગ્યાએ બારણું આવશે અને

આ ભીંતમાં એક બારી મૂકવાની છે.'' જેને વરંડો તથા તેમાં જુદી જુદી જગ્યાઓ બતાવી ફેરફારની વાત સહદેવને સમજાવી. સહદેવને સમજ પડે તેમ ડોકી હલાવી સૂચવતો ગયો. જેને આગળ ચલાવ્યું,

''માટે બને તો સોમવારે કે મંગળવારે એક કડિયો અને એક સુથાર લાવી કામે વળગાડી દેજો. એ માટેનો જરૂરી માલસામાન આજે લાવી દેવાની વ્યવસ્થા કરી દેજો. એ કારીગરોને મારી પાસે લઈ આવજો કે મારે જે પ્રકારે ફેરફાર કરાવવો છે તે હું પોતે તેમને સમજાવી દઉં, અને કશી ગેરસમજ ઊભી ન થાય. વળી આ કાર્ય માટે માલસામાન જોઈશે તેનો અંદાજ તેમની પાસેથી મેળવી શકું.

''કારીગરોને તો હું તાબડતોબ હાજર કરી શકીશ. અત્યારે જ હું તેમને બોલાવવા આ ચાલ્યો, મિસ સાહેબ !''

''ઘણું સરસ ! જો આજે વખતસર માલસામાનનો અંદાજ આપી દે, તો તમે આજે જ મંગાવવાની વ્યવસ્થા કરી દેજો!''

એટલામાં જેનની નજર ખંડમાં કામ કરતી શાંતાબાઈ ઉપર પડી. તેને બહાર બોલાવી રસોડામાં કંઈ ફેરફાર કરવા જરૂરી છે કે કેમ તે પૂછ્યું. તે તો બિચારી સાદી, ભોળી સ્ત્રી હતી. મિસ સાહેબને ઠીક લાગે તે કરે એટલું જ એણે કહ્યું. જેને વિચાર કરી નક્કી કર્યું કે શાંતાબાઈના મોટા ખંડમાં એક પાતળી દીવાલ ચણી લઈ રસોડું જુદું કરવું ઠીક રહેશે. ફરી તેણે પૂછ્યું, ''તમને દેશી ઢબના આ નીચા ચૂલા ફાવે કે ઊભા રાંધવાનું ફાવે છે ?''

''મને તો, મિસ સાહેબ, નીચા ચૂલે જ બેઠા બેઠા રસોઈ કરવાનું ફાવે છે.''

બપોર પહેલાં તો કડિયો અને સુથાર લઈને સહદેવ આવી પહોંચ્યો. સહદેવની મદદ લઈને અર્ધું મરાઠી અર્ધું ઇંગ્લિશ વાપરી જેને કારીગરોને કામની સમજ પાડી. બંને જણે જગ્યાનું માપ લઈ

જરૂરી સાધનસામગ્રીનું પ્રમાણ કાઢી આપ્યું એટલે જેને સહદેવને એ વસ્તુઓ તે ને તે દિવસે લાવી દેવાનું કહી દીધું. કારીગરોને પણ સોમવારે કામ શરૂ કરી દેવાનો હુકમ આપી દીધો. કામ ચાલુ કરવા જેનને ખૂબ અધીરાઈ આવી ગઈ હતી.

સોમવાર બપોર સુધીમાં તો ધમધોકાર કામ ચાલુ થઈ ગયું હતું, એ જોઈ જેનને દિલમાં સાંત્વન મળવા લાગ્યું કે મારું સ્વપ્ન, હિંદનાં ગામડાંમાં તબીબી રાહત પૂરી પાડવાનું, ધીમે ધીમે નક્કર આકાર લેવા લાગ્યું છે ખરું.

કડિયાનું ચણતરકામ અને સુથારનું લાકડાનું કામ સાથે સાથે જ ચાલતાં હતાં. એક અઠવાડિયામાં ચણતર અને પ્લાસ્ટરનું કામ પૂરું થઈ ગયું. સુથારે બારીબારણાં તૈયાર કર્યાં તે પણ બેસાડી દેવામાં આવ્યાં. ધોળવાનું પણ ચાલુ કરી દેવાયું. એ દરમિયાન મોટા અક્ષરે મરાઠીમાં એક પાટિયું ચિતરાવવામાં આવ્યું : મિશન ડિસ્પેન્સરી, વિનયપુર. ડિસ્પેન્સરી માટે જરૂરી સાધનસામગ્રી, સરસામાન વગેરે વિશાલનગરથી ગાડા મારફતે આણેલું તે પણ અંદર ગોઠવી દીધું.

ડિસ્પેન્સરીના નામનું પાટિયું જેને બહાર લટકાવી દીધું. હવે તો થોડું પરચૂરણ ઝીણું ઝીણું કામ જ બાકી હતું. પાટિયું વહેલું લટકાવ્યું કે લોકોમાં વાત વહેલી ફેલાય કે દવાખાનું ખોલવામાં આવી રહ્યું છે. ગામમાં જાહેરાત કરવાની જમાનાજૂની રીત સહદેવે સૂચવી અને જેનને તે ખૂબ નવાઈભરી અને આકર્ષક લાગી.

સહદેવ ગામના મુખીને જઈને મળ્યો અને દવાખાનું ખોલવાની વાત સમજાવી. મુખી સંમત થયો એટલે ગામના વરતણિયા કૃષ્ણ મકારે દાંડી પીટીને આખા ગામમાં જાહેરાત કરી. જેન કંપાઉન્ડ આગળના પીપળાના ચોતરે ઊભી રહી કૃષ્ણ મકારેની જાહેરાત સાંભળી રહી.

“સાંભળો, આ ગામમાં મિશન દવાખાનું ઊઘડે છે. જે કોઈ બીમારને દવા લેવી હોય તે સવારે આવી જાય.” આટલું બોલી

તે તેના ઢોલ પર ધડીમ ધડીમ દાંડિયો ઠોકતો. જેનને એમાં ખૂબ મઝા પડી. તેણે બેત્રણ દિવસ લાગલગાટ જાહેરાત કરાવી.

બધી જરૂરી તૈયારી પૂરી થઈ એટલે જેન લોકોના આવવાની રાહ જોવા લાગી. જાહેરાત લોકોના સાંભળવામાં જ જાણે ન આવી હોય તેમ પહેલા દિવસે કોઈ દવાખાના ભણી ફરક્યું જ નહિ. જાહેરાત ફરી ફરી કરાવ્યા છતાં દવાખાનું તો સૂનું જ રહ્યું. ચોથો દિવસ પણ એમ જ વહી ગયો, ત્યારે જેન અને તેના સહકાર્યકરોમાં હતાશા આવવા લાગી.

પણ ચોથા દિવસની રાત્રે એક અણધાર્યો અને અકલ્પ્ય બનાવ બન્યો. ડિસ્પેન્સરીમાં બેઠાં બેઠાં જેન અને શાંતાબાઈ લોકોના વિરોધ વિષે જ વાતો કરતાં હતાં. બારીના કાચ પરથી નવા આણેલા ફાનસનો પ્રકાશ પરાવર્તન થતો હતો. ધારો કે અચાનક સુવાવડનો કેસ આવી પડે તો શું કરવું તે જેન સમજાવી રહી હતી. વાત કરતાં કરતાં તેની નજર બારી તરફ ગઈ, તો બહાર કોઈ હોય એમ લાગ્યું. એટલામાં સહદેવ અંદર આવ્યો. તેની પાછળ જ કોઈ અજાણ્યો માણસ લપાતો છુપાતો અંદર આવ્યો. જેન વાત બંધ કરી આવનાર તરફ પ્રશ્ન કરતી નજરે જોઈ રહી.

''મિસ સાહેબ, આ ગોપાળરાવ તમને મળવા અને કંઈ વાત કરવા માગે છે,'' સહદેવે ખુલાસારૂપે વાત કરી. પેલો અજાણ્યો માણસ તો હજી આછા અજવાળામાં છુપાઈને જ ઊભો રહ્યો હતો. જેને તેને અંદર બોલાવ્યો. તે બીતો બીતો અંદર આવ્યો. જેન તેની સામે કુતૂહલથી જોઈ રહી.

''બોલો, ગોપાળરાવ, શું કામ છે ?''

''મિસ સાહેબ, તમારા દવાખાનાની વાત સાંભળીને દવાખાનું જોવા અને તમને મળવાના વિચારથી આવ્યો છું.''

''એમ ? તો પછી દિવસે કેમ ન આવ્યા ? આમ રાતે તો

શું જોવાય ?''

ગોપાળરાવે એનો જવાબ ન આપ્યો, પણ સહદેવ અને શાંતાબાઈ તરફ જોવા લાગ્યો. તે અને બીજાં બધાં જાણે કશીક મૂંઝવણ અનુભવતાં હોય એમ લાગ્યું.

જેને કહ્યું, ''કંઈ દવાબવા જોઈતી હોય તો તો દિવસે જ આવવું હતું ને ? ''

''મારે દવા તો કંઈ જોઈતી નથી. પણ દિવસે આવું તો લોકોની જાણમાં વાત આવી જાય.''

''દવાની જરૂર ન હોય તો અમથા અમથા અને તેયે રાત્રે આવવાનું પ્રયોજન મને સમજાતું નથી.''

જેન વિચારતી હતી કે આ મુલાકાતીના મગજનો સ્ક્રૂ ઢીલો હતો કે ખરેખર ગાંડો હતો. પણ ગોપાળરાવે જે વાત કરી તેથી તે આભી જ થઈ ગઈ.

''મિસ સાહેબ, મારી વાત સાંભળો. હું ખ્રિસ્તી થવા તૈયાર છું, પણ તે એક શરતે.'' ચારે બાજુ નજર કરી કશી ગુપ્ત વાત કરતો હોય તેમ ધીમા અવાજે ગોપાળરાવ બોલ્યો.

ગોપાળરાવના આ પ્રસ્તાવથી સહદેવ સહિત બધાંને આંચકો લાગ્યા જેવું થયું. મિસ સાહેબ આનો શો ઉત્તર આપે છે તેની બધાં રાહ જોઈ રહ્યાં.

જેન જરા સ્વસ્થ થઈને બોલી, ''ગોપાળરાવ, તમારી વાત મને કંઈ સમજાતી નથી. કંઈ સ્પષ્ટ કરો.''

ગોપાળરાવે ખુલાસો કરતાં કહ્યું, ''જો મને તમે ઇંગ્લાંડ મોકલવાની વ્યવસ્થા કરો, તો હું ખ્રિસ્તી થવા તૈયાર છું.''

એ સાંભળી મૂંઝવણ અને આશ્ચર્ય અનુભવતાં જેન બોલી,

''હું તો અહીં લોકોની સારવાર કરવા અને દવા કરવા માટે આવી છું. એ કામને ઇંગ્લાંડ મોકલવા સાથે કશો સંબંધ નથી.''

"લોકોને દવા આપવાથી તેઓ અભડાઈ જવાનાં તો ખરાં જ ને ?"

સહદેવે જેનને સમજાવ્યું કે લોકો માને છે કે ખ્રિસ્તીઓ પાસે દવા લેવાથી અભડાઈ જવાય એ વાત ગોપાળરાવ સૂચવે છે. સહદેવનું ભાગ્યુંતૂટ્યું અંગ્રેજી જેન મુશ્કેલીથી સમજી શકી.

ગોપાળરાવે પોતાની વાત આગળ ચલાવી : "મેં અંગ્રેજી બીજા ધોરણ સુધી અભ્યાસ કરેલો છે. મને અંગ્રેજી આવડે છે અને ઇંગ્લાંડ જવાની વ્યવસ્થા કરો તો હું વટલાઈને ખ્રિસ્તી થવા તૈયાર છું. આટલી મહેરબાની કરો, મિસ સાહેબ !" ગોપાળરાવે બીજા ધોરણના સમૃદ્ધ અંગ્રેજીના જોરે ઇંગ્લાંડ જવાની માગણીમાં વજન ઉમેર્યું.

બરાબર સ્વસ્થ થઈને જેન ગોપાળરાવને સમજાવવા લાગી. "ગોપાળરાવ, તમારી ગેરસમજ થઈ છે. હાલ તમે શી નોકરી કરો છે ?"

"હું લોકલ બોર્ડની ઑફિસમાં કામ કરું છું. હું જાતે બ્રાહ્મણ છું."

"મારું કામ તો બીમારને દવા આપવાનું છે. હું તો એટલું જ કરી શકું. કોઈને ઇંગ્લાંડ કે અમેરિકા મોકલવાની બાબત મારા હાથમાં નથી." જેને સ્પષ્ટ વાત ટૂંકમાં કહી.

એની તરત અસર થઈ. પરિણામે ગોપાળરાવ જેવો છાનોમાનો આવ્યો હતો તેવો જ અંધારામાં અદૃશ્ય થઈ ગયો. એના ગયા પછી સહદેવને પણ કશું કહેવાનું સૂઝ્યું નહિ.

ત્રણે જણ મૂંગાં મૂંગાં જ વિખૂટાં પડ્યાં.

દિવસો વીતતા ગયા.

જેન અને શાંતાબાઈ લોકોના આવવાની રાહ જોતાં ડિસ્પેન્સરીમાં બેસી રહેતાં.

દવાખાના તરફ કોઈ ચકલુંયે ફરક્યું નહિ.

એક દિવસ જેને સહદેવને પૂછ્યું, ''તમે કેટલાંક બીમાર બાળકો જોયેલાં તેમને લાવવાનું શું થયું ?''

''મિસ સાહેબ, એ તો....'' સહદેવ અટકી ગયો.

''સહદેવભાઈ, તમે મને ખરેખરી વાત જણાવી દો કે લોકો કેમ આપણી દવા લેવા આવતાં નથી.'' ગોપાળરાવના સૂચન પરથી જેનને થોડોક ખ્યાલ તો આવતો જ હતો કે લોકો કેમ ખચકાય છે.

''મિસ સાહેબ, લોકોને સારવારની ખૂબ જ જરૂર છે એમાં શંકા નથી. હું તેમને ખૂબ સમજાવું છું પણ ખરો, પણ...''

જેનના દિલમાં નિરાશાનો અંધકાર વ્યાપી ગયો. છતાં હિંમત રાખી પૂછ્યું, ''સહદેવભાઈ, કયા લોકોને દવા-સારવારની ખૂબ જ જરૂર છે ?''

''ગામના અનેક જણને દવા-સારવારની અગત્ય તો છે જ. પણ ખ્રિસ્તીના હાથે સારવાર શી રીતે લેવાય એ જ મોટો પ્રશ્ન નડે છે. મેં સમજાવવાનું ચાલુ જ રાખ્યું છે. અરે, આજ સવારની જ વાત કરું. કેટલાકની સાથે વાત કરતાં મેં સમજ પાડી કે દવાથી તેમની બીમારી ઝટ મટે તેવી છે, અને આપણી દવા લેવાથી તેઓ કંઈ ખ્રિસ્તી થઈ જવાનાં નથી. કેટલાંક કરિયાણાવાળાનાં અને ફળ વેચનારાનાં બાળકો તો સડક પર મારી સાથે થોડે સુધી આવ્યાં પણ ખરાં. પણ એટલામાં કેટલાક રૂઢિચુસ્તની નજરે પડતાં તેઓ પૂછવા લાગ્યા, 'અલ્યા, તમે બધાં આમ ટોળાબંધ ક્યાં ચાલ્યાં ?' એમણે જાણ્યું કે એ બધાં તો મિશન દવાખાને દવા લેવા જાય છે ત્યારે તેમને ધમકાવી કાઢ્યાં. 'એ વિશ્વાસીની દવા લેવાની જિગર કરનારા કોણ છો તમે ?' છોકરાં તો છાનાંમાનાં એક પછી એક સરકી ગયાં. મારી વાત સાંભળવા ઊભું જ કોણ રહે ?''

આખરે સહદેવ પાસેથી સાચી પરિસ્થિતિ જેનને જાણવા મળી. જેન થોડી વાર વિચારમાં બેસી રહી, પછી બોલી,

"ભલે, સહદેવભાઈ ! જાઓ, જમી લો, પછી હું તમને બોલાવું છું."

સહદેવ ગયા પછી જેન એકલી પડી. તે ભારે હૈયે પોતાના ખંડમાં ગઈ અને દ્વાર બંધ કર્યું. શાંતાબાઈ તો રસોડામાં રાંધવામાં ગૂંથાઈ હતી, એટલે જેનને જોઈતું એકાંત મળી ગયું. તેના જીવનમાં આ ખરેખરી કસોટીની - કટોકટીની - પળ હતી. આવી આકરી પળોમાં ઈશ્વર સિવાય બીજો કોનો સહારો તેને હતો ? ઘૂંટણે પડી તેણે ઈશ્વર આગળ પોતાનું હૈયું ખાલી કર્યું અને આજીજી સહિત પ્રાર્થના કરી માર્ગદર્શન, સહાય અને હિંમતની માગણી કરી. સહદેવની વાત પરથી તે સમજી શકી હતી કે તેની સહાયરૂપ થવાની નિખાલસ ભાવના લોકો સમજી શકતા ન હતા. ઊલટા તેના પ્રત્યે શંકાની નજરે જોતા હતા. પ્રાર્થનામાં તેની આંખમાંથી આંસુની ધારા વહી રહી. પ્રાર્થના કરી રહીને તે ઊઠી ત્યારે તેના હૈયામાં ગજબનો ફેરફાર થઈ ગયો હતો. પ્રશ્ન કેટલો વિકટ હતો અને કેટલી ભારે મુશ્કેલીનો સામનો કરવાનો હતો તે વિષે હવે તેને કશી ચિંતા જેવું લાગતું ન હતું. તેનું મન આત્મશ્રદ્ધા અને સ્વસ્થ ભાવથી ભરપૂર હતું.

વિશાલનગરથી આણેલી મોટી પેટીમાંથી જેને કેટલીક દવાઓ બહાર કાઢી. નાની નાની શીશીઓમાં ભરીને તે બધી મુલાકાતે જતાં લઈ જવાની પેટીમાં ગોઠવી. એકબે જરૂરી ઇંજેક્શનો પણ પેટીમાં સાથે રાખ્યાં. ઇંજેક્શનની બધી સામગ્રી ઉકાળીને તૈયાર કરી. બૉક્સમાં તેની અલગ ડબ્બીમાં મૂકી. ગોળીઓ-પાઉડરની પડીકીઓ, મલમની ડબ્બીઓ પણ લીધી. રસોઈ તૈયાર થઈ ગઈ હોવાથી જેને પણ જમી લીધું. થોડો આરામ કરી બહાર જવા તૈયાર થઈ અને ચારેક વાગતાં સહદેવને બોલાવ્યો. તે આવ્યો એટલે જેને કહ્યું,

"સહદેવભાઈ, આજે ચાલો મારી સાથે."

"ચાલો, મિસ સાહેબ ! હું આવવા તૈયાર છું. ક્યાં જઈશું ?"

"ગામમાં જ તો ! બીજે ક્યાં જવાનું હોય ?"

જેન ખૂબ જ સ્વસ્થપણે બોલતી હતી, "લોકોને દવા અને સારવારની જરૂર છે અને આપણે આપી શકીએ તેમ છે. એટલે જો લોકો દવા લેવા અહીં ન આવે, તો દવા લઈ આપણે તેમની પાસે પહોંચવું જોઈએ."

આ સાંભળી એકાદ ક્ષણ તો સહદેવ સ્તબ્ધ થઈને ઊભો. જેનની વાત આગળ ચાલતી હતી, "ફક્ત શરૂઆતના થોડાક દિવસ જ તમારે મારી સાથે આવવું પડશે. હું ગામની જાણકાર થઈશ પછી તો શાંતાબાઈ અને હું બે જણાં બસ થશે."

જેનને સાથ આપતાં સહદેવ બોલ્યો, "ભલે, મિસ સાહેબ !"

જેનના બોલવામાં પૂરી આત્મશ્રદ્ધા અને દૃઢ નિશ્ચયનો રણકો સહદેવને જણાતો હતો. એનો ચેપ સહદેવને લાગ્યો, અને તે ઉત્સાહ પૂર્વક આગળ આગળ ચાલવા લાગ્યો. અત્યાર સુધી જેન વિઝિટિંગ બૅગ પોતે ઊંચકીને ચાલતી હતી. પણ સહદેવને પોતાની ભૂલ સમજાતાં તેણે તે જેનના હાથમાંથી માગી અને સાથે ચાલવા લાગ્યો.

"હમણાં બૅગ મારી પાસે રહેવા દો. પાછા વળતાં તમે ઊંચકી લેજો." જેને કહ્યું.

આ નાની ટોળી મિશન કંપાઉન્ડ આગળના પીપળાના ઝાડ પાસે થઈ ગામની મુખ્ય સડક પર આવી.

ભારે કુતૂહલ અને આશ્ચર્ય સાથે અનેક આંખો આ તદ્દન નવું દૃશ્ય જોઈ રહી. પુરુષો તેમ જ સ્ત્રીબાળકો પણ રસ્તે, જ્યાં ત્યાં એકલદોકલ કે ટોળે વળી એમને સડક પર ચાલતાં જોઈ રહ્યાં. વિનયપુરમાં એક ગોરી યુવતી આ પ્રમાણે દવાની પેટી ઊંચકી માર્ગે ચાલતી હોય એવું વિરલ દૃશ્ય કદી જોવા મળ્યું ન હતું. આ અનન્ય દૃશ્ય ફરી જોવા મળવાનું જ ન હોય એમ નાનાંમોટાં બધાં રસ્તાની

બન્ને બાજુ બારણામાં, ગલીકૂંચીના નાકે, મેડાની બારીએથી અને અગાસીઓમાંથી પહોળી આંખે જોઈ રહ્યાં. લોકોને તો જેનની માનવસેવા કરવાની ભાવના સંબંધી સહેજ પણ સમજ ન હતી. ફક્ત કુતૂહલવશ થઈ પ્રાણીબાગમાંનાં પ્રાણીઓને જુએ એમ આ ટોળીને સડક પર જતી જોઈ રહ્યા હતા.

બેત્રાણ દુકાનો આગળ છોકરાં કેડમાં લઈને કેટલીક સ્ત્રીઓ ઊભેલી જેનના જોવામાં આવી. જેન તેમની વધુ નજીક ગઈ. જેન તેમની પાસે આવે છે એ જોઈને જ તે સ્ત્રીઓ તો સ્તબ્ધ થઈ ગઈ. પાસે જઈને ભાંગીતૂટી મરાઠી ભાષામાં જેને તેમને પૂછ્યું,

"તમારામાં કોઈ બીમાર છે ? આ બાળકોમાંથી કોઈ માંદું છે ? જો હોય તો હું કશું લીધા વગર તેની દવા કરીશ."

જેનને મરાઠીમાં બોલતી સાંભળીને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. કેટલીક નવાઈ પામતી હસવા લાગી. કોઈ કોઈ તો તદ્દન બાઘા જેવી ઊભી થઈ રહી. થોડી વાર પછી બે જણી બોલી, "અમારે તમારી દવાબવા કંઈ જોઈતું નથી." એ પછી બધી સ્ત્રીઓ આમતેમ વિખેરાઈ ગઈ.

એમનો આ પ્રતિભાવ સ્વીકારતાં જેન બોલી, "ભલે." તે સડકના મધ્ય ભાગ તરફ સહદેવ રાહ જોતો ઊભો હતો ત્યાં આવી અને આગળ વધવા ઈશારો કર્યો.

તે પછી તેઓ અનેક સ્થળે ગયાં. સ્ત્રીઓ, જુવાનો અને વૃદ્ધો સાથે વાતચીત કરી જોઈ. અણઘડ પીડા વેઠતા લોકો સાથે સંપર્ક કેળવવાની આ પ્રક્રિયા - એક નવી જ રીત - એકાદ કલાક ચાલી. જુદા જુદા વિભાગોમાં જઈ તેઓ શેરીએ શેરીએ કર્યાં.

લોકોને શી શી બીમારી આવે છે એની વિગતે પૂછપરછ જેને કરી. એને માટે સાદા જ ઈલાજ કરવાની જરૂર હતી તે તેણે તેઓને સમજાવ્યું. પણ દવા લેવાની વાત આવે કે લોકો 'આખલો ભડકે'

એમ ભડકતા. જેન સમજતી હતી કે આ સેંકડો વર્ષથી પરંપરાગત ચાલી આવતી સંકુચિત સમાજની માન્યતાઓ અને રૂઢિઓની દીવાલો એમ સહેલાઈથી તૂટે એવી સહેલી ન જ હોય. આ અનુભવ ખૂબ જ નિરાશાજનક હતો ખરો, છતાં હિંમત રાખીને સાંજ પડવા આવી ત્યાં સુધી તેઓ શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ ફરતાં રહ્યાં.

આટલા સમયમાં જેનને એક પણ વાર દવા આપવાની તક મળી ન હતી. તોપણ પોતાની પાસેની દવાનો પુરવઠો લઈને હું લોકોના ઘરના ઊમરા સુધી જઈ આવી છું એવો સંતોષ તેના મનમાં થઈ શક્યો.

# પ્રકરણ : ૧૧

આગલા દિવસની નિષ્ફળતાને ન ગણકારતાં બીજા દિવસે સવારે જ સહદેવને લઈને વિઝિટિંગ બૅગ સાથે જેન રાઉન્ડ પર નીકળી પડી.

આજે તેઓ મરાઠા લોકોના અને બ્રાહ્મણોના લત્તા તરફ ગયાં. એ તરફ કેટલીક સ્ત્રીઓએ તેની સાથે બેચાર વાક્યની આપલે કરી ખરી, પણ તે ઘરમાં રહ્યાં રહ્યાં જ ! એ બધે સ્થળે જેન તેઓનાં બારણાં સામે જ ઊભી રહેતી, અને સહદેવ દૂર રસ્તા ઉપર ઊભો રહેતો. કેટલીક સ્ત્રીઓએ તો લાગલું જ જણાવી દીધું કે, "અમારે તમારી દવા જોઈતી જ નથી. અમે તો જરૂર પડે ત્યારે અમારા વૈદ પાસેથી દવા લઈએ છીએ." આવા ચોખ્ખા ઇન્કાર સામે પણ જેને દસ વાગતાં સુધી ફરવાનો કાર્યક્રમ ચાલુ રાખ્યો.

સહદેવને શાળાનો સમય સાચવવાનો હોવાથી તેઓ વેળાસર મિશન કંપાઉન્ડમાં પાછાં આવ્યાં. તે સાંજે પણ રાઉન્ડ પર જવાનો નિર્ણય કર્યો. સહદેવની શાળાનો સમય પૂરો થાય પછી જ જવું પડે તેમ હતું. લોકોના અસહકારનો પડકાર જેને ઝીલી લીધો હતો. પોતે વિદેશી અને ગૌર હોવાથી તેને વારંવાર અફસોસ થયા કરતો. લોકો વિવિધ પ્રકારના રોગથી પીડાતા તે જોઈ શકતી હતી. લોકો સાથે સંપર્ક સાધી તેમની સહાય કરવાની તેને સાચા દિલની ઝંખના હતી.

ગામમાં ઘણાને દવા અને સારવારની જરૂર હતી, પણ પરાપૂર્વથી ચાલી આવતી રૂઢિઓ, વહેમ અને મનના પૂર્વગ્રહોના મહાઅંતરાયો દવા લેતાં તેમને અટકાવતાં હતાં. આવાં કારણોને લીધે પીડા વેઠવા છતાં, સાજા થવાની ઇચ્છા જ ન હોય, એવા આ લોકો જણાતા

હતા એ ખરી વિચિત્રતા જ હતી. તેમની સાથે વાતો કરીને તેમને સમજ આપવી અને દવા આપવાની વાત કરવી એથી વધુ શું થઈ શકે ?

શાળાએથી છૂટી સહદેવે ઘેર જઈ હાથમોં ધોઈ ચા પીધી, અને પછી તરત દવાખાને પહોંચ્યો. તો જેન તો તૈયાર થઈને જ રાહ જોતી હતી.

"આજે હવે આપણે હરિજનવાસમાં જઈશું, સહદેવ," જેને સૂચના આપી.

સહદેવ આંચકો ખાઈ ગયો."પણ મિસ સાહેબ ..." એટલું બોલી તે અટકી ગયો, અને જેન સામે જોઈ રહ્યો. આટલા દિવસમાં જેનની દૃઢ પ્રકૃતિ તે પામી ગયો હતો. બીજું વધુ કંઈ બોલ્યા વિના તે બૅગ ઉપાડી જેન સાથે ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં મુખ્ય સડકના છેક છેવાડા ભાગે તેઓ પહોંચ્યાં. છેક દૂરના ભાગે આવેલી એક સાંકડી ગલીમાં તેઓ પેઠાં. એ ગલી ખાડાખાબોચિયાંવાળી હતી. એ વટાવી એક ઢાળવાળા રસ્તે ચડી ઝૂંપડાંમાં પહોંચ્યાં. ત્યાં ઝૂંપડાં કશી વ્યવસ્થા વગર જેમ આવે તેમ આડેધડ બાંધી દેવાયાં હતાં. ઠેર ઠેર પાણીની નીકો વહેતી હતી. એને લીધે જ્યાં ત્યાં ગંદા પાણીનાં ખાબોચિયાં જામેલાં ઓળંગવાં પડતાં હતાં. એમાં ભૂંડ મસ્ત બનીને આળોટતાં હતાં. બાજુમાં જ મોટા મોટા ઉકરડા હતા અને ભૂંડ તો ત્યાં પણ લાગુ હતાં.

જેન અને સહદેવ ગંદી નીકો અને ખાબોચિયાં ઓળંગતાં ઓળંગતાં ઝૂંપડીઓની વચ્ચે આવેલા ચોકમાં પહોંચ્યાં. આજુબાજુનો દેખાવ નરી ગરીબીનું નગ્ન દર્શન કરાવતો હતો. ગ્રામબંધુઓએ અસ્પૃશ્ય ગણેલા દલિત લોકો ત્યાં શાપિત અને દવલું જીવન વિતાવતા હતા.

"આ હરિજનવાસ ! મિસ સાહેબ !"

જેન અને સહદેવ વાસમાં પેઠાં ત્યાંથી જ છોકરાંનું ટોળું તેમને ઘેરી વળી તેમની સાથે ફરતું હતું. છોકરાંને તો જોવાનું મળ્યું. કેટલાંક બૂમાબૂમ કરવા લાગ્યાં, ''મઢમ આવી ! મઢમ આવી !'' તેઓને આ બે જણ નવી નવાઈનાં લાગવાથી તેમના તરફ તાકી રહેતાં. જોર જોરથી હાહા હીહી કરતાં ન બનવા જેવું બનતું જોઈ કેટલાંક અમસ્તાં ગેલમાં આવી નાચતાં અને કૂદાકૂદ કરતાં હતાં. બાળકોની ફોજ આમ ઘેરી વળી તોફાનમસ્તીએ ચડશે એવો જેનને તો ખ્યાલ જ આવેલો નહિ. તેથી તે તો ડઘાઈને સ્તબ્ધ થઈ ઊભી રહી ગઈ. આસ્તે આસ્તે આ બધાંથી ટેવાઈ તે સ્વસ્થ થવા લાગી.

''સહદેવભાઈ, વાસમાં ઘરે ઘરે ફરી વળો ને બધાંને ખબર આપો કે માંદાં, ગડગૂમડવાળાં બધાં અહીં આવી દવા લે અને સારવાર કરાવે.''

સહદેવ હકારમાં માથું હલાવી ઊપડી ગયો.

''અરે, છોકરાં ! આઘાં ખસો ! રસ્તો આપો !'' એમ કહેતો કહેતો સહદેવ ધિંગામસ્તી કરતાં છોકરાં વચ્ચેથી રસ્તો કરતો કરતો ચાલ્યો ગયો. છોકરાં તો કોઈનુંયે સાંભળ્યા વિના ધક્કામુક્કી કરતાં ઘોંઘાટ કર્યા કરતાં હતાં.

''અરે, ઓ વિશુ ! આવ તો ખરો અહીં ! જો ને અહીં તો મઢમ આવી છે મઢમ !'' કોઈકે એના ભાઈબંધને બૂમ મારી આ નવાઈની વાત જોવા બોલાવ્યો. આટલા ઘોંઘાટમાં એ જોવા નહિ આવ્યો હોય એ જ એક નવાઈ કહેવાય.

છોકરાં ઘણુંખરું સાવ ચીંથરેહાલ, ગંદાં અને ઢંગધડા વગરનાં પોતાના કદ કરતાં ક્યાંય મોટાં કે સાવ તોછડાં પડતાં કપડાંમાં હતાં. કેટલાંક તો સાવ નાગાં જ ફરતાં હતાં. સ્વચ્છતા તો જોવા જ મળે તેમ ન હતું. તેમનાં શરીર મેલ, પરસેવો વગેરેથી ગંધાતાં હતાં. કેટલાંકના શરીરે ગૂમડાં હતાં તે પર અને નાકમાંના લીંટ પર માખો

સતત બમણાતી હતી. માથાના વાળ જીંથરાં જેવા ખૂબ ગૂંચવાયેલા, કદી તેલનો સ્પર્શ ન પામવાથી સૂકાભઠ પવનમાં ઊડતા હતા. એમાં જૂનો પણ પાર ન હતો. એમને શિસ્ત કે નિયમનું કશું ભાન ન હતું. આવા વાતાવરણમાં જેનને ખૂબ અમૂંઝવણ થતી હતી. જાણે ઊલટી થઈ જશે એમ તેને થવા લાગ્યું. કેટલીક છોકરીઓ જૂ કરડવાથી માથાં ઘવડતી હતી અને ઘવડતાં ઘવડતાં નખમાં જૂ પકડાઈ આવે તો બે નખ વચ્ચે દબાવી પટ કરી કચરી નાંખતી, તે જોઈ જેનને ખૂબ જ જુગુપ્સા ઊપજી. છોકરાઓની પેઠે છોકરીઓ પણ આ નવીન દશ્ય જોવા માટે બીજી છોકરીઓને હાંક મારીને બોલાવતી. ધીરે ધીરે મોટાં માણસો પણ ટોળામાં ભેગા થવા લાગ્યાં. તેઓ પણ જેનને જ તાકીને જોયા કરતાં. કેટલાંક ટીખળી છોકરાં તોફાન મશ્કરીએ ચડ્યાં. તેઓ અંદર અંદર ગુસપુસ કંઈક વાત કરે, જેન સામે જુએ અને પછી ખડખડ હસે. તેઓએ આ ચાળા કેટલીયે વાર ચાલુ રાખ્યા. આ બધું જોઈને જેનને તો ત્યાંથી ભાગી છૂટવાનું મન થઈ ગયું, પણ હિંમત રાખી દૃઢતાથી ત્યાં ઊભી રહી.

આ પરિસ્થિતિ કેટલી કરુણ અને વિરોધાભાસી હતી ! આ લોકો પ્રત્યે અનુકંપા દાખવી જેન દુનિયાના બીજા છેડેથી અહીં આવી હતી. તેમની ગરીબી જોઈ તેને ખૂબ દુ:ખ થતું હતું. તેઓની અજ્ઞાનતાથી તેનું મન દ્રવી ઊઠતું હતું. એ જ લોકો જેનના મનની આ વાતથી સાવ અજાણ હતા.

ઊલટું, આ એક ગોરું પ્રાણી કંઈક નવું હોય તેમ તેને જોવા માટે બધાં તેની આસપાસ ફરી વળ્યાં હતાં. પ્રાણીબાગમાં પ્રાણીઓ જોઈ બાળકો ખુશ થાય તેમ તે બધાં જેનને જોઈને ખુશ થતાં હતાં. તેમને તેને માટે એક જ શબ્દ આવડતો હતો - "મઢમ" ! છોકરાંને બીજું કંઈ સૂઝતું નહોતું એટલે ઘાંટાઘાટ, ગાળાગાળી અને ધિંગામસ્તી કર્યા કરતાં હતાં.

જેન વિચારી રહી હતી કે 'હળે હાથ દીધા પછી પાછળ જોવાનું હોય જ નહિ.' થોડી વાર તે આ બધી ધમાલ અને અંધાધૂંધી વચ્ચે બેધ્યાનપણે ઊભી રહી, પણ પછી તેને પોતાનું કાર્ય ધ્યાનમાં આવતાં જ દવાની પેટી નીચે મૂકી છેક પાસેનાં છોકરાંને પૂછવા લાગી :

"તારું નામ શું, બહેન ?"

"તું ભણવા જાય છે ?"

"તું કયા ધોરણમાં ભણે છે ?

વગેરે પ્રશ્નો પૂછી તે તેઓ સાથે ઓળખાણ કરી તેનો પરિચય કેળવવા લાગી. એના આ પ્રયત્નના વિવિધ પ્રત્યાઘાત પડ્યા. કેટલાક મૂંગાં મૂંગાં જોઈ રહ્યાં. કેટલાંક જેનને મરાઠી બોલતી જઈ હસવા લાગ્યાં. જેનનું ભાંગ્યુંતૂટ્યું મરાઠી અને વિચિત્ર લાગે તેવા ઉચ્ચારને લીધે આ લોકોને રમૂજ પડે તેમાં નવાઈ નહિ. કોઈ બોલકું વળી બોલી ઊઠ્યું,

"અરે, આ મઢમ તો બોલતી છે ને ! તેં સાંભળ્યું કે ?"

બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ જેનના પ્રશ્નો સાંભળી રહ્યાં. એટલામાં સહદેવ કાખમાં નાનાં નાનાં બાળકોવાળી કેટલીક સ્ત્રીઓને તેડીને આવી પહોંચ્યો. તેણે તો આવતાં જ તોફાની છોકરાંને ધમકાવી આઘાં કાઢ્યાં અને શાંત કર્યાં.

જેનની મૂંઝવણ પણ ઓછી થઈ. તે એકદમ કામે લાગી ગઈ. છોકરાં સાથે આવેલી સ્ત્રીઓ પાસે જઈને તે બાળકોને તપાસવા લાગી. કેટલાક પ્રશ્નો કરી જોયા તો એ સ્ત્રીઓને તો આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન પણ ન હતું.

એક બાળકની આંખો આવેલી. પોપચાં ફૂલીને ઢમ થઈ ગયેલાં. આંખમાં ખૂબ પીડા થવાથી બાળક ચીસાચીસ કરીને રડતું હતું. તેની આંખો ધોઈ દવાનાં ટીપાં પાડ્યાં અને એની માને સમજાવ્યું કે બાળકની આંખો દિવસમાં બે વાર ધોઈને ટીપાં પાડવાં. આંખ ધોવાની પડીકી

આપી સમજણ આપી : ''સહેજ ગરમ પાણીમાં થોડી ભૂકી નાખી એ પાણીથી બાળકની આંખ ધોજો.''

બીજી એક છોકરીના હાથ ખસથી ફદફદી ગયા હતા. જેને તેની માને પૂછ્યું, ''આને રોજ નવડાવવા પાણીયે નથી મળતું કે શું ? રોજ બરાબર ઘસીને નવડાવો તો ગૂમડાં કે ખસ થાય જ નહિ,'' એમ કહી છોકરીનો હાથ પોતાના હાથમાં લઈ ખસ પર મલમ લગાડ્યો. પછી કાગળમાં થોડો મલમ આપત્તાં સૂચના આપી કે દિવસમાં બે વાર મલમ ઘેર લગાડજો.

જેન આ પ્રમાણે બાળકોની સારવાર કરવામાં અને દવા આપવામાં તથા માતાઓને સ્વાસ્થ્ય વિષે શિક્ષણ આપવા રોકાઈ હતી ત્યારે દાંડી પીટી દવાખાનાની જાહેરાત કરનાર કૃષ્ણ મકારે ત્યાં આવી પહોંચ્યો. અત્યારે તે સરપંચની પાસેથી કામ પરથી છૂટીને જ આવ્યો હતો. થોડી વાર તો તે ચાલી રહેલું કામ જોઈ રહ્યો. પછી છોકરાંની ધાંધલ ધમાલ તેના ધ્યાન પર આવતાં તેમને ધમકાવી શાંત કર્યાં. જેન અને સહદેવનું ધ્યાન તેના તરફ જતાં તેમને સલામ ભરી અને તેની જિંદગીનો આ અનન્ય વિરલ પ્રસંગ દશ્ય તે માણી રહ્યો.

હવે જેને એક ખૂબ જ બીમાર બાળક પર ધ્યાન આપ્યું. તેને ભારે તાવ હતો અને બેભાન જેવું જ હતું. થોડી તપાસ કરીને વિચાર કરી જેને તેને ઇંજેક્શન આપ્યું. એની માને તો એના બાળકની માંદગી વિષે કશું ભાન જ ન હતું. એ તો માત્ર અહીં કુતૂહલની મારી જ આવી હતી કે આ ગોરી બાઈ આવીને શું કરે છે ! બીજી એક છોકરીનો કાન પાકેલો તે સાફ કરી તેમાં ટીપાં પાડી આપ્યાં. ધીરે ધીરે ચારે બાજુ સ્ત્રીપુરુષોનું ટોળું વધતું જ ગયું હતું. તેમનું આશ્ચર્ય ધીરે ધીરે આદરભાવમાં પલટાઈ રહ્યું હતું. જેનની સૂચનાઓ અને શિક્ષણની વાતો પણ બધાં ધ્યાનથી સાંભળતાં હતાં.

આ એક ગોરી, ભણેલીગણેલી સુખી જુવાન બાઈ, ધોયેલાં સ્વચ્છ કપડાં પહેરેલી, અહીં આવા ગંદાગોબરા લત્તામાં આવી, આવાં ગંધાતાં, ગડગૂમડાવાળાં બાળકોને પોતાના હાથે તપાસે, દવા લગાડે, એ તેમના માટે તો કલ્પના બહારની વાત હતી. એમના આશ્ચર્યની કોઈ સીમા ન હતી. તેનું અપમાન અને મશ્કરી કરી હેરાન કરનારાં છોકરાંની જ સેવા કરવામાં તેને કશો સંકોચ ન હતો. આવી વાત કોઈએ કરી હોય તો કોણ માને ? પણ એ નજર આગળ બની રહી હતી.

ટોળામાં ઊભેલી એક સ્ત્રી પાસે એક સાવ હાડપિંજર થઈ ગયેલું બાળક હતું. તેના પર જેનની નજર પડતાં તેની પાસે જઈ તે પૂછવા લાગી,

"આને રોજ જરૂર પ્રમાણે દૂધ કેમ નથી પાતાં ?" જેનનો સવાલ સાંભળી જવાબ આપવાને બદલે તે જોરથી હસી પડી. જેન પહેલાં તો છોભીલી પડી ગઈ, પણ કૃષ્ણ મકારે તેની વહારે આવ્યો અને પેલી બાઈને ઠપકો દેતાં બોલ્યો, "અરે, ઓ કીશી ! દોઢડાહી ના થા. એમણે પૂછ્યું એમાં હસે છે શાની ?" કીશી વડીલના કહ્યાથી ચૂપ થઈ ગઈ. પણ પછી વિચાર કરતાં જેનનેયે સમજાયું કે આ ગરીબ લોકો દૂધ જોવા જ નહિ પામતાં હોય, તો પાવાની વાત શી ? એમને પોતાને જ ટંકે પેટ ભરીને ખાવા નહિં મળતું હોય, પછી દૂધની વાત જ શી કરવી ? એમના દેહ પર પૂરાં વસ્ત્રો જ ક્યાં છે ? જેન જે કહેવા ઈચ્છતી હતી તે અગત્યનું છે એ જેમ જેમ લોકોના ધ્યાનમાં બેસતું ગયું તેમ તેમ તેઓ પણ શાંત અને ગંભીર બનતાં ગયાં.

જેનના જોવામાં આવ્યું કેટલાંક ગંદાં, નાગાં બાળકો મજબૂત અને તંદુરસ્ત પણ હતાં. તેઓ શી રીતે એવો સારો વિકાસ આ હીન વાતાવરણમાં સાધી શક્યાં હશે એ કુદરતનો એક ચમત્કાર જ ગણી શકાય. આ લોકો એક મહારોગ - અજ્ઞાનતાથી પીડાઈ

રહ્યાં હતાં તે જેનના ખ્યાલમાં આવ્યું. એ રોગનું નિવારણ કરવું એ પણ એક અનિવાર્ય ફરજ છે એમ તેને સમજમાં બેઠું. અજ્ઞાનતા એટલે કેટલી વ્યાપક અજ્ઞાનતા તેમને ભરડો લઈને બેઠી હતી. જીવનધોરણ અંગે, સામાજિક સંબંધો, નૈતિક ધોરણો, ખોરાક, સ્વચ્છતા, એ બધાંમાં માત્ર અજ્ઞાનતા અંધકારજ તેઓનાં મન પર છાઈ રહી હતી. આ લોકો માટે જ્ઞાનની મશાલ સળગાવી તેમને પ્રકાશ દેવાની જરૂર છે. તો જ તેઓમાં હરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવી શકાશે. એ કાર્ય મહાપરિશ્રમ માગી લે છે. કોણ એ બીડું ઝડપી લેશે ? એ ભગીરથ કાર્ય થોડા દિવસમાં કે એક જ માણસ પાર પાડી શકે એમ નથી એનો પણ જેનને વિચાર આવ્યો. તેના મનમાં પ્રભુનું વચન રમી રહ્યું : ''ફસલ પુષ્કળ છે, પણ મજૂરો થોડા છે.'' પ્રભુની ચારે ગમ દુઃખોનો સાગર ઊમટતો ત્યારે તેને કેવી લાગણી થતી હશે તેનો કંઈક ખ્યાલ જેનને અત્યારે આવ્યો.

આ ટોળામાંનાં થોડાંકને પોતે કંઈક સારવાર-દવા આપી શકી છે એવો આત્મસંતોષ જેન અનુભવવા લાગી. આ લોકોને મારી જરૂર છે. તેઓ તો બિચારા છે. તેઓ વહાલના ભૂખ્યા છે. આજ સુધી તેઓ પ્રત્યે કોઈએ લાગણી દર્શાવી નથી. તેમને અછૂત, અણમાનીતા, હડધૂત કરી રાખેલા છે - એવા એવા વિચારો આવતાં જેનના મનમાં તેઓ પર હેત ઊભરાવા લાગ્યું. 'હું તમારી પાસે ફરી વહેલી તકે આવીશ' એમ કહીને તેણે સહદેવને ઈશારો કર્યો કે હવે આપણે પાછાં ફરીએ. સહદેવે વિઝિટિંગ બોક્સ ઉપાડી લીધી અને જેન સાથે સાથે ચાલ્યો. તેને પણ આજના કાર્યથી સંતોષ અને ગર્વ ઊપજ્યાં હતાં. 'અમે ફરી આવીશું' એમ કહ્યું ત્યારે તો લોકોમાંથી પણ આનંદના અવાજો ઊઠ્યા હતા.

પાછા વળતાં અંધારું થયું હતું છતાં જેન અને સહદેવના મનમાં તો જાણે હજાર હજાર દીવા પ્રગટ્યા હોય તેવો આનંદ હતો .હરિજન-

વાસમાં દીવાબત્તી થવા માંડી હતી અને તેઓ ઘેર પહોંચ્યાં ત્યારે બહાર દીવા હતા, એટલું જ નહિ, પણ બંનેના દિલમાં પણ આશાના દીપ જલવા લાગ્યા હતા.

તે રાત્રે સૂવા જતાં પહેલાં જેને ઈશ્વરનો ખાસ આભાર માન્યો. તેના હૃદયમાં આશા જન્મી હતી. આજે ઘણા દિવસ પછી મનની ઝંખના પૂરી થાય તેવું કાર્ય કરવાનું મળ્યું તેનો સંતોષ પણ હતો. પ્રાર્થનામાં તે ઈશ્વરનો આભાર માનતી હતી ત્યારે તેની આંખોમાંથી હર્ષનાં આંસુ વહ્યે જતાં હતાં. તે ઈશ્વરને કહી રહી કે "પ્રભુ ! આ તો શરૂઆત જ થઈ છે. તમે મારા દિલમાં આ લોકો પ્રત્યે પ્રેમભાવ અને કરુણા મૂક્યાં છે. તેઓના દેહના રોગ મારા કાર્ય દ્વારા મટે એટલું જ બસ નથી. મારે તો તેઓને એક ઉદ્ધાર અને આશાનો સંદેશ એવી રીતે પહોંચાડવો છે કે તેમનાં મન તે અપનાવી લે, એ મને શીખવજો, પ્રભુ !"

બીજે દિવસે પણ હરિજનવાસના બીજા ભાગમાં જઈને પ્રથમ દિવસની માફક જ જેન અને સહદેવે કર્યું. તે ભાગ પણ બધી રીતે પહેલા દિવસે જ્યાં કામ થયું હતું તેના જેવો જ હતો. જેનના મનમાં એક સુવાક્ય રમી રહ્યું. : "અંધારાને દોષ દીધા કરતાં એક દીવો પ્રગટાવવો એ વધુ સારું છે."

# પ્રકરણ : ૧૨

સુહાસ પહેલી વાર વિનયપુર આવ્યો ત્યારે તેને કેટલીયે મુશ્કેલીઓ વેઠવી પડી હતી. વખતની મુશ્કેલીઓ તો હતી જ તેમાં વાહન-વહેવારની તકલીફ વધારાની ઉમેરાઈ હતી. ગમે તેમ કરીને તેણે મુસાફરી કરી અને વિનયપુર મોડો મોડોયે આવી પહોંચ્યો ખરો.

શાહીપેઠથી વિનયપુર આવનારી એક જ બસ હતી પણ સુહાસ તે ચૂકી ગયો. તપાસ કરતાં એક માલસામાન હેરફેર કરનારી ટ્રક વિનયપુર જનારી મળી એટલે તેમાં બેસી ગયો. એ ન મળી હોત તો તે શાહીપેઠમાં જ રખડી જાત અને કદાચ ત્યાંથી જ પાછા ફરવું પડત. વિનયપુર જવા આવવા તે બે જ દિવસ ફાજલ પાડી શકે તેમ હતું. વળી કેટલાક સંજોગો એવા હતા કે હાલ વિનયપુર જઈ ન આવે તો પછી અવાય કે નયે અવાય.

વિનયપુર આવતાં તે ટ્રકમાંથી ઊતરી પડ્યો. ગરમી ખૂબ પડતી હતી. મોં પરનો પરસેવો રૂમાલથી લૂછી નાખ્યો અને કપડાં પરની ધૂળ પણ ખંખેરી જરા સ્વસ્થ થયો. પછી ચારે તરફ નજર ફેરવી કઈ બાજુ જવું તે વિષે વિચાર કરવા લાગ્યો. ટ્રકવાળાએ તેને બસ સ્ટેશન પાસે જ ઉતાર્યો હતો. બસ સ્ટેશનથી થોડે દૂર કોટનાં ખંડિયેર અને મોટો દરવાજો તેની નજરે પડ્યાં. દરવાજામાં થઈને ગામની મુખ્ય સડક જતી જોઈ તે પોતાની નાની બૅગ ઊંચકી તે પર ચાલી નીકળ્યો. જેનના અગાઉના બે પત્રોમાં આપેલા ગામના વર્ણન પરથી મિશન સ્થળ શોધી કાઢવાનું મુશ્કેલ ન હતું. શરૂઆતમાં જ જેને બે પત્રો લખેલા પણ ત્યાર પછીના બે માસમાં જેન તરફથી કશા સમાચાર ન હતા. ગામનાં દર્શન થતાં જ સુહાસને લાગ્યું કે આવા

પુરાણા સ્થળમાં જેનને અનેક પ્રકારની મુશ્કેલીઓનો એકલા હાથે સામનો કરવો પડતો હશે, અને આકરો સમય વિતાવવો પડતો હશે.

આવા વિચારમાં ગરક સુહાસ મુખ્ય સડક પર થઈને દસપંદર મિનિટમાં જ મિશન કેન્દ્રમાં પહોંચી ગયો. જેન આવા કઠણ કાર્યપ્રદેશમાં કેવી પ્રગતિ કરી શકી હશે તે જાણવા સુહાસને ખૂબ અધીરાઈ થઈ હતી. મિશન કેન્દ્ર પાસે પહોંચતાં જ 'મિશન દવાખાનું' એવું પાટિયું તેની નજરે પડ્યું ખરું, પણ દવાખાનાનું દ્વાર તો બંધ હતું. સુહાસે ધાર્યું કે જેન બહાર ગઈ હોવી જોઈએ. જેનને મળવામાં થતા વિલંબથી તેને નિરાશા ઊપજી.

દવાખાનાના મકાનથી થોડે જ દૂર બીજા એક મકાનના ઓટલે બેઠા બેઠા બે જણા વાતો કરી રહ્યા હતા. એક જણની પીઠ સુહાસ તરફ હતી. સુહાસે માન્યું કે એ સહદેવનું જ ઘર હોવું જોઈએ. તેણે તે તરફ જવા માંડ્યું .ઓટલા પરના બે જણમાથી જેનું મોં રસ્તા તરફ હતું તે સુહાસને આવતો જોઈ ઊભો થતાં બોલ્યો,

''માસ્તરજી, કોઈક સાહેબ આવતા દેખાય છે.''

સહદેવે પાછા વળીને જોયું અને સુહાસને ઓળખીને આદરપૂર્વક ઊભો થઈને બોલ્યો,

''ઓહોહો ! કર્વે સાહેબ, આપ આ બાજુ ક્યાંથી આવી ચડ્યા ? નમસ્તે, સાહેબ !''

''નમસ્તે, સહદેવભાઈ, મારે અહીં અચાનક જ આવવું પડ્યું છે. કેમ છો તમે અને ઘરનાં બધાં ?''

''મઝામાં, સાહેબ ! આવો પધારો,'' એમ કહી તેણે તેની પત્નીને હાંક મારી ખુરસી મંગાવી.

''સહદેવભાઈ, ખુરસીબુરસીની કડાકૂટ ન કરશો. આ હું તો

અહીં ઓટલા પર જ બેસું છું,'' એમ કહી સુહાસ ઓટલા પર જ બેસવા જતો હતો તેવામાં સુશીલા અંદરથી એકની એક ખુરસી લઈ આવી અને સહદેવે તે દીવાલની અડોઅડ ગોઠવી સુહાસને બેસવા વિનંતી કરી.

''ભલે, ચાલો, તમારું મન રાખો,'' એમ કહેતાં સુહાસ ખુરસી પર બેઠો.

સુશીલાએ પણ બારણા આગળ ઊભાં રહી સુહાસને અભિવાદન કર્યું.

''સલામ, સુશીલાબહેન, કેમ છો ?''

''સારું છે, સાહેબ'' સુશીલાએ માથે ઓઢેલો છેડો ઠીક કર્યો.

સહદેવ સુહાસને બરાબર ઓળખતો હતો. તે જ્યારે ધર્મપુરમાં હતો ત્યારે વારંવાર સુહાસનાં બોધભાષણો સાંભળેલાં.

થોડી વાર શાંત બેઠા પછી સુહાસ બોલ્યો,

''મને દિલમાં થઈ આવ્યું કે લાવ વિનયપુર જઈને જોઉં તો ખરો કે મિસ જોન્સનું કામકાજ કેવુંક ચાલે છે.''

''સાહેબ, એ તો આપના દિલની ભલાઈ છે.''

''તમને તો કદાચ ખબર નહિ હોય, પણ ગયા ઉનાળામાં મધુબનમાં લૅંગ્વેજ શાળામાં મિસ જોન્સ મારાં વિદ્યાર્થિની હતાં.''

''હા જી, મને શાંતિપેઠમાં ટપાલ નાખવા આપેલી ત્યારે તમારા વિષે વાત કરેલી.''

હજી ત્યાં જ ઊભા થઈ રહેલા માણસને જોતાં સુહાસે પૂછ્યું, ''આ ભઈ કોણ છે ?''

સહદેવે બંનેની અરસપરસ ઓળખ આપી.

''આ કૃષ્ણ મકારે,'' સુહાસ બોલ્યો, પણ એ કોણ છે તે વિષે કશો ખ્યાલ આવ્યો નહિ. તે જરા ટટાર થઈને ઊભેલા મકારે ને જોઈ રહ્યો.

"સલામ, સાહેબ !" પોતાનું નામ લેવાયું તેથી ખુશ થતો કૃષ્ણ મકારે બોલ્યો, "હું અહીંના હરિજનવાસમાંથી આવું છું."

"તેમાં શો વાંધો ? એટલે દૂર ઊભા રહેવાની શી જરૂર ? અહીં નજીક આવીને બેસો ને !" સુહાસે પરિચય વધારતાં નિકટતા આણવા અને મકારેની મૂંઝવણ દૂર કરવા પ્રયત્ન કર્યો.

કૃષ્ણ મકારે સ્વસ્થપણે થાંભલીને અઢેલીને ચટાઈ પર બેઠો. થોડીક વાર બધાં મૌન બેઠાં.

મૌન તોડતાં સુહાસે પૂછ્યું,

"સહદેવભાઈ, મિસ સાહેબનું કામકાજ હવે કેમ ચાલે છે ? હજી દવા-સારવાર કરવા તેમને દર્દીઓ પાસે બહાર જવું પડતું હોય એમ જણાય છે."

"હા જી, હવે તો ગામના જુદા જુદા વિભાગોમાં જવાનું એક સમયપત્રક બનાવી લીધું છે."

"એમ કે ? પોતાનો એ વિચાર તેમણે એક પત્રમાં જણાવેલો, પણ પછી તેમના સમાચાર જ આવતા બંધ થઈ ગયા, એટલે કંઈ ખ્યાલ જ ન આવ્યો કે કામ કેવું ચાલે છે."

"હરિજનવાસનાં વિવિધ ફળિયાંમાં તેમની દવા-સારવારથી ઘણો ફાયદો થયો છે. સંખ્યાબંધ દર્દીઓ સાજા થયા છે. ફળ વગેરે વેચનારી કોમ તથા ટોપલા ગૂંથનારી કોમની શેરીઓમાં પણ સારું પરિણામ મળ્યાના સમાચાર મળે છે. શરૂ શરૂમાં તો મિસ સાહેબને ભારે તકલીફો અને અવરોધ સહન કરવાં પડ્યાં. પણ આટલા સમયના કામનાં પરિણામ જોઈને કેટલાક લોકોને શ્રદ્ધા બેઠી છે અને તેઓ હવે તેમની પાસેથી દવા-સારવાર લેવા તેમની રાહ જોતા થયા છે."

હવે કૃષ્ણ મકારેથી છાના ન રહેવાયું. તે બોલી ઊઠ્યો, "અરે, સાહેબ ! મિસ સાહેબ કેટલી તકલીફો વેઠતાં હતાં અને કેવો ભારે પરિશ્રમ કરતાં હતાં તે મેં મારી આંખે જોયું હતું. અમારા હરિજવવાસમાંનું

બધું કામ તો મારી આંખ આગળ જ થયું છે. અમારા લોકનાં નાગાંપૂગાં, ગંદાંગોબરાં, ગડગૂમડાં અને ખસથી ફદફદી ગયેલાં, આંખો ચીપડા ભરેલી, નાક લીંટથી ભરેલાં અને દદડતાં, સ્વચ્છતામાં રહેનારને તો ભારે સૂગ ચડે એવાં માઈકાંગલાં, માંદાં બાળકો અને કશા જ્ઞાન વગરની અબુધ માતાઓ વચ્ચે મિસ સાહેબે જે કામ કર્યું છે, કશો છોછ રાખ્યો નથી એ તો અમારા સામાન્ય માણસની કલ્પના બહારનું છે. જંગલી લોકોની માફક બધા લોકોએ તો તેમનો સામનો કરેલો. એ તો સારું થયું કે આ માસ્તર સાહેબ સાથે હતા એટલે પરિસ્થિતિ કાબૂમાં રહી શકી. મને તો થતું હતું કે આ ધાંધલિયાં, તોફાની, સાવ જંગલી છોકરાં મિસ સાહેબને ક્યાંક ધક્કે ન ચડાવે. અરે, પણ મેં એમનું કામ જોયું અને હું તો સ્તબ્ધ જ થઈ ગયો. તે દિવસનાં દશ્યો તો સ્વપ્ને પણ જોવા ન મળે, તે સગી આંખે જોવા મળ્યાં. એકાદ બાળકને તપાસી દવા આપે, બીજાની આંખ ધોઈ દવાનાં ટીપાં પાડે, ત્રીજાનો કાન ધુએ અને દવા પાડે, અમુકને ગંભીર જણાતાં ઈજેક્શન આપે, માતાઓને દવા આપે, ગંદાં, ગંધાતાં ગૂમડાં સાફ કરી મલમ લગાડે - આ બધું કેટલું અજાયબ !''

મકારેનું વર્ણન સુહાસ એકચિત્તે સાંભળી રહ્યો. જેનની આ રઢ કાર્યમાં પરિણમતી જોઈ તે આનંદ અનુભવી રહ્યો. મકારેની .તમાં ઉમેરો કરતાં સહદેવ બોલ્યો,

''આટઆટલાં અઠવાડિયાંથી આ કાર્ય ચાલી રહ્યું હોવા છતાં કેટલાક વિઘ્નસંતોષી લોકો કામમાં પથરા નાખવા મથે છે, કે અમારું કામ સરળતાથી ન ચાલે. હું મિસ સાહેબના કાર્યની એક શુભ અસર વિશે ખાતરીપૂર્વક કહી શકું તેમ છું કે એ કામથી હવે મિશન શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે.''

જેન ધીરે ધીરે, મક્કમપણે મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં પોતાના મનમાં ધારેલી બાબતો પાર પાડી રહી હતી તે જાણી સુહાસને

આનંદ થયો. સહદેવ અને કૃષ્ણ મકારેની વાતો એકબીજાનું સમર્થન કરનારી હતી.

ત્રણે જણા આમ વાતો કરી રહ્યા હતા તેવામાં ચાનો કપ લઈ સુશીલા બારણામાં ડોકાઈ. સુહાસ માટે એક કપમાં ચા લાવી હતી. બીજા બે માટે ધાતુના પ્યાલામાં ચા આણી હતી. ત્રણ જણ મૌન રહી ચાના ઘૂંટ ભરવા લાગ્યા. ચા પીતાં ત્રણેના મનમાં જેન વિષે જ વિચારો આવતા હતા. જેનના કામ વિષે સાંભળવા મળેલી વાતો પર સુહાસ વિચાર કરી રહ્યો, અને જેનની રાહ જોઈ રહ્યો.

એમને બહુ લાંબો સમય રાહ જોવી ન પડી.

ચા પિવાઈ રહી એટલામાં જ જેનની ટોળી દૂરથી દેખાઈ. તે જોઈ સહદેવ બોલી ઊઠ્યો, ''પેલા આવે એ લોકો !'' બધા તેમને આવતાં જોઈ રહ્યા અને તેઓ પાસે આવી પહોંચ્યાં એટલે ત્રણે જણ ઊભા થઈ તેમનું સ્વાગત કરવા આગળ આવ્યા.

''સુ...હા...સ !'' જેનના મોઢેથી આનંદનો ઉદ્‌ગાર નીકળી પડ્યો. ખૂબ થાકેલી હોવા છતાં જેનના ચહેરા પર ચમક આવી ગઈ.

''નમસ્તે !'' સુહાસે અભિવાદન કર્યું. જેનના મુખ પરનો આનંદ તેમ જ આશ્ચર્યના ભાવો તે જોઈ રહ્યો. જેન સાથે હસ્તધૂનન કરતાં તે બોલ્યો,

''ખાસ મળવાના ઈરાદે જ હું આવ્યો છું.''

પાછળ આવતાં શાંતાબાઈનું પણ તેણે અભિવાદન કર્યું.

એ પછી હાથમોં ધોઈ, કપડાં બદલી આવવા જેન તેના મકાનમાં ગઈ. શાંતાબાઈ રસોડામાં પહોંચી ગઈ. સહદેવ અને મકારે પણ પોતપોતાના રસ્તે પડ્યા. સુહાસ એકલો જ દવાખાનાના મકાન આગળ ટહેલી રહ્યો. જેને ત્યાં આવવાનું કહ્યું હતું.

જેને તેના પહેલા પત્રમાં દવાખાના વિષે વિગતે લખેલું. તે અત્યારે સુહાસને યાદ આવવા લાગ્યું. સાધનસામગ્રીની અછત હોવા

છતાં જેન પોતાની કોઠાસૂઝથી જે મળે તેનો ઉપયોગ કરી કામની સગવડ કેવી રીતે કરી લેતી હતી તે વાતો તેના મગજમાં તાજી થઈ તરવરી રહી. જેનની આ ધ્યેયસિદ્ધ માટેની નિષ્ઠા અને ઝંખના પ્રત્યે તેના મનમાં આદરભાવ ઊપજ્યો. જેનના માટેનો તેનો અંગત અભિપ્રાય વધુ ઊંચો બંધાતો ગયો. અહીં છેક જ અંદરના ભાગમાં આવેલા આ પુરાણી પરંપરાગત રૂઢિઓમાં ડૂબેલા નાનાશા ગામડામાં અનેક મુશ્કેલીઓ અને દુઃખો વેઠી, અજ્ઞાન  અને અનિષ્ટ સામે એકલે હાથે યુદ્ધ આદરી ઝઝૂમતી આ યુવતી સામે તેનું મન નમી રહ્યું. પોતાને જો આવો નિશ્ચય કરવાનો આવે તો ગમે કે કેમ એ પ્રશ્ન પણ તેના મનમાં આવી રહ્યો. ઘણું કરીને ન જ ગમે. વળી આ તો પરદેશી, બિનઅનુભવી યુવતી આવા લોકોમાં સેવા કરવા સ્વેચ્છાએ આવીને બેસી જાય એ એક અતિ વિરલ બાબત હતી. ભારતમાં આવ્યા પછી પણ સરળ ચાલતું શહેરી જીવન અને તેનાં સુખસગવડ તજી અનેક અગવડોવાળા આ અવિકસિત પ્રદેશના અણઘડ લોકોમાં આવી આવું કઠોર તપમય જીવન રાજીખુશીથી સ્વીકારવું એ નાનીસૂની વાત નથી. પણ આ બધું ખ્રિસ્તપ્રેમની પ્રેરણાને આભારી હતું. સુહાસે પોતાના પરિચયમાં આવેલા મિશનરીઓને યાદ કરી જોયા તો તેમાંના એકે જણે જેન જેવું પૂર્ણ સમર્પણ જીવનમાં અમલમાં મૂકેલું જોવા મળ્યું નહિ. અલબત્ત, આરંભ કરનાર દરેકને અકલ્પ્ય યાતનાઓ, અપમાનો અને એકલતા વેઠવાં પડ્યાં હતાં, ભલે પછી તે તબીબી, શૈક્ષણિક કે ઉપદેશકની સેવા હોય ! જોકે એ આરંભકાળની મુશ્કેલીઓ હવે ભારતમાં રહી ન હતી. છતાં વિનયપુર જેવા છેક અંતરાળ ગામડામાં હજી ઘણી જાતના અવરોધો અને મુશ્કેલીઓ ખડાં હતાં. એમાંયે પરદેશી મિશનરીઓ માટે એ વિશેષ જણાય તેમ હતું. એનું કારણ અજ્ઞાનતા જ હતું. એને લીધે સંકુચિત માનસ અને રૂઢિનું જોર ખૂબ જોવા મળતું.

જેન કપડાં બદલી તાજગી મેળવી ડિસ્પેન્સરીમાં આવી તો સુહાસ વિચારમાં ડૂબેલો જણાયો. તેણે પૂછ્યું,

‘‘સુહાસ, શા વિચારમાં પડી ગયા છો ?’’

સુહાસ તંદ્રામાંથી ઝબકીને જાગ્યો અને સચેત થઈ ગયો. તરત તો કશો જવાબ સૂઝ્યો નહિ. તે માત્ર પ્રશંસાપૂર્ણ નજરે શાંતભાવે જેન સામે જોઈ રહ્યો.

સુહાસને શાંત રીતે જોઈ રહેલો જોઈ જેન બોલી,

‘‘અરે, જરા નિરાંતે બેસો તો ખરા. પણ ભૂલી, તમે તો હાથ-મોં પણ ધોયાં નથી !’’

‘‘એની ચિંતા ન કરશો. હું સહદેવને ત્યાં જઈને બધું પતાવી દઈશ.’’

‘‘ભલે, ત્યાં સુધી હું ફાનસ ઠીક કરી લઉં. જોયુંને, અહીં તો વિશાલનગરની પેઠે વીજળીની સુવિધાયે મળતી નથી.’’

‘‘પણ એના કરતાંય વિશેષ અગત્યનું કંઈક અહીં છે, ખરુંને જેન ?’’ મલકતા મુખે જેનનો હાથ પોતાના હાથમાં લેતાં સુહાસ બોલ્યો.

‘‘આહ !’’ જેનના મોઢેથી ઉદ્‌ગાર સરી પડ્યો, કારણ કે સુહાસે તેને બાથમાં લઈ આલિંગન આપ્યું હતું.

એકાદ પળ બાદ બાથમાંથી છૂટી જેન રસોડા તરફ ગઈ અને શાંતાબાઈએ સળગાવી રાખેલું ફાનસ લઈ આવી. તે ટેબલ ઉપર રાખી સુહાસની પડખેની ખુરશીમાં સ્થાન લીધું.

‘‘કહો જોઈએ થોડીક પળો પહેલાં હું કોનો વિચાર કરી રહ્યો હોઈશ ?’’

‘‘એ તો હું જાણું છું. તમને અહીં આવ્યા કેટલો સમય થયો ?’’

‘‘એકાદ કલાક થયો હશે. પણ એટલા સમયમાં તો તમે આદરેલા

આ ભગીરથ યજ્ઞ વિષે ઘણું ઘણું મારા સાંભળવામાં આવ્યું છે, અને એથી મને ખૂબ ગર્વ થાય છે. તમારું સ્વપ્ન સિદ્ધ કરવા તમે કેવો ભારે 'સેવાયજ્ઞ' આદર્યો છે અને કેવું તપ લઈ બેઠાં છો !''

''એમ કહી મને અમથા છાપરે ન ચડાવશો. મારી કાર્યસિદ્ધિ દેખાતી હોય તો તે મારી નહિ, પણ મારા પ્રભુ ખ્રિસ્તની જ છે. તેના બળ અને માર્ગદર્શનથી એ શક્ય બન્યું છે.''

''એ ખરું, પણ તમે એમાં જે ભાગ ભજવ્યો છે તે જોઈજાણી મને ખૂબ જ હર્ષ થાય છે. મારાં અનેકાનેક અભિનંદન !''

''આભાર !'' જેન બોલી. બંને શાંત રહ્યાં.

''આટલા પરિશ્રમ પછી લોકો અહીં ડિસ્પેન્સરીએ આવી દવા લેવા માટે તૈયાર થવા ન જોઈએ ?''

''તમારો પ્રશ્ન મુદ્દાનો છે. પણ આમાં તો લોકમાનસ કેળવવાનું છે. તેમાં ઉતાવળે કામ ન થાય. એમને દબાણ કરીને અહીં બોલાવીએ તે કરતાં તેઓ પોતે અગત્ય સમજીને આવવા માંડે ત્યાં સુધી રાહ જોવાની છે, એમ હું માનું છું.''

''આ બાબતમાં તો તમારી સમજણ વધુ વજૂદ વાળી ગણાય એ હું કબૂલ કરું છું.''

એ પછી પોતાની બૅગ ખોલી તેમાંથી બે પુસ્તકો કાઢી જેનને આપતાં સુહાસ બોલ્યો,

''લો, જેન. આ તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલાં મારાં બે પુસ્તક તમને મારા તરફથી સ્મૃતિચિહ્ન તરીકે આપું છું.''

''મારાં અભિનંદન ! અને આભાર !'' પુસ્તકો હાથમાં લઈ હસતાં હસતાં જેન બોલી અને પછી પુસ્તકનાં શીર્ષક ધીમે ધીમે વાંચવા લાગી.

''મરાઠીમાં તમારી પ્રગતિ ઘણી સારી જણાય છે. અહીં તમે લોકો સાથે કેવી રીતે વાતચીત કરો છો ?''

‘‘મરાઠીમાં જ તો !’’ જેન ગર્વથી બોલી.

‘‘તમને આ લોકોનું ગામઠી મરાઠી સમજાય છે ?’’

‘‘હું તો ન ફાવે તો ઈશારા અને સંકેતો દ્વારા સમજાવું છું અને જરૂર પડે તો ધૂળમાં આકૃતિઓ દોરીને સ્પષ્ટ કરું છું.’’

‘‘શાબાશ, જેન ! વિચારો અને જ્ઞાનનો પ્રચાર કરવો એમ કહેવાનું સહેલું છે, પણ વહેવારમાં અમલમાં મૂકવાનું અઘરું છે. તમે તો અદ્‌ભુત કાર્ય કરી રહ્યાં છો, અને તેની સરખામણીમાં મેં તો એકબે પુસ્તકો જ લખ્યાં છે.’’

‘‘ના, સુહાસ. એમ કહો તે બરાબર ન કહેવાય. આપણે તો આપણાં જીવન કોઈ પણ રીતે ઉપયોગી બને એ જ ઈચ્છીએ છીએ, ખરું ને ? પછી આપણી પદ્ધતિઓ અને સાધનો જુદાં જુદાં હોઈ શકે છે.’’

‘‘આભાર, જેન ! જ્ઞાનપ્રચારનું કાર્ય સારું છે, પણ એને વહેવારમાં ઉતારવાનું એથી વધુ સારું છે. એ વધુ કીમતી પણ છે.’’

કેટલાક સમય સુધી જેન કંઈ બોલી નહિ.

‘‘એક બીજી વાત પણ મારે તમને જણાવવાની છે. મારે લંકા જવાનો પ્રસંગ આવ્યો છે.’’

‘‘એમ ? શા કામે અને ક્યારે જવાના છો ?’’

‘‘પંદરેક દિવસમાં જવાનું છે. ત્યાં એક ખ્રિસ્તી યુવક પરિષદ યોજાઈ છે. આ પ્રદેશમાંથી એક મહિલાની અને મારી પસંદગી થઈ છે.’’

‘‘મારાં અભિનંદન ! મને અત્યંત આનંદ થાય છે !’’

‘‘હું આમ એકાએક આવી ચડ્યો તેનું કારણ હવે તમને સમજાશે. વળી તમારા તરફથી લાંબા સમયથી એકે પત્ર નહોતો તેનું શું કારણ હશે તે જાણવાની પણ ઈચ્છા ખરી.’’

‘‘એ મારી ઢીલ માટે હું ક્ષમા ચાહું છું. મારા મનમાં એમ

હતું કે અહીંનું કામ બરાબર થાળે પડે પછી લખું.''

''ઠીક છે, એ વિચાર પણ સમજપૂર્વકનો છે.''

એટલામાં બારણે ટકોરા પડ્યા. જેને જવાબ આપ્યો.

''આવો, શાંતાબાઈ.''

પોતાની ઘડિયાળમાં જોઈ સુહાસ બોલ્યો. ''અરે, સાત થવા આવ્યા. હું સહદેવભાઈને ત્યાં જઈ નાવાધોવાનું પતાવી આવું.''

''તમે પતાવીને આવો ત્યાં સુધી અહીં જમવાની બધી તૈયારી થઇ જશે.'' પછી શાંતાબાઈને ઉદ્દેશીને કહ્યું,

''શાંતાબાઈ, જમવાનું અહીં જ પીરસજો.''

''ભલે, મિસ સાહેબ,'' એમ કહી શાંતાબાઈ રસોડા તરફ ચાલી.

''જેન, આ બધી તકલીફો શા માટે ? મારી પાસે થોડો નાસ્તો તો છે જ.''

''હાં, સમજી ! ત્યાં સમૂહભોજનમાંની રસોઈ તેમને નહિ ગમી હોય એમ મને લાગતું હતું, પણ અહીં એવી સમૂહ માટે બનાવેલી રસોઈ નથી, હોં કે ?'' જેન હસતાં હસતાં બોલી.

''એવું નથી, પણ તમારા કામમાં અને અડચણમાં મારે લીધે વધારો ન થાય એ હેતુથી હું બોલ્યો હતો.''

''પણ આ કંઈ કામમાં કે તકલીફમાં વધારો થતો નથી. આથી તો મારા સુખ અને આનંદમાં વધારો થાય છે.''

''ભલે, ભલે.. થોડી જ મિનિટોમાં હું આવ્યો.''

સુહાસ નાહીધોઈ તાજો થઈ પાછો આવ્યો તો સફેદ ચાદર બિછાવી ટેબલ તૈયાર કર્યું હતું. થાળીવાટકા અને ચમચા ગોઠવી દીધા હતા. શાંતાબાઈ રોટલી, શાક, દાળભાત વગેરેનાં વાસણ લઈ આવ્યાં. દેશી ઢબે લોટામાં પાણી મૂકેલું હતું.

''અદભુત !'' સુહાસે ઉદ્‌ગાર કાઢ્યો.

બંને જણે જમવાનું શરૂ કર્યું.

થોડી વાર મૂંગા મૂંગા જમ્યા પછી સુહાસે સ્પ્રિંગફીલ્ડ બંગલામાંના લગનજમણીની વાત યાદ કરાવી.

"હા," જેને ટૂંકા જવાબથી પતાવ્યું. ઘણું ઘણું કહેવાનું હોય ત્યારે ટૂંકા જવાબથી પતાવવાની તેની ટેવ પ્રમાણે જેને કર્યું, પણ તેના મુખની રેખાઓ અને આંખોનો ભાવ શબ્દો કરતાં વધુ સ્પષ્ટ રીતે તેના મનના વિચારો વ્યક્ત કરતાં હતાં. સુહાસ તેની એવી લાક્ષણિકતા પામી ગયો હતો, એટલે તે પણ મૌન રહી સંગત માણી રહ્યો.

"આપણે તો હજી એવાં ને એવાં જ રહ્યાં છીએ. જોકે સમય અને સંજોગો ઘણા બદલાઈ ગયા છે, ખરું ને, જેન ?"

"હા," જેન બોલી.

ફરી બંને અતીતના ઊંડાણમાં ઊતરી પડ્યાં.

★

## પ્રકરણ : ૧૩

બેએક વર્ષ વીતી ગયાં પણ સુહાસના જીવનની વાસ્તવિક પરિસ્થિતિમાં કંઈ ખાસ ફેરફાર થયો નહિ. એકાદ વર્ષ બાદ તેનો અનુસ્નાતક અભ્યાસ પૂરો થતાં જ ધર્મપુરની કૉલેજમાં તેને પ્રાધ્યાપકની જગ્યા મળી ગઈ. સુધા પણ સુહાસનો અભ્યાસ પૂરો થવાની રાહ જોતી હતી તે દરમિયાન તેણે પોતે બી.એ. કરી લીધું હતું.

સુધાના પિતા અને સુહાસનાં માબાપ વચ્ચે જીવનપર્યંત ટકી રહેલી મૈત્રીને વધુ દૃઢ અને કાયમી કરવાનું પગલું લઈને સુધા અને સુહાસનાં લગ્ન કરાવી લીધાં. ગમો અણગમો એક બાજુ રાખી સુહાસને પોતાનાં વડીલોની ઇચ્છાને વશ થવું પડ્યું. સંજોગો એવું દબાણ કરી રહ્યા હતા કે સુહાસ માટે કોઈ વિકલ્પ જ નહોતો રહ્યો. વળી સુધા પ્રત્યે એવો કોઈ અભાવ પણ તેના મનમાં હતો નહિ. એક વર્ષ વીત્યું તેટલામાં તો સિદ્ધ થઈ ગયું કે સુધા ખૂબ જ પ્રેમાળ અને ભલા સ્વભાવની હતી. એક ભારતીય પત્ની તરીકે સુધા પતિને ખૂબ વફાદારી સાથે ચાહતી હતી. સુહાસ પર તે બધું ન્યોછાવર કરી દેવા તૈયાર હતી.

સુહાસ અને જેન વચ્ચે નિયમિત મહત્ત્વપૂર્ણ પત્રવ્યવહાર ચાલતો રહ્યો હતો. ત્યાં વિનયપુરના લોકોનાં મનની કઠોરતા ઓછી થતી આવી હતી અને હવે તેઓનાં મન કંઈક નિખાલસ થતાં સમજણની ભાવના વધતી ચાલી હતી. જેનના સખત પરિશ્રમ, ધીરજ અને ખંતનો પ્રભાવ ધીમે ધીમે પણ મક્કમ રીતે દેખાવા લાગ્યો હતો.

મિશનનું કાર્યક્ષેત્ર આસ્તે આસ્તે વિસ્તરી રહ્યું હતું.

પછાત કોમોમાંથી ઘણાંખરાં અને ઉચ્ચ ગણાતી કોમોમાંથી પણ

કેટલાંક હવે ઉઘાડે છોગે મિશન દવાખાને દવા લેવા આવતાં થયાં હતાં. વધુમાં વિનયપુરની સીમમાંનાં ઝૂંપડાંમાં રહેનારાં તેમ જ નજીકનાં ગામડાંનાં લોકો પણ હવે જેન પાસે સલાહ-સારવાર માટે આવવા લાગ્યાં હતાં. આથી કામ એટલું બધું વધી ગયું હતું કે જેનને ઘડીયે પગ વાળીને બેસવાની ફુરસદ મળતી નહિ. દૂધનો પાઉડર વહેંચવાનું એક વધુ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. ગરીબ લોકોને વધુ લાભ આપવાની અનેક નવી નવી યોજનાઓ જેનના મનમાં સતત રમ્યા કરતી હતી.

એવામાં એક દિવસ બે જણનું એક પંચ વિનયપુર આવી પહોંચ્યું. મિશન બોર્ડની ક્ષેત્રકાર્યને લગતી સમિતિ તરફથી એ પંચ નિમાયું હતું. જેનના સંચાલન હેઠળ વિનયપુરમાં જે જે મિશન પ્રવૃત્તિઓ ચાલી રહી હતી તે બધાં સેવાકાર્યોનું અવલોકન કરવું, તેમ જ દુષ્કાળરાહત માટે દૂધના પાઉડરનાં વિતરણ કેન્દ્રો વધારવા અંગે તેઓએ હેવાલ તૈયાર કરવો - એ કાર્ય તેઓને સોંપવામાં આવ્યું હતું. આ બધાં કાર્યો નજરોનજર જોઈને પંચે પોતાનો હેવાલ તૈયાર કરવાનો હતો. જેન તરફથી રજૂ થયેલી કેટલીક નવી યોજનાઓનો અભ્યાસ પણ એમાં આવરી લેવાનો હતો.

વિનયપુરની આજુબાજુના સારા એવા પ્રદેશમાં ઓછા વરસાદને કારણે દુકાળની પરિસ્થિતિ ઊભી થવા પામી હતી. અને એ સમગ્ર વિસ્તારમાં વિનયપુર કેન્દ્રસ્થાને હતું. આ પ્રદેશમાં વારંવાર વરસાદનું ખેંડિયું પડવાથી અછતવાળો પ્રદેશ જ રહ્યા કરતો. આથી જ્યારે બહુ ઓછો વરસાદ આવે ત્યારે તો લોકોની હાલત અસહ્ય જ બની જતી. લાગલગાટ આ બીજા વર્ષે પણ અડધું ચોમાસું થઈ ગયા છતાં હજી સંતોષકારક વરસાદ થયો ન હતો. ખેડૂતો તો ખરા જ, પણ હવે તો સામાન્ય જનતાને પણ પાણીની અછત વરતાવા લાગી હતી. ખેતરોમાં જે કંઈ ઊગ્યું હતું તે ચીમળાવા લાગ્યું હતું. અનાજના

ભાવ ઊંચા જવા લાગ્યા હતા. ગરીબોને તો પોતાની તેમ જ વહાલાં ઢોરઢાંખરની ચિંતા કોરી ખાતી હતી. પોતાનાં મોંઘા મૂલનાં જાનવર ભૂખે મરતાં જોઈ શકાતાં નહોતાં. પાણી માટે પણ વલખાં મારતાં હતાં. વળી આ પ્રદેશ છેક અંતરિયાળ હોવાથી સત્તાવાળાઓના ધ્યાનમાં એમની અવદશા વહેલી પહોંચતી નહિ અને તેથી દુષ્કાળરાહત યોજના કરવાનું આવા વિસ્તાર માટે તાત્કાલિક બનતું નહિ.

આ પરિસ્થિતિ ધ્યાનમાં લઈને જેને બે નવાં દૂધ પાઉડર વહેંચવાનાં કેન્દ્રો શરૂ કરી દીધાં હતાં. એક નગરના વિસ્તાર માટે અને બીજું પછાત વર્ગોના વિસ્તારમાં પાઉડરની વહેંચણી કરતું હતું. ભૂખમરો એવો ભારે હતો કે દૂધ પાઉડર વહેંચવાનું શરૂ થાય તે પહેલાં સંખ્યાબંધ બાળકોની લાંબી લંગાર લાગી જતી. જો શક્ય હોત તો જેને કયારનાં નવાં કેન્દ્રો શરૂ કરી દીધાં હોત, પણ દૂધ પાઉડરની અછત તેમ જ કાર્યકરોની તંગીને લીધે તે લાચાર હતી.

ફળફળાદિવાળાની શેરીમાં આવેલા એક કેન્દ્રની મુલાકાત પંચે લીધી. ત્યાંના કામનું અવલોકન કરીને જરૂરી ફોટા પણ પાડ્યા. એ કેન્દ્રમાં શાંતાબહેન અને સુશીલાબહેન સાથે મળીને કામ કરતાં હતાં. આથી સવારમાં દવાખાનાનું સઘળું કામ જેનના માથે આવતું. પંચના ધ્યાનમાં આવ્યું કે હાલમાં ચાલતા કાર્ય માટે પણ જેન પાસે પૂરતા કાર્યકરો કે મકાન હતાં નહિ.

બપોરના ખાણા બાદ પંચે શાળાની મુલાકાત લીધી. ત્યાં પણ સહદેવભાઈ એકલા હાથે કેવો મથી રહ્યો હતો તે પંચે ધ્યાનમાં લીધું. બે વર્ગ ચલાવવામાં શાળાનું મકાન કેટલું અગવડભર્યું જણાતું હતું તે જોઈ તેના પણ ફોટા તેમણે પાડી લીધા. બપોરના ચા માટે પંચ આવ્યું ત્યારે ચાના ટેબલ પર જેન સાથે વિવિધ બાબતો તથા જેનની નવી યોજનાઓ સંબંધી લાંબી ચર્ચા થઈ. શાળામાં શીખવી

શકે અને સાથે સાથે પ્રૌઢશિક્ષણના વર્ગો પણ ચલાવી શકે એવા બેવડી તાલીમ પામેલા શિક્ષકોની જરૂર પર જેને ખૂબ ભાર મૂક્યો.

જેન થોરના છોડમાંથી તાંતણા કાઢી તેની દોરી, થેલીઓ વગેરે બનાવવાનો ગૃહઉદ્યોગ વિકસાવવા આતુર હતી. એમાંથી સ્ત્રીઓ વાપરે છે તેવી પર્સ પણ બનાવી શકાય તેમ હતું. આવા ગૃહઉદ્યોગથી સ્ત્રીઓને ઘેરબેઠાં કામ કરીને આજીવિકાનું સરસ સાધન મળે તેમ હતું. વિનયપુરની આસપાસના પ્રદેશમાં થોરના છોડ વિપુલ પ્રમાણમાં ઊગતા હતા. આવા સ્થાનિક પ્રાપ્ત થતા કાચા માલના ઉપયોગથી ઉપયોગી ચીજવસ્તુ બનાવવાની રીતો લોકોને શીખવવામાં આવે તો ગરીબ પ્રજાને ઘણો લાભ થાય એ વાત જેને ખૂબ ભારપૂર્વક લંબાણથી ચર્ચા કરી પંચને સમજાવી.

મોડેથી પંચના સભ્યો શાહીપેઠ જવા બસ સ્ટૅન્ડ તરફ રવાના થયા. જેને પંચ આગળ નવાં મકાનો, વધુ કાર્યકરો અને કેટલીક નવી યોજનાઓ રજૂ કરી હતી અને આગ્રહ કર્યો હતો કે ક્ષેત્રીય સમિતિ સમક્ષ તે રજૂઆત કરે. છતાં એ બધું મંજૂર થશે કે નહિ અને મંજૂર થાય તેનો અમલ કયા થાય એ વિષે કંઈ ખ્યાલ આવે તેમ ન હતું. વળી હવે તેને સ્વદેશ લાંબી રજા પર જવાનો સમય પણ આવ્યો હતો. તેણે ભારતના નાગરિક થવાની અરજી કરી હતી પણ તેનો જવાબ ન આવે ત્યાં સુધી તેને સ્વદેશ ગયા વિના છૂટકો ન હતો. મિશનનો એ અબાધિત નિયમ હતો.

જેનના વિનયપુર વસવાટ દરમિયાન તેની તથા તેના સહકાર્યકરોની નિઃસ્વાર્થ, પ્રેમભાવવાળી સેવાને લીધે ઘણા લોકો તેમના પ્રત્યે ભાવ રાખતા થયા હતા. તે કોમ કે ધર્મના ભેદભાવ વિના એકસરખી રીતે બધાંની સેવા કરતી રહી હતી. આમ છતાં ઉચ્ચ ગણાતી કોમોના કેટલાક તેની સેવાની ઉપેક્ષા કર્યા કરતા હતા. પ્રસંગોપાત્ત એવા લોકો જેન કે તેના સાથીઓનું અપમાન કરવાનું

પણ ચૂકતા નહિ. ઉચ્ચ વર્ણની કહેવાતી કેટલીક સ્ત્રીઓ પણ તેઓ પ્રત્યે અભાવ રાખવામાં અને દર્શાવવામાં ચાલુ રહી હતી. છતાં તેઓની અસભ્યતા કે ચોખ્ખેચોખ્ખાં અપમાન પ્રત્યે આંખઆડા કાન કરીને જેન અવારનવાર તેમનો સંપર્ક સાધ્યા વિના રહેતી નહિ.

જેનની નામના અનેક સ્થળે ફેલાતી રહી. ઘણી જગ્યાએ સ્ત્રીઓ જેન અને શાંતાબહેનના આવવાની રાહ જોતી થઈ હતી.

ઘરમાં કોઈ ખાટલે પડ્યું હોય ત્યારે તો તે ઘરવાળાં અધીરાં થઈ જતાં. કોઈ કોઈ વાર સુવાવડ કષ્ટસાધ્ય હોય અને જેનની આવડત તથા પ્રેમમય વર્તણૂકથી સુખદ પ્રસવ થાય ત્યારે લોકોનો અહોભાવ વધી જતો અને કેટલાંક તો તેમને દેવદૂત કે દેવીઓ જેવાં ગણવા લાગતાં. ખાસ કરીને પછાત અને અસ્પૃશ્ય ગણાયેલા લોકોમાં તેઓની તબીબી સહાય તથા તેમની સાથેનો માનવતાભર્યો વહેવાર લોકોમાં ખૂબ જ આદરભાવ પ્રેરતાં.

પારુ તેમ જ તેનાં કુટુંબીજનોને તો જેન તથા શાતાંબહેન પર અનહદ શ્રદ્ધા અને ભાવ હતાં. એવાં બીજાં પણ ઘણાં કુટુંબો હતાં.

આ પારુ એક દિવસ બીજા લોકોની જેમ જ મિશન દવાખાને આવી હતી. પહેલી જ વાર આવેલી આ યુવતીને જોઈ શાંતાબહેને પૂછ્યું, ''બહેન, તને શું થાય છે ?''

''મને તો કંઈ થતું નથી. હું તો મારી માને માટે દવા લેવા આવી છું. એને પગે વાગ્યું છે અને આખો પગ સૂજીને થાંભલો થઈ ગયો છે.''

''એમ ? તમે ક્યાં રહો છો ?''

''અમારું ખેતર અહીંથી માઈલેક દૂર છે ત્યાં ખેતરમાં.''

શાંતાબહેને બધી વિગત, સ્થળ બધું નોંધી લીધું.

'' ઊભી રહે, હું મિસ સાહેબને પૂછી લઉં કે તમારે ત્યાં ક્યારે

વિઝિટમાં આવશે," એમ કહી શાંતાબહેન અંદર ગયાં.

તે દિવસે જ સાંજના જેન અને શાંતાબહેન પારુના ખેતરે જઈ પહોંચ્યાં. આગલા દિવસે પારુની મા ગમાણમાં કામ કરતી હતી ત્યારે ભેંસના પગ તળે પગ કચરાઈ ગયો હતો. પગ ખૂબ સૂજી ગયો હતો અને ભારે કળતર થતું હતું. લાકડીના ટેકા સિવાય ઊભુંયે થવાતું ન હતું. જેન અને શાંતાબહેને પગે દવા લગાડી પાટો બાંધ્યો. પછી થોડી વાતો કરતાં બેઠાં. જોકે મિશન દવાખાને ઘણું કામ બાકી પડેલું હોવાથી વહેલાં પાછા ફરવાની જરૂર તો હતી જ.

તેમને પારુનું ઘર ગમી ગયું. તે સાદું પણ ઠીક ઠીક મોટું હતું. દીવાલો માટીની હતી અને ઉપર છાપરું છાયેલું હતું. ભોંયતળિયું બરાબર સપાટ કરીને લીંપેલું હતું. સફેદ માટી વડે ભીંતો ધોળેલી હતી. સ્થળે સ્થળે રંગીન કાચના ટુકડા તથા ચિનાઈ માટીના વાસણના ટુકડાઓનો ઉપયોગ કરીને કલાકૃતિઓ બનાવી સુશોભન કરેલું જોવા મળતું હતું. ઘરની રચના એવી હતી કે વચ્ચે એક મોટો ખંડ આવેલો હતો.

શાંતાબહેને અછડતું જ પારુની માને પૂછી નાખ્યું ,

"તમારી દીકરી થોડા દિવસ માટે મહેમાન આવી છે કે શું ?"

"પારુ તો અહીં એના પુત્રને લઈને અમારી ભેગી જ રહે છે." પારુની મા નિસાસો નાખીને બોલી.

"અત્યારે તમારી આવી હાલત વખતે પારુ અહીં છે તે ઘણું સારું થયું."

"સાચું ! પણ મારા કહેવાનો અર્થ તમે ન સમજ્યાં, નર્સબહેન." નિસાસા સાથે વૃદ્ધા બોલી અને પછી ઉમેર્યું, "એ તો નસીબની બળેલી છે." આટલું બોલતાં તેનું મોં ગંભીર થઈ ગયું અને સાદ ભારે થઈ ગયો.

લાગણીભર્યા સ્વરે શાંતાબહેન બોલ્યાં, "પારુની મા ! એટલે શું ?"

પારુની માએ આંખમાં આવેલાં ઝળઝળિયાં સાડીના છેડા વડે લૂછતાં લૂછતાં કહ્યું,

"પારુને છેક નાનપણમાં જ પરણાવેલી. મોટી થઈ સાસરે ગઈ ત્યાં તેનો સંસાર ઘણો સુખી વીતતો હતો. પણ કોણ જાણે નસીબને એ ન ગમ્યું. મારી દીકરી બેજીવી હતી તેવામાં જ તેનો ધણી ગુજરી ગયો."

"અરેરે ! કેવું ભારે કમનસીબ ! એના વરનું મરણ શી રીતે થયું ? એવી શી માંદગી આવી હતી ?" બંને સાંભળનારાં એકીસાથે જ બોલી ઊઠ્યાં.

"ના, ના. માંદગીમાં નહિ પણ ગાડાંની શરત દોડમાં તેને અકસ્માત નડ્યો અને મરણ નીપજ્યું."

આવા સમયે શી રીતે આશ્વાસન આપવું તે બેમાંથી એકેને સૂઝ્યું નહિ. ખાસો લાંબો સમય શાંતિ પ્રસરી રહી. એટલામાં પારુ ગરમ દૂધના બે પ્યાલા લઈને ખંડમાં દાખલ થઈ. તે જોઈ શાંતાબહેન બોલ્યાં,

"અરે પારુ, આવી તસ્દી લેવાની શી જરૂર હતી ? અમે તો હવે ઊઠવાનું જ કરતાં હતાં."

"પણ મિસ સાહેબ અને શાંતાબહેન ! અમારે ઘેર કશું લીધા વગર એમ ન એમ તમને જવા દેવાય ખરાં ?" હસતાં પારુ બોલી.

જેન અને શાંતાબહેન જ્યાં જાય ત્યાં કંઈ ને કંઈ લેવું પડે એ આતિથ્યના રિવાજની હવે કંઈ નવાઈ રહી ન હતી. એટલે કશી આનાકાની કર્યા વિના આભારી ભાવથી પારુના હાથમાંથી દૂધના પ્યાલા લઈને તેઓએ પીવાના શરૂ કર્યા.

તેઓ દૂધ પીતાં હતાં ત્યારે પારુએ ધીમેથી જેનને પૂછ્યું, "મિસ

સાહેબ, મારા દીકરાને શાળામાં દાખલ કરશો ? તે ચાર વર્ષનો થયો છે હવે.''

''હા, ચોક્કસ. મોકલજો એને. શાળા તો તમારા માટે જ છે ને !'' ખુશ થતાં જેને ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો.

''હું નાની હોત તો હુંયે દોડતી નિશાળે આવત !'' પારુ દિલમાં ઓછું લાવતાં બોલી.

પારુના આ શબ્દો જેનના મનમાં ચોંટી ગયા. તેના મનમાં વિચારોનાં વમળ ઊઠ્યાં. પ્રૌઢશિક્ષણના વર્ગ ચલાવવાનો વિચાર તો તેના મનમાં ક્યારનો દબાઈને પડેલો હતો જ.

આંખમાં ચમક સહિત તેણે પારુને પૂછ્યું, ''ખરેખર, તારે વાંચતાં લખતાં શીખવું છે ?''

''મારું તો ઘણુંય મન હોય પણ તેથી શું વળે ? મારો દીકરો ભણશે તો એ જોઈ મારે તો મન વાળવાનું રહ્યું.'' પારુ નિરાશા ભાવે બોલી.

મનમાં જ નિર્ણય કરી લઈ જેન બોલી, '' પારુ, તારે ભણવાનું મન હોય તો હું તને ભણાવવા તૈયાર છું,'' એમ કહી જેન પારુ તરફ અને શાંતાબહેન તરફ અર્થપૂર્ણ નજરે જોઈ રહી.

વિનયપુરની સીમમાંના એક ખેતરમાં આવેલા એક નાનાશા ઘરમાં આ વાતચીત ચાલી હતી પણ તેમાંથી સ્ત્રીઓ માટે પ્રૌઢશિક્ષણના વર્ગનો આરંભ થયો અને તે એક જ વિદ્યાર્થિની-એકલી પારુ - થઈ થયો.

થોડા સમયમાં આસપાસનાં ખેતરોમાં રહેતા લોકોમાં આ વાત પ્રસરી ગઈ. પારુનું જોઈને બીજી કેટલીક સ્ત્રીઓને પણ ભણવાનું મન થયું. સાંજના વાળુ કર્યા પછી વર્ગ ચાલે તો તેઓ પણ ભણવા આવી શકે એમ જણાયું. એ સમયે પુરુષવર્ગ બહાર બેસીને વાતોના તડાકા મારતો એટલે સ્ત્રીઓ સારો સમય કાઢી શકે તેમ હતું. બે પ્રશ્નો ઊભા

થતા હતા : એક વર્ગ બેસાડવાનું સ્થળ અને શિક્ષક ક્યાંથી લાવવો તે.

જેન અને શાંતાબહેને આજુબાજુનાં ખેતરોમાંની સ્ત્રીઓ સાથે વાત કરી. પારુની માએ તેના ધણી તેમ જ પુખ્ત દીકરા મારુતિની સંમતિ લઈ વર્ગ પોતાના ઘરમાં બેસવા દેવાનું મંજૂર રાખ્યું. ઘરમાંનો વચલો મોટો ખંડ તેણે એ કાર્ય માટે કાઢી આપ્યો. બીજી સ્ત્રીઓએ દીવાબત્તી તેમ જ અન્ય જરૂરી સાધનો લાવવા માટે યથાશક્તિ ફાળો આપ્યો. બીજી જે કંઈ અડચણો નડે તેમ લાગ્યું તે પણ બધાંના સહકારથી દૂર કરી શકાઈ. જેન અને શાંતાબહેને મગજ કસીને પ્રૌઢશિક્ષણ સહેલાઈથી આપી શકાય તેવી વિવિધ રીતો શોધી અપનાવવા માંડી.

આમ વિનયનગરના સીમાડે વસતી સ્ત્રીઓ માટે આંતરે દિવસે પ્રૌઢશિક્ષણના રાત્રિવર્ગો થોડા જ સમયમાં પુરજોરથી ચાલવા લાગ્યા. બેએક માસ પછી પારુ માંદગીમાં પટકાઈ પડી ત્યારે વર્ગના કાર્યને ખાસો ધક્કો લાગ્યો. પારુ તો વર્ગમાં પ્રથમ નંબર રાખતી હતી અને એનો ઉત્સાહ બધાંને પ્રોત્સાહન આપતો હતો. તેની બુદ્ધિ સતેજ હતી અને નવું જે કંઈ શીખવવામાં આવે તે ઝટ ગ્રહણ કરી લેતી. એની માંદગી પછી કંઈક મંદી આવતાં વર્ગ અઠવાડિયે બે વાર ચલાવવાનું ચાલુ રાખવામાં આવ્યું. એટલા સમયમાં ઘણીખરી સ્ત્રીઓ કક્કોબારાખડી શીખી ગઈ હતી, અને ત્રણચાર અક્ષરના સહેલા શબ્દો અને નાનાં વાક્યો પણ વાંચતી થઈ હતી.

જેન અને શાંતાબહેન તેમની વિવિધ પ્રવૃત્તિઓ નિયમિત ચલાવવા મથી રહ્યાં હતાં ત્યારે પારુની માંદગીથી એક વધુ ચિંતા ઊભી થઈ. એક અઠવાડિયા સુધી પારુનો તાવ ઊતર્યો જ નહિ. પોતાની પાસે જે કંઈ દવાઓ હતી તે વાપરીને બંને જણ પારુનો ઇલાજ કરતાં રહ્યાં પણ તાવ જરા પણ હઠ્યો નહિ, ત્યારે વધુ વિલંબ ન કરતાં

જેને વિશાલનગરથી ટાઈફૉઈડ તાવની દવા મંગાવી. પણ તે આવતાં બીજું એક સપ્તાહ વીતી ગયું. આખરે વિશાલનગરના મુખ્ય દવાખાનેથી જરૂરી દવા અને ઈજેકશનો લઈ એક માણસ આવી પહોંચ્યો. આ સઘળો સમય જેન અને શાંતાબહેન ઈશ્વરની પ્રાર્થના કરતાં રહ્યાં અને થાય તે ઈલાજ કરતાં રહ્યાં.

ખરું જોતાં તો બીજી પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હોવાથી તેઓ પારુની સારવારમાં પૂરતો સમય કાઢી શક્તાં ન હતાં. એક દિવસ સાંજના વખતે શાંતાબહેન એકલાં પારુની ખબર જોવા ગયાં. પારુને ઘરમાં ઊંઘતી જોઈને, આજુબાજુ બીજું કોઈ ન હોવાથી તે ઘરની પાછળના વાડા તરફ ગયાં. ત્યાં જમણી તરફ ઢોરની ગમાણ હતી. ડાબી તરફ પાકો બાંધેલો કૂવો હતો. ત્યાંથી જરા દૂર એક ખૂણે ઘાસના ત્રણ ઓઘા કરેલા હતા. બાકીની જગ્યામાં જામફળી, પપૈયા, લીંબુ અને સરગવાનાં ઝાડ ઉગાડેલાં હતાં. દેખાવ ઘણો રમણીય હતો. દૂર મોટાં ઝાડ ઊભાં હતાં. ચારે બાજુ ભાંગીતૂટી વાડ કરેલી હતી.

વાડાના એક ભાગમાં ઝાડ નીચે પારુનો છોકરો નેવર્તી એકલો એકલો રમતો હતો. શાંતાબહેને તેને જોઈને પૂછ્યું, ''ઓ નેવર્તી, તારાં મોટીબા ક્યાં ગયાં ?'' શાંતાબહેનનો અવાજ સાંભળીને તરત જ છોકરો જાણે જીવ લઈને ભાગ્યો. તે ગમાણમાં તેની દાદી પાસે દોડી ગયો ને દાદીને બોલાવવા લાગ્યો. તે સાંભળીને તેનાં દાદી બહાર આવી બોલ્યાં,

''શું છે નેવર્તી ? કેમ બૂમો પાડતો નાસી આવ્યો ?'' બહાર આવતાં જ સામે શાંતાબહેન ઊભેલાં જોઈ બોલી ઊઠ્યાં,

''આવો, આવો, નર્સબહેન !''

''પારુની મા, અહીં વાડામાં શું કરી રહ્યાં છો ? ''

''એ તો હું અમારી એક ગાભણી ભેંસને ખાણ નીરી રહી હતી.''

''અરે, પણ થોડા દહાડા પર તો પગ કચરાઈ ગયો હતો, તે માંડ મટવા આવ્યો છે. તમારે જરા કાળજી રાખવાની જરૂર છે,'' શાંતાબહેને ચેતવણી ઉચ્ચારી.

પારુની માએ કંઈ જવાબ ન આપ્યો. એક લીંબોઈ નીચે પડેલી ડોલમાંના પાણી વડે તેણે મૂગાં મૂગાં હાથ ધોયા.

''મેં ઘરમાં જોયું તો પારુ તો ઊંઘતી હતી. ચારે બાજુ નજર ફેરવી તો તમે કંઈ દેખાયાં નહિ એટલે હું પાછળ વાડામાં આવી. આ તમારો ભાણિયો તો હું કંઈ પૂછું તે પહેલાં તો મને જોતાં જ ભાગ્યો અને તમને હાંકો મારવા લાગ્યો....''

''એ તો તમને જોતાં જ ભાગી જાય છે,'' પારુની મા બોલી.

''કેમ એમ કરે છે, નેવર્તી ? અહીં આવ, જોઉં ભાઈ ! તું કેમ આમ નાસતો ફરે છે ?'' શાંતાબહેને તેને પાસે બોલાવવા માંડ્યો.

બાળક તો ડરતો અને શરમાતો તેની દાદીની સોડમાં ભરાવા લાગ્યો. પારુની મા સાડીના છેડાથી હાથ લૂછતાં લૂછતાં બાલી,

''એ તમારી પાસે તો કદી નહિ આવે. એ શું કહે છે તે જાણો છો ? નર્સબહેન પાસે તો હું કદી જવાનો જ નહિ. એ પાસે બોલાવીને ઈજીસન ખોસી દે તો !''

એ સાંભળી શાંતાબહેન ખડખડાટ હસી પડ્યાં. તેમની સાથે પારુની મા પણ હસી રહ્યાં. પછી ઘર ભણી ચાલતાં ચાલતાં શાંતાબહેનને આવકારતાં બોલ્યાં,

''આવો ને અંદર નર્સબહેન ! થોડી વાર બેસો તો ખરાં.'' પછી ઉમેર્યું, ''આજે મિસ સાહેબ કેમ નથી આવ્યાં ?''

પાછળ પાછળ ચાલતાં શાંતાબહેને જવાબ દીધો, ''આજે એમનેં જરૂરનું કામ આવી પડ્યું છે એટલે.''

આટલી વારમાં પારુ ઘરમાં જાગી ગઈ હતી. શાંતાબહેને સાથે

આણેલી બૅગ નીચે મૂકી થરમૉમીટર કાઢી પારુનો તાવ માપ્યો અને ભીંતે લટકાવેલા ચાર્ટમાં તેની નોંધ કરી. પછી પારુની માને બે દિવસની દવા કાઢી આપી પિવડાવવાની સમજ પાડી. એ પછી તેમણે જવાનું કર્યું ત્યારે તરત પારુની મા બોલ્યાં, ''એમ તે કંઈ જવા દેવાય કે ? થોડું દૂધ તો લેવું જ પડે.'' તે વખતે નોકર ગાયો અને ભેંસોને દોહવા જ ગયો હતો. ખૂબ આગ્રહને લીધે શાંતાબહેન ત્યાં પારુના વાંસના ખાટલા પાસે નીચે જ બેસી ગયાં.

પારુની માએ બેસવાનો આગ્રહ કરતાં કહ્યું, ''અમારો મારુતિ પેલા બીજા ખેતરે ગયો છે અને એના બાપા શહેરમાં ગયા છે. અમે એકલાં જ છીએ. વધારે બેસશો તે અમને સારું લાગશે.''

શાંતાબહેન પારુ વિષે વાત કરતાં બોલ્યાં, ''મિસ સાહેબ કહેતાં હતાં કે પારુનો તાવ હવે ઊતરવા માંડે તો તે જલદી સાજી થઈ જવાની. પણ જો ન ઊતરે તો વિશાલનગર દવાખાનેથી વધારે દવાઓ મંગાવવી પડે.''

એ જ વખતે ઘરના બારણા આગળ પેલો રખડુ પોપટિયો દેખાયો. તે જાણે અચકાતો અચકાતો અંદર ઘૂસી આવ્યો અને પારુની માને પૂછવા લાગ્યો,

''પારુની મા, તમારે અગરબત્તી લેવી છે ?''

''અલ્યા પોપટિયા, એટલામાં પાછો શાનો આવ્યો ? ગઈ વખતે બે પૅકેટ તો લીધાં હતાં, તે આટલા થોડા દહાડામાં ક્યાંથી પૂરાં થવાનાં હતાં ?''

પોપટિયો પારુ તરફ તાકી રહ્યો હતો. તે ધીરેથી બોલ્યો,

''અરે, પારુને શું થયું ?''

''દોઢડાહ્યો ના થા, છાનોમાનો તારે રસ્તે પડ !''

પોપટિયો આમતેમ ડાફેરો મારતો કશું બોલ્યા વગર ચાલતો થઈ ગયો, કારણ કે પારુની મા જરા ગરમ થઈને બોલ્યાં હતાં.

એના ગયા પછી શાંતાબહેને પૂછયું, ''આ જુવાનિયો કોણ છે ? એ મિશન દવાખાના બાજુ આંટા મારતો ઘણી વાર જોવામાં આવે છે.''

''એ તો પેલા શંભુ ગુરવનો સાળો છે.'' શાંતાબહેનને ખ્યાલમાં આવ્યું કે એ શંભુ ગુરવનું નામ ઘણાનાં મોંએ સાંભળ્યું હતું. તે કંઈ બોલી નહિ.

પારુની માએ વધુ ખુલાસો કરતાં કહ્યું, ''આ પોપટિયો તો ચક્રમ જેવો છે ! જ્યાં ત્યાં માથું મારવાની એને ખરાબ ટેવ પડી છે. નર્સબહેન ! એ દવાખાના ભણી આંટા મારતો દેખાય તો તેમાંય કશી નવાઈ નથી. શંભુ ગુરવ પોતે એક ઊંટવૈદ જ છે !''

એ સાંભળીને પણ શાંતાબહેન કંઈ બોલી નહિ. એટલામાં નોકર તાજા દૂધની તાંબડી લઈ અંદર આવ્યો અને પારુની માને આપી.

## પ્રકરણ : ૧૪

શંભુ ગુરવના સાળા પોપટને ગામનાં બધાં પોપટિયો જ કહેતાં. તે રખડુ હતો અને આખો દિવસ ગામમાં ને સીમમાં ભટક્યા જ કરતો. ખાસો જુવાન થયો હતો પણ શાળામાં હજી પહેલા ધોરણથી આગળ વધ્યો ન હતો. શાળામાં તેની હાજરી કદીક જ જણાતી.

પોપટ શાળામાં કદીક અણધાર્યો હાજર થાય ત્યારે શિક્ષક પૂછે, "અલ્યા પોપટિયા, આજે શું સૂઝ્યું કે નિશાળ તરફ ભૂલો પડ્યો ?" પછી તાકીદ કરે કે "પાછલા કેટલાયે મહિનાની ફી બાકી છે તે લેતો આવજે !" એટલું સાંભળીને પોપટ ગાયબ થઈ જતો.

આથી થાકીને શંભુ ગુરવે પોપટિયા માટે એક ખાસ કામ ખોળી કાઢ્યું હતું. ધાર્મિક કૅલેન્ડરો, ચંદનની સુગંધ આવે તેવી ચાંલ્લા કરવામાં કામ લાગે તેવી લાકડાની સળીઓ અને અગરબત્તીનાં પૅકેટો વગેરે જેવી પરચૂરણ ચીજોની ફેરી કરવાનું તેને સોંપ્યું હતું. પોપટિયાના રખડુ સ્વભાવને એ કામ સારું ગોઠી ગયું હતું, અને શંભુ ગુરવ એની એ વૃત્તિનો પોતાના સ્વાર્થ માટે ઉપયોગ કરતો હતો. એમાં બીજો પણ લાભ થતો. પોપટિયો ગામગપાટા સાંભળી લાવતો અને કોને ત્યાં કોણ બીમાર પડ્યું તે સમાચાર પણ શંભુને લાવી આપતો. કોઈ કોઈ વાર પોપટિયા દ્વારા જ શંભુને લોકો તરફથી કહેણ પણ મળી જતાં.

આથી પારુની બીમારી સંબંધી પોપટિયો શંભુને વાત કરે એમાં શી નવાઈ ? એ પહેલાં પારુની માને પગે થયેલી ઈજા તેમ જ જેન અને શાંતાબહેને કરેલી સારવારની વાત પોપટિયાએ જ શંભુને પહોંચાડેલી. બનેલું એવું કે જેન અને શાંતાબહેન પારુના ખેતરે તેની

માની સારવાર માટે હાજર હતી ત્યારે જ પોપટિયો ત્યાં જઈ ચડેલો. હવે પારુની સારવાર પણ તેઓ કરી રહ્યાં છે એ વાતથી તો જાણે બળતામાં ઘી હોમાયું. વાત જાણીને શંભુ તો ઊંચોનીચો થઈ ગયો. તેનો પારો તો આસમાને પહોંચ્યો. ઈર્ષાની આગમાં દિવસોના દિવસો તે જલતો રહ્યો. આ ગામના લોકો બીજા કોઈની સારવાર લે એ વાત જ તે સાંખી શકે તેમ ન હતું. આથી એ લોકોને બરાબર પાઠ ભણાવવાની તરકીબ તે ખોળવા લાગ્યો. દેશી વૈદ્ય તરીકેનું તેનું સ્થાન તથા મોભો ખતરામાં હતાં તે તેની સમજમાં આવી ગયું હતું. જો બને તો પારુનાં કુટુંબીજનોની ધૂળ કાઢી નાખવા તેનું મન તત્પર હતું. પણ હજી તેને કોઈ બહાનું જડતું ન હતું.

પછાત વર્ગના અને અસ્પૃશ્ય ગણાતા લોકો મિશન દવાખાને દવા લેવા જવા લાગ્યા ત્યારે ગુરવને કંઈ ઊંચો જીવ થયો ન હતો, કારણ કે તે પોતે એવા લોકોને દવા આપતો જ નહિ. પણ આ તો સીમની વસ્તીવાળાં અને ગામવાળાં પણ મિશન દવાખાના તરફ વળવા લાગ્યાં હતાં એ સાવ જુદી વાત હતી. એને લીધે શંભુ ગુરવને ઉચાટ થવા લાગ્યો હતો તે સ્વાભાવિક હતું.

એક દિવસ સવારે તેને પોતાની આગ ઠારવાનો મોકો મળી ગયો. વિનયપુરથી ત્રણચારેક માઈલ દૂર તેનું ખેતર હતું ત્યાં જવા તે પોતાના ઘોડા પર બેસી વહેલો નીકળી પડ્યો. એનું ઘોડું એવું ટારડું હતું કે ગુરવનો ભાર વહી ન શકે. આથી ગુરવ તેને ઝડપી ચાલ ચલાવવા વારંવાર એડી માર્યા કરતો હતો. પણ ટારડું બિચારું ઝડપ કરી જ શકે તેમ ન હતું. ગુરવ ધોરી માર્ગે જઈ રહ્યો હતો ત્યાં ડાબા હાથની એક નેળમાંથી બે બળદગાડાં આવતાં તેને જણાયાં. તે વિચારવા લાગ્યો કે કોનાં ગાડાં હશે ? પણ થોડે દૂર જ નેળ એ ધોરીમાર્ગને મળી જતી હતી તેથી ત્યાં વહેલા પહોંચી ગાડાવાળાની ઓળખ કરવા ગુરવે ટારડાને જોરથી એડી લગાવી.

બરાબર ધારીને જોતાં દૂરથીયે લાગ્યું કે એક ગાડાવાળો તો પારુનો ભાઈ મારુતિ જ હોવો જોઈએ. એની સાથેનો બીજો ગાડાવાળો કોણ હશ? એ પાંડુ હોઈ શકે કારણ કે એમનાં ખેતરો જોડાજોડ આવેલાં હતાં. "હાલ્ય ને ઝટ " ગુરવ હાકોટા કરી ટારડાને દોડાવવા મથી રહ્યો. પણ ડારડું બિચારું સહેજ ઝડપ કરી પાછું તરત મંદ પડી જતું.

થોડી વારમાં ટારડું અને ગાડાં પાસે આવી ગયાં. ગાડાં તો તે પહેલાં નેળ છોડી ધોરી માર્ગ ચડી આગળ ધપી ગયાં હતાં. ગુરવ પાસે પહોંચ્યો ત્યારે જોયું કે ગાડીમાં અનાજના થેલા ભરેલા હતા. ગુરવે મારુતિને હાંક મારીને પૂછ્યું,

"અરે મારુતિ ! આ થેલા ભરીને અત્યારમાં ક્યાં ઊપડયો ?"

"એ રામ રામ, ગુરવકાકા ! " ટેવ પ્રમાણે મારૂતિએ શંભુ ગુરવને અભિવાદન કર્યું પણ તેના પ્રશ્નનો જવાબ ટાળ્યો.

"ભાઈ, આ થેલા ભરીને ક્યાં ચાલ્યો ?"

મારુતિ તો ચૂપ જ રહ્યો, પણ તેના સાથી પાંડુએ જવાબ દીધો," અમે શાહીપેઠ જઈએ છીએ, ગુરવકાકા !"

"હાં, તે કોને ત્યાં સોદો કરવાના છો ?"

પાંડુએ જવાબ આપ્યો, "શ્યામુ મારવાડીને ત્યાં જ તો ! બીજા કોને ત્યાં વળી ? "

આખરે ગુરવે સીધો મારુતિ પર જ જાણે હુમલો કર્યો.

"પણ આ મારુતિ આજે કેમ મૂંગો થઈ ગયો છે ?"

"એની વાત હું શું જાણું ? એને જ પૂછો ને !" પાંડુએ સીધી જ વાત કરી.

થોડી વાર મૌન છવાઈ રહ્યું.

છેવટે મૌન તોડતાં મારુતિ જ બોલ્યો, " ગુરવકાકા, તમારી સાથે એવી શી વાત કરવાની હોય ? "

તક સાધીને ગુરવે પૂછ્યું, "કેમ, તારી બહેન બીમાર પડી નથી ?"

પ્રશ્નનો સીધો જવાબ દેવાને બદલે મારુતિએ સામો પ્રશ્ન કર્યો, "તે તમને કોણે કહ્યું ?"

"ગામમાં કોઈ માંદું પડે તો વૈદને પહેલી ખબર પડે કે ગામના હજામને ?"

વાત બદલવાની ઈચ્છાથી મારુતિ બોલ્યો,

"ગુરવકાકા, આપણે એ વાત છોડી બીજી વાતો કરીએ તો સારુ !" પારુની માંદગીની ચર્ચા કરવાની તેની ઈચ્છા જ ન હતી એ સ્પષ્ટ હતું.

"હાસ્તો ! તમને ધરમકરમની કે નાતજાતની ક્યાં કશી દરકાર જ છે ? પછી વાત બદલવા જ માગો ને ?" ગુરવે ટોણો મારતાં કહ્યું.

"અરે ભાઈ, દવાને અને ધર્મને શો સંબંધ છે ? દવા તો તમે આપો કે મિશન દવાખાનેથી લાવીએ, દવા એ તો દવા જ છે ને ?" મારુતિએ સ્પષ્ટ વાત દૃઢતાથી કહી.

"શાબાશ ! પેલાં 'વસવાસી' લોકની દવા ખાવામાં તને તો કશો છોછ જ લાગતો નથી ખરું ને ? મારુતિ, તું તો હવે જાણે આ ગામનો વતની જ ના હોય એવી અધ્ધરથી વાતો કરે છે."

"સાચી વાત મોંમાં આંગળાં ઘાલીને શીદ કહેવડાવો છો ?" મારુતિ તદ્દન સ્વસ્થ ભાવે બોલ્યો.

"ત્યારે ખરું શું કહેવાય તે કહે તો ખરો કે અમને પણ ખબર તો પડે, ભાઈ !"

"ગામના હોવું કે ના હોવું એ પ્રશ્ન નથી, ગુરવકાકા ! દર્દ મટે છે કે નહિ એ વાત ખાસ કામની તો ગણાય." મારુતિએ ખરેખરો ફટકો માર્યો.

"સાંભળી લો, છોકરાઓ ! તમે ઉઘાડા ફરતા હતા તે દહાડાનો હું આ ગામના લોકોની દવા કરતો આવ્યો છું, સમજ્યા ?"

"ગુરવકાકા, એટલે તમે એમ કહેવા માગો છો કે તમારી દવાથી રોગ મટે કે ના મટે એ જોવાનું નહિ પણ તમને પૈસા દીધા જ કરવાના, એમ ?"

"હાં, પેલી વિશ્વાસી મઢમ મફત દવાદારૂ કરવા લાગી છે એટલે હવે

પહેલાંના બધા સંબંધ અને કરેલું કારવેલું ભૂલી જવા લાગ્યા છો, એમ જ ને ?''

એ પછી કેટલાય સમય સુધી કોઈ કંઈ બોલ્યું નહિ.

''અલ્યા મારુતિ, મેં પારુની માંદગીની વાત હજી ગામમાં કોઈને કરી નથી એટલાં તમે નસીબદાર ગણાઓ.'' ગુરવ ધમકીના રૂપે બોલ્યો.

''લોકો જાણીને શું કરી નાખશે ? અમે કંઈ છાનાંછપનાં મિશન દવાખાને દવા કરાવતાં નથી. અમે તો ઉઘાડે છોગે મિસ સાહેબ પાસેથી દવા લાવીએ છીએ.'' મારુતિ હિંમતપૂર્વક બોલ્યો.

'' મારુતિ, આનું પરિણામ સારું નહિ આવે. આ તને આગળથી કહું છું.'' ગુરવ જરા મોટે અવાજે બોલ્યો.

''સારું, સારું હવે. મારી બહેનની દવા સારવાર વિશ્વાસીઓ પાસે કરાવીએ છીએ, એ જ તમારો વાંધો છે ને ? એમાં ખોટું શું છે ? એ કંઈ કોઈની સાથે છાનીમાની ભાગી તો ગઈ નથી ને ? આમ તમારે બૂમબરાડા પાડવાની કે દબડાવવાની જરૂર નથી.... કશી પંચાત કર્યા વિના તમતમારે રસ્તે જતા હો તો !''

શંભુ ગુરવ આ સાંભળીને તો મનમાં ખૂબ જ ઊકળી રહ્યો. પણ કંઈ બોલ્યા વિના થોડે દૂર તેના ખેતર તરફની કેડીએ વળી ગયો. બંને ગાડાવાળા ધોરીમાર્ગે આગળ વધી રહ્યા. બેઉ જણ કેટલાક સમય સુધી ચુપચાપ ગાડાં હાંકતા રહ્યા. ટારડું હવે ખાસું દૂર ચાલ્યું ગયું હતું અને તેમની વાતચીત ગુરવથી હવે સંભળાય નહિ એટલું અંતર પડી ગયું હતું.

આખરે મૌન તોડતાં પાંડુ બોલ્યો,''ભાઈ મારુતિ, આજે તમે મનમાં હતું તે ખરું સંભળાવી દીધું !''

''તું જ કહે, પાંડુ, એમાં મેં કશું ખોટું કહ્યું છે ખરું ? એણે મારા પર હુમલો કર્યો ત્યારે મારે ન છૂટકે એટલું બોલવું પડ્યું.''

"ભાઈ, એ વાત ખરી. પણ આ તો સાપની પૂંછડી જાણ્યે અજાણ્યે ચંપાઈ જાય તેના જેવું જોખમ છે. મને તો એની ચિંતા થવા લાગી છે."

મારુતિ કંઈ બોલ્યો નહિ.

ભારે માલ ભરેલો એક મોટો ખટારો સામેથી ધસમસતો આવી લાગ્યો લાગ્યો તેથી સલામતી ખાતર બંને જણે પોતાનાં ગાડાં છેક ધારે વાળી લીધાં અને સાવચેતીપૂર્વક હાંકવા લાગ્યા.

★ ★ ★

રાત ખૂબ અંધારી હતી. જોકે દસેક સ્ત્રીઓએ પ્રૌઢશિક્ષણના વર્ગમાં નામ નોંધાવ્યાં હતાં પણ હાલ તો છએક જેટલી હાજરી આપતી હતી. પારુ તો માંદી હોવાથી વર્ગમાં બેસી શકતી ન હતી, પણ બીજીયે કેટલીક સ્ત્રીઓ એક કે બીજા કારણસર આવતી બંધ થઈ હતી.

તે રાતના વર્ગમાં જેને વર્ગમાં સ્ત્રીઓની પરીક્ષા લીધી. પહેલાં શ્રુતલેખન કરાવ્યું. પછી દરેક જણ પાસે બબ્બે પાઠ મોટેથી વંચાવ્યા. નવ વાગતાં વર્ગ પૂરો કર્યો. બધાં ઉતાવળે ઘરભેગાં થવા ઝડપથી છૂટાં પડ્યાં.

જેન અને શાંતાબહેન પણ ટૉર્ચના પ્રકાશની મદદથી ગાઢ અંધારામાં ઝડપથી ઘરભણી રસ્તો કાપવા લાગ્યાં. તેઓ મૂંગાં મૂંગાં જ ચાલતાં હતાં. વચ્ચે એક ચડાણ આવતું હતું. તે ચડી રહે એટલે ત્યાંથી પાંચ જ મિનિટમાં મિશન કંપાઉન્ડમાં પહોંચી જવાતું. પવન સુસવાટાભેર વાતો હતો. તેઓ ચડાણ ચડતાં હતાં ત્યાં જ કંઈ સળગતું હોય તેવી અને ધુમાડાની વાસ તેમનાં નસકોરાંમાં આવવા લાગી.

"કશુંક સળગતું હોય એવી વાસ હવામાં વરતાય છે," એમ બોલીને જેન જરા ઝડપ ઓછી કરીને ચારે બાજુ જોવા લાગી. શાંતાબહેન પણ થોભી ને જેને ચીંધેલી દિશામાં જોયું. તે બાજુ આગના ભડકા દેખાતા હતા.

"બાપ રે ! કોઈના ખેતરમાં આગ લાગી જણાય છે."

જેન ઊભી રહીને આગ સામે નજર તાકીને બોલી.

"હા, પણ કોના ખેતરમાં હશે ? કંઈ ખ્યાલ આવતો નથી." સ્થળ નિશ્ચિત કરવા મથતી શાંતાબહેન ચારે બાજુ જોતાં બોલી.

જેને પણ કબૂલ કર્યું કે આગ ક્યા લાગી છે તે સમજાતું નથી. પ્રથમ તો શું કરવું તે ન સૂઝવાથી બંને જણ ત્યાં જ ઠરી ગયાં. કઈ દિશામાં જવું તે વિચાર કરવા લાગ્યાં. પછી જેન બોલી,

"આપણે તપાસ તો કરવી જોઈએ."

"અલબત્ત, મિસ સાહેબ !" શાંતાબહેને ટેકો આપ્યો.

બંને જણ તરત જ પાછાં વળ્યાં અને ઉતાવળે ચાલવા લાગ્યાં. ટૉર્ચના અજવાળે દોડતી ચાલે તેઓ રસ્તો કાપી રહ્યાં. ઝડપ કરવા જતાં ઠોકરો વાગતી કે ખાડામાં પગ પડતાં બડી પડાતું, છતાં વેગ કમી ન કરતાં તેઓ ઝડપથી આગળ વધ્યે ગયાં.

જેમ પાસે પહોંચતાં ગયાં તેમ તેઓને આગના ભડકા અને ધુમાડાના ગોટેગોટા ઉપર ચડતા દેખાવા લાગ્યા. આટલા સમયમાં તો આગનું પ્રમાણ અને વિસ્તાર ઘણાં ફેલાઈ ગયાં લાગતાં હતાં. અંધારામાં દિશાનું ભાન ન રહેવાથી કયા ખેતરમાં આગ લાગી છે તે હજી નક્કી કરી શક્યા ન હતાં.

છેક નજીક પહોંચ્યાં ત્યારે સમજમાં આવ્યું કે આગ તો પારુના ખેતરમાં લાગી હતી. આ વાત ધ્યાનમાં આવતાં જ તેઓ વધુ જુસ્સાથી પડતાં આખડતાં તે દિશામાં દોડવા લાગ્યાં. હવે તો પારુના ખેતરમાં કેવી રીતે તરત પહોંચવું તે જ તેમની લગની હતી.

ખૂબ ચિંતા સાથે તેઓ બને તેટલી ઝડપે ખેતરમાં પહોંચી ગયાં. પાછા આવતાં પાંચ મિનિટથી વધુ સમય નહિ વીત્યો હોય. એટલા વખતમાં તો આગથી ગભરાઈને ઢોર ભાંભરવા લાગ્યાં હતાં. તરતનો જ ઊંઘમાં પડેલો નોકર સફાળો જાગી ઊઠ્યો અને આગના ભડકા જોઈને બેબાકળો બની ગયો, પણ તરત જ સચેત બની જઈ

તે ઢોરને છોડી મૂકવા ગમાણ તરફ દોડી ગયો. ધુમાડામાં તેને ગૂંગળામણ થતી હોવા છતાં તે ગાયો અને ભેંસોને છોડવા મથી રહ્યો. પ્રૌઢશિક્ષણના વર્ગમાં આવતી કેટલીક સ્ત્રીઓ અને બીજા કેટલાક માણસો પણ તરત દોડી આવ્યા હતા, પણ થોડી વાર તો ત્યાં અંધાધૂંધી મચી રહી. પારુના ઘરની ચારે બાજુ આગ ફરી વળેલી જણાતી હતી, અને ઘર તો જાણે ધુમાડાના ગોટામાં ઢંકાઈ ગયું હતું. આગ કેમ ઓલવવી તેનો કોઈને કશો જ ખ્યાલ ન હતો.

જેન અને શાંતાબહેનની પહેલાં આવેલાં તો બેબાકળાં બનીને આગનું તાંડવ જ જોયા કરતાં હતાં. આટલા સમયમાં તો આગ ફેલાઈને ઘાસની ગંજી સુધી પહોંચવામાં હતી. ત્રીજી ગંજી જરા દૂર હતી તે બચાવી શકાય તેવો સંભવ હતો. ઘરની જમણી બાજુ તરફ આગનું જોર વધુ જણાતું હતું. નોકરે ઝડપ કરીને બધાં ઢોર છોડી મૂક્યાં હતાં, એટલે તે ગભરાટમાં પડી આમતેમ દોડાદોડ કરી આખરે સલામત સ્થળે ભાગી ગયાં હતાં. ઘર તો ભડકે બળી રહ્યું હતું.

આગનું આ ભયાનક તાંડવ જોતાં જ જેનના દિલમાં કોણ જાણે ક્યાંથી અજબ હિંમત અને અંતરસૂઝ આવી ગઈ. ત્યાં ભેગા થયેલા માણસોને તેણે સૂઝી તેવી સૂચનાઓ આપી કંઈ ને કંઈ કામે લગાડી દીધાં. ઘરની પાછળના થોડે દૂરના ભાગે આવેલા કૂવા અને ઘર વચ્ચે એક જીવતી સાંકળ જાણે બનાવી દીધી. કૂવા પાસે પુરુષોને પાણી ખેંચવાના કામે લગાડી દીધા અને સ્ત્રીઓ જે કંઈ વાસણ મળે લઈ હાથોહાથ ઘર સુધી પહોંચાડી આગ પર છાંટવાનું શરૂ કરી દેવડાવ્યું. શાંતાબહેન એ કાર્ય નિયમિત અને ઝડપભેર ચાલે તેનું ધ્યાન રાખી રહી.

આમ જેને જાણે બિનતાલીમી આગશામક ટોળી બનાવીને રીતસરનું કામ લેવા માંડ્યું. શાંતાબહેને તેનો હવાલો સંભાળી લીધો. એ પછી જેન ઘરના પાછલા બારણે પહોંચી ગઈ. ત્યાં પારુની મા તેના દોહિત્રને ઊંચકીને

બહાર આવતી દેખાઈ તે ભરઊંઘમાંથી ઊઠી હોય એમ લાગતું હતું.

"પારુની મા, પારુ ક્યાં છે ?" શ્વાસભેર જેને પૂછ્યું.

"અરે, મારી દીકરી તો આ ભયંકર આગમાં ઊંઘતી જ રહી ગઈ છે," એમ કહીને ડોસી પાછી ઘરમાં જવા લાગી. પણ જેને તેને અટકાવતાં કહ્યું

"તમે અહીં જ ઊભાં રહો. હું આવું છું."

આમ કહીને પારુની માના હાથમાંની ચાદરમાંથી ચીરો ફાડીને પોતાના વાળ ઢાંકવા માથે બાંધી, જેન ઝડપથી અંદર દોડી ગઈ.

આટલા સમયમાં સહદેવ પણ આવી પહોંચ્યો. જેનને બળતા ઘરમાં ઘૂસતી જોઈ તે પણ પાછળ પાછળ અંદર ગયો. પારુ કઈ બાજુ હશે તે સમજ પડે તેમ ન હતું. સહદેવે પારુને હાંક મારી તે સાંભળી જેન થોડીવાર થોભી ગઈ. તેની ચારે બાજુ તો ધુમાડાના ગોટેગોટા ફરી વળ્યા હતા અને આગના ભડકા ઉપર છાપરાના મોભ અને વળીઓ સુધી પહોંચ્યા હતા. સહદેવનો અવાજ સાંભળી જેન ગૂંગળાતા અવાજે બોલી,"સહદેવભાઈ, પારુ આ બાજુ જ સૂતી હતી. આમ આવો."

સહદેવ જેનના અવાજની દિશા પકડી એ બાજુ આગળ વધ્યો અને પારુની ઓરડીમાં પહોંચી ગયો. વાંસની ચારપાઈ પર પારુ તો તદ્દન નિશ્ચેતન પડી હતી. એને બેભાન જોઈ જેને તેને બંને બગલમાંથી ઊંચકી અને સહદેવને પગ પકડવાનું કહ્યું. એમ બંને જણ તેને ટાંગાટોળી કરી બહાર ઊંચકી લાવ્યાં. પારુનાં કુટુંબીજનો ઘરના બારણે ટોળે વળી પૂછપરછ કરી રહ્યાં હતાં ત્યાં જેન અને સહદેવ પારુને ઊંચકીને બહાર આવ્યાં, ત્યારે બધાંએ રાહતનો દમ ખેંચ્યો અને ખુશીનો અવાજ કર્યો. પારુનો બાપ પરગામ ગયેલો તે અત્યારે ખરા ટાંકણે આવી પહોંચ્યો હતો. આગના ભડકાથી થયેલી ખાનાખરાબી જોઈ તેનું મન એટલું ભ્રમિત થઈ ગયું કે કશું કરવાને

બદલે તે ઘરની ચારે બાજુ અફસોસ કરતો આંટા મારી રહ્યો.

પારુને ઘરથી દૂર લઈ જઈ તેની માએ પાથરેલી ચાદર પર સુવાડી તેની મા તેની પાસે બેસી પંખો નાખવા લાગી. પારુ અંદર હતી ત્યારે ડોશી હાય હાય કરતી હતી. પણ હવે તે બહાર સલામત આવી ગઈ છે તે જોઈને તેની આંખમાંથી આંસુ ખરવા લાગ્યાં. આ બધું જોઈને નાનકડો નેવર્તી તો એવો ગાભરો થઈ ગયો હતો કે રડવાનું જ ભૂલી ગયો હતો. પારુ કદાચ આગ લાગતાં જાગી ઊઠી હશે. પણ પછી તો ગભરાટથી અને ધુમાડાથી બેભાન થઈ ગયેલી જણાતી હતી.

જેને અને સહદેવ આગના ભડકામાં થઈને આવેલાં તેથી તેમને થોડા ઉઝરડા અને ક્યાંક ક્યાંક ફફોલા ઊઠ્યા હતા. શાંતબહેનની દેખરેખ હેઠળ લોકો આગ બુઝાવવા તનતોડ મહેનત કરી રહ્યાં હતાં તેથી તે જલદી કાબૂમાં આવી ગઈ અને વધુ ફેલાવા પામી નહિ. પારુના બાપા આવીને જેનના પગે પડયાં. તેમની આંખોમાંથી આંસુ વહી જતાં હતાં. જેન આ દૃશ્ય જોઈ કંઈ બોલી શકી નહિ, પણ તરત પાછી હઠી ગઈ. પછી ડોસો સહેદેવના પગે પડવા ગયો ત્યારે સહદેવ બોલ્યો.

"અરે કાકા, આ શું કરો છો ?" આપણે બધાં ઈશ્વરનો પાડ માનીએ કે આવી ભારે આફતમાંથી બધાં હેમખેમ ઊગરી ગયાં." એમ કહીને સહદેવે ડોસાને પગે પડતાં રોકયો અને ઈશ્વર તરફ ધ્યાન દોરવા આકાશ કરફ આંગળી કરી.

આંસુ લૂછતાં લૂછતાં ડોસા બોલ્યા, "મિસ સાહેબ, તમારા રૂપમાં ભગવાને જ આવીને અમને આફતમાંથી ઉગારી લીધાં છે. મારુતિ તો જુવાર વેચવા શાહીપેઠ ગયો છે. તમે સમયસર આવી ન ગયાં હોત તો અમારો પરિવાર અને આ ઘરમાંનું શું બચ્યું હોત ?"

જેન હવે પારુને ભાનમાં લાવવાના પ્રયત્ન કરવા લાગી. આ

સમય દરમિયાન ગામમાંથી બીજા ઘણા લોકો આવી પહોંચ્યા હતા. એમાં વિનયપુરના બે પોલીસ પણ આવ્યા હતા. ઘાસની ગંજી લગભગ અડધી બળી ગઈ હતી. બધાંના સતત પ્રયાસથી આગને પૂરેપૂરી હોલવી શકાઈ.

હવે બધાંના ધ્યાનમાં આવ્યું કે ઘાસના અર્ધા બળેલા પૂળા ઘર પાસે તથા ગંજી પાસે પડેલા હતા. તે પરથી જાણીજોઈને કોઈએ આગ લગાડેલી એ સ્પષ્ટ થતું હતું - લાગ જોઈ યોજનાપૂર્વક કરેલું એ હીન કાર્ય હતું. કમનસીબે એ કાળું કૃત્ય કરનારને ભાગી જવાની તક મળી ગઈ હતી. પણ આગ જરા વહેલી લાગી એ સારું થયું કે બધાં એકદમ દોડી આવ્યાં હતાં. પોલીસના માથે ગુનેગાર શોધવાનું કામ આવ્યું.

પછી પારુને મિશન દવાખાને લઈ લેવાનું નક્કી થયું. બીજાં બાજુના ખેતરમાં રાત પૂરતો આશ્રય લેવા ગયાં. વીખરાતાં સર્વ કોઈના મનમાં એક જ પ્રશ્ન ઘોળાતો હતો કે આવું હિચકારું કૃત્ય કોણે કર્યું હશે ? બીજે દિવસે મારુતિ અને પાંડુએ આવીને રસ્તે બનેલી વાત જણાવી ત્યાં સુધીને કોઈને કશો ખ્યાલ ન આવ્યો.

# પ્રકરણ : ૧૫

જેનને ભારતમાં મનગમતું કાર્યક્ષેત્ર મળી જવાથી હવે તો ભારત તેને મન બીજી માતૃભૂમિ જ બની ગયું હતું. તે વિનયપુરમાં દસેક વર્ષથી કાર્ય કરી રહી હતી. તેની કામની લગની, સખત પરિશ્રમ અને ખંતને લીધે તેનું સેવાકાર્ય સફળ થઈ શક્યું હતું. તેની ભાવનાને અનુરૂપ જ કાર્યની પ્રગતિ થતી રહી હતી. તે સાથે સાથે ગરીબો અને તંગી વેઠનારા લોકો પ્રત્યે તેને જે ભાવ હતા અને તેથી તેઓ પ્રત્યે તે એટલી બધી ભલાઈ રાખતી કે ચારે બાજુ તેનું નામ પ્રચલિત થઈ ગયું હતું. ફક્ત વિનયપુરના વિસ્તારમાં જ નહિ, પણ આખા તાલુકામાં અને બહાર પણ તેનું નામ જાણીતું થઈ ગયું હતું. પછાત વર્ગોમાં તો ઘેરઘેર તેનું નામ ઘરગથ્થુ થઈ ગયું હતું. છતાં હજી તેને ભારતનું નાગરિકપદ અપાયું ન હોવાથી તેને ન છૂટકે બીજી વાર સ્વદેશમાં રજા પર જવું પડ્યું.

જ્યારે બીજી વાર તે જન્મભૂમિ અમેરિકામાં રજા પર હતી ત્યારે ભારતમાં સુહાસના જીવનમાં એક અણધારી અતિ કરુણ ઘટના બની ગઈ. તેની પત્ની સુધા બીજી સુવાવડ દરમિયાન મૃત્યુ પામી. નવજાત બાળક પણ જીવી શક્યું નહિ. સુહાસ અને તેની દીકરી સુષમા આ કરુણ ઘટનાના ઊભા થયેલા પ્રત્યાઘાતો અને લાગણીનાં પૂરોનો સામનો કરવા એકલાં જ રહી ગયાં.

સુધાના મૃત્યુના સમાચાર જેનને મળ્યા ત્યારે પ્રથમ તો તે હતપ્રભ થઈ ગઈ. કંઈ સૂઝ્યું જ નહિ. તેને પ્રથમ તો તરત ભારત પહોંચી જવાનું મન થયું, પણ એમ કરવાનું શક્ય ન હતું. હજી તેની રજાના સાડાત્રણ માસ બાકી હતા. તે ભોગવ્યા વિના છૂટકો ન હતો. સુહાસ

અને સુષમા કેવાં અટૂલાં બની ગયાં હશે તેનો તે ખ્યાલ કરવા લાગી. માંડ છ વર્ષની થયેલી બાળકી સુષમાને મા વિના જીવન કેવું ખાલી ખાલી લાગતું હશે ! આવા દુ:ખમય પ્રસંગે ઈશ્વરના આશરા વિના જેનને માટે બીજો આરો જ ક્યાં હતો ? ભૂતકાળમાં અનેક પ્રસંગોમાં આશ્રયસ્થાન બનેલો ઈશ્વર જ તેને દિલાસાનું મૂળ પણ હતો જ.

જેન આઘાતની સ્થિતિમાંથી ઝડપથી સ્વસ્થ થઈ અને સુહાસ પર લંબાણથી દિલાસાનો પત્ર લખવા લાગી ગઈ. પોતાની ચિંતા તથા લાગણીઓ દર્શાવતાં તેણે સાથે સાથે સુષમાની કોમળ લાગણીઓનો પણ ખ્યાલ કરીને તેના પર પણ મરાઠીમાં એક અલગ પત્ર લખ્યો અને સુહાસના પત્ર સાથે બીડ્યો. જેન અંગત રીતે સુધા સાથે હળી ગઈ હતી તેથી સુહાસ સાથે તે પોતે પણ હવે સુષમા માટે અમુક અંશે જવાબદાર છે એમ તે પોતાના મનમાં માનવા લાગી.

સુષમાને પત્ર મળ્યો ત્યારથી જ, 'જેન આન્ટી ક્યારે ભારત પાછાં આવે' તેની રાહ જોવાનું તેણે શરૂ કરી દીધું. એ પછી એક દિવસ એવો ખાલી વીત્યો નહિ હોય કે સુષમા પૂછ્યા વગર રહી હોય કે 'જેન આન્ટી ક્યારે આવશે ?' તેની મા જીવતી હતી ત્યારે ઘણી વાર કંઈ કંઈ ન સમજાય તેવી વાતો કરતી, તે અજાણ્યે સુષમાના મનમાં ચોંટી ગઈ હતી.

સુધાના મૃત્યુ પહેલાં એક વાર સુધા અને સુહાસ નવરાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં ત્યારે જેનની કંઈ વાત નીકળી. સુષમા પણ પાસે બેઠી બેઠી સાંભળતી હતી. ત્યારે ગમતમાં જ સુધાએ સુષમાને કહેલું કે "હું તારી મા ખરી, પણ જેન આન્ટી તારી 'અમેરિકન મા' જેવાં જ ગણાય !"

જોકે આ તો જરા હળવી ગમત જ હતી અને જરા સુહાસને

ચીડવવાનો પણ આશય ખરો, અને બોલતાં બોલતાં સુહાસ તરફ જરા ત્રાંસી નજરે જોયેલું પણ ખરું. સુષમાના ઓઠા હેઠળ સુહાસને જ ટોણો મારવાનો સુધાનો ઈરાદો હતો. પણ સુધાના મૃત્યુ પછી સુષમાને તેની માતાના શબ્દો યાદ આવવા લાગ્યા. સુધાએ તો કલ્પનાયે કરી નહિ હોય કે તેના શબ્દો સુષમાના દિલમાં કાયમ ચોંટી જશે. વળી પોતાનું મૃત્યુ આમ અણધાર્યું આટલું જલદી આવશે એવો ખ્યાલ પણ ભરજુવાનીમાં તેને ક્યાંથી આવે ?

પણ માનવજીવન આવું જ છે. અને માનવમન અતિ અકળ છે. સુહાસ તો સુધાનો એ કટાક્ષ ક્યારનો ભૂલી ગયો હતો. પણ એક વાર સુષમાએ ભોળપણમાં જ આ વાત યાદ કરી સુહાસને પૂછ્યું કે 'માએ આમ કહેલું એનો શો અર્થ થાય ?' સુહાસ એનો શો ખુલાસો આ નિર્દોષ ભોળી બાલિકાને આપી શકે ?

સુધાના અચાનક મૃત્યુથી સુહાસને પોતા માટે તેમ જ નાની બાળકી માટે ખૂબ દુઃખ લાગ્યું. જીવનસાથી તરીકે સુધા ઉદાર મનવાળી અને ઊંડી સમજ ધરાવનારી હતી. વર્ષોના સહવાસથી સુહાસના દિલનો પાર તે પામી ગઈ હતી. તે મશ્કરી કરતી અને વ્યંગમાં બોલતી, પણ હંમેશા ધ્યાન રાખતી કે સુહાસની લાગણીને આઘાત લાગે તેવું કંઈ પણ તેનાથી બોલી ન જવાય. પેલા શબ્દો પણ તે બોલેલી તે જેન અને સુહાસ વચ્ચે દિલનો જે અકથ્ય મેળ જામેલો તેના ખ્યાલ સાથે બોલેલી, પણ તેમાં સહેજ પણ ઈર્ષા કે કડવાશનો અંશ ન હતો.

સુધા જેવી પત્ની મેળવવા માટે સુહાસ પોતાને ઘણો ભાગ્યશાળી ગણતો હતો. અને એમાં નવાઈ જેવું પણ કંઈ ન હતું. પણ હવે તે તેને આ જિંદગીમાં કાયમ માટે ગુમાવી બેઠો હતો. હવે તે તદ્દન એકલો જ થઈ ગયો હતો. સુધા એક બાળકી મૂકી ગઈ હતી પણ તે તો સંગત અને સહારો આપવાને બદલે જવાબદારીરૂપ જ હજી

હતી. સુહાસને આમ ને આમ અર્ધી જિંદગી વિતાવવાની હતી.

પરિસ્થિતિની વિચિત્રતા તો એ હતી કે તેનાં અંગત સગાંવહાલાં અને મિત્રો હૂંફ આપે તે કરતાં એક પરદેશી વ્યક્તિ જેન તરફથી તેને વધુ સહારો, ભાવ અને હૂંફ મળતાં અને અનુભવાતાં હતાં. જેન તેના મનને વધુ સારી રીતે ઓળખી શકી હતી. તેથી તેના સુખદુઃખની લાગણીઓમાં તે દિલથી સહભાગી થઈ શકતી હતી. પણ આ ખરી જરૂરના સમયે તે દૂર દૂર તેના દેશમાં હતી. જેનના પાછા ફરવાને હજી ત્રણ માસની વાર હતી.

પણ સમય જોતજોતામાં પસાર થઈ ગયો. જેનનું સ્વાગત કરવા સુહાસ એક દિવસ વહેલો મુંબઈ પહોંચી ગયો. જેન આવી પહોંચી અને બંનેનું મિલન થયું તે તો સુધાના વિયોગ બાદ થયેલું હોવાથી અનોખા સંયોગોમાં થયું હતું. તેથી બંનેના મનથી મહામૂલું હતું. આ મિલન બંને માટે સહાયરૂપ અને દિલાસારૂપ હતું. જોકે આ મિલન મિશ્રિત લાગણીઓવાળું હતું, લાંબા સમયે બે મિત્રો મળતાં આનંદ થાય, પણ અહીં આનંદ પર સુધાના મૃત્યુના ઓળા હોવાથી શોક અને વિરહ વેઠ્યે જ છૂટકો હતો.

"હલ્લો, સુહાસ !" આંખમાં ઝળઝળિયાં સહિત હાથ મિલાવતાં જેન બોલી. પછી આમતેમ જોતાં ઉમેર્યું, "સુષમા ક્યાં છે ? સાથે નથી લાવ્યા ? "

બંનેના મનમાં પ્રશ્નોનો પાર ન હતો અને લાગણીઓનાં પૂર ઊમટ્યાં હતાં. સુહાસ જવાબો પણ શી રીતે આપી શકે ? બંને જણ આંસુ ખાળવા મથી રહ્યાં હતાં.

બપોરે સાથે ખાણું લીધું. તે પછી ધર્મપુર જવા ટ્રેનમાં બેઠાં. સુધાનું મૃત્યુ કેવા સંજોગોમાં થયું તે વિગતવાર સુહાસે જેન આગળ વર્ણવ્યું. સુહાસે જણાવ્યું કે મને તો સ્વપ્નેય ખ્યાલ ન હતો કે મારા પર આવો વજ્રાઘાત થશે. પણ હવે તો જીવનની પળે પળે તેના

અને સુષમાના જીવનમાંથી સુધા ચાલી ગઈ છે એ યાદ શૂળની પેઠે ખૂંચ્યા કરવાની હતી.

"જેન, આ જીવનનો કોયડો મારાથી ઊકલતો નથી !" સુહાસ હતાશ સ્વરે બોલ્યો.

સાચે જ, સુધાની અણધારી વિદાયથી પેદા થયેલું સુહાસના દિલમાંનું ખાલીપણું જ સુહાસને હતાશ કરી રહ્યું હતું. તેનો ઓથાર તેને ભીંસી રહ્યો હતો. જોકે સુષમાની હયાતીથી તેના હૃદયનું ખાલીપણું કંઈક અંશે પુરાતું હતું. પણ સાથે સાથે બીજા અનેક પ્રશ્નો ઊભા થતા હતા. કારણ કે હવેથી એ બાળકી માટે સુહાસે જ માતા અને પિતા તરીકેની ફરજો બજાવવી પડતી હતી. એમાં વળી સુષમાને કોઈ માસી, ફોઈ કે કાકી જેવું નિકટનું સગું પણ હતું નહિ કે તેની સંભાળ લે. આથી સુહાસે પૂરો વિચાર કરીને સુષમાને મધુબનમાં નવી શરૂ થયેલી છાત્રશાળામાં દાખલ કરી દીધી હતી.

સુહાસની વાતો સાંભળ્યા પછી જેન બોલી, "એટલે સુષમાને મળવા માટે આપણે હવે તો મધુબન જવું પડશે, ખરું ને ? મેં તેને વચન આપ્યું છે કે ભારત આવતાં જ હું તને મળવા આવીશ."

"મને એ ખબર છે. તમારો એ કાગળ મેં જ સુષમાને વાંચી બતાવ્યો હતો."

"એમ કે ?"

"જેન, તમે સુષમા પર જુદા અલગ પત્રો લખ્યા તે ઘણું સારું થયું. એ માટે હું ઊંડી લાગણીપૂર્વક તમારો ખૂબ ખૂબ આભાર માનું છું."

"અરે, એમાં શું વિશેષ કર્યું છે ? સુષમા પ્રત્યે મને પણ તમારા જેટલો જ ભાવ છે."

સુહાસે આભારના ભાવ સહિત જેન તરફ દૃષ્ટિ કરી. તેને વિચાર આવ્યો કે સુધાને પણ પોતાના મૃત્યુ અગાઉ જેન પ્રત્યે આવો અંગતપણાનો

ભાવ નહિ આવ્યો હોય ? આવે એવી શક્યતા તો હતી જ ! એ શક્યતાનો ખ્યાલ આવતાં તેને રોમાંચ થઈ આવ્યો અને તે નજર ફેરવી બારી બહાર જોવા લાગ્યો. બહાર પળે પળે બદલાતાં જતાં દશ્યો જોઈ તેને વિચાર આવવા લાગ્યુ કે 'જીવન પણ આ આગગાડી જેવું જ નથી ?' મનની લાગણીઓ ધ્યાનમાં લીધા વિના ગાડી દોડ્યે જ જાય છે અને એ જ નિ:સ્પૃહ ભાવે જીવન પણ વહ્યે જાય છે. અનંત સુધી એમ ને એમ વહ્યે જશે ? લોકો એક સ્થાને ગાડીમાં ચડે છે અને નિર્ધારિત સ્થાન આવતાં જ ઊઠીને ઊતરી જાય છે. ગાડીનો એકધારો અવાજ સુહાસના મનમાં ચાલતા તેના વિચારોના પ્રવાહ સાથે તાલ મિલાવતો ભળી જતો હતો. સુહાસના મનનો વિષાદનો ભાવ સમજી જેન પણ મૌન રહી, બારી બહાર પસાર થતાં દશ્યો જોઈ રહી.

★ ★ ★

બાર બાર વર્ષોના ગાળા પછી જેન અને સુહાસ ફરી વાર એકસાથે મધુબનની મુલાકાતે આવી રહ્યાં હતાં ગાડીમાંથી તેમને મધુબન પહોંચવા બસમાં બેસવું પડે તેમ હતું. આ પરિશ્રમ ઉઠાવવાનું કારણ સુષમાને મળવાનું જ હતું. બંને જણ માટે આ મુસાફરીમાં ભૂતકાળની અનેક યાદોનો પુનઃ અનુભવ થતો રહ્યો અને લાગણીના પ્રવાહો ચડઊતર કરતા રહ્યા. ફરી એક વાર તેઓ સ્મૃતિના મધુબનમાં આવી પહોંચ્યાં હતાં. મધુબન બંને જણ માટે કેટલું પ્રિય અને અંગત બની ગયું હતું ! સમય બદલાતાં સંજોગોમાં પણ વિવિધ પલટા આવ્યા હતા, પણ છતાં મધુબન તો અંતરથી એનું જ રહ્યું હતું.

બસ મધુબન આવી થોભી એટલે બંને જણ ઊતરીને સીધાં

સેન્ટ આગ્નેસ છાત્રશાળા તરફ ચાલવા લાગ્યાં. એમાં દિવસે જ શાળામાં આવતી વિદ્યાર્થિનીઓની સંખ્યા ઓછી હતી. ઘણીખરી કન્યાઓ છાત્રાલયમાં રહીને જ અભ્યાસ કરતી હતી. વિદ્યાર્થિનીઓનાં માબાપ કે વાલીઓ અવારનવાર મુલાકાતે આવતાં એટલે એમના માટે એક મુલાકાતખંડ રાખવામાં આવ્યો હતો. ત્યાં બેસીને સુહાસે સુષમાને સંદેશો મોકલાવ્યો અને રાહ જોવા લાગ્યાં.

સુષમાને ખાતરી હતી કે જેન આન્ટી ભારત આવતાં જ મને મળવા આવવાનાં, પણ ક્યારે આવશે તેની કશી ખબર હતી નહિ. જ્યારે છાત્રાલયમાં કામ કરનારી સ્ત્રીએ મહેમાનો આવ્યાની ખબર આપી ત્યારે ચા પીવાનીયે છોડીને તે એકદમ દોડી. તેની સાથે આયા પણ આવી. જેન આન્ટી આવ્યાં છે એ જાણી તેની ઉત્તેજના ખૂબ જ વધી ગઈ. જેન આન્ટીને મળવા તે ખૂબ ઉત્સુક હતી, છતાં તેની આગળ રૂબરૂ આવતાં તે કશું બોલી શકી નહિ. શરમને લીધે તરત તો જેનની પાસે પણ જતાં તે અચકાઈ. પિતા સુહાસે તેને છાતી સરસી ચાંપીને વહાલ કર્યું. પછી જ તેને જરા હિંમત આવી અને તે જેનની નજદીક ગઈ. જેને તેને ગાલે બચી કરી તે પરાણે સહન કરી લીધી ! સુષમાનું આવું શરમાળપણું જોઈ જેનને જરા ગમ્મત પડી ! ત્યાંની રહેવાની, ખાવાપીવાની તથા અભ્યાસની સગવડો જોઈ જેનને સંતોષ થયો.

છાત્રશાળાનાં સંચાલિકાએ સુષમાને પિતા તથા જેન સાથે બહાર ફરવા જવાની છૂટ આપી. સંચાલિકા સાથે જોકે થોડી જ મિનિટો વાત કરવાનું મળ્યું હતું, પણ તેટલા સમયમાં તે માયાળુ વિચારવંત બાઈ છે અને છાત્રોની પૂરી ચિંતા કરે તેવી છે એવી છાપ તેમના મન પર પડી. તેઓએ જોયું કે શાળામાં તેમ જ છાત્રાલયમાં બરાબર શિસ્તપાલનનો આગ્રહ રખાતો. આમ બધી રીતે જોતાં સુષમા જેવી નમાઈ બાલિકા માટે આ સ્થાન આદર્શ હતું. પ્રિન્સિપાલે એમ પણ

જણાવ્યું કે 'એકાદ દિવસ વધુ રોકાવું હોય તો છાત્રાલયનું મહેમાનગૃહ મળી શકશે. જોકે ખોરાકની વ્યવસ્થા પોતે કરી લેવાની રહેશે.' આ સવલત મળતાં જેન અને સુહાસે એક દિવસ વધુ રોકાઈ સુષમાને સાથે રાખી ફરવાનો નિર્ણય કર્યો.

આમ બીજા દિવસે જેન આન્ટી અને પિતા સાથે ફરવાની તક મળી તે સુષમાને મન તો મોટા તહેવાર જેવું થઈ પડ્યું. સુહાસે એક પગરિક્ષા આખા દિવસ માટે ભાડે રાખી લીધી અને ત્યાંનાં જુદાં જુદાં વિહારસ્થાનો જોવા જવાનો કાર્યક્રમ ઘડ્યો. આ પ્રમાણે સ્થળે ફરતાં જેન અને સુહાસને પહેલાં તે બે જણાંએ સાથે ફરીને માણેલા આનંદના પ્રસંગો યાદ આવવા લાગ્યા. સુષમા સાથે હતી તેથી તેમ જ સુધાના મૃત્યુનો શોક તાજો જ હોવાથી તેઓ કંઈ બોલી શકે તેમ ન હતું. ત્રણ જણ માટે સુધાનું મૃત્યું એકસરખું ખોટરૂપ હતું. સમય અને સંજોગો બદલાયા હોવા છતાં, જીવન તો જાણે એકધારું વીત્યે જતું હતું. એનું રહસ્ય ઉકેલવાનુ શક્ય ન હતું. તે બે જણ વચ્ચે ત્રીજી વ્યક્તિનું આગમન થયું હતું, પણ સુધાની વિદાય શોકમય દિવસો પસાર થઈ રહ્યા છે આ યાદ ભૂલવા દેતી ન હતી.

તે દિવસે જ્યારે તેઓ 'જેન પોંઈન્ટ પર ગયાં ત્યારે એ નામ તેમણે જ આપેલું હોવાથી ત્યાં પહોંચતાં જ બંને જણ રોમાંચક લાગણી અનુભવી રહ્યાં. તે દિવસે અનુભવેલી ઉત્કટ નિકટતા યાદ આવતાં જેનની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ત્યાંનાં વૃક્ષોની છાયામાં બેસીને તેમણે સાથે આણેલું ખાણું ખાધું. આટલા સહવાસથી સુષમા જેન સાથે સારી રીતે હળવા લાગી હતી. તે હવે જેન આન્ટી સાથે છૂટથી વાતો કરતી થઈ હતી. જેનને તેથી ખૂબ આનંદ થયો.

મધુબન આવીને સુષમા સાથે મેળાપ થવાથી જેન પોતાનું વચન પાળી શકી હતી તેથી પોતે કેવી કૃતકૃત્યતા અનુભવતી હતી તે બાબત જેને સુહાસને જણાવી. મધુબનની સ્મૃતિઓ તાજી થઈ અને વચન

પણ પળાયું. દિવસના અંતભાગમાં તેઓ સરોવર પર નૌકાવિહાર કરવા ગયાં. સુષમાને તો આખા દિવસના કાર્યક્રમનો આ પ્રસંગ શિરમોર જેવો થઈ પડ્યો. તેની જીભ ખૂબ ખૂલી ગઈ અને જેન તથા સુહાસ તેની વાતો શાંત રહીને સાંભળતાં જ રહ્યાં. ભૂતકાળ પાછળ રહી ગયો હતો. ભાવિ હજી આવવાનું હતું. વર્તમાન જાણે ગતિ છોડી સ્થિર થઈ રહ્યો હતો.

ત્રણે જણ ખૂબ વિચારમગ્ન થઈ મૌનપણે નૌકાવિહાર પૂરો કરી ચાલતાં જ છાત્રાલય તરફનો માર્ગ કાપતાં રહ્યાં.

## પ્રકરણ : ૧૬

નવું જ બંધાયેલું મિશન શાળાનું મકાન અને નવા જ પ્રસૂતિગૃહના મકાનની પ્રતિષ્ઠાક્રિયા કરવાનો દિવસ આવ્યો ત્યારે શિયાળાનો આરંભ થઈ ચૂક્યો હતો.

દૂર અંતરિયાળ પ્રદેશમાં બીજા ભાગોથી અટૂલું પડેલું વિનયપુર અર્ધું ઊંઘતું અને અર્ધું જાગતું જણાતું હતું. એ પ્રદેશમાં જરૂર પ્રમાણેનો વરસાદ તો ભાગ્યે જ પડતો. આથી સુકવણું કે દુષ્કાળના ઓળા નીચે રહેતા એ વિસ્તારમાં લોકો કાયમી અર્ધા ભૂખમરાની હાલતમાં જ જીવન ગાળતા.

આવી પરિસ્થિતિને જેને પોતાના ભાવિદર્શન વડે પલટી નાખવાના સફળ પ્રયાસો કર્યા હતા. વિનયપુરનું દુઃખગ્રસ્ત જીવન હવે કરવટ બદલી કંઈક જાગૃતિ અને પ્રગતિનાં દર્શન કરાવી રહ્યું હતું. મિશન તરફથી તદ્દન પ્રાથમિક કક્ષાનું શિક્ષણ અને તબીબી રાહત પૂરાં પડાતાં હતાં, છતાં આજુબાજુના વિસ્તારમાં આવેલાં ગામોમાં તો વિનયપુર આદર્શ જેવું ગણાવા લાગ્યું હતું. પહેલાંની પેઠે જ કુદરતી આફતો તો આવતી જ રહેતી હતી, પણ તેમને તો વેઠ્યા સિવાય કોઈ ઉપાય ન હતો. વિનયપુર જેવા ગામ માટે જરૂરી એવી કેટલીક સવલતો હવે અહીં મળવા માંડી હોવાથી ગામ જાણે પ્રગતિના ઉંબરે ઊભેલું જણાતું હતું.

સામસામે બાંધવામાં આવેલાં નવાં મકાનોની વચ્ચેના ખુલ્લા ચોકમાં ઉદ્ઘાટનવિધિ આટોપી લેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાળાના મકાનની ઊંચી પરસાળનો મંચ તરીકે

ઉપયોગ કરવાનો હતો. આ અભૂતપૂર્વ પ્રસંગે લગભગ અર્ધું વિનયપુર ત્યાં ઊમટ્યું હતું.

છએક વાગતાં જ અંધારાના ઓળા ઊતરતાં પેટ્રોમૅક્સ બત્તીઓ સળગાવવી પડી. બંને મકાનમાં એકેક બત્તી લટકાવવાથી બધે પૂરતો પ્રકાશ ફેલાઈ રહ્યો. આખો ચોક ઝળાંહળાં થઈ રહ્યો.

ચોકની એક બાજુ ખુલ્લામાં સ્ત્રી અને બાળકો જમીન પર જ ગોઠવાયાં હતાં. બીજી બાજુ પુરુષો બેઠા હતા. આ પ્રસંગે હાજરી આપવા ધર્મપુરથી તેમ જ બીજાં ગામેથી કેટલાક આગેવાન મહેમાનો પણ પધાર્યા હતા. જોકે ઉદ્‌ઘાટનવિધિનો સમય સાડાપાંચ વાગ્યાનો રાખ્યો હતો પણ ઉદ્‌ઘાટક તરીકે આવનાર સામાજિક કાર્યકર શ્રી સદાશિવરાવ સમયસર વિનયપુર પહોંચી ન શક્યા. ધર્મપુરથી આવતાં માર્ગમાં એક બીજા ગામે એક સભારંભમાં રોકાવું પડ્યું તેથી શાહીપેઠથી સમયસર વિનયપુર આવી ન શકયા.

પણ વિનયપુર આવતાં જ બીજા કશામાં સમય ન બગાડતાં પટ્ટીઓ કાપીને મકાનોને ખુલ્લાં જાહેર કર્યાં. પછી ઝડપથી અંદર જઈ વ્યવસ્થાનું અવલોકન કરી ઝાડ આગળના મંચ પર આવી ગયા. સભાના અધ્યક્ષસ્થાને ધર્મપુરના ધર્મસેવક હતા. તેમની સાથે મુખ્ય મહેમાન, જૈન અને બહારથી આવેલા અન્ય મહેમાનોએ મંચ પર સ્થાન લીધાં હતાં.

શરૂઆતે અધ્યક્ષે મુખ્ય મહેમાન, બીજા આવેલા મહેમાનો, ગામના મુખ્ય માણસો તથા જાહેર જનતાનું સ્વાગત કર્યું. તે પછી ટૂંકમાં જ ખ્રિસ્તી સંસ્થાઓનું ધ્યેય, તેની પાછળ રહેલા હેતુઓ તથા ભાવનાનું વિવરણ કર્યું. તે પછી મુખ્ય મહેમાન શ્રી સદાશિવરાવની ઓળખ આપી. એક ખાસ બોલનાર તે જ ગામનો કૃષ્ણ મકારે હતો. તેની ગામઠી ભાષા ઘણી અણઘડ હોવા છતાં તેની ભાંગીતૂટી બોલીમાં ખૂબ જુસ્સાપૂર્વક પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

"હું એક 'મનુષ્ય' તરીકે આપની સમક્ષ ઊભો રહી શક્યો છું, કારણ કે મને માનવતા, સત્યતા અને પ્રેમભાવનો અનુભવ મળ્યો છે. હું ખ્રિસ્તનો અનુયાયી થયો તેથી મારાં કુટુંબીજનોએ તથા સમાજે મારો બહિષ્કાર કર્યો છે. પણ તેથી શું થઈ ગયું ? જુઓ તો ખરા, મારે કેટલાં બધાં સગાં અને ભાઈબહેનો થયાં છે !

"આ મિસ સાહેબ તરફ જુઓ. તેમનામાં સાચી માતૃભાવના છે. તેઓ ખરેખરાં સંત છે. મને તો એમનાં વખાણ કરવા શબ્દો જ જડતા નથી. આ મિશન શાળા અને પેલું નવું પ્રસૂતિગૃહ - ડિસ્પેન્સરીનું મકાન અત્યારે આપણી સામે તૈયાર ઊભાં છે એ એમના જ સખત પરિશ્રમનું પરિણામ છે. આપણા ગામના તથા આજુબાજુના લોકો માટે આ કેવી મહત્ત્વની સવલત એનાથી પૂરી પડાશે એ ધ્યાનમાં લેવાની જરૂર છે.

"મિસ સાહેબે વિનયપુરની જનતા માટે અને તેમાંયે ખાસ કરીને અમારા જેવાં તરછોડાયેલાં માટે જે સખત પરિશ્રમ ઉઠાવ્યો છે તે મેં મારી નજરે જોયો છે. અમને તો માણસમાં જ ગણવામાં આવતાં ન હતાં, પણ તેમણે અમારા પ્રત્યે પ્રેમભાવ દર્શાવી સાત સમુદ્રો પાર કરી, અહીં આવી, અમારા માટે ખૂબ જ જહેમત ઉઠાવી છે. તેમની પાસે દવા લેવા જતાં અમે તો ડરતાં હતાં ત્યારે તે પોતે દવાઓ લઈને અમારા ઘરઆંગણે આવ્યાં અને ઘેરઘેર ફરીને અમારાં માંદાંને દવા આપી તેમ જ જરૂરી સારવાર કરી.

"અમારા અછૂતવાસમાં તે પહેલવહેલાં જે દિવસે આવ્યાં તે તો હું જિંદગીભર ભૂલી શકવાનો નથી. અમારાં નાગાં, ગંદાં છોકરાની કશી છોછ તેમણે ન રાખી. એમની ખસ અને ગડગૂમડ પોતાને હાથે ધોઈને સાફ કરી દવા લગાડી આપી. આંખો ધોઈ ટીપાં પાડી આપ્યાં. કાન સાફ કરી તેમાં દવા નાખી. પાકેલા, પરુથી લદબદ ઘા દવાથી ધોઈ સાફ કરી પાટા બાંધી આપ્યા. પીડાતા માણસો પ્રત્યેનો તેમનો પ્રેમ અને દયાભાવ જોઈ આનંદ તથા આભારથી મારું મન

ઝૂકી ગયું. આ તે કેવી શ્રેષ્ઠ સેવા ! દિવસે દિવસે મારું મન એક નિશ્ચય પર દૃઢ થવા લાગ્યું કે આ પ્રેમમય માનવતાનો ધર્મ મારે અપનાવી લેવો. જો ઈસુ ખ્રિસ્ત મિસ સાહેબના દિલમાં આટલો બધો પ્રેમ ભરી દે કે સઘળાંએ તિરસ્કાર કરી તરછોડેલાંને તે આવો અનહદ પ્રેમ આપી શકે, તો તે જ ઈસુ મારે માટે ઈશ્વર છે. હું તેનું જ ભજન કરવાનો.

''મારે કહેવાનું પૂરું કરતાં હું મિસ સાહેબ તથા અહીં પધારેલા સામાજિક સેવક શ્રી સદાશિવરાવનું પુષ્પહારથી અભિવાદન કરી મારી ભાવના વ્યક્ત કરવા માગું છું.''

આટલું બોલી કૃષ્ણ મકારેએ તેની થેલીમાંથી હાર કાઢી બંને જણને હાર પહેરાવ્યા, ત્યારે લોકોએ તાળીઓ ગજાવી આ પ્રસંગને આવકાર આપ્યો. મકારે મંચ પરથી ઊતરીને સામાન્ય જનતાની વચમાં બેસી ગયો.

તે પછી થોડી વાર શાંતિ પ્રસરી રહી. એ પછી આ સભારંભના અધ્યક્ષ ધર્મસેવકે શ્રી સદાશિવરાવને થોડું પ્રવચન કરવા વિનંતી કરી. તે બોલવા ઊભા થયા. તેઓ પચાસેક વર્ષના ભવ્ય વ્યક્તિત્વ ધરાવતા પુરુષ હતા. તેઓ ધોતી, લાંબો કોટ અને માથે કાળી ટોપીના ભારતીય પોશાકથી સજ્જ થયેલા હતા.

સભાજનો તરફ દૃષ્ટિ ફેરવીને તેઓ સ્પષ્ટ અવાજે બોલવા લાગ્યા :

''પ્રમુખશ્રી, આદરણીય મિસ સાહેબ, માનવંત મહેમાનો અને વિનયપુરના મારા મિત્રો, આજે આપણે આપણા ગામના ઇતિહાસમાં એક નવું જ અને ગૌરવભર્યું પાનું શરૂ કરી રહ્યા છીએ. સ્વાભાવિક રીતે જ આપણાં હૃદય આભાર અને આનંદની લાગણીઓથી ઊભરાય છે.

''આ પ્રસૂતિગૃહ અને શાળાના મકાનને સેવા માટે ખુલ્લાં મૂક્તી

વખતે મારો આનંદ વ્યક્ત કરવા માટે મને યોગ્ય શબ્દો જડતા નથી. આ બંને મકાનો દ્વારા ગામની ખૂબ જ અગત્યની સવલત પૂરી પડાશે. આજ સુધી જનતાની સેવા માટે આવાં જરૂરી સાધનો ઊભાં કરવાનું રહી જ ગયું હતું. એમાં સુધરાઈ કે સરકારની મુશ્કેલીઓ કે બેદરકારી જ કારણરૂપ કહી શકાય. આથી મારા મનમાં ઘણી ઉત્કટ ઈચ્છા હોવા છતાં આવા છેક છેવાડાના ગામ વિનયપુરમાં જનતા માટે આવી સવલતો ઊભી થવાનો તો સ્વપ્ને પણ હું ખ્યાલ કરી શકું તેમ ન હતું. પણ આજે એ બધું આપણી નજર આગળ હાજરાહજૂર છે.

''અલબત્ત, આપણા સંતકવિઓ તથા સમાજસુધારકોએ ભારતના વિવિધ પ્રદેશોમાં અસ્પૃશ્યતાના અનિષ્ટને દૂર કરવાના પ્રયાસો આદરેલા ખરા, પણ ઈતિહાસની દૃષ્ટિએ જોતાં તો આ પરદેશથી આવેલા મિશનરીઓએ જ એ દિશામાં ગણનાપાત્ર કાર્ય કરી બતાવી પરિણામ આણ્યાં છે. આ હકીકતનો આપણે ઈન્કાર કરી શક્તા નથી.

''જરા તો વિચાર કરો કે આપણે આપણા જ સમાજના એક ભાગના માનવીઓને પશુથીયે હલકા ગણી તેમને તરછોડી દીધા છે. પણ હજારો માઈલ દૂર સમુદ્ર પારથી આવેલા આ લોકો તેમનો ઉદ્ધાર કરવા મથી રહ્યા છે. ભલે તેઓ એ કાર્ય ઈસુ ખ્રિસ્તના નામે કરતા હોય, પણ એમાં સમાયેલી માનવતાની ભાવનાને તો આપણે શી રીતે અવગણી શકીએ ? આ બાબત આપણે માટે એક પડકારરૂપ નથી ? આપણે કબૂલ કરવું રહ્યું કે પરદેશી મિશનરીઓ અને અગરકર, જ્યોતિબા ફૂલે, પંડિતા રમાબાઈ, રાજા રામમોહન રાય જેવા સામાજિક કાર્યકરોએ અસ્પૃશ્યતાનું દૂષણ દૂર કરવા ઘણા પ્રયત્નો કર્યા છે.

''બીજી તરફ શિક્ષણ અને તબીબી રાહત જેવી સેવાઓ પૂરી પાડવામાં કેટલાક મિશનરીઓની કદર કરવી જોઈએ. હજી આપણે એમના એ કાર્યનું પૂરેપૂરું મૂલ્યાંકન કરી શક્યા નથી એ શોચનીય

કહેવાય. એમણે એ ક્ષેત્રે કરેલી સેવાને આપણે બિરદાવવાની જરૂર છે. આ સંબંધમાં આજે મિસ જેનનો ખાસ ઉલ્લેખ કરવાનું જરૂરી છે. આ છેક છેવાડાના પછાત ગામડામાં આવીને તેમણે જે અજાયબ સેવાઓ આપી છે તેની અનેક વાતો મારા સાંભળવામાં આવી છે, એનું એક નક્કર સ્વરૂપ આજે હું મારી નજર આગળ જોઉં છું. ખરું કહું તો મિસ સાહેબનાં ત્યાગ, પરિશ્રમ અને તપસ્યા જોઈને મારું માથું નમ્રતાથી અહોભાવ સહિત ઝૂકે છે.

"મારી વાતને કૃષ્ણ મકારેની વાતથી સમર્થન મળે છે. મારું પ્રવચન પૂરું કરતા પહેલાં મિસ સાહેબ સંબંધી મારે એક મહત્ત્વના શુભ સમાચાર આપવાના છે. એ સમાચાર જાહેર કરવામાં તમારી સાથે હું પણ આનંદમાં સહભાગી થવાનું સદ્ભાગ્ય માનું છું. આ સભારંભની શરૂઆત પહેલાં થોડા જ વખત પહેલાં મને જાણવા મળ્યું છે કે ભારત સરકારે તેમને ભારતનું નાગરિકત્વ બક્ષ્યું છે. આ આનંદના સમાચારથી તમે બધાં ખુશ થશો એની મને ખાતરી છે. આપણાં સાચાં બહેન મિસ સાહેબ દીર્ઘાયુષી થાઓ અને સેવામાં મગ્ન રહી ખૂબ સુખ પ્રાપ્ત કરો એવી આપણે બધાં પ્રાર્થના કરીએ. તેમણે તેમનું સમસ્ત જીવન માનવસેવા ખાતર સમર્પી દીધેલું છે.

"મારે હવે તેમને એક વિનંતી કરવાની છે કે ભારતના નાગરિક તરીકે તેઓ ભારતીય નામ ધારણ કરે. તેઓ તો દરેક દૃષ્ટિએ વિરલ છે. તેમની સેવાભાવના, ભલાઈ અને પ્રેમભાવનો જોટો મળે તેમ નથી. હું સૂચન કરું છું કે હવેથી તેઓ આપણાં 'નિર્મળાબહેન' તરીકે ઓળખાય !"

શ્રી સદાશિવરાવનું આ વાક્ય પૂરું થાય તે પહેલાં તો આખી સભા 'નિર્મળાબહેન ! નિર્મળાબહેન ! નિર્મળાબહેનનો જય !' ના પોકારોથી ગાજી ઊઠી. તાળીઓના અવાજ ચાલુ રહેતાં શ્રી સદાશિવરાવ પોતાના આસને બેઠા. સભારંભના અંતે આભારવિધિ

બાદ ચા કે શરબતનું પીણું બધાંને વહેંચવામાં આવ્યું. તે પછી બધાં વીખરાયાં.

આ પ્રસંગથી મિશનના કાર્યમાં લોકોને ઠીક ઠીક રસ જાગ્યો. ગામમાં સ્થળે સ્થળે મિશનકાર્યની પ્રગતિની ચર્ચા થવા લાગી. કેટલાંક તો એને લીધે અમસ્તાં જ બેચેન થવા લાગ્યાં. પોતપોતાનાં માની લીધેલાં કારણોસર કેટલાંક નાખુશ થઈ ગયાં.

શંભુ ગુરવ, ગોપાલરાવ અને ગામના બીજા કેટલાક પહેલેથી જ મિશનકાર્ય પ્રત્યે અણગમતો રાખતા હતા. તેઓ લોકોનો ઉત્સાહ તથા કાર્યની સફળતા જોઈને વધુ અસ્વસ્થ થયા. કોઈ પણ રીતે વિરોધ પ્રગટ કરવાના માર્ગ શોધવા મંડી ગયા.

સભારંભ પૂરો થયા પછી થોડી જ વારમાં ગોપાળરાવે પોપટિયાને પકડીને પૂછવા માંડ્યું,

''એ પોપટિયા, ત્યાં મિશનના સભારંભમાં કોણ કોણ હાજર થયેલા, તને ખબર છે ?''

ત્યાં તો પોપટિયાને બદલે શંભુ ગુરવ બોલી ઊઠ્યો,

''એ તો મનેયે ખબર છે,'' એમ કહી તેણે યાદી આપી: લોકલ બોર્ડના કારકુન, મુખ્ય આચાર્ય ગંધે, પેલા બાપુકાકા (તે લોકોને કાગળો અને અરજીઓ લખી આપે છે) અને બીજા પણ આગળ  પડતા કેટલાય લોકો ત્યાં હાજર રહ્યાં હતા.

ગોપાળરાવે પૂછ્યું, ''તમે આ બધાની હાજરી વિષે શી રીતે જાણ્યું ?''

ગુરવે કહ્યું , ''એ બધાં સાંજના સાત સાડાસાતના સુમારે મિશન બાજુથી આવતા હતા તે મેં નજરે જોયેલા.''

''એ બધા એ સભારંભમાં જાય જ કેમ ?'' ગોપાળરાવ અકળાઈને બોલ્યો.

''એમને બધાને આમંત્રણ મળેલાં એટલે જ તો ! તમને કોઈએ

સંભાર્યા જ નહિ ને !'' ગુરવે કટાક્ષ કર્યો.

''ગુરવ, તને અંદરની વાત ખબર નથી અને શું જેમ આવ્યું તેમ ભરડ્યા કરે છે ? મેં સાંભળ્યું છે કે આચાર્યને મિશન શાળામાં ભરપટે પગાર સાથે નોકરી આપવાની લાલચ મળી છે. પણ જોજે, આ વાત કોઈના કાને ન જાય હોં કે !'' ગોપાળરાવ છાતી કાઢી ડોક ટટાર કરીને બોલ્યો.

''ઓ હો ........ એમ વાત છે ?'' ગુરવ બોલ્યો.

આ વાત સાંભળનારા બીજા તો સ્તબ્ધ જ થઈ ગયા.

પછી ધીમે રહી એક જણ બોલ્યો, ''આનો અર્થ એ કે વહેલો -મોડો એ પણ વટલાઈ ન જાય તો મને યાદ કરજો !''

''વહેલા-મોડા શું કરવા ?'' સભારંભ પૂરો થયા પછી જે લોકોએ ત્યાંનું શરબત પીધું એ બધા વટલાયા નહિ તો બીજું શું ?'' બીજા એકે કહ્યું.

''હાસ્તો, ત્યાં ચા કે શરબત પીનારા બધા અપવિત્ર થયા જ ગણાય.'' ત્રીજાએ ટાપશી પૂરી. પછી તેણે જ પૂછ્યું,

''કોણે કોણે એ અપવિત્ર વ્યવહાર કર્યો તે ખબર છે ?''

પોપટિયાએ કહ્યું, ''હું તો જરા દૂર ઊભો ઊભો એ બધો તમાસો જોયા કરતો હતો. એટલે દૂરથી કોણે કોણે શરબત લીધું તે ચોક્કસ જોઈ શકાતું ન હતું !''

ગુરવ બોલ્યો,''પણ એટલી ઝીણવટની શી જરૂર છે ? એક વાર વિશ્વાસીના સભારંભમાં જઈને બેઠા એટલે અપવિત્ર થઈ જ ચૂક્યા એમ ગણવાનું.''

ગોપાળરાવ જુસ્સાથી બોલ્યો, ''આપણે બધા આવું આવું જ મૂંગા મૂંગા જોયા જ કરીશું કે પછી પગલાં લેવાં છે ?''

ગુરવ નિરાશા અને લાચારી બતાવતાં બોલ્યો,

''આપણાથી શું થઈ શકવાનું ? આ જુઓને, બધા કેવા દોડતા

પેલી 'ક્રિશ્ચિયન' મડમ પાસે દવા લેવા જાય છે ? એ મફત દવા આપવા લાગી ત્યારથી બસ એની જ બોલબાલા થઈ રહી છે. એને કોઈ અટકાવવા આંગળીયે ઊંચી કરે છે ?"

બીજા કેટલાક બોલી ઊઠ્યા, "એમ તો ચાલવા જ ન દેવાય."

ગોપાળરાવે દોર હાથમાં લેતાં કહ્યું. "હવે જરા મારી વાત ધ્યાનથી સાંભળો. આપણે શાહીપેઠના આગેવાનો પર એક કાગળ લખી જણાવીએ કે સંદેશિયો મોકલીએ."

"એથી શું થાય ?" ગુરવે આતુરતાથી પૂછ્યું.

"તમે જાણતા નથી કે ત્યાંના લોકોએ અને ધર્મપુરના લોકોએ આ 'ક્રિશ્ચિયન' લોકો વિરુદ્ધ મોટાં મોટાં સરઘસ કાઢી વિરોધ દેખાડેલો. એ લોકો તો ખૂબ જ ગભરાઈ ગયેલાં."

એક જણે તો અધીરા થઈ પૂછી નાખ્યું, "તે ગોપાળરાવ, તમે ક્યારે કાગળ લખવાના છો ?"

બીજાએ સૂચન કર્યું, "આવા કામમાં તે કાગળો લખ્યે કંઈ ન વળે. આમાં તો જાતે જઈને મળ્યા હોય તો જ ઝટ કામ બને."

જુસ્સાપૂર્વક ગુરવ બોલી ઊઠ્યો, "જે રીતે કામ કરવાનું હોય તે. હું એમાં પૂરેપૂરો સંમત છું અને મદદ કરવા તૈયાર છું. આ લોકોને તો એવો પાઠ ભણાવવો જોઈએ કે ખો જ ભૂલી જાય."

"તો ક્યારે ઊપડવું છે ? હું પણ તૈયાર છું." બીજો એક બોલ્યો.

"જેટલા વહેલા જવાય એટલું સારું. આપણે કાલે જ ઊપડીએ. રવિવાર સુધીમાં બધું પાકું કરી લેવાનું." ગોપાળરાવે ઝટ નિર્ણય જણાવ્યો તેથી ગુરવ અને બીજા બધાને સંતોષ થયો.

"બસ ત્યારે, આ છેવટનો નિશ્ચિય" ગુરવે વાત પર મહોર મારી કે કોઈ ફસકી ન જાય.

"હા, હા, આખરી નિર્ણય," એમ કહી ગોપાળરાવે ગુરવને તાળી આપી વાત પૂરી કરી.

## પ્રકરણ : ૧૭

મિશન કંપાઉન્ડમાં નવાં મકાનોના ઉદ્‌ઘાટન સભારંભ બાદ માંડ આઠેક દિવસ વીત્યા હશે ત્યાં તો વિનયપુરમાં ભારે વિરોધના જાહેર દેખાવો યોજવામાં આવ્યા. એ દિવસે ગામના શાંત વાતાવરણમાં મોટો ખળભળાટ મચી ગયો. દિવસ દરમિયાન યોજાયેલા દેખાવોના સમાચારથી સવારથી જ ગામના લોકો ઉત્તેજના અનુભવી રહેલા જણાતા હતા.

પરિસ્થિતિ તંગ જણાવાથી કંઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થાનિક પોલીસ ઉપરાંત એક વધારાની પોલીસ ટુકડી પણ હાજર રાખવામાં આવી હતી. પોલીસે મિશન ક્ષેત્રમાંના રહીશોને ચેતવણી આપેલી, પણ મિશનકર્મચારી તો પોતાનું ક્ષેત્ર છોડી જવા તૈયાર ન હતા. તે દિવસે પણ તે પોતપોતાની ફરજ પર હાજર થઈ ગયા હતા.

દેખાવો યોજનારા ઘણું કરીને બહારગામથી આવેલા હતા. બપોરથી બહારથી માણસો વિનયપુરમાં આવવા માંડ્યા હતા. બસો, ખટારા અને સાઈકલો તેમ જ ગામડેથી ગાડાં ભરાઈ ભરાઈને લોકો વિનયપુરમાં ઠલવાઈ રહ્યા હતા. મોડી બપોરે એક જૂના મંદિરની આગળ ખુલ્લી જમીનમાં બધા એકઠા થવા લાગ્યા. એ સ્થળ ગામના બસ-સ્ટૅન્ડ પાસે કોટની રાંગે આવેલું હતું.

સરઘસ ત્યાંથી જ શરૂ થયું. બસ-સ્ટૅન્ડ આગળ થઈ ગામ તરફ વળ્યું. ગામની મુખ્ય શેરીઓમાં થઈને ધીમે ધીમે આગળ વધતું ગયું. સરઘસમાંથી અવારનવાર મિશનકાર્યને ઉતારી પાડતાં સૂત્રોના પોકારો સંભળાતા હતા. આ પહેલાં સ્થળે સ્થળે વિરોધદર્શક ભીંતપત્રો પણ

મોકાનાં સ્થળો પર ભીંતો પર લગાડેલાં જોવા મળતાં હતાં. આમ ધીમે ધીમે ચાલતું સરઘસ મિશન કંપાઉન્ડની આગળ આવેલા પીપળા પાસે આવી પહોંચ્યું. ત્યાં આગળ આવતાં જ પૂરા જોશ અને જુસ્સાથી સૂત્રોચાર ચાલુ રહ્યો. પોકારો કરતાં કરતાં કેટલાકે દરવાજાની અંદર પેસવાનો પ્રયાસ કર્યો પણ પોલીસે તેમને અટકાવ્યા.

સરઘસને અટકાવામાં આવ્યું ત્યારે કેટલાક તોફાનીઓએ મિશન હદમાં ઘૂસી જઈ ભીંતો પર ભીંતપત્રો લગાડવા પ્રયત્નો કર્યા. પણ તેમાં ફાવ્યા નહિ ત્યારે લોકોને ઉશ્કેરી સૂત્રોચ્ચાર વધુ જોરશોરથી કરવા માંડ્યા. આથી ખૂબ ઘોંઘાટ મચી રહ્યો. દેખાવકારો ત્યાં જ જમીન પર બેસી ગયા અને બેઠાં બેઠાં જ પોકારો કરવા લાગ્યા કે ''પરદેશીઓ ! ભારત છોડો !''

જેન અને તેના બધા જૂના અને નવા સાથીઓ પોતપોતાના મકાનમાં જ રહ્યા. તેમને ઉશ્કેરવા અને બિવડાવવા માટે કેટલાક તોફાનીઓએ મકાનો પર પથરા ફેંકવા માંડ્યા. પણ પોલીસે તેમને તરત જ કાબૂમાં લઈ લીધા. એ બનાવ બાદ કરતાં બીજા કશાને કે માણસોમાંથી કોઈને કંઈ નુકસાન થયું નહિ.

ઠેઠ બસ-સ્ટૅન્ડથી આખા ગામમાં પોકારો પાડતું આવેલું સરઘસ મિશન કંપાઉન્ડ આગળ બે કલાક બેઠું રહ્યું. તે પછી એકબે મુખ્ય માણસોએ આગ ઝરતી વાણીમાં મિશન સંસ્થાઓ અને મિશનરીઓ ભારતમાં કેટલાં ખતરનાક છે અને તેમનાં કામથી ભારતીયોને કેટલું નુકસાન થઈ રહ્યું છે એ સંબંધી સાચીજૂઠી વાતોના ઊભરા કાઢીને સખત નિંદા કરી. સૂરજ પશ્ચિમમાં ઢળવા લાગ્યો એટલે દેખાવકારો ધીરે ધીરે વીખરાવા લાગ્યા. દૂર દૂરથી આવેલા હોવાથી વખતસર ઘેર પહોંચવા હવે પાછા ફરવાની જરૂર હતી.

આમ દેખાવકારો બહારથી આવી થોડો સમય ધાંધલ મચાવી પોતપોતાના ગામ પાછા ચાલ્યા ગયા. આવા દેખાવો દ્વારા ઊભો

થયેલો ઉશ્કેરાટ પણ ધીમે ધીમે શાંત પડી જવા લાગ્યો. આ આંદોલન થઈ ગયા પછી થોડા દિવસો પછી વિનયપુરના કેટલાક સમજુ લોકો જેન અને સહદેવને મળવા આવ્યા. તેમણે ખુલાસો કરતાં કહ્યું કે જે કંઈ બન્યું અને વિરોધમાં કહેવામાં આવ્યું તે સંબંધી પોતે દિલગીર છે. એ બધી વાતો પ્રત્યે તેમનો સખત અણગમો હોવાનું પણ સ્પષ્ટ રીતે જણાવ્યું.

દિવસો નિયત ગતિએ વીતતા રહ્યા.

ત્યાર પછી જેનને માટે એક નાનું બેઠા ઘાટનું મકાન બાંધવામાં આવ્યું. કાર્યકરોની સંખ્યા વધવાથી તેઓ માટે પણ મકાનો બાંધવામાં આવ્યાં. કાર્યનો વિકાસ તથા વિસ્તાર કરવાથી વધુ કાર્યકરોની જરૂર ઊભી થતાં નવા કાર્યકરો લાવવામાં આવ્યા હતા. મકાનો વ્યવસ્થિત બંધાવાથી એક સુંદર સંસ્થાન જેવો દેખાવ બની રહ્યો.

જેને તેના નવા મકાનમાં રહેવાનું શરૂ કર્યું, પછી થોડા સમય પછી સુહાસ જેનને મળવા આવ્યો. જેનના ભારતમાં આવ્યા પછી બંને જણ સાથે મધુબન જઈ સુષમાને મળી આવ્યાં તેને એક વર્ષ વીતી ગયું હતું. જેન અને સુહાસે તે દરમિયાન પત્રવહેવાર ચાલુ રાખ્યો હતો, પણ પ્રત્યક્ષ મળવાનું બન્યું ન હતું. ત્રણ જણને સાથે મળવાનો તો જોગ જ ખાતો ન હતો, પણ જેન અને સુહાસ તો આખરે મળી શકયાં હતાં.

અત્યાર સુધી સુહાસ ધર્મપુરની સરકારી કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરતો હતો. હવે તેને કૉલેજના ઉપ-આચાર્યની પદવી આપવામાં આવી હતી. તે અર્થશાસ્ત્રમાં 'પારંગત' (ડૉક્ટરેટ)ની ઉપાધિ માટે અભ્યાસ કરી રહ્યો હતો. યુરોપ અને અમેરિકામાં થઈ રહેલા ઉદ્યોગીકરણ ઉપર મહાનિબંધ લખવાનું તેણે માથે લીધું હતું. એ માટે તેને અમેરિકાની સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળી હતી. એની સહાયથી તે યુરોપ અને અમેરિકાનો અભ્યાસ પ્રવાસ ખેડવા

શક્તિમાન થયો હતો. તેને કૉલેજ તરફથી પણ આવો અભ્યાસ-પ્રવાસ ખેડવાની મંજૂરી મળી હતી. હવે પાસપોર્ટ અને એવી બધી વિધિઓ તથા તૈયારી કરવાની બાકી હતી.

બંને જણ બહાર બગીચામાં ખુરસી નાખી વાતો કરતાં બેઠાં.

સુહાસની પ્રગતિના સમાચાર જાણી જેન બોલી,

"સુહાસ, તમારી ઉન્નતિ જોઈ મને ઘણો આનંદ થાય છે."

"જેન, તમે હંમેશાં મારી પ્રગતિની પ્રશંસા કરતાં રહો છો, પણ આ તમારો વિકાસ તો તમે ધ્યાન પર જ લેતાં નથી. આ નવાં મકાનો, આટલા વિસ્તૃત કાર્યનું આયોજન કરી, એને અમલી બનાવી તેનું સફળ સંચાલન - એ બધું શું બતાવે છે ?" સુહાસ આ કહેતો હતો ત્યારે તેને તેની પહેલવહેલી વિનયપુરની મુલાકાતનાં દૃશ્યો સ્મૃતિમાં આવવા લાગ્યાં. તે વખતે મિશન કંપાઉન્ડ કેવું વેરાન જેવું જોયેલું અને આજે કેવું આધુનિક ઢબનાં મકાનો અને લીલા બાગ ને વૃક્ષોથી ખીલી ઊઠ્યું હતું !

નમ્રભાવે જેને કહ્યું, "ઈશ્વરે આ 'ક્ષુદ્ર માટીના પાત્ર'માં જીવન-રસ રેડ્યો અને હું તો માત્ર એ રસ મારી મારફતે બીજાઓને પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છું,"

"ઈશ્વર તરફથી તમને ખાસ પ્રકારનો 'મુગટ' પહેરવાનું ઈનામ પ્રાપ્ત થાય," સુહાસ હસતાં હસતાં બોલ્યો. પછી ઉમેર્યું,

"સુષમા તરફથી અને મારા તરફથી ખાસ પ્રકારની ભેટ તો તમને મળવાની છે જ."

"ઓહો, શી વાત છે !" બાળક જેવી કુતૂહલવૃત્તિથી જેન બોલી.

"શી ભેટ છે તે તો જરા કહો !" જિજ્ઞાસાથી તેણે પૂછ્યું.

"એ તો અત્યારે કહેવાય નહિ."

"તો ક્યારે કહેશો?"

"હું મારો પ્રવાસ પૂરો કરીને આવું પછી."

" તે તમારો એ પ્રવાસ ક્યારે પૂરો થવાનો લાગે છે ?" આટલું બોલ્યા પછી તેનો ભાવ એકદમ ગંભીર થઈ ગયો.

"ભવિષ્ય તો હું કહી શકતો નથી, પણ એટલું કહી શકું કે પ્રવાસમાં ચાર માસથી ઓછો સમય નહિ લાગે."

"એમ ? તમારો પ્રવાસ કયાંથી શરૂ થાય છે ? કયાં કયાં જવાના છો ?"

"હું કલકત્તાથી પ્રથમ જાપાન જઈશ. ત્યાં એકબે ઔદ્યોગિક નગરોની ઝડપી મુલાકાત લઈ શકાશે. ત્યાંથી અમેરિકા જઈશ અને ત્યાં બે માસ રોકાઈને ત્યાંનું કામ પતાવીને યુરોપની મુલાકાત લઈશ. યુરોપમાં નક્કી કરેલાં સ્થળોની મુલાકાતો લઈને બેએક માસ પછી ભારત પાછો ફરીશ... આમાં પ્રવાસનો ઘણો સમય તો હેરફેરમાં જ જવાનો લાગે છે."

"મધુબનમાં પાદરી સાહેબે આપણી ઓળખાણ કરાવી ત્યારે શું કહેલું તે તમને યાદ છે, સુહાસ ?" ભૂતકાળમાં ઊંડાં ઊતરતાં જેન બોલી.

"મને તો કંઈ યાદ રહ્યું નથી !"

"મને બરાબર યાદ છે ! ત્યારે તમે કૉલેજ-કેળવણીયે પૂરી કરી નહોતી. કૉલેજનો અભ્યાસ ચાલુ હતો ત્યારે પણ જીવન-સફળતાના છેક નીચલા પગથિયે તમે ઊભા હતા."

બંને થોડી વાર મૌન બેસી રહ્યાં.

પછી જેને આગળ ચલાવ્યું, "બીજી એક વાત કરું, સુહાસ? ઈશ્વરે મને જે કાર્યમાં જોતરી છે એના જેવો સંતોષ આપનાર બીજી કોઈ બાબત મારે માટે નથી. અહીં જાહેર દેખાવો યોજાયેલા તેની વિગતો મેં તમારા પર લખેલી અને મારા પ્રત્યાઘાત પણ જણાવેલા, યાદ છે ને ? એ યાદ આવે છે ત્યારે હું હતાશ થઈ જાઉં છું."

આશ્વાસનરૂપે સુહાસ બોલ્યો, "આવું બધું તો સ્વાભાવિક રીતે

થતું રહેવાનું, જેન. એથી આમ તદ્દન ભાંગી પડવાની જરૂર નથી. તમે તો ઈશ્વરના કાર્યમાં જોડાયેલાં છો. ભૂતકાળમાં લોકોનો અસહકાર, અવગણના અને વિરોધ પણ અનેક વાર અનુભવેલો છે. એમ એક એકથી ભારે મુશ્કેલીઓ વટાવતાં આવ્યાં છો, તો પછી આ એક બાબતથી કેમ હારી જવા બેઠાં છો ? 'જો આપણા પક્ષે ઈશ્વર પોતે હોય, તો આપણી સામે કોણ ટકી શકવાનું છે' એ વાત તમે એમ ભૂલી જાઓ છો ?''

''ખરી વાત સુહાસ ! છતાં જેમ પાઉલ પ્રેરિત પોતાના 'રોમન નાગરિકપણા'નો જરૂર પડ્યે દાવો રજૂ કરી પોતાનો હક ભોગવતો હતો તેમ જ હું 'ભારતીય નાગરિક' છું એ બાબત જાહેર કરવા બહાર નીકળવાનું મને તે દિવસે ખૂબ ભારે પ્રલોભન થઈ આવ્યું હતું. પણ મારી ગોરી ચામડીને લીધે જ હું અટકી ગઈ.'' જેને પોતાની વાત વિસ્તારથી સમજાવી.

સુહાસ જેનની લાગણીઓ સમજ્યો. તે બોલ્યો,

''તમારો મુદ્દો ખરો છે, જેન ! ખરું જોતાં તો તમે સાચા અર્થમાં સંપૂર્ણ ભારતીય બનેલાં છો જ્યારે અમે તો અહીં જન્મ લેવાથી ભાવના વિના જ ભારતીય ગણાઈએ છીએ. જન્મથી અમેરિકન હોવા છતાં દિલથી અને સેવાકાર્ય દ્વારા તમે સાચાં ભારતીય બની રહ્યાં છો. મને તો લાગે છે કે આ આંદોલનકારોના દેખાવોની પછવાડે ખરું કારણ તો કંઈક જુદું જ હોવું જોઈએ. ઊંડે ઊતરી વિચારીએ તો જુગજૂનો નવા-જૂનાનો સંઘર્ષ જ આની પાછળના ખરા ચાલકબળ તરીકે કામ કરી રહેલો મને જણાય છે. એ દૃષ્ટિએ જુઓ તો પછી ગમે પરિસ્થિતિમાં પણ હતાશ કે નાહિંમત થવાનું તમને પોષાય જ નહિ. આ નવા-જૂનાનો સંઘર્ષ તો જમાને જમાને ચાલતો જ રહ્યો છે, ખરું કે નહિ ? એ તો હજી ચાલ્યા જ કરવાનો.''

''મને ખુલ્લું મન રાખી વિશાળ દૃષ્ટિએ જોતી કરવા માટે હું

તમારો ખૂબ આભાર માનું છું, સુહાસ ! તમારું દૃષ્ટિબિંદુ હું સમજી ગઈ છું.'' આભારના ભાવસહિત જેન સુહાસ સામે જોઈ રહી.

સુહાસ પણ તેના મુગ્ધ બાલિકા જેવા ભોળા ચહેરા તરફ જોતાં વિચાર કરી રહ્યો કે જેનના હૃદયમાં માનવી નિર્બળતા અને ઈશ્વરી શરણાગતિ વચ્ચે ચાલતો સંઘર્ષ આ રીતે પોતાને કેટલી બધી વાર જોવા મળ્યો છે! સુહાસ વિચારમાં ડૂબેલો હતો ત્યારે જેનના મનમાં ઊભરાતા આનંદની તથા છવાયેલી શાંતિની રેખાઓ તેના ચહેરા પર પ્રસરતી તે સંતોષપૂર્વક જોઈ રહ્યો.

''સુ...હા...સ !'' મધ જેવી મીઠાશભરી વાણીમાં જેને સુહાસનું નામ ઉચ્ચાર્યું. આ ભાવપૂર્ણ એક જ શબ્દમાં અનંત વાત સમજાઈ જાય એ સુહાસનું દિલ પારખી ગયું.

જેનનો હાથ પ્રેમપૂર્વક હાથમાં લઈને સુહાસ બોલ્યો,

''જેન !'' એનો અવાજ પણ ધીમો ભાવપૂર્ણ નીકળ્યો.

એકબીજાના હાથમાં હાથ પરોવીને બંને જણ રોમાંચ અનુભવતાં થોડીક પળો શાંત બેસી રહ્યાં. એકબીજા પ્રત્યે સાત્ત્વિક પ્રેમ, ઊંડી શ્રદ્ધા અને પરમસુખની લાગણીઓ અનુભવી રહ્યાં.

એ અવસ્થાના ભાવો વાણીમાં ઉતારવા અશક્ય છે, કારણ કે માનવી ભાષા ઘણી મર્યાદિત છે. બોલવાનું ટાળી તેઓ મૌનના આશ્રયે બેઠાં. મૌનની શક્તિ રહસ્યમય અને અમાપ છે.

શિયાળાના નિર્મળ આસમાની આકાશમાં એક પછી એક તારા ચમકવા લાગ્યા. અસંખ્ય તારાઓ પણ મલકીને જાણે રહસ્યમય પ્રેમની જ વાત બોલતા ન હોય ! જેન અને સુહાસ પણ એ અમર્યાદિત અદીઠ પ્રેમસાગરમાં તારા હોય એવો અનુભવ કરી રહ્યાં. એ તારાઓની જ અવાચ્ય ભાષા મૌનમાં અનુભવી સમજી રહ્યાં. માનવીના વિરોધનાં આંદોલનો, સાંકડા મનના માનવી સંઘર્ષો એવું બધું ક્ષુલ્લક અને તુચ્છ બની ગયું. આ પળોમાં એવું બધું અર્થહીન અને અવાસ્તવિક હોય એવી અનુભૂતિ તેમને થઈ.

## પ્રકરણ : ૧૮

સુહાસે તેનો અભ્યાસ-પ્રવાસ શરૂ કરવા ભારતમાંથી વિદાય લીધી ત્યારે તેને વિદાય આપવા જેન ખાસ સમય કાઢીને ગઈ હતી. ત્યાંથી વળતાં સુષમાને પણ મળતી આવી હતી. હાલ સુષમા પાંચમા ધોરણમાં ચડી હતી. તે ઘણું સરસ અંગ્રેજી બોલતી હતી. દરેક બાબતમાં તેની પ્રગતિ સંતોષકારક હતી. તે જોઈ જેન ઘણી ખુશી થઈ. જેન ભારતમાં આવી પ્રથમ વાર સુષમાને મળવા આવી ત્યારના કરતાં તો અત્યારે સુષમા ખૂબ જ સંસ્કારી અને સભ્યતાવાળી થઈ ગઈ હતી.

વળતી મુસાફરીમાં વાત કરવા જેવું કોઈ સાથે ન હોવાથી જેન વિચારમાં ઊતરી પડી. જે જુદી જુદી ઘટનાઓ બની ગઈ હતી તે વિષે તે વિચારે ચડી. સુહાસ સાથે મૈત્રીસંબંધને એક દાયકો વીતી ગયો હતો. તેના સમગ્ર જીવનમાં સુહાસ જેટલી નિકટતા કોઈ સાથે અનુભવવા મળી નહોતી. સુધા જીવતી હતી ત્યારે પણ જે નાજુક કડી દ્વારા તેમનો સંપર્ક જળવાઈ રહ્યો હતો તે હવે વધુ ને વધુ ઘનિષ્ઠ થતો જતો હતો.

સુધા હવે કાયમ માટે વચ્ચેથી ખસી ગઈ હતી તેથી જેનને સમય અને સંજોગોનો પડકાર વધુ તીવ્રપણે ઝીલવો પડતો હતો. તેને થયું કે સુહાસને પણ એવા જ પડકારનો સામનો કરવો પડતો હશે ખરો ? તે ભારતથી દૂર અમેરિકામાં હતી ત્યારે સુધાનું મરણ થયું એ બધી ઘટનાઓ તેણે યાદ કરવા માંડી. તે દરેક ઘટનાને મનમાં તપાસી મૂલ્યાંકન કરવા લાગી. વિચાર પર વિચારો આવતા રહ્યા, અને તેને મનમાં ખાતરી થતી ગઈ કે એ બધાંમાં કોઈ ખાસ અર્થ સમાયેલો હતો. કોને ખ્યાલ પણ આવી શકે કે સુધા બીજી

સુવાવડમાં જ મૃત્યુને ભેટશે ? આવા અણધાર્યા મૃત્યુથી અનેક પ્રશ્નો ઊભા થયા હતા.

જેનને સુધા પ્રત્યે જરાયે અભાવ ન હતો. ઊલટું, બંને જણ એકબીજા પ્રત્યે ઊંડો ભાવ રાખતાં હતાં. સમય વીત્યો તેમ બંને એકબીજાને સારી રીતે સમજતાં ગયાં હતાં. પણ હવે એ બધું બદલાઈ ગયું હતું. હવે તો સુધા વિના જ જેનને સુહાસ અને સુષમા સાથે સંબંધો કેળવવાના હતા. ત્રણેએ એકબીજાના સહારાથી જીવનમાર્ગ કાપવાનો હતો.

જેનના વિચારો આગળ વધ્યા. તેને લાગ્યું કે મારી વિચારસરણી માનવી કક્ષાએ જ ચાલી રહી નથી શું ? ફક્ત માનવ સપાટીની વિચારસરણી ઈશ્વર માન્ય રાખે ખરો ? અમને ત્રણેને આવરી લે તેવી કોઈ યોજના ઈશ્વરે ઘડી હશે? આજ સુધી અમારા જીવનમાં બનેલી ઘટનાઓ પાછળ ઈશ્વરી આયોજન હશે ખરું ? જો હોય તો તેનું ધ્યેય શું હશે ? આવા બધા વિચારો વચ્ચે એક બીજો વિચાર પણ ડોકિયાં કરી જતો હતો. પોતે તો એક મહાન સેવાકાર્ય માથે લઈને બેઠી હતી. હવે તેની સાથે અંગત લાભાલાભના વિચારોને કોઈ સ્થાન હોઈ શકે ખરું ? અંગત બાબતોને વચ્ચે લાવવા જતાં મહાકાર્યને ધક્કો પહોંચે તો ? ધક્કો લાગે તો તો તેનું ભારત આવવું જ એળે જાય.

શું ખરું અને શું અયોગ્ય તેનો કશો તોડ જેન લાવી શકી નહિ. સુહાસ પ્રવાસેથી પાછો આવે પછી તે અને સુષમા તેને કંઈક ભેટ આપવાની વાત કરી ગયો હતો. વિચાર કરતાં કરતાં એ રહસ્યમય ભેટનો અર્થ કંઈક તેના મનમાં બેઠો. ભાવિમાં ઈશ્વરે તેના માટે શી યોજના નક્કી કરી હશે તે જાણવાની જેનને ખૂબ તીવ્ર ઈચ્છા હતી તેથી આ માટે ઈશ્વરને આગ્રહની વિનંતી કરવાનો સંકલ્પ કર્યો. વિનયપુરનાં દીનદરિદ્રી અને તરછોડાયેલાં માટે રાહતની કેટલીક

યોજનાઓ તે વિચારી રહી હતી. તેને દિલમાં ખાતરી હતી કે ઈશ્વર એ કાર્ય તેની મારફતે જ પાર પડાવવા માગે છે. તેણે ઈશ્વર પાસે ખાસ આગ્રહપૂર્વક માગવાનું નક્કી કર્યું કે હવે પછી ઈશ્વર તેની પાસે જે કામ કરાવવા ઈચ્છતો હોય તેનું દર્શન તેને આપે. ઈશ્વરના જવાબ માટે ધીરજથી રાહ જોવાનું પણ તેણે મનમાં નક્કી કર્યું. આમ કરવાથી તેના મનમાંનો અજંપો દૂર થઈ ગયો અને મનમાં શાંતિ જામી ગઈ. ઈશ્વરનો જવાબ શી રીતે મળશે એની ચિંતા તેણે કરવાની જ ન હતી.

વિનયપુર પાછા આવીને પોતાના મનમાં રમી રહેલી કેટલીક યોજનાઓ અમલમાં મૂકવાનું જેને શરૂ કરી દીધું. તેમાંની મુખ્ય યોજના થોરના છોડમાંથી તાંતણા કાઢી તેમાંથી ઘરગથ્થુ વપરાશની તેમ જ સુશોભન માટે કામમાં લેવાય તેવી ચીજો બનાવવાની હતી. આ માટે તાલીમ વર્ગ શરૂ કરવાનું કામ પહેલું કરવાનું હતું. જેનને લાગતું હતું કે આ ગૃહઉદ્યોગ શીખવવાથી મળતી નાણાકીય રાહતથી ગરીબોની હાડમારીઓ કંઈક અંશે ઓછી થઈ શકશે. થોરિયા તો વિનયપુરની આસપાસની સીમમાં જોઈએ એટલા ઊગતા હતા, એટલે કાચા માલનો પ્રશ્ન તો તાત્કાલિક નડે તેમ ન હતું.

અજમાયશ તરીકે તેણે દસ પુરુષ અને દસ સ્ત્રીઓને તાલીમ માટે પસંદ કર્યાં. તાલીમ છ અઠવાડિયાંની યોજી હતી. ગામડાંમાં જ મળતાં સાધનો વડે થોરનાં પાન કે ડાળીઓ અને થડમાંથી મેળવેલા તાંતણા તૈયાર કરવાની તાલીમ જેને આપવા માંડી. સૂકવ્યા પછી જુદી જુદી ચીજો બનાવવા માટે અનુરૂપ રંગોમાં રંગવાનું શીખવ્યું. પછી એમાંથી રોજની વપરાશી ચીજો બનાવવાનું શીખવ્યું. ગામલોકોને ઉપયોગી નીવડે તેવી ચીજોમાં દોરીઓ, દોરડાં, થેલીઓ, સ્ત્રીઓ વાપરે છે તેવી પર્સ, બળદો માટે શેંકી અને એવી ઘણી ચીજો એ તાંતણામાંથી બનાવવામાં આવતી હતી.

પહેલી ટુકડી તો ઝડપથી કામે લાગી ગઈ. તેમને પોતાના માલમાંથી આવક સારી થવા લાગી. ગામના લોકોને વેચતાં માલ વધે તો શહેરમાં મોકલવા માંડ્યો. આ તાલીમ માટે અભણ લોકોને પણ કશી મુશ્કેલી પડતી નહિ. અનુભવથી હથોટી બેસી જતાં તેઓ સુંદર ચીજો બનાવી શકતાં હતાં.

જેનની આ યોજના એટલી બધી સફળ થઈ કે બીજેથી લોકો આવીને તાલીમવર્ગ માટે માગણી કરવા લાગ્યા. આ ઉપરથી તેણે બે પુરુષો અને એક સ્ત્રીને આ કાર્ય માટે અલગ નિમણૂક આપી.

આ કાર્ય વ્યવસ્થિત થયું એટલે જેન જમીન વગરના ખેતમજૂરોને માટે કંઈક કરવાના પ્રયત્નમાં ગૂંથાઈ. એવા લોકોને ચોમાસામાં અને કાપણી પૂરી થાય ત્યાં સુધી જ મજૂરી મળતી. એ પછી બીજા ચોમાસા સુધી તેઓ કામધંધા વગર બેકાર બેસી રહેતા. તેઓ પાસે આ સિવાય નિર્વાહનું બીજું કોઈ સાધન ન હતું. મરઘાંઉછેરની તાલીમ મેળવેલા ચાર જણને જેને બોલાવ્યા અને તેઓની સહાયથી મરઘાં ઉછેરની તાલીમનો એક માસનો વર્ગ શરૂ કર્યો. 'આદર્શ મરઘાં ઉછેર કેન્દ્ર' મિશનક્ષેત્રના એક ખૂણે ઊભું થઈ ગયું. એ કેન્દ્રમાંથી તાલીમ લીધેલી ટુકડીઓ એક પછી એક નીકળવા લાગી. આ રીતે જમીનવિહોણા ખેતમજૂરોને પણ આજીવિકાનું એક સાધન પ્રાપ્ત થયું.

સુહાસ અમેરિકા હતો ત્યારે જેન અને સુષમા તરફથી બે પત્રો તેને મળી શક્યા, અને તેણે જવાબ પણ આપ્યા. પણ પછી તેનો કાર્યક્રમ એવો અનિશ્ચિત હતો કે તે કાયમી સરનામું આપી શકે નહિ. આથી પત્રવહેવારનો સંબંધ પણ તૂટી ગયો. વળી તે કામમાં એટલો વ્યસ્ત રહેતો કે તેણે પત્ર લખવાની અશક્તિ જણાવી હતી. બંને જણ પોતપોતાના કાર્યમાં એવાં ડૂબી ગયાં હતાં કે એકબીજાના ખબરઅંતર લાંબા વખત સુધી જણાવી જ ન શક્યાં.

પોતાનો અભ્યાસ-પ્રવાસ પૂરો કરીને સુહાસ સ્વદેશ પાછો ફર્યો

ત્યારે પાંચ માસનો સમય વીતી ગયો હતો. આવીને પ્રથમ મધુબન જઈ સુષમાને મળ્યો. ત્યાંથી ધર્મપુર પાછો આવ્યો તો શુભેચ્છકો, મિત્રો અને સંબંધીઓ એટલાં બધાં એક પછી એક આવ્યા કરતાં હતાં કે સાંજ સુધી રોકાયેલો રહ્યો.

જમ્યા બાદ સુહાસે એકત્ર થયેલી ટપાલ જોવા માંડી. તે પરદેશ ગયો તે પહેલાં બને ત્યાં તેણે સમાચાર પહોંચાડેલા, છતાં ઘણી બધી ટપાલ ભેગી થવા પામી હતી. છેક રાતના દસ વાગ્યે ટપાલ જોવાની શરૂઆત કરી અને આશા રાખી કે હવે કોઈ દખલ નહિ થાય.

એક નાનું પૅકેટ તેના ધ્યાનમાં આવ્યું. તેને લાગ્યું કે એ જેન તરફથી જ હોવું જોઈએ. જિજ્ઞાસા સહિત તેણે રજિસ્ટર્ડ થયેલું પૅકેટ ખોલ્યું. અંદર એક પત્ર અને બે નોટબુકો હતી. એ નોટબુકો સુહાસે જેન પાસે જોયેલી અને પૂછેલુંયે ખરું કે એમાં શું લખ્યું છે, પણ જેને રહસ્ય છૂપું જ રાખેલું.

આતુરતાપૂર્વક પત્ર ખોલીને સુહાસે વાંચવા માંડ્યો. એ પત્ર ત્રણેક અઠવાડિયાં પહેલાં જેનના હાથે લખાયેલો હતો. શરૂઆતની થોડી લીટીઓ વાંચતાં જ સુહાસનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. તે જાણે અચેત જેવો થઈ ગયો. તેનું મન અને શરીર જાણે જૂઠાં પડી ગયાં હોય તેમ તે નિશ્ચેતન જેવો થઈ ગયો. થોડી વારે જરા સ્વસ્થ થઈ તેણે પત્ર વાંચવા માંડ્યો. પણ પત્રની વિગતો ધ્યાનમાં આવતાં જ તેની આંખોમાંથી આંસુની ધારા વહી રહી. તે રોકી શક્યો જ નહિ. ઝળઝળિયાંને લીધે અક્ષરો અસ્પષ્ટ થતાં વાંચવાનું અશક્ય બની રહ્યું.

તેનું દિલ કલ્પાંત કરી રહ્યું : ''હે પ્રિય નિર્મળા ! ઓ જેન! શું છે આ બધું ? તમે આમ શી રીતે કરી શકો ? આવી ક્રૂર મજાક તે હોતી હશે ?'' અણચિંતવ્યા આવી પડેલા આઘાતથી

તે એવો હતપ્રભ થઈ ગયો કે પત્ર વાંચવાનું છોડીને ટેબલ પર માથું ઢાળી દઈ તે એક નાના બાળકની માફક રડવા લાગ્યો. લાગણીઓનો તનાવ એટલો બધો હતો કે મોં પરની નસો પણ તતડી ઊઠી. જરા સ્વસ્થ થતાં ફરી પત્ર હાથમાં લીધો.

પત્રમાં લખ્યું હતું.

‘‘પ્રિય સુહાસ,

‘‘નિષ્ફળ આશા રાખીને તમારા પાછા આવવાની હું રાહ જોઈ રહી હતી. છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી તો રોજ હું ધારતી કે આજ તો સુહાસ આવશે જ. પણ હવે તો એમ લાગે છે કે આ પત્ર તમને મળશે ત્યારે હું વિદાય થઈ ગઈ હોઈશ. મને એમ લાગે છે કે ઈશ્વર મને દુનિયા છોડાવી વહેલો બોલાવી રહ્યો છે.

‘‘આમ તમને લખતાં મારું હૃદય ચિરાઈ જાય છે, પણ તમે દિલમાં દુઃખ ન ધરશો. મને સુખી કરવા તમે હંમેશા ભારે પરિશ્રમ ઉઠાવતા રહ્યા છો. આફતની ઘડીએ તમેયે મારી સાથે દુઃખમાં સહભાગી થયા છો, મને પ્રોત્સાહન આપ્યું છે, અને પ્રેરણા પાઈ છે. વિશેષમાં, તમારા તરફથી અમુક વિશિષ્ટ પ્રકારના આનંદનો અનુભવ મને પ્રાપ્ત થતો રહ્યો છે, એને માટે હું તમારી અને સાથે સાથે ઈશ્વરની ખાસ ઋણી છું. વર્તમાનમાં જ નહિ, ભાવિમાં મૃત્યુ બાદ પણ હું ઋણી રહીશ.

‘‘હું ભારત પહેલી વાર આવી ત્યારે કેટલી હતાશ થયેલી હતી! અધકચરા ખ્યાલ સાથે સ્વીકારેલા સેવાકાર્ય માટે મારી કચાશ વિષે હું સભાન હતી. મને થતું કે ઈશ્વરે મારા જેવીને શા માટે આ કાર્ય માટે પસંદ કરી હશે ? એની સેવા કરવા મારામાં લાયકાત જ ક્યાં છે ? હું મોટા મોટા આદર્શો લઈને ભારત આવી હતી તો ખરી, પણ મારી આધ્યાત્મિક કક્ષા મારે જે ફરજ બજાવવાની આવે એને અનુરૂપ હતી ખરી ? મારી તૈયારીઓ પૂરતી હતી ? મારા મનમાં

આવા તો અનેક પ્રશ્નો ઊઠતા, પણ એનો કશો જવાબ મને જડતો નહિ. એ સ્થિતિમાં હું ઈશ્વરને શરણે જઈ વીનવતી કે 'ઈશ્વર, તું મારી પાસે શું કાર્ય કરાવવા માગે છે, અને મારે કેવી રીતે તે કરવાનું છે તે મને સુઝાડજે.'

''મને પ્રત્યુત્તર જલદી મળી ગયો. ઈશ્વર મને એકલી રહેવા દેવાનો નહોતો. આપણે એકબીજાને અણધાર્યાં મળ્યાં, ત્યારથી તમે મારે માટે માનવી પ્રેમભાવનું ઝરણ અને પ્રેરણાનું સ્થાન બની રહ્યા છો. તમારી સંગતમાં મારા દિલમાંનું હતાશાનું ધુમ્મસ ક્યાંયે ઊડી ગયું. એથી જ હું મારું જીવનકાર્ય મહદંશે અદા કરી શકી છું.

''તમે પ્રવાસે ઊપડી ગયા પછી લગભગ અઢી માસ પછી મને બીમારી આવી. વિશાલનગરના નિષ્ણાતોએ ચકાસણી કરીને નિદાન કર્યું કે મારો રોગ લોહીનું કૅન્સર (leukaemia) છે. મને તરત જ સમજ પડી ગઈ કે હવે અંત બહુ દૂર નહિ હોય. વિશાલનગરના સ્ટાફ તરફથી તો સારામાં સારી સારવાર આપવાની મને ખાતરી આપવામાં આવી હતી, પણ મેં તો વિનયપુરમાં જ રહેવાનું નક્કી કર્યું. ભલે, જે થવાનું હોય તે થાય. મારી સારવાર કરનાર ડૉક્ટરે મને ખૂબ હઠેઠથી સમજાવ્યું કે હું વિશાલનગર જઈને રહું. એમની ખૂબ ઋણી છું. બીજાં કેટલાંકે એવી પણ સલાહ આપી કે મારે અમેરિકા ઊપડી જઈ ત્યાં મળી શકતી શ્રેષ્ઠ સારવાર કરાવવી. તે બધાં એક કે બીજી રીતે ખરી વાત કહેતાં હતાં. પણ મારું સ્થાન તો મારા સેવાકાર્યના સ્થાનની મધ્યમાં જ હતું એ મારી ભાવના તેઓ કોઈ સમજી શકતાં ન હતાં. હું જીવનના અંત સુધી એ ભાવનાને શી રીતે છેહ દઈ શકું ? તદ્દન અશક્ય.

''એ વખતની મારી મનોદશાનું વર્ણન મારાથી થાય તેમ નથી, સુહાસ ! હું વધુ પડતી માનવભાવની ભોગ થઈ પડી હતી કે કેમ તે સમજી શકતી ન હતી. મને તો એક જ ઝંખના કોરી ખાતી હતી

કે ક્યારે તમારા દર્શન થાય. મને એ જ એક લગની લાગી હતી. તમે છેલ્લી વાર વિનયપુર આવ્યા ત્યારે કહેલું કે તમે અને સુષમા મને એક અનોખી ભેટ આપવાનાં છો. શી હશે એ ભેટ, એ જાણવા મારું મન તલપાપડ થઈ રહ્યું હતું. કદાચ ઈશ્વરની એવી જ ઇચ્છા હશે કે મારે આવી માનવી જિજ્ઞાસામાં મન ખૂંપાવવું ન જોઈએ. ભલે, એ ગમે તે હોય, પણ આપણે ત્રણ જણ ભેગાં થઈ જે આનંદ અનુભવી શકત તે ભવ્ય મિલન હવે શક્ય નથી તેનો મને ખેદ છે.

"એક બીજા વિચારથી પણ મને ઓછું આવે છે : સુધાની વિદાય બાદ હું તમારી કે સુષમાની કશી સેવા બજાવી શકી નથી એ મારી કમનસીબી છે. મેં સુષમાને મારી માંદગીની જાણ પડવા દીધી નથી, કારણ કે મને લાગે છે કે તેનું કોમળ હૃદય આવો આઘાત સહન કરી નહિ શકે. એને અજાણ રાખવા માટે હું તેની ક્ષમા ચાહું છું.

"સુહાસ, મારે તો ઘણી ઘણી વાતો કરવાની હતી, પણ હવે છેલ્લી ઘડી આવી છે ત્યારે જેટલું કહેવાય તેટલું કહી લેવાનું પ્રલોભન હું રોકી શકતી નથી. છતાં બધું હું શી રીતે લેખનમાં ઉતારી શકું ? વાણીમાં ઉતાર્યા વિના તમે ઘણી ઘણી વાતો મનથી જ સમજેલા છો તે હવે શબ્દલિપિમાં ઉતારવાની શી જરૂર છે ? છતાં કહ્યા વિના રહી શકતી નથી કે હું તમને."

અસહ્ય શોકમાં ગરક થઈ સુહાસ આગળ વાંચવાનું છોડી દઈ, કપાળે હાથ દઈ, ડૂસકે ને ડૂસકે રુદન કરી રહ્યો. થોડી ક્ષણો પછી . ગણગણવા લાગ્યો,

"હા, જેન ! મારી નિર્મળા ! મેં મધુબનમાં પહેલવહેલી તને જોઈ ત્યારથી તને ચાહવા લાગ્યો હતો. પ્રવાસમાંથી પાછા આવીને હું એ જ વાત તને કહેવાનો હતો, પણ ... પણ હવે શું ? જેન, તેં તો અતિ વિકટ સમય વિતાવ્યો લાગે છે, ભારે દુ:ખ પણ તેં ધીરજથી શાંતિપૂર્વક સહન કર્યાં છે. તું તો નિ:સ્વાર્થ પ્રેમભાવનું મૂર્તસ્વરૂપ બની રહી છે."

કેટલોયે સમય મૌન બેસી રહ્યા પછી સુહાસે પત્ર આગળ વાંચવા માંડ્યો-

"જીવનમાં બનેલી અનેક ઘટનાઓના અર્થ સંબંધી અને ખાસ તો તમારા વિદેશ-પ્રવાસ પહેલાં તમે કહેલા શબ્દોના સંદર્ભમાં આતુરતાપૂર્વક મેં ઈશ્વર પાસે પ્રાર્થનામાં માગ્યું કે ઈશ્વર એ સંબંધી શું કરવા માગે છે. મને જવાબ મળ્યો છે અને ઘણો ઉગ્ર જવાબ મળ્યો છે એમ હું માનું છું. માનવીના અને ઈશ્વરના ખ્યાલો વચ્ચે ખૂબ જ ફેર હોય છે. આપણા ખ્યાલને છોડી દઈ ઈશ્વરના ખ્યાલ પ્રમાણે જીવવા તૈયાર હોવું જોઈએ. માનવી વિચારો ક્ષણજીવી હોય છે, પણ ઈશ્વરના સંકલ્પ અમૂલ્ય અને શાશ્વત ટકનારા હોય છે.

"પત્ર પૂરો કરતા પહેલાં હું તમને સૂચન કરવા માગું છું કે તમે નવેસરથી તમારા લેખન વ્યવસાયમાં સમર્પિત થઈ જજો. તમારાં પુસ્તકો દ્વારા તમે હયાત હો ત્યારે અને તમારી વિદાય પછી પણ પ્રેમ અને ઉદ્ધારનો સંદેશો તમે માનવજાતને સંભળાવ્યા કરશો. મારી અંતિમ પળોમાં એનું મહત્ત્વ મને તીવ્રપણે સમજાવા લાગ્યું છે તેથી જ હું ભારપૂર્વક તમને યાદ દેવડાવું છું.

"વિદાય લેતી વખતે હું તમને શું આપી શકું ? 'સોનું કે રૂપું તો મારી પાસે નથી.' મારી બે નાની નોટબુકો હું તમને મોકલું છું. એ નોટબુકો વિષે તમે ઘણી વાર મને પૂછ્યું હતું, પણ શરમને લીધે હું જવાબ આપવાનું ટાળતી રહી હતી. આજે મારી છેલ્લી વિદાય ભેટ તરીકે તે હું તમે આપી જાઉં છું. એકમાં મેં કેટલાંક કાવ્યો લખવાનો પ્રયત્ન કરેલો છે. તે કાવ્ય કહેવાય કે કેમ એ તો હજી મારે મન પ્રશ્ન જ છે. બીજી નોટબુક મારી રોજનીશી(ડાયરી) છે. એ તો મારો પ્રિય અંગત ખજાનો છે. એ બે ચીજ તમારા સિવાય બીજા કોને હું આપી શકું ? એ બધું આપણે એક વાર સાથે મળીને માણીશું ત્યારે મારું અપૂર્ણ મહાસંગીત પરિપૂર્ણ થશે.

"હવે મારે પત્ર પૂરો કરીને છેલ્લી સલામ કરવી પડશે. સુહાસ, મારી અંતિમ શુભેચ્છાઓ. ઈશ્વર તમને અને સુષમાને આશિષ આપો.

-સદા તમારી જેન"

# પ્રકરણ : ૧૯

તે રાત્રે સુહાસ બિલકુલ ઊંઘી શક્યો નહિ. સવારે ઊઠી કેટલાંક અગત્યનાં કામ પતાવી તરત તેણે શાહીપેઠની બસ પકડી. વિનયપુર જવું એ તેની પ્રથમ ફરજ થઈ પડી. હવે શાહીપેઠથી વિનયપુર જવાના બે ફેરા બસ કરતી હતી, તેથી સાંજના પાંચ વાગતાં તે વિનયપુર પહોંચી ગયો. બસમાંથી ઊતરીને પોતાની નાની બૅગ હાથમાં પકડીને જૂના જાણીતા માર્ગે મિશન સંસ્થાન તરફ માર્ગે ચાલવા લાગ્યો ત્યારે તેની વિનયપુરની પહેલવહેલી મુલાકાત યાદ આવી. છેક છેવાડાના આ ગામડામાં જાગૃતિની કશી એંધાણી ત્યારે જોવા મળી ન હતી. તે વખતે જે છાપ પડેલી તે કદી ભૂંસાય તેવી ન હતી. આવા ગામમાં તેનું પ્રિયપાત્ર બની ગયેલી જેન ગરીબ, ત્યક્ત તથા તંગીવાળાની સેવામાં લાગી ગઈ હતી. તેણે પોતાના સેવાકાર્ય દ્વારા જ પોતાના સ્વામીનો સંદેશો લોકોમાં ફેલાવ્યો હતો. જેનની આ ગામમાં હાજરી હતી તેથી જ તેનું અહીં આવવાનું બન્યું હતું. જેન અહીં આવી ગામડામાં ખૂંપી ગઈ ન હોત, તો પોતે આ તરફ કદી પગ જ ન મૂકત એ હકીકત છે.

પણ આજે જ્યારે તે માર્ગે ચાલતો હતો ત્યારે બધું ખાલી લાગતું હતું. આ ગામ, રસ્તો, પગ નીચેનો દડ, રસ્તાની બંને બાજુએ આવેલાં ઘર, ગલીકૂંચીઓ, એ બધાં જાણે તેની સાથે રુદન કરી રહ્યાં હોય એવો ભાસ થવા લાગ્યો. તે બધાં જાણે તેને કહેતાં હોય કે "સુહાસ, હવે અમે બધાં અનાથ થઈ ગયાં છીએ. અમારાં મિસ સાહેબ અમને એકલાં છોડીને ચાલ્યાં ગયાં છે."

સુહાસ મુખ્ય માર્ગ વટાવીને પીપળાના વૃક્ષ આગળ આવી

પહોંચ્યો. જેનની ગેરહાજરીને લીધે અનુભવાતી ખાલીપણાની લાગણી હવે તો ખૂબ જ તીવ્ર બની ગઈ હતી. સાચે જ જેને આ સ્થળમાં જીવન ધબકતું કરી મૂકયું હતું. જેનનાં કાર્યોનાં અનેકાનેક દશ્યો તથા સ્મરણો તેના મનમાં ઊભરાવા લાગ્યાં. દરવાજામાં થઈને અંદર પ્રવેશ કરતી વખતે જ તેના ગળામાં ડચૂરો બાઝ્યો.

તે સીધો સહદેવને ઘેર ગયો. સહદેવ તે વખતે ઘેર જ હતો અને એકલો વરંડામાં ઊભો થઈ રહ્યો હતો. દૂરથી સુહાસને આવતો જોઈને જ સહદેવનું હૃદય રડી ઊઠ્યું. ભારે હૈયે તે સુહાસની સામે આવકાર દેવા ગયો અને મૂંગા મૂંગા હાથ મિલાવ્યા. બંનેની આંખોમાં ઝળઝળિયાં ચમકી રહ્યાં. બંને એકબીજાના મનની લાગણીઓ કળી ગયા હતા. તેમને બંનેને પોતપોતાની રીતે જેન પ્રત્યે આદર અને પ્રેમભાવ હતો.

''સલામ, કર્વે સાહેબ ! પધારો !'' એમ બોલી સ્વાગત કરતાં સહદેવે સુહાસના હાથમાંથી બૅગ ઊંચકી લીધી અને તેને પોતાના ઘર તરફ દોરી જવા લાગ્યો

''સહદેવભાઈ, માફ કરજો, પણ મને આ ઘડીએ ઘરમાં બેસવાની સહેજે ઇચ્છા નથી. આપણે કયાંક ખુલ્લામાં જઈશું તો મને દિલમાં ઠંડક વળશે.''

''ભલે, સાહેબ, હું આપની બૅગ ઘરમાં મૂકતો આવું,'' એમ કહી સહદેવ ઘરમાં ગયો અને બૅગ મૂકતાં સુશીલાને કહ્યું કે ''સુહાસભાઈ આવ્યા છે.''

સુશીલા બોલી, ''વાંધો નહિ. તેમની રસોઈ તો બની જશે. મારે હમણાં બહાર આવી મળવાની જરૂર છે ?''

''ના, હમણાં તેઓ બહુ વ્યગ્ર છે તેથી ઉતાવળ નથી. અમે થોડો વખત બહાર ફરી આવીએ. બહુ વાર નહિ લગાડીએ,'' એમ કહી સહદેવ બહાર સુહાસ પાસે ચાલ્યો ગયો. સુહાસ ત્યાં સુધી

બહાર ઊભો ઊભો જેનના અવડ પડી રહેલા નવા જ બાંધેલા બંગલા તરફ શૂન્યમનસ્ક જોઈ રહ્યો હતો. સહદેવ પાસે આવતાં બંને જણ મૂંગા મૂંગા ચાલવા લાગ્યા. નવાં બંધાયેલાં મકાનોની હાર પાસે થઈને તેઓ આગળ ચાલ્યા. બેમાંથી કોઈ મૌન તોડવા માગતા ન હોય તેમ મૂંગેમૂંગા ચાલતાં ચાલતાં ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. ત્યાં એક જગ્યા પસંદ કરી બંને જણ નીચે ભોંયે બેઠા. બેમાંથી એકેને બોલવાની ઇચ્છા જ ન હતી કે એકબીજા સામે જોવાનુંયે ગમતું ન હતું. કદાચ સામે જોવાથી મન પરનો કાબૂ છૂટી જાય એવો ડર હતો. આખરે મન ખૂબ કાઠું કરીને સુહાસે બોલવા પ્રયત્ન કર્યો. તેની આંખોમાંથી આંસુ તો ટપકયા જ કરતાં હતાં.

"સહદેવભાઈ, અંતિમ પળોમાં તમે તેમની પાસે હતા, ખરું ને ?" "હા, જી." એટલું બોલી સહદેવ થોડી પળો શાંત રહ્યો. પછી આગળ ચલાવ્યું, "મિસ સાહેબની બીમારી વધી ત્યારથી હું તેમના બંગલે જ જોડેના ખંડમાં સૂઈ રહેતો. એક વાર મધરાત પછી તેમની સારવારમાં રહેલી નર્સે મારા ખંડમાં આવી મને જગાડ્યો અને કહ્યું કે 'મિસ સાહેબ તમને બોલાવે છે.'

"મેં ઝટ તેમની પથારી પાસે જઈને પૂછ્યું, 'મિસ સાહેબ, મને બોલાવ્યો ?'

"મંદ મંદ સ્મિત કરતાં તે બોલ્યાં, 'હા, સહદેવ, હવે મારી વિદાયવેળા આવી પહોંચી છે !' પણ મને તો તે વખતે એમ લાગતું હતું કે તેમની સ્થિતિ કંઈક સુધારા પર છે અને ચહેરા પર કંઈક નૂર આવેલ છે, તેથી હું બોલ્યો, 'મિસ સાહેબ, એવું ન કહેશો. તમને થોડા સમયમાં સારું થઈ જશે એમ મને લાગે છે.'

" 'સહદેવભાઈ, અંત હવે ખૂબ નજીક આવી રહેલો જણાય છે,' ફિક્કું સ્મિત કરતાં તે બોલ્યાં. પછી થોડી વાર રહીને કહે, 'મારી આગળ ગીતશાસ્ત્રનો ૨૩મો અધ્યાય વાંચી સંભળાવશો ?'

"એ સાંભળીને મને ખૂબ દુઃખ થયું. મન કઠણ કરીને તેમની પથારી પાસે કાયમ રહેતું મરાઠી બાઈબલ લઈને મેં ધીમે ધીમે ૨૩ મું ગીત વાંચી સંભળાવ્યું. તે શાંતિથી સાંભળતાં રહ્યાં. વાચન પૂરું થયા પછી પણ તે શાંત પડી રહ્યાં થોડી પળો બાદ તેમના ઓશીકા નીચેથી એક નાનું પૅકેટ કાઢી મને સોંપણી કરતાં કહ્યું, 'આ પૅકેટ રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા તમે પોતે મિ. કર્વે પર મોકલી આપજો.'

"મારી આંખોમાંથી તો આંસુ વહ્યે જતાં હતાં. મિસ સાહેબે બેત્રણ દિવસ પર જાતે લખેલો એક પત્ર અંદર મૂકીને એ પૅકેટ તૈયાર કરવા મને આપેલું. એ પત્ર પૂરો કરતાં તેમને બે દિવસ લાગેલા. એ અગાઉ એક અઠવાડિયા પર જ મેં મિસ સાહેબને પૂછેલું કે કેબલગ્રામ મોકલીને હું આપને મિસ સાહેબની માંદગીના ખબર મોકલું ? પણ તેમણે ના પાડતાં કહેલું કે 'એમ કરવાથી તમારા અભ્યાસ-પ્રવાસમાં અવરોધ થાય તે સારું નહિ. મને લાગે છે કે અભ્યાસ પૂરો કરીને પાછા વળવામાં જ હશે.' બધાંના હિતના જ વિચાર કરવાની તેમની આ ટેવ તેમની અંતિમ પથારી પાસે ઊભા ઊભા મને યાદ આવી રહી. આંસુ ખાળવાની મારામાં શક્તિ જ રહી ન હતી.

"મિસ સાહેબ બિછાનામાં સૂઈ રહ્યાં હતાં. પડ્યાં પડ્યાં તે ટેબલ પર મૂકેલા ફાનસ તરફ તાકી રહ્યાં હતાં. મને ખ્યાલમાં આવ્યું કે દિલમાં કંઈક દુઃખ છે અને તે મૂંગાં મૂંગાં ધીરજથી સહી રહ્યાં છે.

"મને થયું કે હું મારી પત્ની સુશીલાને બોલાવી લાવું, પણ મિસ સાહેબને એકલાં છોડીને શી રીતે જવું એ પ્રશ્ન હતો. કદાચ છેલ્લે કંઈ કહેવા માગતાં હોય અને હું જ દૂર ગયો હોઉં તો ? આથી મેં સુશીલાને બોલાવવા નર્સને જ મોકલી. એટલામાં મિસ સાહેબે મારા તરફ મોં ફેરવ્યું અને મારી સામે જોઈ રહ્યાં. મને

લાગ્યું કે કંઈ કહેવા માટે તે મનમાં કંઈક વિચારી રહ્યાં છે.

"'સહદેવભાઈ, તમે અને શાંતાબહેને ચૌદ ચૌદ વર્ષ મને ઘણી સહાય કરી છે. હું તમારી ખૂબ જ ઋણી છું.' થોડી વાર થોભી ફરી બોલ્યાં, 'કર્વે સાહેબને કહેજો કે મેં તેમની ખૂબ રાહ જોઈ છે.' એટલામાં ડૂમો ભરાઈ આવવાથી તે વધુ બોલી શક્યાં નહિ.

"મેં તેમને કહ્યું, 'મિસ સાહેબ, તમે ચિંતા ન કરશો. હું કર્વે સાહેબને બધું વિગતે જણાવીશ. મને તો એક વાર મન થઈ ગયેલું કે તમારી વાત અવગણીને હું કર્વે સાહેબને ખબર પહોંચાડી અહીં બોલાવું, પણ મારી હિંમત ન ચાલી. જો મેં આપની વાત ન માની હોત, તો કર્વે સાહેબ અત્યારે અહીં હાજર હોત!' મારી આ વાતનો તેમણે કશો પ્રત્યાઘાત જ ન દેખાવા દીધો.

"એટલામાં સુશીલા દોડતી દોડતી નર્સની આગળ આવી પહોંચી. તેણે મિસ સાહેબ ભણી જોયું અને પછી મારા તરફ નજર કરી. પછી ધ્રુસકે ને ધ્રુસકે રડવા જ માંડ્યું. સુશીલાને જોઈ મિસ સાહેબે પોતાનો હાથ તેના તરફ લંબાવ્યો. સુશીલાએ તેમનો હાથ પોતાના બંને હાથોમાં લઈ લીધો. મિસ સાહેબ અમારી ત્રણેની સામે એકધારું જોઈ રહ્યાં પણ બોલ્યાં નહિ. થોડી વાર પછી ફરી નજર ફાનસ તરફ ફેરવી દીધી. ફાનસની જ્યોત સામે જ નજર ચોંટાડી રાખીને થોડી વારે ઊંઘી ગયાં. હાલ્યાચાલ્યા વિના એક જ સ્થિતિમાં સૂતાં રહ્યાં. શ્વાસ ખૂબ મંદ ચાલતો હતો. નર્સ અવારનવાર નાડી તપાસતી રહેતી હતી. હું અને સુશીલા પણ ત્યાં જ બેઠાં રહ્યાં. મિસ સાહેબે અમને તાકીદ કરી હતી કે 'સ્થિતિ ગમે તેટલી ગંભીર લાગે છતાં ડૉક્ટરને બોલાવવા નહિ.' વહેલી સવારે ત્રણેક વાગતાં જ્યોત બુઝાઈ ગઈ. બહુ જ શાંતિપૂર્વક તેઓએ વિદાય લીધી. તેમની શાંત પ્રકૃતિને તદ્દન અનુરૂપ તેમનું મૃત્યુ પણ હતું.

"સવારે હું શાહીપેઠ ગયો અને પેલું પૅકેટ રજિસ્ટર્ડ પોસ્ટથી

રવાના કર્યું. સાથે સાથે વિશાલનગર અને ધર્મપુર તાર મોકલ્યા."

વાત પૂરી કરીને સહદેવે ઊંડો નિશ્વાસ નાખ્યો. બંને જેનના મૃત્યુના જ વિચારમાં ગરક હોવાથી લાંબો સમય મૌન ચાલુ રહ્યું.

સુહાસે આખરે મૌન તોડતાં પૂછ્યું, " દફનક્રિયા ક્યારે કરવામાં આવી હતી ?"

"મોડી સાંજે, સાહેબ ! પણ એ તો એક ખૂબ યાદગાર દિવસ બની ગયો. મોઢેમોઢે મિસ સાહેબના મૃત્યુના સમાચાર ફેલાતા ગયા તેમ તેમ નાનાં મોટાં, જુવાન અને વૃદ્ધ સ્ત્રીપુરુષોનો સતત ચાલુ પ્રવાહ મિશન સંસ્થાન તરફ વહેતો રહ્યો. ગામના ઘણા લોકોએ શોક પાળ્યો અને ધંધોવેપાર સ્વેચ્છાએ બંધ રાખ્યા.

"મારો તાર મળતાં જ ધર્મપુરના પાસ્ટર સાહેબ સૌથી પહેલા આવી પહોંચ્યા. તેમની સાથે તથા પાછળથી કેટલાક મિશનરીઓ અને બીજા આગેવાનો પણ આવી ગયા. વિશાલનગરથી એક મોટી મોટરમાં ત્યાંના મિશનરીઓ તથા અન્ય આગેવાનો પણ આવ્યા. તેઓએ સ્મશાનયાત્રામાં ભાગ લીધો."

"સ્મશાનયાત્રા ?" સુહાસ બોલી ઊઠ્યો.

"હા, જી! નવા બંધાયેલા પ્રાર્થનાગૃહમાં ખાસ પ્રાર્થનાસભા થયા પછી ઘણા લોકોએ મિસ સાહેબને હૃદયથી ભાવપૂર્ણ અંજલિઓ અર્પણ કરી તેઓએ તેમના વ્યક્તિત્વ તથા કાર્યની કદર કરતાં ભારે પ્રશંસાનાં વચનો કહ્યાં. લગભગ સાડાપાંચ વાગ્યે સ્મશાનયાત્રા શરૂ થઈ હતી. એમાં સઘળાં - જુવાનો, વૃદ્ધો; સ્ત્રીઓ અને પુરુષો; ખ્રિસ્તીઓ તેમ જ ઇતર લોકો; શ્રીમંતો અને ગરીબો; ઉચ્ચ ગણાતા અને નીચલા વર્ગના લોકો; ભણેલા કે અભણ - એ બધાં જોડાયાં. પીપળાના ઝાડથી શરૂઆત કરીને મુખ્ય માર્ગે બસ-સ્ટૅન્ડ પાસે થઈ બધાં કબ્રસ્તાને પહોંચ્યાં. અહીંથી કબ્રસ્તાન લગભગ અઢીએક માઈલ હશે. એમની અંતિમ વિધિ વખતે તો જુદી જુદી કોમની અને ખાસ તો દલિત

વર્ગની સ્ત્રીઓ હૈયાફાટ રુદન કરતી હતી. આવું હૃદયભેદક રુદન સાંભળીને કઠણ હૃદયના લોકોની આંખોમાં પણ ઝળઝળિયાં આવ્યા વિના રહ્યાં નહિ. ગરીબ, તરછોડાયેલાં અને દબાયેલાં પર જ મિસ સાહેબને ખૂબ ભાવ હતો તે તેવાં લોકો ખૂબ સારી પેઠે સમજતાં હતાં. સૂર્ય આથમતો હતો ત્યારે જ મિસ સાહેબના નશ્વર દેહને ભૂમને હવાલે કરવામાં આવ્યો."

એ પછી લાંબો સમય સહદેવ શાંત રહ્યો, પછી ઉમેર્યું,

"બીજે દિવસે વિનયપુરના નાગરિકોની વધુમતીવાળી એક સમિતિ રચવામાં આવી. તે સમિતિ નાણાં એકઠાં કરી મિસ સાહેબનું યોગ્ય એવું સ્મારક ઊભું કરશે. તેમની કબર પાકી ચણાવી ઉપર આરસનો સ્મૃતિવાક્ય કોતરાવેલો પથ્થર મુકાવશે."

સુહાસે પૂછ્યું, "સમિતિ કેવું સ્મારક ઊભું કરવા વિચારે છે ?"

"પીપળાના વૃક્ષ પાસે મિસ સાહેબનું અર્ધું પૂતળું મૂકવાનો."

"એમ !"

"કબર ચણાવી આરસતકતી મુકાવવાને માટે આવતો શુક્રવાર નક્કી કરવામાં આવ્યો છે. એ દિવસે આપની હાજરી હશે એ ઘણા આનંદની વાત છે."

"તેમને દફનાવ્યાં છે એ સ્થળ જોવા જઈશું ?"

"હા, સાહેબ ! આપણે સવારે એ સ્થળે જઈશું, પણ આરસતકતી જોવી હોય તો તૈયાર છે અને બંગલામાં જ મૂકી રાખેલી છે."

"ઘણો આભાર, સહદેવભાઈ !" ધીમા સ્વરે સુહાસ બોલ્યો. બંને જણ ઊઠીને સહદેવના ઘર ભણી ચાલવા લાગ્યા. તે વખતે અંધારું ઊતરી રહ્યું હતું.

# પ્રકરણ : ૨૦

જેનના મૃત્યુની પહેલી સંવત્સરી આવી. મૃત્યુનો દિવસ જેટલો શોકમય લાગ્યો હતો તેટલો જ શોકમય એક વર્ષ બાદ આજે પણ જણાતો હતો.

વાતાવરણ સંધ્યાસંગીતના સૂરોથી સભર હતું. રતૂમડાં સોનેરી સૂર્યકિરણો ઝટ ઝટ જતાં રહેવા માગતાં હોય તેમ ભાસ થતો હતો. જેનના જેવી ઉમદા વ્યક્તિએ જે દુનિયા તજી દીધી હતી તેમાં વધુ સમય રોકાવું યોગ્ય નથી તેમ લાગવાથી જાણે વિદાય થવા ઉતાવળ કરી રહ્યાં ન હોય ! ઝાડોના લંબાતા જતા પડછાયા વિનયપુરની દિશામાં ઢળી રહ્યા હતા. પક્ષીઓ અંધારું થતાં પહેલાં માળામાં પહોંચી જવા ઝડપથી ઘર તરફ ઊડી જતાં હતાં. ગોવાળિયા પોતાનાં ધણ ઘર તરફ હાંકી લાવતા હતા. તેમના અવાજો અને હોંકારા દૂરથી સંભળાઈ રહ્યા હતા. ધણનાં જનાવરોના ગળે બાંધેલી ઘંટડીઓના મધુર રણકાર પણ દૂર દૂર સુધી રેલાઈ રહ્યા હતા. એ બધા અવાજો ધીરે ધીરે શાંત પડતા ગયા. સમગ્ર દૃશ્ય સંધ્યા જામતાં વધેલા અંધકારમાં ગરક થઈ ગયું.

આ જ સમયે સુહાસ વિનયપુરમાં ખ્રિસ્તીઓના કબ્રસ્તાન આગળ આવી પહોંચ્યો. તેની ઘેરા આસમાની રંગની મોટર કબ્રસ્તાનના દરવાજે આવીને ઊભી રહી. સુહાસે ગાડીમાંથી ઊતરીને આગલી બેઠક પરથી ફૂલની ટોપલી અને મીણબત્તીઓ પણ બહાર કાઢ્યાં. તેણે પોતે કાળો શોકદર્શક સૂટ પહેર્યો હતો. ધીમેથી મોટરનું દ્વાર બંધ કરીને ચાવી ખિસ્સામાં મૂકીને તે કબ્રસ્તાનમાં દાખલ થયો. કબ્રસ્તાનમાં તેમ જ આખી સીમમાં નીરવ શાંતિ પ્રવર્તી રહી હતી.

સુહાસ કબ્રસ્તાનમાં બનાવેલા રસ્તે રસ્તે આગળ વધ્યો. અહીં સાચા ચોકિયાત જેવાં લીમડાંનાં વૃક્ષો ચોકી કરતાં ખડાં હતાં. રસ્તા સિવાય બીજે બધે લીલું ઘાસ ઊગેલું હતું.

ડાબા હાથે સારી માવજત અને સાચવણી પામતી કેટલીક કબરો વટાવીને તે છેલ્લી કબર પાસે જઈ પહોંચ્યો. એ આરસના પથ્થરની બાંધેલી કબર હતી. ત્યાં શાંત થઈને ઊભો રહ્યો. એ જ જેનનું પૃથ્વી પરનું અંતિમ આશ્રયસ્થાન હતું. ઊભાં ઊભાં વિચારોની હેલીમાં સુહાસનું હૃદય શોકની લાગણીઓથી હચમચી ગયું.

તે ધીમા સ્વરે ગણગણ્યો, ''મારી નિર્મળા ! હું તને મળવા આવ્યો છું.'' ત્યાંની ઘેરી શાંતિમાં તેના આ મંદ સ્વરે બોલાયેલા શબ્દો પણ જોરથી સંભળાયા. વળી ઘેરી શાંતિ જામી ગઈ.

સુહાસે જેનની કબર પર ફૂલ ચડાવ્યાં. મીણબત્તીઓ સળગાવી દરેક ખૂણે બબ્બે મૂકી. એના પ્રકાશમાં કબર પરનો લેખ સ્પષ્ટ વંચાતો હતો :

નિર્મળા ઉર્ફે જેન જોન્સ
વિનયપુરની જનતાની માનીતી સેવિકા
અહીં ચિરવિશ્રામ લઈ રહી છે.
મૃત્યુ ૧૨-૩-૧૯....

સુહાસ ફરી બોલી ઊઠ્યો, ''હું આવું અને તમને મળી શકું એટલી રાહ તમે ન જોઈ ? તમે કેમ એટલાં રિસાઈ ગયાં ?'' અવાજમાં ભારોભાર દર્દ ભરેલું હતું. નિર્મળા જાણે સામે જ ઊભી હોય તેમ સાચા ભાવથી તે સંબોધન કરી રહ્યો હતો.

પહેલવહેલાં જેન તેને નજરે પડી તે દિવસ તેની સ્મૃતિમાં તરી આવ્યો. મધ્યમ કાઠું, ઘાટીલો દેહ અને સોનેરી વાળ ! નિર્દોષ બાલિકા

જેવો ચહેરો અને તેમાં ભૂરી ભૂરી આંખો જાણે ધ્યાનાવસ્થામાં તેને તાકી રહી હોય તેવો અનુભવ તેને થઈ રહ્યો.

"શું તું સાચે જ મારી સાથે રિસાઈ ગઈ છે, મારી નિર્મળા ?" સુહાસ સાન ભૂલીને વારંવાર એ શબ્દો બોલતો રહ્યો. પણ તરત જ જાણે એક મધુર સ્મિત એ ચહેરા પર ખીલી ઊઠેલું તેના જોવામાં આવ્યું. અત્યાર સુધી ગંભીર દેખાતા ચહેરા પર જાણે હવે સ્મિત પથરાઈ રહ્યું હતું.

સુહાસ પોતાના હૃદયમાં કોતરાયેલી જેનની છબીને જાણે પ્રત્યક્ષ જોતો હોય તેવા ભાવ સાથે વાતો કરવામાં એટલો બધો તલ્લીન થઈ ગયો હતો કે સમયનું ભાન જ ભૂલી ગયો હતો અને તેની વાતોનો તો પાર જ ન આવત, પણ એક ઊડતા ચામાચીડિયાએ તેને ધ્યાનભંગ કર્યો. તેના કાને ઝપટ વાગતાં તેનું તંદ્રાવસ્થાનું દૃશ્ય લોપ થઈ ગયું. સુહાસ ફરી વાસ્તવિક દુનિયામાં આવી ગયો.

સુહાસ એકદમ સ્વસ્થ થયો અને સ્થળ, સમય તથા આગમનના હેતુ સંબંધી સચેત થયો. કબર પર પડેલાં પાંદડાંનો થર તેણે હાથ વડે દૂર કર્યો. તેણે સળગાવેલી મીણબત્તીઓ તેમ જ અગરબત્તીઓ હવે તો અર્ધી બળી ગઈ હતી. દૂર કરેલા કચરામાં કેટલાંક ચિમળાયેલાં ફૂલ પણ તેની નજરે પડ્યાં. તેને ખ્યાલ આવ્યો કે દિવસ દરમિયાન જેનને યાદ કરનારાં બીજાં પણ કબરે ફૂલ ચડાવી ગયાં છે ખરાં.

મિશનક્ષેત્રમાંના લોકોને તેમ જ ગામના લોકોને પણ જેન પ્રત્યે પ્રેમભાવ હજી એવો ને એવો ટકી રહ્યો છે તે જોઈ સુહાસને આનંદ થયો. એ પછી તે જોડેની શાંતાબહેનની કબરે જઈ બાકી રાખેલાં ફૂલ તે કબર પર ચડાવ્યાં અને મીણબત્તીઓ સળગાવીને મૂકી. થોડી પળો ત્યાં મૌન ઊભા રહી શાંતાબહેનની સ્મૃતિને ભાવભરી અંજલિ આપી. સહદેવભાઈ અને શાંતાબહેન એ બંને સાથીઓએ જેનને અમૂલ્ય મદદ કરેલી, તે કેમ કરીને ભૂલી શકાયા ?

પાછા વળતાં ફરી તે જેનની કબરે જઈ ત્યાં થોડી વાર ઊભો રહ્યો. પછી ધીમેથી ગણગણ્યો, **"છેલ્લી સલામ, મારી નિર્મળા !"** એ પછી ઈશ્વરને પ્રાર્થના કરતાં માગ્યું કે "જેમ નિર્મળા તારી ખાતર જીવી ગઈ, તેમ મને પણ તારે ખાતર જીવવાની સહાય કરજે પ્રભુ! હું નવેસરથી મારી જાત તને સમર્પિત કરું છું."

પછી તે કબ્રસ્તાનમાંથી રસ્તે રસ્તે બહાર આવ્યો. બહાર નીકળીને તેણે દરવાજો બંધ કર્યો. છેલ્લી છેલ્લી જેનની સફેદ આરસની કબર તરફ નજર નાખ્યા વિના તે રહી ન શક્યો. ગાઢ અંધકારમાં નાની નાની જ્યોત સરખી મીણબત્તીઓ દૂરથી જણાતી હતી. જાણે કાળા મલમલના પડદા પર રાતાં રત્નો જડ્યાં ના હોય !

સુહાસ તેની મોટર પાસે પહોંચ્યો. દ્વાર ખોલી અંદર બેસી, ગાડી ચાલુ કરીને વાળી, ત્યારે મોટરની બત્તીઓનો પ્રકાશ બધી કબરો, કબ્રસ્તાનનાં ઝાડો અને અન્ય વનરાજીને અજવાળીને સામેના માર્ગ પર પથરાઈ રહ્યો. પછી સુહાસ વિનયપુર છોડી જુદી જ દિશામાં ઝડપથી મોટર હંકારી ગયો.

GUJARAT CHRISTIAN LITERATURE BOARD · 1852

GTBS

ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટી · ૧૮૫૪

1BGN1